# સેવાતપ કલિતાર





પતંગ ચગાવતા પ.પૂ.શ્રી બાપજી અને
ફીરકી પકડેલ શ્રી બચુભાઈ

પ્રેમજયંતી સમિતિ

# ડૉ. રતિભાઈને પૂ.બાપજીએ શ્રી બચુભાઈ માટે હરિદ્વારથી લખાવેલો પત્ર

તા. ૭-૧૧-૧૯૬૮





**પ્રકાશક** : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.

**ગ્રાફિક્સ** : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

**મુદ્રક** : શ્રી ઈન્દ્રવદનભાઈ પટેલ
**'અંબિકા પ્રિન્ટર્સ'**, અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

**આવૃત્તિ** : બીજી
**શરદપૂનમ**, ૨૦૬૬
શનિવાર, તા. ૨૩મી ઑક્ટોબર, ૨૦૧૦

**પ્રત** : ૫૦૦

**પચાસ રૂપિયા**

# સેવાનું ફળ

ઈદં શ્રેષ્ઠં ભજેત્તસ્ય સિદ્દ્યેત્કેવલકુમ્ભકઃ।
ન તસ્ય દુર્લભં કિંચિત્સોઽજેયઃ કૈરપીહ હિ॥
(દત્તપુરાણ- ૧/૮/૧)

ભગવાન દત્તાત્રેયની (ગુરુમહારાજની) સેવા કરવાથી કેવલ-કુંભકની સિદ્ધિ થાય છે અને એવાને પછી કશું દુર્લભ નથી. તે કોઈનાથી પણ જીતી શકાતો નથી.

વેત્તિ યઃ પરમં તત્ત્વં સદ્‌ગુરોઃ પરમાત્મનઃ ।
નમામિ પ્રેમરૂપં તમ્ અવધૂતં સદાત્મકમ્ ॥

જે સદ્‌ગુરુ પરમાત્માના પરમ તત્ત્વને જાણે છે અને જે સદા આત્મસ્વરૂપમાં લીન રહે છે તેવા પ્રેમરૂપ અવધૂત! તમને હું નમસ્કાર કરું છું.

તા. ૧૩-૨-૧૯૯૧ - ડૉ. ઉમાબહેન દેશપાંડે
વડોદરા.

❀

રંગનેત્રસુધાસિક્તાન્તરંગં રંગ રાગિણમ્ ।
રંગસ્ય ભક્તોદ્ધરણં પ્રેમરંગમ્ નમામ્યહમ્ ॥

રંગના નેત્રમાંથી નીકળતા અમૃતથી જેમનું અંતરંગ અભિષિક્ત છે, રંગ પ્રત્યે જે પરમ અનુરાગી છે અને રંગના (અથવા રંગ = સંસારમાંથી) ભક્તોનો જે ઉદ્ધાર કરે છે એવા પ્રેમ (અવધૂતરૂપી) રંગને હું નમન કરું છું.

તા. ૧૨-૩-૧૯૯૧ - ડૉ. અરુણોદય ન. જાની
વડોદરા.

❀

# પુસ્તક પ્રાપ્તિ સ્થાન

**૧. અવધૂત કુટીર, લીંચ**
(જિ. મહેસાણા)
પીનઃ ૩૮૪ ૪૩૫
ફોનઃ (૦૨૭૬૨) ૨૮૨૩૪૩.

**૨. અવધૂત પુસ્તક ભંડાર**
નારેશ્વર. પો. સાચર.
પીનઃ ૩૯૩ ૧૦૭
ફોનઃ (૦૨૬૬૬) ૨૫૩૬૭૧

**૩. પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય**
બી/૪૦૧, પરિશ્રમ ટાવર્સ,
અંકુર, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
મો.: ૯૮૨૪૫ ૦૪૨૦૬

**૪. શ્રી અનિલભાઇ શ્રોફ**
'રંગ-આશિષ'
૨, ચેમ્બૂર-ડ્રીમલેન્ડ સોસાયટી,
ચેમ્બૂર, મુંબઇ-૪૦૦ ૦૭૧.
મો.: ૦૯૮૨૦૧ ૫૭૨૧૦

**૫. પ્રેમકુટીર, કોઠિયાખાડ.**
તા. બોરસદ, જિ. આણંદ
ફોનઃ (૦૨૬૯૬) ૨૮૧૩૫૮

**૬. શ્રી નવનીતભાઇ પાઠક**
શ્રી દત્તમંદિર, સેક્ટર નં. ૨૮,
ગાંધીનગર-૩૮૨ ૦૨૮.
ફોનઃ (૦૭૯)૨૩૨૧૦૬૪૨.

**૭. શ્રી અનંત યજ્ઞેશ્વરી**
શ્રી રંગ  સોસાયટી, ચલા,
વાપી-૩૯૬ ૧૯૧.
ફોનઃ (૦૨૬૦) ૨૪૨ ૨૬૬

**૮ .શ્રી કનુભાઇ પટેલ**
ઇ-૪૭૮, જીઇબી કોલોની
મુ.પો. ઉકાઇ, તા. સોનગઢ.
જિ. વ્યારા- ૩૯૪ ૪૬૩૦.
ફોનઃ (૦૨૬૨૪) ૨૩૫ ૩૦૫.

## : પ્રધાન સંપાદક :

શ્રી જયંતીલાલ આચાર્ય

(નારેશ્વર)

## : સંપાદક મંડળ :

| | | |
|---|---|---|
| ૧. | શ્રી કુલીનભાઈ ગ. ઉપાધ્યાય (કન્વીનર) | અમદાવાદ |
| ૨. | શ્રી ધીરુભાઈ શિ. જોષી | વડોદરા |
| ૩. | શ્રી નારણભાઈ રે. પટેલ | નારેશ્વર |
| ૪. | શ્રી નવનીતભાઈ પાઠક | ગાંધીનગર |
| ૫. | શ્રી ઊર્મિલાબહેન નાણાવટી | સુરત |
| ૬. | શ્રી સુશીલાબહેન રાવલ | મુંબઈ |
| ૭. | શ્રી મફતલાલ અ. ઠક્કર | સિદ્ધપુર |

# ૬૦મી પ્રેમજયંતી સમિતિ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નંદલાલ ટી. શ્રોફ | મુંબઈ |
| ૨. | શ્રી દામજીભાઈ કોન્ટ્રાક્ટર | વલસાડ |
| ૩. | શ્રી બાપુભાઈ રણછોડજી દેસાઈ | બીલીમોરા |
| ૪. | શ્રી સુબોધભાઈ નાનુભાઈ પંડ્યા | જલાલપોર |
| ૫. | શ્રી દેવેન્દ્રભાઈ ન. ભટ્ટ | બોદાલી |
| ૬. | શ્રી ડૉ. પ્રમોદભાઈ વૈદ્ય | એરુ |
| ૭. | શ્રી દિનકરભાઈ રા. નાયક | નવસારી |
| ૮. | શ્રી વસંતભાઈ અં. પટેલ | સુરત |
| ૯. | શ્રી દેવદત્તભાઈ જોષી | વડોદરા |
| ૧૦. | શ્રી જશવંતલાલ આ. દેસાઈ | આણંદ |
| ૧૧. | શ્રી રમણભાઈ શુક્લ | અમદાવાદ |
| ૧૨. | શ્રી રતિલાલ કે. શાહ | અમદાવાદ |
| ૧૩. | શ્રી ગુણવંતભાઈ દેસાઈ | અમદાવાદ |
| ૧૪. | શ્રી કિરીટભાઈ દવે | ગાંધીનગર |
| ૧૫. | શ્રી જયપ્રકાશભાઈ દવે | કલોલ |
| ૧૬. | શ્રી અંબાલાલભાઈ પટેલ | મહેસાણા |
| ૧૭. | શ્રી ઋષિરાય રાવલ | ઉનાવા |
| ૧૮. | શ્રી જ્યોતીન્દ્રભાઈ ત્રિવેદી | સિદ્ધપુર |
| ૧૯. | શ્રી વેલદાસ લખુદાસ પટેલ | પાટણ |
| ૨૦. | શ્રી સુરેશભાઈ ચી. ભાવસાર | ચાણસ્મા |
| ૨૧. | શ્રી નાથાલાલ કંસારા | વીસનગર |
| ૨૨. | શ્રી ચતુરભાઈ પટેલ | કરલી (બાબીપુરા) |
| ૨૩. | શ્રી બહેચરભાઈ પટેલ | ઊંઝા |

| | | |
|---|---|---|
| ૨૪. | શ્રી અમૃતભાઈ પટેલ | ઊંઝા |
| ૨૫. | શ્રી છીતુભાઈ પટેલ | પલસોદ |
| ૨૬. | શ્રી સીતાભાઈ પટેલ | આસ્તા |
| ૨૭. | શ્રી બટુકભાઈ ભટ્ટ | મોતા |
| ૨૮. | શ્રી બકુલભાઈ શાહ | વ્યારા |
| ૨૯. | શ્રી શાંતિભાઈ આર. પટેલ | જોટાણા |
| ૩૦. | શ્રી કચરાભાઈ પટેલ | અંબાસણ |
| ૩૧. | શ્રી રમેશભાઈ પટેલ | સાંથળ |
| ૩૨. | શ્રી ભૂદરભાઈ પટેલ | ભેંસાણા |
| ૩૩. | શ્રી પ્રભુદાસભાઈ પટેલ | ભેંસાણા |
| ૩૪. | શ્રી કેશરભાઈ ચૌધરી | બોરિયાવી |
| ૩૫. | શ્રી તળશીભાઈ પટેલ | દીવાનપુરા |
| ૩૬. | શ્રી નટવરલાલ રાવલ | લીંચ |
| ૩૭. | શ્રી છગુજીભાઈ | લીંચ |
| ૩૮. | શ્રી મૂળજીભાઈ બ્રહ્મભટ્ટ | લીંચ |
| ૩૯. | શ્રી ભીખાભાઈ ગુર્જર | લીંચ |
| ૪૦. | શ્રી રમણલાલ અંબાલાલભાઈ મિસ્ત્રી | મહેસાણા |
| ૪૧. | શ્રી આનંદભાઈ પટેલ | લીંચ |

તથા સંપાદક મંડળ (પ્રધાન સંપાદક સહ)

# સેવાતપનો અર્ઘ્ય

લીંચના શ્રી બચુભાઈ પરિવારમાં ઘણાંના 'ભાઈ' છે. એક દૃષ્ટિએ જોઈએ તો રંગ પરિવારને નાતે તેઓ ગુરુબંધુ-ગુરુભાઈ જ છે. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ જેમ પ.પૂ. સ્વામીમહારાજશ્રીના અનુગૃહીત કોઈ પણ તેમને મળવા કે દર્શને આવે ત્યારે પૂ.શ્રી એ જ સ્તરે રહીને વાત કરતા કે માર્ગદર્શન આપતા. સ્વ. શ્રી જમિયતરામ અધ્વર્યુનું માનભર્યું સ્થાન તેઓશ્રી પૂ.શ્રીના સાહિત્ય ઉપર વિદ્વત્તાપૂર્ણ સમજૂતીવાળું ભાષ્ય લખતા તે કારણે જ નહિ બલકે તેઓ મૂળે પ.પૂ. સ્વામીમહારાજશ્રીના અનુગૃહીત હતા તે કારણે હતું એ કદાચ બહુ ઓછાને ખબર હશે.

શ્રી બચુભાઈનો વ્યવહાર પણ ઘણાની સાથે એ જ પ્રકારનો રહે છે. પૂ.શ્રીનાં દર્શન તેણે કર્યાં હોય કે ન કર્યા હોય, વાતચીતનો સંબંધ વિકસ્યો હોય કે ન વિકસ્યો હોય પણ વ્યક્તિ શ્રી ગુરુદેવ દત્ત કરી વંદન કરે કે શ્રી બચુભાઈ જાણે કે મારા ગુરુમહારાજનો ભક્ત છે અને એને સંતોષ આપવો એ મારા ગુરુમહારાજનું જ કાર્ય છે.

આથી જ જ્યારે મુ. જયંતીભાઈ આચાર્યે આ 'સ્મરણિકા'ના સંપાદક તરીકે શ્રી પ્રેમ પરિવારને મારું નામ સૂચવ્યું અને ત્યાંથી મંજૂર થઈ મારી પાસે આવ્યું ત્યારે મેં સ્વાભાવિકતાથી જ એને ગુરુભાઈ- પરિવારના એક વડીલ ભાઈને તેમણે ચલાવેલા પૂ.શ્રીના મિશનના કાર્યને એક નાનો શો અર્ઘ્ય અર્પવાના ભાવથી સહર્ષ સ્વીકારી લીધું. અલબત્ત, મુ.શ્રી જયંતીભાઈ કોઈ કાર્ય ચીંધે અને તેમાં 'નનુ ન ચ' ન કરવું એવો એક વણલખ્યો નિયમ પણ આ સ્વીકૃતિ પાછળ ખરો.

અમો જ્યારે આ 'સેવાતપ કલિતાર'ની ભૂમિકા, લેખો મંગાવવા અંગેના ઢાંચાનો વિચાર કરવા બેઠા ત્યારે સ્વાભાવિક રીતે જ લીંચ ઉત્તર ગુજરાતનું મહત્ત્વનું રંગકેન્દ્ર છે એ ધ્યાનમાં રાખી ઉત્તર ગુજરાતની રંગભક્તિ દત્તભક્તિ આદિના લેખોને સ્થાન આપવા ઠેરવ્યું. તેઓશ્રી પૂ.શ્રીની સેવાને કેન્દ્રમાં રાખે છે તેથી શ્રીગુરુલીલામૃતમાંથી ગુરુભક્તિ વિશેના દોહરાઓ તથા સેવાવૃત્તિને પોષક દોહરાઓ ને અન્યત્રથી ભજન કંડિકાઓ પાને પાને મૂકવાનું ઠેરવ્યું, તે સાથે ઉત્તર ગુજરાત કે શ્રી બચુભાઈ સાથે સીધો સંબંધ ધરાવતો લેખ ભલે ન હોય પણ રંગભક્તિ, દત્તભક્તિ કે શ્રીગુરુલીલામૃતને આધારે આવેલા લેખોને પણ સ્થાન આપવું એમ મનમાં નક્કી કર્યું. સંસ્કૃત પંડિતોની સ્મૃતિમાં તો આખો અંક માત્ર વિદ્વત્તાભર્યા લેખોનો જ હોય છે.

શ્રી બચુભાઈના હાલમાં જ પ્રગટ થયેલા 'સેવા સૌરભ' ગ્રંથમાંનાં સુવાક્યો નીચે મૂકવાનું વિચાર્યું. ઉપરાંત કવિ સંમેલન ચાણસ્મા થવાનું છે તેનાં કાવ્યો જો વહેલાં આવે તો તે પણ અંદર મૂકી લેવાં એમ પણ ઠેરવ્યું.

અને એ રીતે પરિવાર પાસે ષષ્ટિ પ્રવેશ નિમિત્તેનો અર્ઘ્ય શ્રી બચુભાઈનાં ચરણે સમર્પિત કર્યો છે.

આ બધું કરવામાં મને પ્રા. કુલીનભાઈ ઉપાધ્યાયે જે મદદ કરી છે તે ખરે જ પ્રશંસનીય છે. લેખકોએ તેમની વિનંતીને માન આપી લેખો સમયસર મોકલ્યા તેથી ઘણી સરળતા રહી છે.

અંતે, આ તક આપવા બદલ પ્રેમજયંતી સમિતિનો ઋણી છું. એ દ્વારા શ્રી બચુભાઈ- પ્રેમ અવધૂતજીને, એમના મિશનને જાણવાની તક મળી તથા અર્ઘ્યમાં એકાદ પુષ્પ ચઢાવવાની તક પ્રાપ્ત થઈ તેનો પણ આનંદ છે.

- ધીરુભાઈ જોષી

# સેવાતપનું આચમન

## (કન્વીનરનું નિવેદન)

પૂ. પ્રેમ અવધૂતજી, સંવત ૨૦૪૬ના ભાદરવા સુદ એકમ, તા. ૨૧-૮-૧૯૯૦ના રોજ ૬૦મા વર્ષમાં પ્રવેશતા હોવાથી '૬૦મી પ્રેમજયંતી' નિમિત્તે સિદ્ધપુરના શ્રી મફતલાલ અમરાજી ઠક્કરે શ્રીગુરુલીલામૃતના સમૂહ સપ્તાહ પારાયણનું આયોજન કર્યું. તા. ૧૪-૮-૯૦ થી ૨૦-૮-૧૯૯૦ સુધીના પારાયણની સમાપ્તિના બીજા દિવસે અંબાજીમાં જન્મજયંતી ધામધૂમથી ઊજવી.

પૂ. પ્રેમ અવધૂતજીએ વિવિધ પ્રસંગો પર આપેલાં પ્રવચનોનું સંકલન "સેવા સૌરભ" છપાતું હતું ત્યારે સ્મરણિકા બહાર પાડવાનો વિચાર સ્ફૂર્યો. 'સ્મરણિકા' બહાર પાડવાનું કાર્ય વિચારણા માગી લે છે, ઘણી મર્યાદાઓ વચ્ચે રહીને 'સ્મરણિકા' બહાર પાડવાની રહે છે.

પૂ.બાપજીના મિશનને કેન્દ્રમાં રાખી, સ્મરણિકામાં એવા લેખો આવકારવાનું વિચાર્યું કે જેમાં દત્તભક્તિ અને રંગભક્તિની સામગ્રી પીરસાય. તદુપરાંત પૂ. પ્રેમ અવધૂતજી વિશે પણ વિગતે માહિતી મળે એવું વિચાર્યું.

સ્મરણિકાનું સ્મરણ થાય એટલે એ વિચારના આદ્ય પ્રણેતા શ્રી જયંતીલાલ આચાર્ય અને એના અનુભવી શ્રી ધીરુભાઈ જોશીનું સ્મરણ થાય જ. મુ. જયંતીકાકા અને મુ. ધીરુભાઈનો સંપર્ક સાધ્યો. એમની આગળ વિચાર મૂક્યો અને માર્ગદર્શન આપવા તેમ જ સંપાદનકાર્ય સંભાળવા વિનંતી કરી. એમણે સ્મરણિકાના વિચારને મંજૂરી આપી, સંપાદનકાર્ય સંભાળવાની વિનંતી પણ સ્વીકારી.

સ્મરણિકાના કાર્યની આગવી સૂઝ સમજ ધરાવતા શ્રી ધીરુભાઈ જોશીએ આ કાર્યમાં મન મૂકીને સહકાર આપ્યો. કોને આમંત્રણ આપવું, કયા વિષય પર આમંત્રણ આપવું, સ્મરણિકામાં કયા ક્રમમાં લેખ ગોઠવવા વગેરેની રૂપરેખા તૈયારી કરી આપી. આમંત્રણ પત્રનો ઢાંચો પણ તૈયાર કરી આવ્યો અને એ પ્રમાણે પત્રો લખાયા.

પૂ. પ્રેમ અવધૂતજીની વિચારધારાને અનુરૂપ 'જાહેરખબર'થી દૂર રહેવાનું સ્વીકાર્યું. સ્મરણિકા 'એક સો પાનાં'ની રાખવી અને ચાણસ્મામાં કારતક સુદ ૯ થી શરૂ થતા કાર્યક્રમની સમાપ્તિ વેળા તેનું વિમોચન રાખવું એવું પણ નક્કી થયું. પરંતુ 'દેવનું કાર્ય દેવે એની રીતે જ કરાવ્યું' એમ આજે 'બસો પાનાંની' સ્મરણિકા રજૂ થાય ત્યારે સ્વીકારવું જ રહ્યું.

સ્મરણિકામાં શરૂઆતના લેખો 'ઉત્તર ગુજરાતમાં દત્તભક્તિ' ઉપરના છે અને પછી પૂ. પ્રેમ અવધૂતજી તેમ જ લીંચ ઉપરના લેખો છે. દત્તભક્તિ ઉપરના લેખો માટે વિદ્વાનોને આમંત્રણ આપ્યાં અને જેમને પૂ. પ્રેમ અવધૂતજી સાથે શ્રદ્ધા-ભાવનો નાતો છે તેમને તેમના

અનુભવો કે ભાવ વ્યક્ત કરવાનું આમંત્રણ અપાયું. અમારા આમંત્રણને માન આપીને લેખો મોકલનાર તમામના અમે ઋણી છીએ.

બધી જ લેખ સામગ્રી શ્રી ધીરુભાઈના હાથ નીચેથી પસાર થાય એ અનેક રીતે જરૂરી અને ઈચ્છનીય હતું અને એ રીતે લેખકોએ પણ સીધા તેમને જ લેખ મોકલવા એવું સૂચવાયું. સ્મરણિકાના દરેક પાને ઉપરના ભાગમાં ગુરુમહારાજ ભગવાન રંગાવધૂતજીનું પદ્ય લખાણ, શ્રીગુરુલીલામૃતના-ખાસ કરીને સેવા ઉપરના-દોહરાઓ, અવધૂતી આનંદ, રંગહૃદયમ્ વગેરેની કંડિકાઓ મૂકી છે. આ બધું ચૂંટવામાં પણ શ્રી ધીરુભાઈ જ નિર્ણાયક પરિબળ બની, અગ્રેસર રહ્યા છે. એ જ રીતે દરેક પાનની નીચેના ભાગે પૂ. પ્રેમ અવધૂતજીના સેવા સૌરભમાંથી પસંદ કરાયેલું વિચારપ્રેરક વાક્ય મૂક્યું છે.

'દેવનું કાર્ય દેવ કરે છે' એ ભાવનાની અનુભૂતિ થઈ. કેવળ સદ્ભાવજન્ય આ કાર્યમાં જે કાંઈ સારું જણાય તેનો યશ શ્રી ધીરુભાઈ જોશીને ફાળે જાય છે. આ સ્મરણિકામાં રહી ગયેલા દોષો, ક્ષતિઓ કે અપૂર્ણતા માટે હું મારી જવાબદારી સ્વીકારું છું. આશા છે કે ગુરુભાઈઓ ઉદાર દિલે ક્ષમા કરશે. અનુક્રમણિકા બનાવી ત્યારે લેખોને સંખ્યા અનાયાસે જ સાઠની થઈ તે જોતાં સ્મરણિકાનો દેવે સ્વીકાર કર્યો છે એવી લાગણી અનુભવી.

સ્મરણિકામાં બધાના લેખો આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે. ઘણા ભક્તો પોતાના ભાવ અને શ્રદ્ધાની ગરિમાને શબ્દોમાં કંડારી શક્યા નથી એ એમની પૂ. પ્રેમ અવધૂતજી સાથેની આત્મિયતા સૂચવે છે. એમના પત્રોમાંથી ઉધૃત કરેલું લખાણ પૂરતું ગણ્યું છે. સ્મરણિકાની સમાપ્તિના સમયે અનાયાસે પ્રાપ્ત થયેલ લેખોને પરિશિષ્ટમાં સમાવવા પડ્યા છે.

પૂ. પ્રેમ અવધૂતજીની ૮૦મી જન્મજયંતી પ્રસંગે સેવાતપ કલિતારની નવી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં હું આનંદ અનુભવું છું. આ માટે પ્રૂફનું કાર્ય ઝીણવટપૂર્વક કરી આપવા બદલ મુ. શ્રી જયંતીભાઈ જાનીનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

નવી આવૃત્તિનું ગ્રાફિક્સનું કામ કરનાર ભાઈ શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાયનો તથા મુદ્રણ કાર્ય કરી આપવા બદલ શ્રી ઈન્દ્રવદનભાઈ પટેલનો આભારી છું.

સ્મરણિકા વિશેના પ્રતિભાવો સાંપડશે તો વાંચવાનું ગમશે અને એમાંથી શીખવાનું પણ મળશે.

ગુરુમહારાજનાં ચરણોમાં અનેકાનેક પ્રાર્થના કે પૂ. પ્રેમ અવધૂતજીને મિશનનું કાર્ય કરવા માટે નિરામય ચિરાયુ બક્ષો!!!

અંતે અમે એમનાં ચરણે એક વિનમ્ર અર્ઘ્ય અર્પીને આચમન કરી શક્યા તેનો આનંદ છે.

- કુલીન ઉપાધ્યાય

કન્વીનર

# સન્માનપત્ર

સમર્થ સદ્ગુરુ ભગવાન રંગ અવધૂતજીના કૃપાપાત્ર, ગુરુભક્તિ પરાયણ, પૂજનીય, રંગાનુરાગી, સેવામૂર્તિ પૂ.શ્રી પ્રેમ અવધૂતજી,

ભગવાન શ્રી રંગ અવધૂત બાપજીની અસીમ કૃપાથી અને એમની પ્રેરણાથી આપશ્રી વિદેશના પ્રવાસે જઈ રહ્યા છો ત્યારે અવધૂત પરિવાર, અમદાવાદ હર્ષ અને આનંદની લાગણી અનુભવે એ સ્વાભાવિક છે.

આપની આ વિદેશયાત્રા પરદેશમાં ગુરુભક્તિ, નિઃસ્વાર્થ સેવા, શ્રદ્ધા અને નિષ્ઠાની સુવાસ ફેલાવશે. પૂ.બાપજીના આદર્શોને આપના જીવનમાં તાણાવાણાની માફક વણી લીધા છે. એટલે આપનું આચરણ સ્વયં જ ગુરુમહારાજના આદર્શોની મહેક રેલાવશે એ નિઃસંશય છે.

પ્રેમમૂર્તિ અને સેવામૂર્તિ એવા આપ ત્યાં આપના સંપર્કમાં આવનારાને મન, વચન, કર્મથી સદ્બોધનું સિંચન કરી, ભૌતિકવાદ સાથે અધ્યાત્મવાદનું સંમિશ્રણ કરી, પ્રેય અને શ્રેયનો સુભગ સમન્વય સાધી, તેમના પથદર્શક બની રહેશો એવી શ્રદ્ધા છે.

ગુરુમહારાજની આજ્ઞાવશ આપ વર્તો છો એટલે આપનું યોગક્ષેમ ગુરુમહારાજના હાથમાં સુરક્ષિત હોય જ છતાં અમે પરિવારનાં બાળકો સદ્ગુરુ શ્રી રંગ અવધૂતજીને પ્રાર્થીએ છીએ કે આપની આ ધર્મયાત્રા સાંગોપાંગ પાર ઉતારે, આપના ઉપર ત્યાંના જનસમાજનો અનહદ પ્રેમ વરસે અને આ 'રંગમિશન'નું કાર્ય સર્વાંગ રીતે પાર ઊતરે. અમારા સૌના હૃદયની વાણી છે.

**શિવાસ્તે પન્થાનઃ**

**ચીનુભાઈ બી. પટેલ** — પ્રમુખ

**શ્રી અંબાલાલ એન. પટેલ** — મંત્રી

**શ્રી રંગ અવધૂત પરિવાર, અમદાવાદ**

નોંધઃ આ સન્માનપત્ર કુલીનભાઈના ઘરે પૂ. પ્રેમ અવધૂતજીને એમના અમેરિકાના પ્રવાસ વખતે આપેલું. એમણે આ સન્માનપત્રને હાથમાં ન લેતાં ગુરુમહારાજનાં ચરણમાં મુકાવેલું. 'સેવક સન્માન ન ઈચ્છે પણ સ્વામીને ઈચ્છે' એવા ભાવ સાથે.

# પૂ. પ્રેમ અવધૂતજી : જીવન ઝરમર

- શ્રી ગણપતભાઈ મિસ્ત્રી
લીંચ.
(હાલઃ સાબરમતી)

### જીવન ઝરમર

કોઈ પણ સંતપુરુષની જીવન ઝરમર લખવાનું સાહસ કરવાના વિચારમાત્રે જ શ્રીગુરુલીલામૃતના પેલા દોહરાનું સ્મરણ થઈ જાય જ.

ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ,
રંગ ગુરુકૃપા હોય તો કરે મોતથી ગેલ. (અ. ૪૦, દો. ૧૦૨)

સંતોનું જીવનચરિત્ર જાણવાથી શું ફાયદો? શા માટે સંતોની જીવન ઝરમર લખવી જોઈએ?

સંતોની જીવન ઝરમર આપણને હૂંફ આપે છે, માર્ગદર્શન આપે છે અને પ્રેરણાબળ પૂરું પાડે છે. આવી જીવન ઝરમર આપણા જીવનમાં પણ સંતત્વ પામવાની ઈચ્છાને પ્રગટ કરે છે, પ્રબળ કરે છે અને આપણને એ પથ પર પદાર્પણ કરવાની પ્રેરણા આપે છે.

સંત પોતે તો પોતાની જીવન ઝરમર લખાય એવું ન ઈચ્છે કારણ કે જીવન ઝરમરમાં કેવળ સારી સારી વાતોનું ઢોલ ચારેબાજુથી પીટાતું હોય છે. પણ એવા અભિવાદનનો હેતુ સારા આચરણની મહેકને પ્રસરાવી ઘણી વ્યક્તિઓને મહેકતા કરવાનો જ છેને! અને સદ્‌ગુણ દર્શન દ્વારા સદ્‌ગુણોનો વિકાસ થાય એ સ્વાભાવિક છે.

પૂ. પ્રેમ અવધૂતજીનું મૂળ નામ પ્રેમશંકર. પિતાનું નામ કૃપાશંકર અને માતાનું નામ શાંતાબહેન. પ્રેમ-કૃપા અને શાંતિનો ત્રિવેણી સંગમ. લાડનું નામ બચુ. બચુભાઈ તરીકે વધુ જાણીતા- ગામમાં અને રંગ પરિવારમાં પણ.

મુ. કૃપાશંકર પર દેવની એવી અવકૃપા કે અગિયાર વર્ષે તદ્દન એકલા પડી ગયા. ત્રણ વર્ષની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવી. નવમે વર્ષે 'મા'ની હૂંફાળી ગોદ ગુમાવી અને અગિયારમા વર્ષે એકમાત્ર માડીનો જાયો ગુમાવ્યો. ઉપર આભ અને નીચે ધરતી.

મુ. કૃપાશંકર કપરી સ્થિતિમાં પણ સંતસેવા અને દેવસેવા કરવામાં 'ખડે પગે' તૈયાર રહેતા. કૃપાશંકરનાં લગ્ન એ જમાનાની દૃષ્ટિએ ખૂબ ખૂબ મોડાં થયાં કહેવાય. પાંત્રીસ વર્ષે પ્રભુતામાં પગલાં પાડ્યાં અને તે પણ જોટાણાના સંત શ્રી શાલિગ્રામજીના આશીર્વાદના બળે.

સાટા પદ્ધતિના જમાનામાં એકલા કૃપાશંકરને કોણ કન્યા આપે? પણ શાલિગ્રામજીનું વરદાન હતુંને! "ઉત્તરસે આયેગા." કૃપાશંકર અને શાંતાબહેનના દાંપત્ય જીવન ઉપર સંતના આશીર્વાદની મીઠી નજર હતી.

લગ્નજીવનનાં ચાર વર્ષ પછી સંતાનયોગ આવ્યો. કૃપાશંકર શિવજીના પરમ ભક્ત અને સૌ. શાંતાબહેન કૃષ્ણના પરમ ભક્ત. **'એકો દેવો કેશવો વા શિવો વા'** એ ન્યાયે દેવ તો ક્યાં શિવ ક્યાં કેશવ. જ્યારે આમણે તો બંનેને સાધ્યા. પ્રથમ પુત્રી ને પછી પુત્ર. શિવભક્ત કૃપાશંકરની શ્રાવણ માસની ભક્તિના ફળરૂપે વિ. સં. ૧૯૮૭ના ભાદરવા સુદ એકમ ઉપર બીજને દિવસે (તા. ૧૩-૯-૧૯૩૧) એમને ત્યાં પુત્રજન્મ થયો. ગામ આખું આનંદના હિલોળે ચઢ્યું. 'ભગવાન શંકર ફળ્યા'ની ભાવના સાથે ગામમાં ઉત્સવનું વાતાવરણ જામ્યું.

શ્રી કૃપાશંકરને બે સંતાન. પુત્ર પ્રેમશંકર નાના અને પુત્રી સોમીબહેન મોટા. સોમીબહેનનું નામ જશોદા-યશોદા હતું. બચુભાઈના જન્માક્ષર તૈયારી કરીને ફળાદેશ વાંચતા જોશીએ કહ્યું કે કર્કનો ગુરુ દેહસ્થાન પર છે એટલે આ બાળકનો આ છેલ્લો જન્મ ગણાય. ખૂબ આધ્યાત્મિક થશે.

બાળપણમાં વાંકડિયા વાળ એટલે સરસ દેખાય. પોતે જાતે જ વાળ પકડે પરંતુ છોડતા ન આવડે એટલે રડે. પકડ્યું તે છોડવું નહિ એનો જાણે સંદેશો નહિ આપતા હોય!

ભણવામાં પહેલેથી હોશિયાર. કાયમ પ્રથમ નંબર જ મેળવે. એકવાર બીજે નંબરે ઉત્તીર્ણ થયા ત્યારે ખૂબ રડ્યા.

ખૂબ નાના હતા, માંડ એક વર્ષના હતા, ત્યારે બનેલો પ્રસંગ બહુ સૂચક છે. ઘોડિયામાં સૂતા હતા ત્યારે ઘોડિયા નીચે એક મોટો ફણાવાળો સાપ આવ્યો. જોતાં જ ગભરાઈ જવાય એવો લાંબો અને કાળો. થોડી વાર ઘોડિયાની આજુબાજુ ફરીને અનાજની ગૂણ વચ્ચે ભરાઈ ગયો જેને પકડવામાં બહુ જહેમત બાદ સફળતા મળી. બે માણસોએ ઊંચકેલો ત્યારે મૂકી આવી શક્યા તેવો હતો. આ પ્રસંગ જોનારા જાણે એનો અર્થ કરતા હોય તેમ કહેવા લાગ્યા કે બાળક આગળ જતાં આધ્યાત્મિક માર્ગે આગળ વધશે.

નાનપણથી જ પંથ નિરાળો. 'મા'ના ખોળામાં માથું મૂકી રાત્રે ધ્રુવ-પ્રહ્લાદ અને મીરાં-નરસિંહની વાતો સાંભળવાની ટેવ, પરિણામે ૬ વર્ષની ઉંમરથી જ મન ભગવાનની સેવા તરફ વળ્યું. સ્કૂલમાં જવાનું શરૂ થયું ત્યારથી રોજ, શિક્ષકને જઈને અચૂક પગે લાગવાનું. આ નિયમ કદી તૂટ્યો નહિ.

વિદ્યાર્થી અવસ્થામાં પણ સમાધાનકારી વલણ, કોઈ સાથે ઝઘડો કર્યો નથી. મૂળે ઝઘડાનું વાતાવરણ જ ના ગમે. સાત્ત્વિકતા પ્રધાન સ્વભાવ એટલે આજે પણ અજાતશત્રુ જેવા. બધાને

સામેથી બોલાવે અને પ્રેમભરી અમૃતમય વાણીથી એમના અંતરને ઠંડક આપે.

થોડા મોટા થયા એટલે નર્મદા કિનારે નાસી જવાના વિચારો આવ્યા કરે. પોતાના લંગોટિયા દોસ્ત મૂળજીભાઈ સાથે પણ આ જ વાત, ભજન, કીર્તન અને પ્રભુપ્રાપ્તિ માટે સદ્ગુરુની શોધની જ ચર્ચા.

ભજનની લગની લાગી. ગાયત્રીનાં અનુષ્ઠાનો શરૂ થયાં. અનુષ્ઠાન વખતે મૌન અને કેવળ ગાયનું દૂધ લેવાનું. ગાયત્રીના ત્રણ પુરશ્ચરણ કર્યાં. અંતઃકરણ દૂષિત થવાની ઉંમર આવે એ પહેલાં જ મન ઈશ્વર તરફ વળી ગયું. કુમળી વયે ઈશ્વરાભિમુખ વલણથી ખુલ્લી આંખે પણ આકાશમાં નજર કરતાં ઉપાસ્ય દેવ દેખાય. ઉપાસ્ય દેવ ગાયત્રી 'મા' હોવા છતાં વિષ્ણુ, શિવ, કૃષ્ણ, માતાજીની ઉપાસના પણ કરી. હનુમાનજી પર સવિશેષ પ્રીતિ. કદાચ હનુમાનજીની સેવાવૃત્તિ જ આકર્ષણનું કારણ હશે. હનુમાન ચાલીસા અને સુંદરકાંડના પાઠ કરતા રામ રામના ખૂબ જપ કર્યા. દુકાનમાં બેસીને ધંધો કરે પરંતુ ફાજલ સમયમાં 'રામ' નામનો જપ ચાલે. રામ રામની રોજ પાંચસોથી એક હજાર (૧૦૦૦) માળા કરે, વ્યવહાર અને પરમાર્થ બંને સાચવવાની હોશિયારી નાનપણથી જ લોહીમાં ઊતરી આવી.

પૂજા કર્યા વિના પાણી નહિ પીવાનું વ્રત. ૧૩ વર્ષની ઉંમરથી શંકરનું લિંગ સાથે જ રાખે. પવિત્રતા અકબંધ જાળવે. બ્રહ્મકર્મ કર્યા પછી જ બીજી વાત. ભગવાન શંકર પર સૌથી વધુ શ્રદ્ધા, જાણે પિતાશ્રીનો વારસો મળ્યો.

મન ઉપર ભક્તિની ઘેરી અસર. રાત્રે પણ એના જ વિચારો એટલે સપનામાં પણ એ જ વાતાવરણ. જાગ્રત અવસ્થાનું પ્રતિબિંબ સ્વપ્ન અવસ્થામાં પડેને! સ્વપ્ન ઘણી વાર ભાવિનું સૂચન પણ કરતા હોય છે.

એક દિવસ બચુભાઈને દિવ્ય સ્વપ્ન આવ્યું. એ સ્વપ્નની ફળશ્રુતિ આજે ચરિતાર્થ થતી જોવા મળે છે.

નાની એક રૂમ. પશ્ચિમ દિશાનું બારણું. બારણાની ડાબી બાજુમાં કૂઈ, કૂઈમાંથી પાણી ખેંચી સ્નાન કર્યું. ભસ્મ લગાવી અંદર ગયા. અંદર જઈને શું જોયું?

આખો રૂમ સાધુસંતોથી ખીચોખીચ ભરાયો હતો. બધા જ પાંચ મણથી વધુ વજનવાળા સિદ્ધપુરુષો હતા. હું અંદર જઈને પગે લાગ્યો એટલે એક બાવાના વેશમાં બેઠેલા સિદ્ધપુરુષે કહ્યુંઃ "તમારો જન્મ સંસાર પૂરતો નથી થયો. અમે તિબેટના મહાત્માઓ છીએ. વિશ્વમાં ધર્મવ્યવસ્થા જાળવીએ છીએ. જેની જ્યાં જરૂર પડે ત્યાં તેને મોકલીએ છીએ."

બસ! આંખ ખૂલી ગઈ.

સ્વપ્ન દ્વારા દીક્ષા અપાતી હોય છે, સ્વપ્ન દ્વારા ભાવિ સંકેત અપાતા હોય છે. એટલે બધાં સ્વપ્ન હસી કાઢવા જેવાં નથી હોતાં.

નિયતિ એના વિધાન મુજબ સોગટાં ગોઠવ્યે જતી હતી અને ધીમે ધીમે બચુભાઈને જીવનનાં સુખદુઃખના અનુભવ કરાવ્યે જતી હતી. ગામડામાં મધ્યમવર્ગની સ્થિતિવાળું કુટુંબ હતું. કાપડની દુકાન, પાન-બીડીની દુકાન, દોરી રંગવાનું કામ- બધું જ કરતા હતા. 'નેક કમાઈ કરલે ભાઈ! ઈસમેં સબ કુછ આઈ'નો એકડો ઘૂંટાતો હતો. પિતાશ્રી કર્મકાંડી હતા. ધર્મગ્રંથો વાંચવા, યજ્ઞયાગાદિમાં જવું અને ગામમાં યજમાનોનું ગોરપદું પણ એ સંભાળતા.

૧૮ વર્ષની ઉંમરે બચુભાઈએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો. અંબાજીની બાધાને કારણે જન્મેલાં શ્રી મધુબહેન સાથે લગ્ન થયાં. પાંચ ભાઈની એક બહેન. પાંચ પુત્ર સંતાન થયા એટલે પિતાને પુત્રીની ઝંખના જાગી અને મા અંબાજીની બાધા રાખી. પિતાની બાધા ફળી અને ઘરે કન્યારત્ન જન્મ્યું. તે જ મધુબહેન.

શ્રી બચુભાઈ અને મધુબહેનનું દાંપત્યજીવન સુખદુઃખની લહેરખી અનુભવતું આગળ વધ્યું. લગ્ન પહેલાં જ સિનેમા નહિ જોવાનું વ્રત ૧૬ વર્ષની ઉંમરે લીધેલું. હનુમાનપ્રસાદ પોદ્દારનો લેખ 'સિનેમા-મનોરંજન યા વિનાશ કા સાધન' વાંચ્યા પછી સિનેમાને તિલાંજલિ આપી દીધી. એ જ ઉંમરે કોઈ પણ પ્રકારનું વ્યસન નહિ. ૧૯ વર્ષ પછી એટલે કે લગ્ન પછીનાં બીજે વર્ષે જ ચામડું પહેરવાનું બંધ. 'ચામડાની કરુણ કહાની' વાંચી એટલે પગરખાં પહેરવાનાં છોડી દીધાં. શરૂઆતમાં પાંચ વર્ષ ખુલ્લા પગે ફર્યા અને પછી કેન્વાસના બૂટ સ્વીકાર્યા.

જીવનને કપરા સંજોગથી ઘડવાનું ભગવાને વિચાર્યું હોય એમ એક પછી એક એવા બનાવો બનતા ગયા. પોતાની વહાલસોઈ બહેનનું આકસ્મિક કરુણ અવસાન થયું. બે વર્ષની પુત્રી કોકિલા અને સાડા આઠ માસના પુત્ર નવીનને શ્રી ભાઈના હાથમાં સોંપી બહેને ચિર વિદાય લીધી. બહેનના મૃત્યુની ઘેરી અસર થઈ.

ભાણા-ભાણીને લીંચ રાખ્યા. બસ! વાળ ઓળવાના બંધ કર્યા. વાળ કઢાવી નાંખ્યા અને પછી ઓળવા પડે એટલા વધવા દીધા જ નહિ. બહેનના મૃત્યુ પહેલાં પણ વાળ ઓળતા તો પાંથી તો પાડતા જ નહિ. ઊભા જ ઓળતા. યુવાનીમાં ત્રણેક વર્ષ સંગદોષે દુન્યવી જગતના આવેલા દોષને તાણી જવા માટે બહેનનું મૃત્યુ નિમિત્ત બન્યું અને જીવનને જબરો વળાંક મળ્યો.

સંત બનનારી વ્યક્તિનું જીવન ગુલાબની પથારી સમું નથી હોતું. પથ્થર શિલ્પીના ટાંકણા સહન કરે છે પછી જ મૂર્તિમાં રૂપાંતરિત થાય છે. મધ્યમ સ્થિતિ અને બહેનની વિદાયનું દુઃખ, વધેલી જવાબદારી અને ચિંતાનો સામનો કરતાં કરતાં પણ આધ્યાત્મિક માર્ગનાં સોપાન તો સર કરવાનું ચાલુ જ હતું.

આજ સુધીની સાધનાના પરિણામે ૧૮ વર્ષની ઉંમરે ગુરુમહારાજ મળ્યા. સને ૧૯૫૦ના સંવત ૨૦૦૬ના ચૈત્ર સુદ પાંચમને દિવસે ભોગીમામા સાથે નારેશ્વર ગયા. પૂ.શ્રીનાં દર્શન કર્યાં. બીજે દિવસે આંખ જોઈ અને બસ! ગુરુમહારાજમાં ખોવાઈ ગયા.

પૂ.શ્રી તરફ મન વળી ગયું. પૂ.શ્રીનું એવું ઘેલું લાગ્યું કે સંસારમાં રહેવા છતાં મન ગુરુજી પાસે ફરવા લાગ્યું. ધીરે ધીરે ઘરમાં પણ બધાંને રંગનો રંગ લાગવા લાગ્યો.

ભરતભાઈના જન્મ વખતે મધુબહેને ૩૧ દિવસ સુધી સંકીર્તનના રોજ ૧૬ પાઠ કરેલા. જન્મ પહેલાં વાસદમાં રહેતાં મધુબહેનને એક ડોસાએ આવા આશીર્વાદ આપ્યા કે "બહેન! ચિંતા કરીશ નહિ. તને દીકરો આવશે." કોણ હશે આ વૃદ્ધ પુરુષ? શોધ કરી પણ જડ્યા જ નહીં અને કંઈ લીધું પણ ન હતું. મંજુબહેનના જન્મ વખતે છેલ્લા બે મહિના સંકીર્તનના રોજ ૧૬ પાઠ કરતા. રંગભક્તિમાં ડૂબી જઈને જીવનવ્યવહાર ચલાવીએ તો એ પણ ભક્તિ જ બનેને!

ભરત, જગદીશ અને રાધેશ્યામ એ ત્રણ પુત્રો અને મંજુલા તેમ જ રંજન એ બે દીકરી. ત્રણે પુત્રનાં લગ્ન થયાં એટલે ત્રણ પુત્રવધૂઓઃ સૌ. ઈન્દિરા, રેખા અને નીતા.

શ્રી પ્રેમ અવધૂતજીને જોઈએ એટલે સમર્થ ગોદડિયા મહારાજ સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ ગોરધનભાઈ લલ્લુભાઈ યાદ આવે. ગોરધનભાઈ ડેપ્યુટી કલેક્ટર, ગૃહસ્થી, પત્ની, પુત્ર સાથે માંડેલો પરિવાર પણ ખરો અને છતાં આવા ગૃહસ્થી સ્વામી પ્રકાશાનંદજીના ગુરુ બન્યા. 'ધન્યો ગૃહસ્થાશ્રમઃ' તે આનું નામ. આપણા ઘણા ઋષિઓ પરિણીત છે ને સંતાનવાળા પણ છે. અને છતાં કોનામાં આધ્યાત્મિકતાની ઊણપ દેખાય છે?

ગુરુમહારાજ સ્થૂળ દેહે ઉપસ્થિત હતા ત્યારે બચુભાઈએ ૧૯૫૦ થી ૧૯૬૮ સુધી સેવાધર્મ સ્વીકાર્યો. એમની સેવાસૂઝ અને ગુરુનિષ્ઠાની વાતોથી આપણે સુપરિચિત છીએ. ગુરુમહારાજની સેવા એવી સૂક્ષ્મતાથી કરી કે ગુરુમહારાજ પણ મન મૂકીને એમના પર વરસ્યા. બાપજી લીંચમાં કુલ ચાર વાર આવ્યા. પહેલી વાર ભોગીમામાના ખેતરમાં કુટીરમાં રહ્યા અને પછી છેવટ સુધી બચુભાઈના ખેતરમાં કુટીરમાં રહ્યા. આજની અવધૂત કુટીર એ જ બાપજીનું વિશ્રામ કરવાનું સ્થાન. લીંચ તો **મિનિ નારેશ્વર. લીંચ તો દિવ્યોત્તમ ધામ થશે** અને **ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ** એવું કહેનાર ગુરુમહારાજે હરિદ્વારમાં જઈ તા. ૧૯-૧૧-૧૯૬૮ને કારતકી ચતુર્દશીયુત અમાવસ્યાને દિવસે દેહલીલા સંકેલી લીધી.

હરિદ્વાર જતાં સાબરમતીમાં બાપજીએ "હું લીંચ આવીશ" એમ કહેલું અને પછી બ્રહ્મલીન થયાના સમાચાર સાંભળતાં જ અન્ન છોડી દીધું. લીંચથી નારેશ્વર જવા નીકળ્યા તો પાણી પણ પીધું નહીં. રાત્રે ચાર વાગ્યે લીંચથી નીકળ્યા અને પહોંચ્યા બપોરે ૧ વાગ્યે. બાપજીના દેહને અગ્નિસંસ્કાર કર્યા પછી રાત્રે ૪ વાગ્યે નર્મદામાં નાહવા ગયા ત્યારે જલપાન કર્યું.

નારેશ્વરથી લીંચ પરત થયા. ઉદાસીનતા અને આર્તભાવથી ઘેરાયેલા રહ્યા. ગુરુમહારાજ માઉલીના જવાથી નોંધારા થવાની લાગણી હૃદયમાં સતત ઊભરાતી રહી. "આવીશ કહીને કેમ ન આવ્યા?" આ એક જ રટણ. મને છેતર્યો કેમ? મારી સાથે જૂઠું કેમ બોલ્યા? ૨૪ કલાક આ જ વિચાર, એ જ રટણ. બાપજી સાથે રિસાયા. હઠ પકડી. 'બાલહઠ અતિ આકરી' જેવું થયું. ગુરુમહારાજે ૧૮મા દિવસે દૃષ્ટાંત આપ્યો. ૧૨૨-૧૨૨ બાપજીએ કહ્યું એટલે '૧૨૨મા અધ્યાયનો ૧૨૨મો દોહરો વાંચ.' આજ્ઞા પ્રમાણે દોહરો વાંચ્યો તો દોહરો આ પ્રમાણે હતોઃ

"કારણ કે જનદૃષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તો યે સર્વાંતર વિશે રહે નિત્ય એ ધીર."

બસ! હૃદયાશ્વાસન મળી ગયું અને પછી જીવનને વળાંક મળી ગયો. પૂ.શ્રી ૧૯૬૮માં બ્રહ્મલીન થયા અને બચુભાઈને ૧૯૮૧માં પ્રેમ અવધૂતજી તરીકેનું નામાભિધાન મળ્યું એ અરસામાં જીવનપ્રવાહ સત્ત્વશીલ અને સેવા-મમતા-પ્રેમભર્યો જ. સામા પર પ્રેમવર્ષા કરવાની ગજબની વૃત્તિ. બે-ચાર પ્રસંગો નોંધ્યા વિના રહી શકતો નથી.

ગામમાં એક બહુરૂપી આવ્યો. ઘણા દિવસો સુધી બહુરૂપીના ખેલ કર્યા. ત્યાં એની તબિયત બગડી. બહુરૂપી તો આખા ગામનો અને છતાં કોઈનો જ નહિ. હવે એમની સેવા કોણ કરે? મુ. બચુભાઈએ તેને માટે બધી જ વ્યવસ્થા કરી અને અંતકાળ સાચવ્યો. એમનાં શાંતાબાએ છેલ્લે ગંગાજળ મૂક્યું. મુ. બચુભાઈએ અગ્નિસંસ્કાર કર્યો.

લીંચના એક ગરીબ બહેન! બીડી પીવાની ટેવ પડેલી. બીડીના પૈસા માટે મુ. બચુભાઈના ખેતરમાં કાલાની ચોરી કરવા પેઠાં. કાલાં ચોરીને નીકળવા જાય ત્યાં જ રખેવાળે પકડ્યાં. કાલાં લઈ લીધાં. બીજે દિવસે મુ. બચુભાઈને વાત કરી. મુ. બચુભાઈએ આજ દિન સુધી ચોરી કરવાનો ઠપકો તો નથી જ આપ્યો પણ એ ચોરી કરતાં પકડાયાં છે એ વાત પોતે જાણે છે એ વાત પણ જાણવા દીધી નથી. હજી આજે પણ એની કાળજી લે છે કે જેથી ચોરી કરવાનું મન થાય જ નહિ. કેવું માનવતાભર્યું વર્તન! કેવી મહાનતા!

ઉનાળાની સખત ગરમીના દિવસોમાં લીંચથી અમદાવાદ કામે ગયેલા. પાંચકૂવા પાસેથી પસાર થતા હતા ત્યાં જ એક ફકીરનો દર્દભર્યો અવાજ કાને પડ્યોઃ "હૈ કોઈ અલ્લાકે નામ પર પાની પિલાનેવાલા?" અવાજમાં નરી આજીજી અને આર્તતા હતી. મુ. બચુભાઈ થોડા આગળ ગયા ત્યાં ફરી પાછો એ જ અવાજ કાને પડ્યો. અને હૈયું હાથમાં ન રહ્યું. પોતાને કામની ઉતાવળ હતી તોપણ પાછા ફર્યા. પાસે જઈને પૂછ્યું તો એ ફકીરે પાસે કોઈ નળ હશે ત્યાંથી પાણી લાવવા કહ્યું. મુ. બચુભાઈએ ફકીરને પાણી લાવી આપ્યું અને ફકીર પણ પાણી પીતાં

પીતાં બોલ્યો, "અલ્લા તેરા ભલા કરેગા." હૃદયના ઊંડાણમાંથી મળતા આશીર્વાદ ન ફળે તો શું ફળે? અને આવા તો કેટકેટલાના આશીર્વાદો એ મેળવી ચૂક્યા હતા.

માનવસંબંધોમાં જ આવી પરોપકારી વૃત્તિ હતી એવું નહિ. દયાભાવ તો એવો સૂક્ષ્મ કે એને સમજવો પણ મુશ્કેલ. પોતાની જમીનમાં ૧૯૬૬માં જવનો પાક તૈયાર થતો હતો ત્યાં એમાં જીવાત પડી. બધાના જ ખેતરમાં જીવાત પડેલી અને બધાએ જ જીવડાં મારવાની દવા છાંટી. પણ મુ. બચુભાઈએ કહ્યું કે મારે જીવડાંને મારીને પાક નથી લેવો. જીવડાં મારવાની દવા જીવડા ન પડે એટલા માટે છાંટવી એ ઠીક છે પણ જીવડાં મારવા માટે તો ન જ છંટાય. બસ! દવા ના છાંટી તે ના જ છાંટી! ખેતી કરવાનું પહેલું જ વર્ષ. ભગવાન પણ જાણે એમની કસોટી કરવા પૂરતા જ આવ્યા હોય તેમ મુ. બચુભાઈ કસોટીમાં પાસ થવાથી પાક ખૂબ જ સરસ તૈયાર થયો.

પહેલેથી જ અજાતશત્રુ. રિસાયેલાને પણ સામે ચાલીને બોલાવે. હજી આજે પણ પ્રેમભર્યો વ્યવહાર અકબંધ જાળવે. બહારથી એમનું વર્તન મૂલવવા જઈએ તો થાપ ખાઈ જવાય. સૂક્ષ્મતા ખૂબ જ.

૧૯૮૧માં મુ. બચુભાઈને આપણે પૂ. પ્રેમ અવધૂતજીના નામે ઓળખવા માંડ્યા પછીની વાતો તો બધા જાણતા થયા છે અને એટલે એ વાતો દોહરાવતો નથી. **"સેવા સૌરભ"**ની વાતો એમનું ચિંતન દર્શાવે છે અને આ **"સેવાતપ ફલિતાર"** સ્મરણિકાની સામગ્રી એમના વિશે લોકોને થયેલી અનુભૂતિ, લોકોનો એમના તરફનો ભાવ, શ્રદ્ધા દર્શાવે છે.

હું તો એમની ઘણી નજીક રહ્યો છું એટલે કોઈ એમને ગમે તે નામે સંબોધે પણ મારે મન તો એ પહેલાં બાપજીના પરમ ભક્ત હતા અને હવે અમારા 'બાપજી' જ છે. અમારા આ બાપજી ઘણું જીવો.

✿

# અનુક્રમણિકા

## ગદ્ય


| અનુ. નં. | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૧ | આપ સમાન કરે શિષ્યન કો (તીર્થભૂમિ લીંચ) | શ્રી જગન્નાથ ત્રિવેદી | ૧ |
| ૨ | પૂ.બાપુજીને લીંચ કેમ ગમ્યું? | ડૉ. શ્રી રતિલાલ પંડ્યા | ૭ |
| ૩ | દિવ્યોત્તમ ધામ લીંચ (અવધૂતજીની આગાહી) | શ્રી જગન્નાથ રાવલ | ૧૦ |
| ૪ | પાટણમાં આવેલી અષ્ટભૂજા દત્તમૂર્તિ | ડૉ. શ્રી હરિપ્રસાદ જોષી | ૧૨ |
| ૫ | અંબાજીમાં શ્રી રંગજયંતી મહોત્સવ | ડૉ. શ્રી દેવદત્ત જોષી | ૧૪ |
| ૬ | સિદ્ધપુર અને દત્તભક્તિ | પ્રા. શ્રી શિવુભાઈ દવે | ૨૫ |
| ૭ | શ્રી રંગભક્તિનું પારણું : વીસનગર | પ્રા. શ્રી નારણભાઈ પટેલ | ૩૨ |
| ૮ | નિરાશી એહ અવધૂત | શ્રી વિઠ્ઠલભાઈ પાઠક | ૩૪ |
| ૯ | યોજકો નાત્ર દુર્લભઃ | શ્રી જયંતીલાલ આચાર્ય | ૩૯ |
| ૧૦ | પ્રેમ અવધૂતજી : ભગવાન શ્રી રંગાવધૂતજીનું ‘મન’ | શ્રી જગજીવનદાસ ગાંધી | ૪૨ |
| ૧૧ | સેવાની સૂઝ | શ્રી સુમનલાલ પુરોહિત | ૪૬ |
| ૧૨ | પ્રેમ અવધૂતજીની નિર્મળ જીવનદૃષ્ટિ | ડૉ. શ્રી મફતલાલ ભાવસાર | ૫૦ |
| ૧૩ | પ્રેમ અવધૂતજી : ગુજરાતના એકનાથજી | ડૉ. શ્રી દત્તાત્રેય નંદુરબારકર | ૫૨ |
| ૧૪ | પ્રેમ અવધૂતજી મને કેમ ગમ્યા? | શ્રી રતિભાઈ શાહ | ૫૮ |
| ૧૫ | પ્રેમ અવધૂતજી સાથેનાં મીઠાં સંભારણાં | શ્રી જસવંત દેસાઈ | ૬૦ |
| ૧૬ | શ્રી પ્રેમ અવધૂતજીનાં પુનિત સ્મરણો | શ્રી ઈન્દ્રવદન શાહ | ૬૨ |

| અનુ. નં. | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૧૭ | પ્રેમ અવધૂતજી : માનવતા મઢી મૂર્તિ | પ્રા. શ્રી કુલીન ઉપાધ્યાય | ૬૬ |
| ૧૮ | મોહક નિખાલસતા | પ્રા. શ્રીમતી ઊર્મિલા નાણાવટી | ૭૪ |
| ૧૯ | 'પ્રેમમૂર્તિ' પ્રેમ અવધૂતજી સાથેના અનુભવો | પ્રા. શ્રીમતી નલિની દેસાઈ | ૭૬ |
| ૨૦ | હૈયે પ્રેમતણી સરવાણી | પ્રા. શ્રીમતી અંજની ઉપાધ્યાય | ૮૦ |
| ૨૧ | પ્રેમ અવધૂત : એક અવધૂતી જીવનદૃષ્ટિ | પ્રિ. શ્રી રવિશંકર ત્રિવેદી | ૮૩ |
| ૨૨ | પ્રેમ અવધૂતજી : ગુરુ સમર્પિત શિષ્ય | શ્રી મૂળજીભાઈ બારોટ | ૮૬ |
| ૨૩ | ગુરુગુણનું અમલીકરણ | શ્રી મગનભાઈ વશી | ૯૦ |
| ૨૪ | સાચા સંતની શક્તિ : એક અનુભવ | શ્રી કનક શાહ | ૯૨ |
| ૨૫ | શ્રી દત્તાવતારોની ઐતિહાસિક તવારીખ | ડૉ. શ્રી અરુણોદય જાની | ૯૫ |
| ૨૬ | પ્રેમ અવધૂતજી : શ્રી દત્તમંદિર, ગાંધીનગરનું પ્રેરકબળ | શ્રી નવનીતભાઈ પાઠક | ૧૦૨ |
| ૨૭ | મહેસાણામાં શ્રીદત્ત ઉપાસના અને શ્રી દત્તમંદિર | શ્રી વાસુદેવ કર્વે | ૧૦૬ |
| ૨૮ | ઉત્તર ગુજરાતમાં ઔદુંબર ભગવાન (ખુલ્લાં શ્રીદત્તમંદિરો) | પ્રા. નારાયણભાઈ પટેલ | ૧૦૯ |
| ૨૯ | ગુરુસેવાનું ફળ | શ્રીમતી ઈન્દુબહેન જોષી | ૧૧૧ |
| ૩૦ | પ્રેમ અવધૂતજી : ગાંધીનગર પરિવારનું ચાલકબળ | શ્રી કિરીટભાઈ દવે | ૧૧૪ |
| ૩૧ | પ્રેમ અવધૂતજી : પ્રેમ, સેવા અને સરળતાની મૂર્તિ | શ્રી દિનેશ ભટ્ટ | ૧૧૮ |
| ૩૨ | અમને મળી ગયા પ્રેમ અવધૂતજી | શ્રી સુરેશભાઈ ભાવસાર | ૧૨૨ |

| અનુ. નં. | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૩૩ | પ્રેમ અવધૂતજી : સ્વપ્ન દ્વારા સ્વીકૃતિ | શ્રી શિવકુમાર રાવલ | ૧૨૬ |
| ૩૪ | ગુરોરાજ્ઞા અવિચારણીયમ્ | ડૉ. શ્રીમતી પન્નાબહેન દવે | ૧૨૮ |
| ૩૫ | પ્રેમ અવધૂતજી :<br>પ્રવાસનાં મીઠાં સંભારણાં | ડૉ. શ્રી ઈન્દુભાઈ દવે | ૧૩૦ |
| ૩૬ | પ્રેમ અવધૂતજી : શ્રદ્ધા-ભક્તિના પોષક | શ્રી મફતલાલ ભાવસાર | ૧૩૧ |
| ૩૭ | શ્રી રુકમાઈ મંડળ અને પ્રેમ અવધૂતજી | શ્રી નંદલાલ શ્રોફ | ૧૩૪ |
| ૩૮ | પ્રેમ અવધૂતજી :<br>"લેવું નહીં પણ આપવું" સિદ્ધાંતના સંત | શ્રી નંદલાલ મહેતા | ૧૩૬ |
| ૩૯ | પંચામૃતમ્ : | | |
| | ૧. સ્વપ્ન દર્શન દ્વારા શાંતિ | શ્રી નીતિન ઠાકોર | ૧૩૮ |
| | ૨. વર્તન દ્વારા પરિવર્તન | શ્રી અસીત ભગત | ૧૩૯ |
| | ૩. પ્રેમ અવધૂતજી : રણમાં મીઠી વીરડી | શ્રી કિશોર જાની | ૧૪૧ |
| | ૪. ભાગ્યવિધાતા | શ્રી ખોડિદાસ વાળંદ | ૧૪૧ |
| | ૫. ત્વમેવ સર્વં મમ દેવ દેવ | શ્રી સુભાષ જોષી | ૧૪૨ |
| ૪૦ | પ્રેમ અવધૂતજી સાથેનું પ્રથમ મિલન | શ્રી અમૃત જોષી | ૧૪૪ |
| ૪૧ | ના પર દૈવત માતથી | શ્રી ગીતાબહેન પટેલ | ૧૪૬ |
| ૪૨ | દુર્લભ કછું નાહિ, કૃપા કરત જબ એહિ | ડૉ. શ્રી દીપકભાઈ પટેલ | ૧૪૯ |
| ૪૩ | અંતરમનના જાણકાર | શ્રી મંજુલાબહેન ભટ્ટ | ૧૫૩ |
| ૪૪ | પ્રેમ અવધૂતજી : એક ઝાંખી | શ્રી નવીનભાઈ પુરોહિત | ૧૫૭ |
| ૪૫ | પ્રેમ અવધૂતજી : પિતા સ્વરૂપે | શ્રી વિભૂતિ વ્યાસ | ૧૬૧ |
| ૪૬ | પ્રેમ અવધૂતજી : સેવાનું મૂર્ત સ્વરૂપ | શ્રી વસંતલાલ પટેલ | ૧૬૪ |
| ૪૭ | સિદ્ધપુર : દત્તભક્તિનું મોસાળ | શ્રી જ્યોતીન્દ્ર ત્રિવેદી | ૧૬૬ |

| અનુ. નં. | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૪૮ | પ્રેમ અવધૂતજી : જલાબાપા દ્વારા પ્રાપ્તિ | એક બહેન | ૧૬૮ |
| ૪૯ | પ્રેમ અવધૂતજી : નોધારાના આધાર | શ્રી સુધાબહેન દવે | ૧૭૧ |
| ૫૦ | પ્રેમ અવધૂતજી : અગોચર શક્તિના દાતા | શ્રી અંબાલાલ પટેલ | ૧૭૩ |
| ૫૧ | ગુરુર્ ભક્તસ્ય સર્વસ્વમ્ | શ્રી સર્વદમન દેસાઈ | ૧૭૫ |
| ૫૨ | પ્રેમ અવધૂતજી : મારા આરાધ્ય દેવ | શ્રી જિતેન્દ્ર જાની | ૧૭૮ |
| ૫૩ | તીર્થી કરોતિ તીર્થાણી | શ્રી ઈશ્વરભાઈ પટેલ | ૧૮૦ |
| ૫૪ | રંગ રાખે તેને કોણ ચાખે? | શ્રી કનુભાઈ ત્રિવેદી | ૧૮૩ |
| ૫૫ | સેવા સૌરભ : એક અવલોકન | ડૉ. શ્રીમતી ઉમાબહેન દેશપાંડે | ૧૮૪ |
| ૫૬ | પ્રેમ અવધૂતજી : ગુરુભક્તિનું પ્રતીક | શ્રી ભૂધરભાઈ પટેલ | ૧૮૬ |
| ૫૭ | પ્રેમ અવધૂતજી : મારા ગુરુ માવલી | શ્રી દિનેશ શાહ | ૧૮૮ |
| ૫૮ | લીંચ : સેવાનું અમરફળ | શ્રી ભીખાભાઈ પ્રજાપતિ | ૧૯૧ |
| ૫૯ | પ્રેમ અવધૂતજી : મારા મનમંદિરના દેવ | શ્રી છેલભાઈ રાવલ | ૧૯૪ |
| ૬૦ | સબસે ઊંચી પ્રેમસગાઈ | શ્રી ઈન્દ્રવદન વ્યાસ | ૧૯૭ |
| | **પરિશિષ્ટ** | | |
| | • ચાણસ્મામાં પ્રેમજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો | શ્રીમતી તારાબહેન ભાવસાર | ૨૦૦ |
| | • સેવા સૌરભ : ઋષિવાણી | શ્રી નારાયણ એચ. ભટ્ટ | ૨૦૪ |
| | • સેવા સૌરભ : ગાગરમાં સાગર | શ્રી જયંતીલાલ પી. પંડ્યા | ૨૦૬ |
| | • ગુરુકૃપા હિ કેવલમ્ | શ્રી સુરેશ રાવલ | ૨૦૭ |
| | • પ્રેમકૃપા હિ કેવલમ્ | શ્રી કનુભાઈ કે. રાવલ | ૨૦૯ |

# પદ્ય

## : સંસ્કૃત :


| અનુ. નં. | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૧ | સૂક્તાંજલિ | ડૉ. પ્રા. શ્રી અરુણોદય ન. જાની | ૧ |
| ૨ | સુક્તિ કુસુમાંજલિ | શ્રી રમણભાઈ શુક્લ | ૩ |
| ૩ | સુક્તિ સુમનસામંજલિ | શ્રી રમણભાઈ શુક્લ | ૫ |
| ૪ | સુક્તિ સુમનાંસિ | શ્રી રમણભાઈ શુક્લ | ૬ |
| ૫ | ભાવશ્રદ્ધાંજલિ | શ્રી રમણભાઈ શુક્લ | ૧૦ |
| ૬ | સુક્તિ કુસુમાંજલિ | શ્રી રમણભાઈ શુક્લ | ૧૧ |
| ૭ | સુક્તિ સુમનાંસિ | શ્રી રમણભાઈ શુક્લ | ૧૨ |
| ૮ | પ્રેમાવધૂતં સતતં નતાસ્મિ | ડૉ. શ્રીમતી ઉમાબહેન દેશપાંડે | ૧૩ |
| ૯ | શ્રી પ્રેમષટ્કમ્ | ડૉ. શ્રીમતી ઉમાબહેન દેશપાંડે | ૧૩ |


## : ગુજરાતી :


| | | | |
|---|---|---|---|
| ૧૦ | પ્રેમચાલીસા | શ્રી કુલીન ઉપાધ્યાય | ૧૪ |
| ૧૧ | રંગના લાડીલા | શ્રી જયંતીલાલ આચાર્ય | ૧૬ |
| ૧૨ | વસમી વિદાય | શ્રી જયંતીલાલ આચાર્ય | ૧૭ |
| ૧૩ | લીંચધામ | શ્રી જયંતીલાલ આચાર્ય | ૧૮ |
| ૧૪ | ભાવાંજલિ | શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય | ૧૯ |
| ૧૫ | પ્રેમાંજલિ | શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય | ૨૧ |
| ૧૬ | લીંચ હે બનલે નારેશ્વર (મરાઠી) | શ્રી દ્વારકાનાથ ગંજખાને | ૨૨ |
| ૧૭ | ત્યાગમૂર્તિને વંદન | શ્રી દામજીભાઈ કોન્ટ્રાક્ટર | ૨૩ |
| ૧૮ | પ્રેમચરણમાં | શ્રી પ્રેમ સુહૃદ | ૨૪ |

| અનુ. નં. | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૧૯ | પ્રેમ અવધૂતજીને | શ્રી હરેન્દ્ર શુક્લ | ૨૫ |
| ૨૦ | લીંચનો સાદ | શ્રી ઊર્મિલાબહેન નાણાવટી | ૨૬ |
| ૨૧ | નિર્વ્યાજ પ્રેમ | શ્રી ઠાકોરલાલ આર. ભટ્ટ | ૨૭ |
| ૨૨ | વામનમાંથી વિરાટ | પ્રા. શ્રી કુલીન ઉપાધ્યાય | ૨૮ |
| ૨૩ | અંબાજીના ધામમાં | પ્રા. શ્રી કુલીન ઉપાધ્યાય | ૨૯ |
| ૨૪ | ઘેલું લાગ્યું મને પ્રેમ અવધૂતજીનું | શ્રી ઠાકોરલાલ ભટ્ટ | ૩૦ |
| ૨૫ | દિલ દેવળમાં આવો | શ્રી ઠાકોરલાલ ભટ્ટ | ૩૧ |
| ૨૬ | પ્રેમામૃત વાણી | શ્રી અમૃતલાલ જાની | ૩૨ |
| ૨૭ | પ્રેમ ગુરુજી હું તારો | શ્રી અમૃતલાલ જાની | ૩૨ |
| ૨૮ | રંગ! મારા રુદિયાકેરો હાર | શ્રી સુલોચનાબહેન | ૩૩ |
| ૨૯ | **કવિસંમેલન પ્રસંગે (ચાણસ્મા) :** | | |
| | • સેવા સદ્‌ગુરુની | ડૉ. શ્રી ધીરુભાઈ જોષી | ૩૪ |
| | • કોઈનું કાંઈ નથી | ડૉ. શ્રી ધીરુભાઈ જોષી | ૩૫ |
| | • રટો રંગ રંગ | ડૉ. શ્રી ધીરુભાઈ જોષી | ૩૬ |
| | • ગુરુના નામથી ખ્યાતિ | શ્રી ઘનશ્યામભાઈ જોષી | ૩૭ |
| | • સેવા સદ્‌ગુરુની | પૂ. અવધૂત બાળ | ૩૮ |
| | • સેવા સદ્‌ગુરુની | ડૉ. શાસ્ત્રી જયેન્દ્રભાઈ દવે | ૩૯ |
| | • કોઈનું કાંઈ નથી | શ્રી જગદીશ સોની | ૪૦ |
| | • બધું છે રંગ અવધૂતજીનું | શ્રી નરેન્દ્ર ઝવેરી | ૪૧ |
| | • પાદપૂર્તિ | શ્રી નરેન્દ્ર ઝવેરી | ૪૨ |
| | • કોઈનું કાંઈ નથી | શ્રી કંચનબહેન છત્રીવાલા | ૪૩ |
| | • કોઈનું કાંઈ નથી | શ્રી ઉમંગભાઈ પાઠક | ૪૪ |
| | • સેવા સદ્‌ગુરુની | પ્રા. શ્રી કુલીન ઉપાધ્યાય | ૪૫ |
| | • કોઈનું કાંઈ નથી ભાઈ | શ્રી સુમનલાલ પુરોહિત | ૪૬ |

એક દિગંબર દેખા, અવધૂ! એક દિગંબર દેખા



પ.પૂ.શ્રી રંગ અવધૂત (નારેશ્વર)

આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું



પૂ.શ્રી પ્રેમ અવધૂત (લીંચ)

# મીઠાં સંભારણાં

ગુરુમહારાજ જ્યારે લીંચ પધારતા ત્યારે શ્રી નટવરલાલ, કાંતિલાલ, જગન્નાથભાઈ, ભોગીભાઈ, ગંગામા પરિવાર, સર્વ ભૂદેવો, શિક્ષક ભાઈઓ તથા સર્વ કોમોના સર્વ ભાઈઓનો ભાવભર્યો સહકાર રહેતો હતો.

મૂળજીભાઈ, પ્રતાપભાઈ, હરગોવિંદભાઈ, જયંતીભાઈ, ચીનુભાઈ, ખોડાભાઈ, રણછોડભાઈ, ગંગારામભાઈ, ડાહ્યાભાઈ, મફતલાલ, ભીખાભાઈ, મફાભાઈ રબારી, નરોત્તમભાઈ, ભોગીલાલ, પીતાંબરભાઈ, ડાહ્યાભાઈ, ધૂળાભાઈ, બચુભાઈ બી., બળદેવભાઈ, પ્રહ્લાદભાઈ, અંબાલાલભાઈ, કરસનભાઈ, વિરચંદભાઈ, સોમભાઈ, સોમાભાઈ, ચેલાભાઈ, દેવચંદભાઈ, બચાજી, છગુજી, બાપુજી, હીરાજી, રમણભાઈ, ગણપતિભાઈ, ઘાંચી યાકુબભાઈ, તથા બ્રહ્મભટ્ટ, સુથાર, ભૂદેવ, પ્રજાપતિ, દરજી, નાયી, કડિયા, પટેલ વગેરે સર્વ કોમની બહેનો ને ગરબાની બહેનો-ભાઈઓ વગેરે સર્વનો ભાવ અનન્ય અને ખડે પગે ગુરુમહારાજનાં ચરણે સેવા અર્પણ કરેલી તે ભુલાય જ કેમ?

કુટીરની આજુબાજુના ખેડૂતભાઈઓ બાપજીને ઊંઘ કે આરામમાં રાત્રે ખલેલ ન થાય તે માટે રાત્રે ઍન્જિનો ચલાવતા ન હતા એ યાદ રહે તેવું છે. ટૂંકમાં, સર્વનો ભાવ, સેવા ને શિસ્ત હતી તો બાપજીને લીંચમાં આરામ મળતો અને તેથી પૂ.શ્રી પ્રસન્ન થયા.

ભેંસાણા, અંબાસણ, દીવાનપુરા વગેરે ગામના ભાઈઓનો પણ સેવાનો સહકાર હતો જ. કોનાં નામ લખવાં ને કોનાં ન લખવાં તે જ પ્રશ્ન છે. ટૂંકમાં સર્વની સેવા હતી.

- શ્રી ભરતભાઈ પ્રે. રાવલ
લીંચ.

# (૧)

# આપ સમાન કરે શિષ્યન કો!
# (તીર્થભૂમિ લીંચ)

- શ્રી જગન્નાથ પ્રા. ત્રિવેદી
સરખેજ.

ભગવાન શ્રીકૃષ્ણચંદ્રએ અવતાર સમાપ્તિ કરી તે સમયથી જગત ઉપર કલિયુગનું સામ્રાજ્ય સ્થપાયું. ભગવાને "સંભવામિ યુગે યુગે"નો કૉલ આપ્યો. સત્ય, ત્રેતા અને દ્વાપરમાં શ્રી પરબ્રહ્મે અવતારો ધારણ કર્યા. આ કલિકાળમાં ભગવાન શ્રી કલકી અવતાર ધારણ કરશે એમ કહેવાય છે. છતાં આ કાળમાં શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંતના સ્વરૂપમાં અવતાર ધારણ કરી, સ્વયં ધર્માચરણ આચરી, જનતાને માયાના મોહમાંથી મુક્તિ અપાવી ધર્માચરણે વાળતા હોય છે.

સંસારમાં સ્થાવર તીર્થો અનેક છે. ત્યાંના પવિત્ર વાતાવરણમાં જઈને જનતા થોડા સમય માટે શાંતિ મેળવે છે પણ છેવટે પાછા સંસારના મોહમાં ફસાય છે. સંતો તો જંગમ તીર્થો છે. સાચા સંતની પાસે જવાથી જ અને કેવળ તેનાં દર્શન માત્રથી જ માનવીને શાંતિ મળતી હોય છે, કારણ કે સાચા શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સંતની આજુબાજુનું વાતાવરણ સંતના પ્રભાવે કરીને માયામુક્ત ને આનંદભર્યું હોય છે. એવો સંત અન્યેચ્છાએ જ્યાં જ્યાં નિર્લેપ ભાવે વિચરતો હોય છે તે ભૂમિ પણ પવિત્ર થઈ તીર્થરૂપ બની જાય છે.

મહારાષ્ટ્રની ભૂમિ તો સંતોની ભૂમિ જ કહેવાય છે. એ ભૂમિ ઉપર શ્રી જ્ઞાનદેવ, નામદેવ, તુકારામ, એકનાથ, ચોખામેળા વગેરે અનેક સંતો પ્રકટ થયા. ગુજરાતની ભૂમિ ઉપર કવિ અને ભક્ત શ્રી નરસિંહ અને અખા ભગત થઈ ગયા. આપણે ભાગ્યશાળી છીએ કે આ દુસ્તર સંસારમાં જ્યારે બધે અધર્મ અને અનાચારનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે ત્યારે એ નિરંજન, નિરાકાર અને અનંતકોટી બ્રહ્માંડોના અધિષ્ઠાન એવા બ્રહ્મે ગુજરાતની ભૂમિ ઉપર શ્રી રંગ અવધૂતના સ્વરૂપે અવતાર ધારણ કર્યો અને ધર્મના સ્વયં આચાર દ્વારા જનતાને ધર્મ તરફ વાળ્યા. ધર્માચારમાં જે વેવલાવેડા અને બાહ્યાડંબર હતો તેને નિર્મૂળ કર્યા.

શ્રી દત્તાવતાર શ્રીમદ્ વાસુદેવાનંદ સરસ્વતી મહારાજશ્રીનો જ્યારે સમાધિનો સમય આવ્યો ત્યારે શ્રી દત્ત ભગવાને સ્વયં આદેશ આપ્યો કે "હવે મારે અહીં (ગુજરાત) લીલા કરવાની છે. માટે આ જગ્યા-ગરુડેશ્વર-માં મંદિર બાંધવાનું કરો." ભગવદાજ્ઞાએ મંદિર બંધાવ્યું.

શ્રી સ્વામી મહારાજ સ્થૂળ સ્વરૂપે નિજાનંદમાં લય પામીને સૂક્ષ્મ સ્વરૂપે ભાવિક ભક્તોનાં અંતરમાં વ્યાપી રહ્યા છે.

ભગવાનની લીલા અકળ છે. મહારાષ્ટ્રના ખૂણામાં આવેલો રત્નાગિરિ જિલ્લો અને તેમાં પણ એક નાના ગામડા દેવળેમાંથી શ્રી વળામે કુટુંબના શ્રી વિઠ્ઠલ ભટજીને ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં વસાવ્યા. શ્રી વિઠ્ઠલ ભટજી અત્યંત ભાવનાયુક્ત અને પવિત્ર ભક્ત હતા. શ્રી દત્ત ભગવાને ગુજરાતમાં લીલા કરવા, અવતાર લેવા શ્રી વિઠ્ઠલ રુક્મિણીને પસંદ કર્યા અને તેમણે અવતાર ધારણ કર્યો, તે જ આપણા સૌના સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત. ભગવદેચ્છાએ શ્રીરંગ અવધૂતે મા નર્મદાના ઉત્તર તટે શ્રીનારેશ્વરના અઘોર જંગલમાં વાસ્તવ્ય કર્યું જે આજે ભૂવૈકુંઠ સમું પૃથ્વી ઉપરનું મહાતીર્થ છે. શ્રીઅવધૂતે સ્વયં આચારથી અને ભગવદેચ્છાએ તેઓશ્રી દ્વારા રચાયેલા વાઙમયથી ભાવિક જનતામાં ધર્માચારના સુષુપ્ત સંસ્કારો જાગૃત કર્યા, એટલું જ નહિ પણ અનેકના જીવનની નૌકાના સુકાની બની તેમની જીવનનૌકાને સંસાર સમુદ્રની પાર કરી શાશ્વત શાંતિ અને આનંદ આપ્યાં. આ સ્થાનમાં રહ્યા છતાં ભાવિકોની ભાવનાથી સમગ્ર ગુજરાતમાં અનેક સ્થળોએ વિચર્યા. મુંબઈથી પાલનપુર સુધીમાં જ્યાં જ્યાં વિચર્યા તે તીર્થભૂમિ થઈ છે.

પૌરાણિક નામ શ્રીક્ષેત્ર તે આજનું સરખેજ. અહીંના વતની સ્વ.શ્રી કમળાશંકર રામશંકર ત્રિવેદી શ્રી અવધૂતના ભક્ત સેવક હતા. તેઓ ઉત્તર ગુજરાતના કલોલ પાસેના નાનકડા સઈજ નામના ગામડામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. તેમની ભાવભરી ભાવનાને માન આપી શ્રી અવધૂતે સઈજના મહાદેવમાં વાસ્તવ્ય કર્યું. આ જગ્યામાં પૂ.શ્રી રહ્યા તે સમયમાં કમળાશંકરની પત્ની અ.સૌ કલાવતી બીમાર રહેતી. તે વાત શ્રી કમળાશંકરે પૂ.શ્રીને નિવેદન કરી અને કાંઈ ઉપચાર બતાવવા વિનંતી કરી. અ.સૌ. કલાવતીની બીમારીના ઉપચાર માટે "શ્રી દત્તબાવની" લખી આપી અને અ.સૌ. કલાવતી નિરક્ષર હોવાથી આ "શ્રી દત્તબાવની"નો પાઠ તેને સંભળાવવા કહ્યું. આથી તેની અસાધ્ય બીમારી તો ચાલી ગઈ પણ આ સ્થાનમાં શ્રી અવધૂતના વાસ્તવ્યથી ઉત્તર ગુજરાતમાં શ્રી દત્તોપાસનાનાં બીજ નંખાયાં. આ બીજથી સઈજ ગામામાં તો નાનો છોડ ઊગ્યો પણ તેનાં મૂળ ઉત્તર ગુજરાતમાં દૂર દૂર ડીસા સુધી ફેલાયાં અને ત્યાં દત્તોપાસનાનું વૃક્ષ અનેક ઠેકાણે ફાલ્યું.

ઉત્તર ગુજરાતના છેવટના ગામ ડીસામાં શ્રી અવધૂતના વાસ્તવ્યને કારણે ત્યાં મહાદેવના મંદિરમાં શ્રીદત્ત ભગવાનની મૂર્તિની સ્થાપના થઈ. વીસનગરમાં સ્વ. ડૉ. શ્રી રતિલાલ કંસારાને ત્યાં પૂ.શ્રીનો મુકામ થયો. તેમણે શ્રી દત્ત ભગવાનની ચાંદીની પાદુકા બનાવરાવી પૂ.શ્રીના

વરદ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા થઈ ત્યારથી વીસનગર શ્રી દત્તોપાસનાનું કેંદ્ર બન્યું છે. આજે ડૉ. નાથાભાઈ કંસારા આ કેંદ્ર ચલાવે છે.

શ્રી દત્તોપાસનાનાં બીજ સઈજના નાના ગામડામાં નંખાયાં. તેનાં મૂળ ફૂટીને વૃક્ષોરૂપે આજે મહેસાણા, ગાંધીનગર, વીસનગર, વિજાપુર, પિલવાઇ, લીંચ, સિદ્ધપુર, કલોલ, પાટણ, બાબીપુરા વગેરે અનેક તીર્થોમાં ફૂલ્યાફાલ્યાં છે. બાબીપુરામાં સંતરાજ શ્રી મગનભાઈ દ્વારા કેંદ્ર ચાલતું હતું તેને શ્રી અવધૂતે તે જગ્યાએ પધારી બળવત્તર કર્યું. આજે સારી સ્થિતિમાં છે.

સિદ્ધપુરમાં શ્રી કેશવલાલ વૈદ્ય અને શ્રી કેશવલાલ સ્ટેમ્પ વેન્ડર હતા. તેઓની ભાવભરી વિનંતીને માન આપીને પૂ.શ્રીએ ત્યાં શ્રી દત્ત જયંતીનો ઉત્સવ શ્રી ગંગાવાડીમાં ઊજવેલો. શ્રી સિદ્ધપુરમાં શ્રી સ્વામી મહારાજશ્રીએ વાસ્તવ્ય કરેલું, તેનાં બીજ પડેલાં. તે બીજમાંથી શ્રી અવધૂતના વાસ્તવ્યથી આજે વૃક્ષ થયું છે અને શ્રી મફતલાલ અમરાજી ઠક્કર વગેરે ભક્તો આ કેંદ્ર ચલાવે છે.

ગાંધીનગરમાં પૂ.શ્રીના ભક્ત અને ભજનકાર શ્રી વિઠ્ઠલભાઈ પાઠકના પુત્ર શ્રી નવનીતભાઈની ભાવપૂર્ણ ભક્તિ દ્વારા ત્યાં આજે એક મંદિરનું નિર્માણ થયું છે. આ મંદિરનું મહત્ત્વ એવું છે કે ક્યાંય પણ નથી તેવી ત્રિમૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. મધ્યમાં શ્રી દત્તાત્રેય ભગવાન અને આજુબાજુએ સ્વામી મહારાજશ્રી અને શ્રી અવધૂતની મૂર્તિઓ સ્થાપેલી છે. આમાં અધૂરું હોય તેમ હમણાં પૂ. માજીની મૂર્તિ પણ ત્યાં પધરાવી છે. આ સ્થાનમાં પણ વખતો વખત ઉત્સવો ઊજવાય છે. પૂજન અર્ચનની પ્રણાલિકા મનનીય અને અભિનંદનીય છે. તેઓએ પૂજન અર્ચનનું પુસ્તક "પાથેય" છપાવી પ્રસિદ્ધ કર્યું છે.

આજે ઉત્તર ગુજરાતમાં શ્રી દત્તોપાસનાનું પ્રમુખ કેંદ્ર મહેસાણા તાલુકાનું નાનું શું ગામ લીંચ છે. આજે જે લીંચ છે તે લીંચમાં પૂ.શ્રીનાં પુનિત પગલાં પધરાવવાનું શ્રેય સ્વ. શ્રી ભોગીલાલ મામાને ફાળે જાય છે. શ્રીઅવધૂતના પ્રથમ મુકામ વખતે શ્રી ભોગીભાઈ અને શ્રી બચુભાઈએ સાથે જઈ આમંત્રણ આપેલું અને બંનેએ સાથે મળીને તે વખતનો મુકામ શ્રી ભોગીલાલ મામાના ખેતરમાં ત્રણ દિવસ માટે કરાવ્યો. ત્યારે શ્રી અવધૂતે ગામની ભાવિક પ્રજાના ભાવને જાણીને ત્યાં ઉપાસનાનાં બીજ વાવ્યાં. ત્યાર પછી મુકામ શ્રી બચુભાઈના ખેતરમાં થયો તે વખતે શ્રી ભોગીલાલ મામા સક્રિય રીતે સાથે રહેતા. ત્યાં શ્રી બચુભાઈએ એક નાની શી કુટીર બાંધી તેમાં શ્રી અવધૂતનો જ્યારે પણ મુકામ થાય ત્યારે તકલીફ ન પડે તે માટે સ્નાનાગાર અને શૌચાલય પણ બનાવ્યાં. આ કુટીરમાં ગુફા પણ બનાવી હતી.

**મોહ ઘૂંઘટ ખરે, શોક શંકા ટળે,**
**શાંતિ સુખ પ્રજવળે આપમેળે.**

લીંચમાં ગામથી આશરે અડધો પોણો કિલોમિટર દૂર શ્રી અવધૂત કુટીર છે. કુટીર જે ખેતરમાં છે તે ખેતરમાં કુટીર ઝાંપાથી આશરે બસો ફૂટ દૂર છે. ઝાંપામાં પેસતાં રસ્તાની બંને બાજુએ નીલગીરી, આસોપાલવ અને જાત જાતનાં પુષ્પોના છોડ વાવેલા છે. ગુફાની સામે જ એક પાણીનો નળ છે. ત્યાં હાથપગ ધોઈને આગળ જવાનું. પૂ.શ્રી આગળ માનવ પોતાનું અહં છોડી શકતો નથી, જ્યારે વૃક્ષો પોતાનો મૂળ સ્વભાવ ઊર્ધ્વગામી હોવા છતાં તેઓ પોતાનું જાતગમ્ય અહં છોડી ભૂમિગામી બને છે. ગુફાની બે બાજુ- ડાબા જમણી- બે આમ્રવૃક્ષો છે. જ્યાં એ વૃક્ષો નીચે શ્રી અવધૂત બિરાજતા અને ભક્તોને દર્શન આપતા તે બંને વૃક્ષો પણ ઝૂકી ગયાં છે. તેની ડાળીઓ ભૂમિને સ્પર્શી પોતાનો શ્રી અવધૂત પ્રત્યેનો ભક્તિભાવ સમર્પણ કરી નમન કરી રહ્યાં છે. ગુફાની સામે અને આજુબાજુ પુષ્પોના છોડ વાવેલા છે. તેઓ પણ પોતાની સુગંધી વાતાવરણમાં પ્રસરાવી વાતાવરણને આહ્લાદક બનાવી આવનારાના મનને પ્રફુલ્લિત કરવાની સેવા સમર્પણ કરી રહ્યા છે.

આ સ્થાનના ઝાંપામાં પેસતાં જ આપણને શ્રી અવધૂતના સૂક્ષ્મ વાસ્તવ્યની પ્રતીતિ થાય છે જ, પણ આ શ્રી અવધૂત કુટીર પાસે આવતાં જ આપણા અંતરમાં કે મનમાં રહેલાં સંશયો, શંકાઓ, દ્વિધાઓ નિર્મૂળ થઈ જાય છે અને કુટીરમાં પેસતાની સાથે જ જાણે આપણે શ્રી અવધૂતના સાંનિધ્યનો અનુભવ કરીએ છીએ. કુટીરમાં શ્રી અવધૂતનું આસન, સૂવાની પાટ, ઉપરની પથારી આજે પણ એ જ સ્થિતિમાં સાચવવામાં આવી છે. પાટની આગળ એક નાના બાજઠ ઉપર કાચની પેટીમાં શ્રી અવધૂતની પરમ પુનિત પાદુકાજી બિરાજે છે. શ્રી પાદુકા ઉપર ગુલાબનાં બે જ પુષ્પો ચઢાવેલાં હોય છે અને પેટી ઉપર પુષ્પો એવી રીતે ગોઠવેલાં હોય કે કોઈ કોઈ સમયે તે બીજાક્ષરો દ્રાં, શ્રી, ૐ અથવા સ્વસ્તિક રૂપે ગોઠવેલાં હોય. ક્યાંય પણ કાંઈ અવ્યવસ્થિત નહીં. પૂ.શ્રીને પીવા માટે તાંબાના સ્વચ્છ ચકચકિત લોટામાં શુદ્ધ જળ પણ હોય જ.

કુટીરની એક બીજી રૂમમાં દીવાલે દીવાલે કબાટ છે. એમાં અવધૂતે પ્રસાદરૂપે આપેલ વસ્તુઓને સ્મરણચિહ્ન તરીકે સુવ્યવસ્થિત રીતે ગોઠવેલાં છે. આ કબાટમાં એક અજાયબ ચિહ્ન ખાસ દર્શનીય છે. શ્રી બચુભાઈએ કોઈ એક શુભ પ્રસંગે શ્રી અવધૂતનાં હસ્ત અને ચરણોના નખ ઉતારેલા તે નખોને એક ડબ્બીમાં મખમલના આસન ઉપર ૐકારના આકારમાં ગોઠવેલા છે. આ વ્યવસ્થા જોનારને આમાંથી ઘણું શીખવાનું અને જીવનમાં ઉતારવાનું મળે છે. બાપજીએ ચોટલીના વાળ પણ બચુભાઈ પાસે કપાવેલા. તે પણ ૐના આકારમાં મૂક્યા છે.

સામાન્ય રીતે અગ્નિ પ્રગટાવ્યા પછી કાષ્ઠને સંકોરવું અથવા ફૂંક મારવી આવશ્યક છે. તે જ પ્રમાણે શ્રી અવધૂતના અત્રેના સને ૧૯૫૭થી અનેક વખતના વાસ્તવ્યથી જે દૈવી ચૈતન્ય આ સ્થાનમાં આવ્યું તે ચેતના આપ્યા સિવાય તો એ ચૈતન્ય પરચૈતન્યમાં ભળી જાય, પણ

---

**લાકડામાં અગ્નિ હોવા છતાં એ આપણા ઉપયોગમાં નથી આવતો, પણ પ્રગટાવેલો અગ્નિ જ કામ આવે છે.**

---

શ્રી બચુભાઈનાં પૂ. માતુશ્રીએ આ સ્થાનમાં શ્રીગુરુલીલામૃતનાં ૧૦૮ પારાયણોની તપશ્ચર્યા કરી અને બીજી અનેકવિધ સાધનાઓ દ્વારા આ ચૈતન્યને જાળવી રાખ્યું છે. પૂ.પિતાશ્રી દત્તબાવનીના રોજ બાવન પાઠ કરતા અને ગુરુવારે ૧૦૪ પાઠ કરતા. તેઓશ્રીએ અંતિમ શ્વાસ પણ આ સ્થાનમાં લીધો અને ખેતરના ખૂણામાં એઓશ્રીનો મહાશિવરાત્રી સંવત ૨૦૨૬માં અગ્નિસંસ્કાર કર્યો. જ ેથી એઓશ્રી પણ અહીં સૂક્ષ્મ સ્વરૂપે શ્રી અવધૂતની સેવાચર્યા કરી રહ્યા છે. જ્યાં અગ્નિસંસ્કાર કર્યો ત્યાં આજે એક અશ્વત્થ સ્મૃતિરૂપે વાવ્યું છે અને માતૃસ્મૃતિમાં તુલસીજી વાવ્યા છે. અંતિમસંસ્કારની ભૂમિને પવિત્રતા અર્પી રહ્યા છે. આ રીતે લીંચ શ્રી અવધૂત કૃપાએ એક તીર્થસ્થાન આજે બની રહ્યું છે.

લીંચ અને શ્રી અવધૂત કુટીર એ આજુબાજુનાં ગામોનું શ્રી દત્તોપાસનાનું મધ્યવર્તી કેંદ્ર છે. સ્થાનમાં પ્રતિવર્ષ શ્રી દત્તજયંતી, શ્રી રંગજયંતી, ગુરુપૂર્ણિમા, પૂ.બાપજીની પુણ્યતિથિ અને શ્રી બચુભાઈના પિતાશ્રીની પુણ્યતિથિ મહાશિવરાત્રી એમ પાંચ પ્રમુખ ઉત્સવો ઊજવાય છે. તે ઉપરાંત આજુબાજુનાં ગામોમાં કોઈ પાદુકાપૂજન માટે અવારનવાર આવતા હોઈ આ સ્થાન કાયમ જાગ્રત રહે છે.

આપણી ગુજરાતી કહેવત છે કે “વડ એવા ટેટા અને બાપ એવા બેટા.” આ કહેવત શ્રી બચુભાઈના કુટુંબમાં શબ્દશઃ સાચી પડે છે. શ્રી બચુભાઈના પૂ.પિતાશ્રીએ આ કુટીરના સ્થાનને સેવા, પારાયણ તથા જપાદિની તપશ્ચર્યાથી જાગ્રત રાખ્યું. બચુભાઈનાં પરમ પુનિત માતુશ્રીએ આશરે અઢી વર્ષ નારેશ્વરમાં પૂ.માજીની સેવામાં રહી પૂ.શ્રી અને પૂ.માજીના અંતરમાં લીંચની યાદ સતત જારી રાખી. આજે એ પુનિત માતાપિતાની સૂક્ષ્મ ઉપસ્થિમાં શ્રી બચુભાઈનાં અ.સૌ.પત્ની અને સુપુત્રો, સુપુત્રીઓ, ગૃહલક્ષ્મીઓ અને પૌત્રપરિવાર સર્વ આજે પણ એ જ પ્રકારની એક શ્રદ્ધા નિષ્ઠાપૂર્વક એ સ્થાનના દેવત્વને સાચવી રહ્યા છે. આ પ્રમાણે લીંચમાં બચુભાઈના કુટુંબમાં શ્રી અવધૂત પ્રત્યે એકનિષ્ઠાપૂર્વકની ભક્તિનો વટવૃક્ષ વિસ્તરી રહ્યો છે અને તેથી ગામમાં અને આજુબાજુનાં ગામોમાં પણ શ્રીઅવૂધતભક્તિ રેલાઈ રહી છે.

સ્વાત્મ સમર્પણ અને અહં શૂન્ય વૃત્તિપૂર્વક શ્રદ્ધા નિષ્ઠાપૂર્વકની ગુરુસેવાથી ગુરુ સ્વયં પોતાના પ્રાણ પૂરે છે. પૂ.શ્રીએ તો ગાયુ છે કે,

“કરે લોહ કા પારસ સોના, નહીં પારસ કર જાના,
આપ સમાન કરે શિષ્યન કો દેવે પદ નિરબાના.”

આવી નિષ્ઠાપૂર્વક અહં રહિત સેવા કરનાર શિષ્યને શ્રી અવધૂત પોતાના પદે સ્થાપે એમાં નવાઈ શું?

---

**પરમાત્મા તો આપણા હૃદયમાં છે જ, પણ આપણને ખબર નથી કે કેવી અગમ કેડીઓથી એને મેળવવો.**

---

**વાસના વસ્ત્ર મેલાં ત્યજી નાથને,**
**રંગના પ્રેમથી નિત્ય ગાએ.**

શ્રી બચુભાઈની સેવાને સરખાવવી હોય તો શ્રી એકનાથ મહારાજે પોતાના સદ્‌ગુરુ શ્રી જનાર્દન સ્વામીની કરેલી સેવા સાથે સરખાવી શકાય.

શ્રી એકનાથ, શ્રી જનાર્દન સ્વામીના શિષ્ય. શ્રી જનાર્દન સ્વામી એ રાજ્યના પ્રધાન હતા. દોલતાબાદના કિલ્લા ઉપર શ્રી દત્ત ભગવાન અને જનાર્દન સ્વામી સોગટાબાજી રમતા. શ્રી જનાર્દન સ્વામીનો એવો નિયમ કે રોજ સવારે પૂજામાં બેસે ત્યારે તે બાર વાગ્યે પરવારે. એમનો એવો કડક હુકમ કે એ સમયે કોઈ પણ એમને કાંઈ અડચણ કરી શકે નહીં. શ્રી જનાર્દન સ્વામી કિલ્લા ઉપર ઘોડા ઉપર સવાર થઈને જાય અને એકનાથ મહારાજ પાછળ દોડતા જાય. એક સમયે ભગવાને શ્રી સ્વામીને કહ્યું પણ ખરું કે આને હવે ક્યાં સુધી દોડાવવાનો છે? પણ સ્વામીએ કોઈ જવાબ આપ્યો નહીં, એટલે શિષ્ય હજુ કાચો છે એવો અર્થ થયો.

એક પ્રસંગે એવું થયું કે એ રાજ્ય ઉપર બાજુના રાજ્યનું લશ્કર ચઢી આવ્યું. શ્રી જનાર્દન સ્વામીને આ બનાવ કહેવા અને લડાઈમાં લઈ જવા માણસો આવ્યા. તેમણે એકનાથ મહારાજને વાત કરી. પણ સ્વામી તો પૂજામાં હતા એટલે શું થાય? આ પ્રસંગે એકનાથ મહારાજ શ્રી સ્વામીનું બખતર પહેરી લડાઈમાં ગયા અને સામાનું લશ્કર હરાવી પાછા આવી, બખતર ભેરવી ચૂપચાપ બેસી ગયા. શ્રી સ્વામી મહારાજ પૂજામાંથી પરવારી દરબારમાં ગયા ત્યારે સામાના લશ્કરને હરાવી પાછું હાંકી કાઢ્યું તે બદલ રાજાએ આભાર વ્યક્ત કર્યો. ત્યારે સ્વામીને નવાઈ લાગી, પણ એ તો અંતર્યામી હતા એટલે એ એકનાથનું કાર્ય છે એમ સમજી ગયા. ન તો એકનાથે કાંઈ કહ્યું કે ન તો સ્વામીએ એકનાથને કાંઈ કહ્યું. આ છે સેવામાં નિરહંકાર, નિરભિમાનીપણાનો દાખલો.

શ્રી બચુભાઈની શ્રી અવધૂત પ્રત્યેની સેવા અહંશૂન્ય છે. એટલે જ તેઓ આજે શ્રી પ્રેમ અવધૂત તરીકે પૂજાય છે. આજે મુંબઈથી સિદ્ધપુર સુધી અને અમેરિકા સુધી પણ તેઓની સેવા સુવાસ જાણીતી છે. તેઓ અમેરિકા ગયા ત્યારે નાયગ્રા ધોધ જોયો અને ધોધમાં દેવત્વ નિહાળી નાયગ્રા અષ્ટકરૂપે પ્રાર્થના કરી છે.

ઉત્તર ગુજરાતમાં દત્તોપાસનાનો પ્રચાર લીંચ દ્વારા થાય છે. શ્રી અવધૂતને આ તીર્થભૂમિ લીંચ ખૂબ જ ગમી હતી. એકવાર મને કહેલું પણ ખરું કે જો શરીર છોડવાનો યોગ લીંચમાં આવે તો મને ગમે!

'રેવા તટે તપઃ કુર્યાત્ મરણં જાહ્નવી તટે' એ શાસ્ત્રવચન શ્રી અવધૂતજીના જીવનમાં લાગુ પડ્યું અને પૂ.શ્રી ગંગા તટે ગયા ત્યારે પોતાના મૂળ સ્વરૂપમાં ભળી ગયા!!

**આપણા ગુરુમહારાજ એ અગ્નિનું પ્રગટ સ્વરૂપ છે અને તે દ્વારા જ આપણા હૃદયમાં રહેલા પરમાત્માની પિછાન થાય છે.**

હૃદય મંચક કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી પગ ધોઉં.

# (૨)

# પૂ.બાપજીને લીંચ કેમ ગમ્યું?

- ડૉ. શ્રી રતિલાલ પંડ્યા
નારેશ્વર.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં જગુદણથી ત્રણ કિલોમિટર દૂર અંદરના ભાગમાં આવેલું નાનું લીંચ ગામ રંગ પરિવારનું તીર્થધામ કેવી રીતે બન્યું? રંગગુરુનું ગોકુળિયું ધામ કેવી રીતે બન્યું? બીજી રીતે કહીએ તો પૂ.બાપજીને લીંચ કેમ ગમ્યું? એ જાણવા જેવું છે.

પૂજ્ય બાપજીને લીંચ કેટલું વહાલું હતું એ જાણવા જેવું છે. એમણે લીંચમાં દેહ છોડવાની ઈચ્છા વ્યક્ત કરેલી, આનાથી વધારે બીજું શું જોઈએ? માંડીને વાત કરું તો તે તમને ગમશે.

પૂ.માજીના દેહવિલય પછી પૂ.શ્રી નૈમિષારણ્ય ગયા હતા. નૈમિષારણ્યથી બ્રહ્માવર્ત માટે ભાદરવા સુદ એકમે (યોગાનુયોગ પૂ. પ્રેમ અવધૂતજીના જન્મદિવસે) મુકામ ઉપાડયો. બ્રહ્માવર્તથી ગાડીમાં ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં બેસી પૂ.શ્રી લીંચ આવતા હતા. સેવામાં હું હતો. રાત્રિનો એક વાગ્યો હશે. હું અને બાપજી બે જ હતા. બંને જાગતા હતા. જે વિચાર મનમાં ઘણા સમયથી ઘૂમરાતો હતો તે પૂછવાનો નિશ્ચય કર્યો. મેં ધીમેથી કહ્યું કે બાપજી! આપને માટે મને એક વિચાર આવ્યા કરે છે તો તે પૂછું? પૂ.શ્રીએ કહ્યું પૂછો.

મેં કહ્યું કે બાપજી! તમારું આયુષ્ય માર્કંડઋષિ જેટલું થાય. આમ છતાં એક દિવસ તો આ શરીર છોડશોજને! તો આ શરીર ક્યાં છોડશો? પૂજ્યશ્રીએ કહ્યું કે ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ. મને આનંદ થયો. મારે તો સ્થળ જ જાણવું હતું. લીંચનું નામ એટલું સહજતાથી અને એટલું ઝડપથી બોલ્યા કે જાણે લીંચ એમને ખૂબ જ પ્રિય હોય.

આમાંથી વિચાર ઉદ્‌ભવે છે કે પૂ.બાપજીને લીંચ કેમ ગમ્યું? કોઈ પણ વ્યક્તિને જ્યાં પોતાની ઈચ્છા મુજબનું વાતાવણ મળે ત્યાં ગમે. ગુરુ મહારાજ તો સાક્ષાત્ દત્ત જ, એટલે સત્વાંશ વિધિહરિહરતણા થઈ એકરૂપ જગે સ્ફુર્યો એ વર્ણન પ્રમાણે સાત્ત્વિકતાથી ઊભરાતું વાતાવરણ ગુરુ મહારાજને ગમે એ સ્વાભાવિક છે.

પૂ.બાપજીનો મુકામ લીંચ હોય ત્યારે બચુભાઈ અને ગામના ઘણા માણસો સેવામાં ખડે પગે હાજર હોય. પૂ.બાપજી કહે અને થાય એવું તો બધા મુકામમાં જોવા મળે પણ પૂ.બાપજી કહે તે પહેલાં થાય એવી કોઠાસૂઝ લીંચમાં જોવા મળે અને તે પણ બચુભાઈને કારણે જ. તન, મન

**ગુરુ ગોવિંદ કરતાં અધિક છે એનું કારણ એ છે કે ભગવાન તમને સીધેસીધો અનુભવ કરાવી શકતો નથી પરંતુ આવા દેવપુરુષો દ્વારા જ તમને મૂળ ધામે પહોંચાડી દે છે.**

અને ધન સમર્પિત કરવાની ધૂન કે લગનીને કારણે બચુભાઈ બાપજીના મનની વાતો જાણી જતા હશે?

યોગીઓને પણ અગમ્ય એવો સેવાધર્મ સ્વીકારીને બચુભાઈએ એવું વાતાવરણ ઊભું કર્યું કે જેથી બાપજીને લીંચ ખૂબ ગમ્યું.

લીંચમાં દ્રવ્યશુદ્ધિ સરસ. માગણવૃત્તિ સ્થૂળ ભાવે તો નહિ જ, પણ સૂક્ષ્મ ભાવે પણ નહિ. ૧૯૫૭માં લીંચમાં પહેલો મુકામ થયો તે બચુભાઈના ભોગીમામાના ખેતરમાં. પરંતુ પછીના બધા મુકામ બચુભાઈના ખેતરમાં. આ મુકામ વખતે પોતાની શક્તિ મુજબ વ્યવસ્થા ગોઠવે. માગવાનો તો પ્રશ્ન જ નહિ. એ બધી વાતો લખવા બેસું તો આખી સ્મરણિકા જ ભરાઈ જાય. આવી નિર્વ્યાજ સેવા - અંતરથી સમર્પિતભાવ- હોવાથી પૂ.બાપજીને લીંચ ખૂબ ગમતું.

પૂ.બાપજીનો મુકામ હોય ત્યાં દર્શનાર્થીની ભીડ તો રહેવાની જ. દર્શનાથીઓમાં 'અર્થાથી' અને 'આર્ત'નું પ્રમાણ વધારે રહે તે સ્વાભાવિક છે. હૃદયની શ્રદ્ધા ભાવના હોવા છતાં ઘણીવાર હઠાગ્રહ, અવિવેકનો અંશ પણ રહેવાનો.એટલે એક બાજુ પૂ.બાપજીના નિયમોનું પાલન અને બીજી બાજુ દર્શનાર્થીઓને સંતોષ એ બંનેનું પાલન કરવાનું મુશ્કેલ બનતું. પૂ.શ્રી આરામમાં હોય અને કોઈ એવા દર્શનાર્થી આવે કે 'દર્શન કર્યા વિના પાણી નહિ પીવું.' એવો નિયમ લઈ ધોમધખતા તાપમાં આવ્યો હોય તો શું કરવું? એટલે બચુભાઈએ પૂ.બાપજી આરામમાં હોય છતાં બાપજીને ખલેલ ન પહોંચે એ રીતે દર્શન કરવાની સુવિધા કરી હતી. ખુદ પૂ.બાપજીએ એ વ્યવસ્થા જોઈને આનંદ વ્યક્ત કરેલો. એટલું જ નહિ પણ બીજા ગામના માણસો આવે ત્યારે એ ગામના વ્યવસ્થાપકો હોય તો એને બતાવવાનું બાપજી બચુભાઈને કહેતા. બીજાને સમજવાની અંતરવૃત્તિ લીંચમાં જોવા મળતી તેથી પૂ.બાપજીને લીંચ ખૂબ ગમતું.

પૂ.શ્રીને આંખે પ્રકાશ આવે તે અનુકૂળ ન હતું. આ વાત બધા જ જાણતા હતા. કેવળ લીંચના મુકામમાં જ એમણે જોયું કે બચુભાઈની સૂઝને કારણે રૂમમાં પ્રકાશ રહે અને છતાં પૂ.શ્રીની આંખે પ્રકાશ ન આવે. આ વ્યવસ્થામાં ખર્ચ તો નજીવો છે પણ એને માટે મન સદા ગુરુનું ચિંતન કરે એ જરૂરી છે. બચુભાઈનું તો કહેવું એવું છે કે આ બધું ગુરુમહારાજ જ સુઝાડતા અને હું એ પ્રમાણે કરતો. પછી બીજાને કહેતા કે 'આને બધું કોણ સુઝાડે છે?'

પૂ.બાપજીને લીંચ ગમ્યું એમાં લીંચ કરતાં લીંચવાસી બચુભાઈની સેવા અને સાત્ત્વિકતા કારણભૂત હતી. નારેશ્વરમાં અને નારેશ્વર બહાર એમણે સેવા માટે જરૂરી વસ્તુ પોતાના ખર્ચે 'હૈયાસૂઝ' પ્રમાણે જે ઝડપથી લાવી આપી તે પણ અનેકમાંનું એક કારણ! નારેશ્વરમાં પૂ.બાપજીને નાસ આપવાનો હતો. ઍલ્યુમિનિયમના તપેલાની જરૂર પડી પણ સ્થાનમાં ન હતું.

---

**ગુરુપૂર્ણિમાનો દિવસે આવી 'મા'ને મેળવીને એના ચરણમાં સમર્પિત થઈ જવાનો દિવસ છે.**

---

બચુભાઈ કોઈને કહ્યા વગર ઊપડ્યા વડોદરા અને હાજર કરી દીધું. પૂ.શ્રીને શરદી-ઉધરસ થઈ હતી અને રેતીના તબડકામાં થૂકતા હતા. એ જોઈ અમદાવાદ આવી થૂંકવા માટે બે-ત્રણ પ્રકારની પીચકદાની મોકલી. પૂ.શ્રી આ જોઇ દંગ થઇ ગયા અને જગજીવન માસ્તરને પૂછ્યું કે 'આ કોણ લાવ્યું?' એમણે બચુભાઈનું નામ લીધું. બાપજી એટલું જ બોલ્યા કે 'હવે કોઈ ચાંદીની થૂંકદાની લાવે તોપણ આને ખસેડવાની નહિ!'

આવા પ્રસંગોની તો હારમાળા છે પણ "સુજ્ઞેષુ કિં બહુના!"

પૂ.બાપજીને લીંચ કેમ ગમ્યું તે જાણ્યા પછી કેટલું ગમ્યું એ જાણવાની કોઈને ઇચ્છા થાય તો તે અંગેનો એક પ્રસંગ કહું અને સમાપ્તિ કરું.

ઈ.સ. ૧૯૬૨માં પૂ.બાપજી દ્વારકાથી લીંચ આવેલા. વાતવાતમાં પૂ.બાપજી બચુભાઈને કહે કે "તું પણ બોડાણાની જેમ મંતર માર કે જેથી મારે અહીંથી ક્યાંય જવું ના પડે." લીંચને પૂ.શ્રીએ જાતે જ મિનિ નારેશ્વર કહ્યું. એવા ઉદ્‌ગારથી જ આપણને ખ્યાલ આવી જશે કે એમને લીંચ અનહદ ગમતું.

લીંચ એટલે રંગનું ગોકુળ, લીંચ એટલે રંગપરિવારની ગુજરાતની ચારધામ યાત્રા પૈકીનું મહત્ત્વનું ધામ. લીંચ એટલે પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ અને નિર્દોષતાથી ભરેલું મિનિ નારેશ્વર.

આવા લીંચના સર્જક, પ્રેરક અને પથદર્શક પૂ. પ્રેમ અવધૂતજીને અનેકાનેક વંદન હો!!

**પાસ છે પ્રેમીને, આઘે અધર્મીને,**
**હૃદયમાં દેવ જો દિલ ચંગા!**

# (૩)
# દિવ્યોત્તમ ધામ લીંચ
# (અવધૂતજીની આગાહી)

- શ્રી જગન્નાથ રાવળ
મુંબઈ.

ભગવાન શ્રીકૃષ્ણના જવાથી નાનું એવું ગોકુળ ગામ, રમણીય ગોકુળિયું બની ગયું. ભગવાન શ્રીકૃષ્ણ ગોકુળ ગયા તે માટે નંદ-જસોદા નિમિત્ત બન્યાં. કોકને નિમિત્ત બનાવીને જ ભગવાન એની લીલા વિસ્તારતા હોય છે.

ઉત્તર ગુજરાતનું નાનું ગામ લીંચ એ રંગ-ગોકુળિયું બન્યું એમાં મારા ભાઈ શ્રી ભોગીભાઈ અને શ્રી બચુભાઈ નિમિત્ત બન્યા. ભોગીભાઈએ બી વાવ્યું, માવજત કરીને ખાતર પૂરીને ઉછેરવાનું કાર્ય શ્રી બચુભાઈએ કર્યું.

મારા ભાઈ શ્રી ભોગીભાઈ ગુરુ મહારાજના અનન્ય ભક્ત હતા અને એના દ્વારા જ શ્રી બચુભાઈ પણ બાપજીના સંપર્કમાં આવ્યા. પહેલી મુલાકાતે જ બચુભાઈએ બાપજીને કહ્યું કે “મારે તમારી આંખ જોવી છે.” અને પૂ.બાપજીએ પણ ઠંડકાઈથી જ જવાબ આપીને કહ્યું કે “કાલે નારેશ્વર સ્ટેશને આવજો, ત્યાં જોઈ શકાશે.”

પૂ.બાપજી અને શ્રી બચુભાઈના મિલનમાં મારા ભાઈ નિમિત્ત બન્યા પછી તો શ્રી બચુભાઈએ એમની આગવી સેવા સૂઝથી જે કર્યું તેનાથી સૌ પરિચિત છે. નજીકના સંબંધી તરીકે લખવાનું કાર્ય ખરેખર કપરું છે. સાચી વિગતો જણાવીએ તોપણ કોઈને અતિશયોક્તિ લાગે અને ન લખું તો તે પણ અયોગ્ય જ કહેવાય. પરંતુ એમની સેવાની સૌરભ હવે પરિવારમાં એવી તો ફેલાઈ ગઈ છે કે એની વાત હું ન કરું તોપણ સહ્ય બનશે.

અમારા ભાઈ ભલા, ભોળા અને ભાવિક ભક્ત. સૌ પ્રથમ મુકામ એમણે એમના ખેતરમાં કરાવ્યો. ૧૯૫૭ની સાલમાં પૂ.બાપજી વીસનગરથી લીંચ આવ્યા.

લીંચ ઉપર પૂ.બાપજીની કૃપા ઊતરી તેમાં શ્રી બચુભાઈનાં પિતાશ્રી કૃપાશંકર અને માતા શાંતાબહેનનો ફાળો ઘણો હતો. એમની ભક્તિ અને પુણ્યના ફળસ્વરૂપે જ શ્રી બચુભાઈમાં સેવાના સંસ્કારો ઊગ્યા. શ્રી બચુભાઈની સેવાએ બાપજીને એવા જકડી રાખ્યા કે બાપજીને લીંચ મિનિ નારેશ્વર લાગ્યું. લીંચ ગામના ભક્તોની નિર્દોષતા, શ્રદ્ધા, નિષ્ઠા અને શ્રી બચુભાઈની

**ગુરુપૂર્ણિમાનો દિવસ એ ગુરુમહારાજને કેટલા સમર્પિત થયા તેનું સરવૈયું કાઢવાનો દિવસ છે.**

હૃદયની સેવાને કારણે પ્રસન્ન થયેલા બાપજી બોલ્યા, "આ લીંચ તો દિવ્ય નહિ પણ દિવ્યોત્તમ ધામ થશે" અને ગુરુમહારાજ તો જે બોલે તે થાય જ ને!

ગુરુમહારાજ તો સાક્ષાત્ દત્તના અવતાર જ હતા. **'આચાર એ જ પ્રચાર'** એ એમનું જીવન સૂત્ર. પૈસાનો સ્પર્શ કરવો નહિ અને આચરણ દ્વારા જ ઉપદેશ કરવો એ એમની વિશિષ્ટતા. આવા ગુરુમહારાજનું સેવા-સ્મરણ એ જ આપણી સાચી મૂડી. આ સેવા-સ્મરણની મૂડીને દરેક ભક્તોએ પોતપોતાની રીતે સાચવી. શ્રી બચુભાઈ એમાં સહુથી આગળ નીકળી ગયા. દરેક વ્યક્તિ પોતાના ભાવ પ્રમાણે ભક્તિમાં આગળ વધે છે. ગુરુમહારાજ સાથેનો એમનો સંબંધ વિશિષ્ટ પ્રકારનો હતો અને એ છે એમ કહેવામાં કશું ખોટું નથી. ગુરુમહારાજે એમના પર કરેલી વિશેષ કૃપા-પ્રસાદી એમણે પોતા પૂરતી ન રાખતા સમસ્ત અવધૂત પરિવારમાં વહેંચી દીધી.

ગુરુમહારાજની કૃપા પ્રસાદી ઝીલી શ્રી બચુભાઈમાંથી આજે પ્રેમ અવધૂતજી બનનાર વ્યક્તિ અમારા પરિવારના છે એ વાતનું અમને ગૌરવ છે. ગુરુમહારાજની વધુ ને વધુ કૃપા હજી એમના પર ઊતરો એવી હૃદયની શુદ્ધ ભાવના વ્યક્ત કરીને ૬૦મી પ્રેમજયંતી નિમિત્તે અર્ઘ્ય આપીને આનંદ અનુભવું છું.

**મોહનિદ્રા ત્યજી જ્ઞાન જાગૃતિ વરી,**
**આત્મધન સંગ્રહી, ભવભંગા.**

# (૪)

# પાટણમાં આવેલી અષ્ટભૂજા દત્તમૂર્તિ

- ડૉ. શ્રી હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી
વડોદરા.

પરમાત્માનાં અનેક નામ અને અનેક રૂપ છે. એ અનામી છતાં બહુનામી છે તેમ એ નિરાકાર છતાં સાકાર અને બહુવિધ રૂપધારી છે. વેદમાં તેથી જ ‘એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ’ એમ એનું વર્ણન કર્યું છે. પરમાત્મા એક જ છે છતાં વિપ્રો-ઋષિઓ, ક્રાંતદર્શીઓ એને અનેકરૂપે વર્ણવે છે.

ભગવાન દત્તાત્રેયને ઘણાં પુરાણો વિષ્ણુના ૨૪ અવતારો પૈકી એક ગણે છે તો કેટલાક દસ અવતારમાં પણ લે છે. મત્સ્ય, કુર્મ, વરાહ, નૃસિંહ અને વામન એમ પાંચ પછી છઠ્ઠો અવતાર શ્રીદત્તનો છે. અર્થાત્ મનુષ્યના ઉત્ક્રાંતિવાદની દૃષ્ટિએ જોઈએ તો આ આદ્યયુગીન પૂર્ણ વિકસિત માનવનો પ્રથમ અવતાર છે. એથી જ એ બધાનો ગુરુ અવતાર છે.

જ્યારે એને અત્રિ-અનસૂયાના ઋષિપુત્ર તરીકે લેવામાં આવે છે ત્યારે તેમનું ધ્યાન એક મસ્તક અને બે હાથનું જ હોય છે. શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ દત્તાત્રેયો દ્વિબાહુઃ સ્યાત્- દત્તાત્રેય બે હાથના હોય છે એમ અગ્નિપુરાણમાં કહ્યું છે.

શાંડિલ્ય ઉપનિષદમાં જે ધ્યાન વર્ણવ્યું છે તેમાં દત્તાત્રેયને મુખ્યત્વે વિષ્ણુના અવતાર તરીકે લઈ ચાર હાથવાળા વર્ણવ્યા છે અને ‘ચતુર્બાહુમુદારડગ્ગમ્’ એમ ઉદાર અંગવાળા ચતુર્ભૂજ કહ્યા છે. નારદપુરાણનું દત્તસ્તોત્ર કહે છે :

આદો બ્રહ્મા મધ્યે વિષ્ણુ અન્તે દેવઃ સદાશિવઃ ।
મૂર્તિત્રય સ્વરૂપાય દત્તાત્રેય નમોડસ્તુ તે ॥

ત્યાં બ્રહ્મા, વિષ્ણુ અને સદાશિવની ત્રણેય મૂર્તિનાં ભેગાં સ્વરૂપ દત્તાત્રેય ત્રિમૂર્તિને વંદન કર્યા છે અને પછીના સંતોએ અને આજ લગી ઘણા ભક્તોએ એ રીતે જ એને જાણ્યા છે, વંદન કર્યા છે.

પરંતુ એક સમયે નારેશ્વરમાં પૂ.શ્રી રંગ અવધૂત મહારાજશ્રી પાસે શંકારૂપે પાટણ જઈ આવેલા એક ભાઈએ પૂછ્યું કે બાપજી, દત્તના છ હાથ તો સાંભળ્યા છે, જોયા છે પણ આ મૂર્તિને આઠ હાથ છે તો તે શું છે?

**ગુરુમહારાજના અનંત ઉપકારોથી હળવા બનવા માટેનો ગુરુપૂર્ણિમાનો આ પવિત્ર દિવસ છે.**

**સંત સેવા વિના વાટ નવ એ જડે**
**માન મૂક્યા વિના ભાન નાવે.**

પૂ.શ્રીએ ખુલાસો કરતાં કહ્યું કે જો દત્તને મુખ્યત્વે વિષ્ણુના અવતાર માનીએ તો એના ચારે ચાર હાથ અને બે બ્રહ્માના ને બે શિવના એમ મળી આઠ હાથ થાય. એ મૂર્તિ વિષે તપાસ કરી તો તે પાટણમાં રામમંદિર નજીક ભદ્રમાં આવેલી છે અને લોકો દત્ત તરીકે પૂજે પણ છે. મૂર્તિ અને જૂની શૈલીના અનુકરણરૂપે મધ્યકાલીન સમયના પાછલાં વર્ષોમાં બની હોય તેવું લાગે છે. તેના જમણા હાથોમાં ડમરું, શંખ, પદ્મ અને કમંડલુ છે. જ્યારે ડાબા હાથોમાં ચક્ર, પુસ્તક, ગદા અને કામધેનુ છે. અલબત્ત, કામધેનુનું હાથમાં હોવું જરા મૂંઝવણમાં મૂકે એવું છે. છતાં વિચારીએ તો કમંડલુ અને પુસ્તક બ્રહ્માના આયુધો ગણાય, ડમરુ અને કામધેનુ (ત્રિશૂલની જગ્યાએ) એ શિવના અને બાકીનાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ વિષ્ણુનાં લઈ શકાય જેથી વિષ્ણુ ઓળખાય છે અને એને જ મુખ્ય દેવ તરીકે લઈ એનાં ચારેચાર આયુધો શિલ્પકારે બતાવ્યાં છે જે પૂ.શ્રીના ખુલાસા સાથે બંધબેસતું આવે છે. આ મૂર્તિનાં ચાર હાથ ચાર વેદ પુરુષો વંદન કરતા ઊભા છે. તેના ઉપર ટેકવેલા છે. આગળ જતાં 'થઈ શ્વાન નિત પાસે ખડા આભા બની જોઈ રહ્યા' એ મુજબ ચારે વેદોથી પણ જેનું વર્ણન થઈ શકતું નથી એવા દત્તાત્રેયની આસપાસના ચાર શ્વાનનું એ પ્રતીક ગણી શકાય.

આ મૂર્તિની ખૂબી એ છે કે વિષ્ણુનાં ચારેય આયુધો બતાવી તેને મુખ્ય દેવ ગણ્યો છે એમ લાગે પણ સાથે સાથે ગળામાં રૂંડની માળા તથા સર્પનું આભૂષણ પણ બતાવ્યું છે અર્થાત્ તે શિવ સ્વરૂપ છે એવું પણ સૂચવ્યું છે. આમ, આ સર્વ દેવોનો સમન્વય સૂચવતી મૂર્તિનું દર્શન એ અત્યંત માંગલ્યપ્રદ છે અને ઉત્તર ગુજરાતનું અણમોલ આભૂષણ છે.

**મારે શરીર છોડવાનું એટલે શું? મારા હાડકાં પાડવાનાં નહિ, પણ પ્રાણ પૂરવાનો. અને તે પ્રાણ તો મેં અહીં (લીંચમાં) પૂર્યો જ છે.**

# (૫)
# અંબાજીમાં શ્રીરંગ જયંતી મહોત્સવ

- ડૉ. શ્રી દેવદત્ત જોષી
વડોદરા.

૧૯૬૫ની સાલ, પૂ.બાપજીની ૬૭મી રંગજયંતી, શ્રી ક્ષેત્ર અંબાજી મુકામે ઊજવાઈ હતી. પૂ.શ્રીએ વાતવાતમાં અંબાજી દર્શન કરવા જવાની ભાવના પ્રગટ કરેલી તે વાત ભક્તજનોના મનમાં હતી અને રંગજયંતી ત્યાં ઊજવવાનું નક્કી થયું. સમસ્ત ભારતભરમાં શક્તિપીઠ તરીકે અંબાજી સૌથી મોટું અને પ્રાચીન ક્ષેત્ર છે. દેવોને સુધ્ધાં જ્યારે દાનવો સામે લડવાની જરૂર પડી ત્યારે મા ભગવતીની કૃપા યાચવી પડેલી. ૧૯૬૫માં ભારતને પણ પરાણે સંઘર્ષમાં ઊતરવાની ફરજ પડી ત્યારે ભવાની સિવાય અન્ય કોનું શરણ હોય? પૂ.શ્રી અવધૂત અહીં પધારે તેમાંથી પ્રેરણા એ મળે કે ભક્તિ પણ શક્તિ બનીને આવવી જોઈએ. ભક્તિપરાયણતાથી નિર્માલ્યતા ન સર્જાવવી જોઇએ. એટલે શક્તિની જ ભક્તિ થાય તો બંને વચ્ચેનો ભેદ ટળે.

અંબાજીએ તો ગુજરાતની સંસ્કૃતિ સર્જી છે. ગુજરાતના લોકસાહિત્યનું, લોકસંગીતનું આગવું ધન તે ગરબા. લોકહૃદય ભોળું છે, ભાવિક છે. લોકહૃદય અહીં આવી હિલોળે ચડે છે અને આબાલ વૃદ્ધ સૌ સઘળું ભૂલી માત્ર મા પ્રત્યેના ભાવમાં તન્મય બની જાય છે. એ ભાવના હૃદયમાં ન સમાતાં લોકો નાચી ઊઠે છે, ગાઈ ઊઠે છે. આંખમાં આંસુ સાથે, તાળીઓના તાલ સાથે માનાં પ્રશસ્તિ ગીતો, લીલા ગીતો જેવા ગરબા ગાય છે. એ તાલમાં ને તાનમાં દિનપ્રતિદિન લોકસંગીતના રાગો અને લોકસાહિત્યની પંક્તિઓમાં ઉમેરો થતો જ જાય છે અને એ રીતે સ્વાભાવિક ઉદ્ગારોમાં જ શાશ્વત સંગીત અને અમર લોકસાહિત્ય સર્જાય છે, એની પ્રેરણાદાત્રી તે અંબાજી.

પૂ.શ્રી રંગ અવધૂતજીએ પણ ગુજરાતની સંસ્કૃતિના ઈતિહાસમાં એક નવું જ પ્રકરણ ઉમેર્યું છે. ગુજરાતની સંસ્કૃતિના દષ્ટા તો છે જ પણ નવીનતાના પણ સ્રષ્ટા છે. અવધૂતજીના સાંનિધ્યમાં ગુજરાતની સંસ્કૃતિની નવબહાર ખીલી ઊઠે છે. તેઓશ્રીના સાંનિધ્યમાં અધ્યાત્મ ગરબા ગવાય છે. ગુજરાતી જ નહિ, સંસ્કૃત ભાષામાં સુધ્ધાં પ્રાચીન અને અર્વાચીન ઢાળમાં ભક્તિ વિષેચક પદો ગવાય છે. આદિવાસી જેવી કોમોના જેવા લોકનૃત્યો થાય છે, વેદઘોષ થાય છે, વેદાદિ શાસ્ત્રપારાયણ થાય છે. પહાડી રાગે એકદમ દુહા લલકારી ઊઠનારા પણ આવી ચડે છે. સંગીતકારોની મહેફિલો જામે છે. આ બધું અવધૂતજીની સંનિધિમાં કાવ્યમયરૂપ લઈને

આવે છે. યોગાદિક ક્રિયાઓનાં આસનોના પ્રયોગો થાય છે. ભક્તિ, જ્ઞાન, શાસ્ત્રો, અનેક પ્રકારના હુન્નરો સુધ્ધાં- એ સૌનું એક સમગ્ર કાવ્ય સર્જાય છે. પ્રત્યેક વસ્તુનું યથાસ્થાને મૂલ્ય સમજનાર અવધૂતજીની સમદષ્ટિએ જ એ સૌને કાવ્યમય સ્વરૂપ આપ્યું છે.

અવધૂતજી જીવનની કલાના મહાન કલાગુરુ છે, સંસ્કૃતિના સંરક્ષક છે. ધાર્મિક અથવા આધ્યાત્મિક ક્ષેત્રે જ સંસ્કૃતિ જન્મે છે અને વિકસે છે. સંસ્કૃતિ તીર્થ નારેશ્વરનો યોગી માતાજીનો લાડીલો પુત્ર છે, એને માતાજીની ગોદમાં જોવો એ ધન્ય લહાવો છે. આ પર્વતો પહાડો અડગ છે. હિમાલય કરતાં પણ જૂની આ અરવલ્લીની હારમાળાઓ કેટલાંય તોફાનોની વચ્ચે અણનમ ઊભી છે, અવધૂતજીની ભક્તિનિષ્ઠા પણ એવી અડગ છે. કંઈ કેટલા માનસિક, આધ્યાત્મિક સંઘર્ષ પછી એ સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ અડગતાની આજે સમગ્ર દેશને જરૂર પડી છે એટલે જ શક્તિસ્વરૂપ જીવન બનાવવાની પ્રેરણા પામવા અવધૂત અહીં પધારે છે.

માતાજી અંગેની બધી જ ચમત્કારિક વાતો ભૂલી જઈએ તોય અહીંથી જે સંસ્કૃતિ સર્જાઈ છે એને માટેય નમનીય છે માજી. અહીં તો સર્વત્ર કુમકુમવર્ણું જ દેખાય છે. ચૂંદડીનો રાતો રંગ, કુમકુમના ઢગલા, નાડાછડી જ્યાં ત્યાં નજરે પડતાં હોવાથી વાતાવરણ સૌભાગ્યથી ભરપૂર છે, આ સૌભાગ્યનગરમાં અવધૂતની જયંતી જેણે જોઈ તે સૌનાં પણ ભાગ્ય! અહીં સૌની માતા એક અંબાજી જ હોવાથી જગતને કુટુંબવત્ કલ્પી લેવાનું મુશ્કેલ પડતું નથી. તેમાં વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવના સેવી રહેલા અવધૂતનું દર્શન, અવધૂતનું સાંનિધ્ય ઉમેરાતાં એકત્વની ભાવના દિલમાં સહજ રીતે વ્યાપી રહે છે. એ ભાવના કેળવવા ચિંતન મનનની જરૂર રહેતી નથી. પરમાત્મા પ્રત્યેનો સાચો ભાવ જ માતૃભાવ છે, સૂફીવાદી પ્રભુને સનમ કહે, વૈષ્ણવ પ્રેમલક્ષણા ભક્તિમાં એને પતિ તરીકે ભલે જુએ પણ આપણા હૃદયનો નૈસર્ગિક ભાવ અને સઘળો ભાવ ઊભરાઈ જતો હોય તો તે પ્રભુને માતા તરીકે ગણવામાં. જગત્પિતા તરીકેની પ્રભુ પ્રત્યેની ભાવના કરતાં પણ આ ભાવના શ્રેષ્ઠતર છે. માતા ગુસ્સે થઈ મારે કે ધમકાવે છે ત્યારે આપણને ક્યાં કોઈ ફરિયાદ રહે છે? માતા દંડ દે તો ય આપણને સંસ્કાર જ તેમ કરતી હોય છે, એ જ રીતે જ્યારે જીવનમાં કંઈ દુઃખ આવી પડે અને પ્રભુ પ્રત્યે ફરિયાદનો ભાવ જાગે ત્યારે માતા તરીકે પ્રભુને યાદ કરવાથી વળી પાછા આપણે એના શરણે દોડી જઈશું, એ રીતે શક્તિ અને ભક્તિ બંને દૃષ્ટિએ અંબાજીની ભક્તિ ઈષ્ટ છે.

અવધૂત અહીં પધાર્યા ત્યારથી 'જય અંબે'ની સાથે 'ગુરુદેવ દત્ત'ના મંગલ રવ સંભળાય છે. આ શક્તિપીઠ દત્તસ્થાન પણ બની જાય છે. શક્તિપૂજા એ ગુજરાતની પોતાની ભક્તિ પરંપરા છે. તેમાં દત્તભક્તિની પરંપરાનો સ્રોત ઉમેરવાનું મહાન કાર્ય અવધૂતજીએ કર્યું છે. સંપ્રદાય નિરપેક્ષતા એ દત્તભક્તિની પરંપરાની વિશિષ્ટતા છે.

શ્રીકૃષ્ણના ચૌલકર્મ સંસ્કાર આ સ્થાનમાં થયેલા. સાંજે માતાજીના મંદિરના ઉંબરા પરથી ગબ્બરનો દીવો દેખાય છે. આ સ્થાનમાં માતાજીની મૂર્તિ નથી છતાં ઘણું છે. માતાજીના વીસાયંત્રને જ માતાજીની મૂર્તિ હોય એ રીતે શણગારવામાં આવે છે. પૂ.શ્રીએ એવી મતલબનું કહ્યાનું યાદ છે કે અહીં કંઈ નથી તો ય કંઈ છે. અનેક વાર દર્શન કરવા જવા છતાં દર્શનની પિપાસા તૃપ્ત થતી નથી માતાજીનું ચૈતન્ય નિત્ય નૂતન છે. અવધૂતનાં દર્શન અંગે પણ આવી જ અનુભૂતિ થઈ હોવાનો અનુભવ હજારો ભક્તોનો છે. મંદિરમાં દર્શને આવેલા ભક્તો પગથિયાના પથ્થરો પર સ્પર્શ કરી માથા પર એની આસકા લેતાં લેતાં એ પથ્થરો ઘસાઈ ગયા છે. (જેવું વિઠોબાનાં જમણા ચરણનું થયું છે) એ લોકહૃદયની શ્રદ્ધા અને સ્થાનની ચમત્કારિતા પુરવાર કરે છે.

પૂ.શ્રી અવધૂતનો મુકામ દાંતાના મહારાજાના મહેલમાં હતો. ત્યાં મોટા શમિયાણામાં જ રંગજયંતી ઊજવવાની હતી. જે દિવસે પૂ.શ્રી પધારવાના હતા તે દિવસે કોઈ વિરલ વિભૂતિ પધારે છે એવું ઉત્સાહનું મોજું સ્થાનમાં પ્રસરી ગયું હતું. આખા સ્થાનમાં ધજાપતાકા લહરાતી હતી. લોકો ધૂન બોલાવતા ઊભા હતા. આનંદનો ઉદધિ લહેરાતો હતો ત્યાં પૂ.શ્રીનાં દર્શન થતાં જ એમાં ભરતીનાં મોજાં ઊછળવા લાગ્યાં. મોટર ત્યાં જ થોભી. દાંતાના રાજાસાહેબને આવી ગીરદીમાં કચડાવાનો જીવનભરમાં કદાચ આ પહેલો જ પ્રસંગ હશે છતાં એ ભીડમાં ધક્કામુક્કી સહન કરીને પણ ભક્તિભાવપૂર્વક ઊભા હતા. પૂ.શ્રીનું પહેલી વાર દર્શન કરનાર રાજસ્થાની પહેરવેશ પહેરેલાં સ્ત્રી-પુરુષો લળીલળીને પગે લાગતાં હતાં. ભોળી ભક્તિના ભાવ સાથે મુખ ઢાંકીને લળી લળીને પાય લાગતી સ્ત્રીઓ, હાથ જોડતાં નાનાં ભૂલકાંઓ વગેરે સંપૂર્ણ આત્મીયતાના ભાવથી દર્શન કરતાં હતાં. સંતોનું વ્યક્તિત્વ એ રીતે જુદું પડી જાય છે. અપરિચિતને પણ એક જ દૃષ્ટિમાત્રથી જુગ જૂનો પરિચય હોય એવો આત્મીય ભાવ સાધુસંત જ જાગૃત કરી શકે છે. મોટો માણસ અને મહાપુરુષ એ બંને વચ્ચેનો ભેદ એ છે કે મોટો માણસ પ્રભાવ પાડી જાય પણ હૃદય તો મહાપુરુષ જ જીતે. પૂ.શ્રીની શોભાયાત્રા નીકળી. રાતી ચૂંદડી, નથણી વગેરે સંપૂર્ણ સૌભાગ્ય ધારણ કરેલી, મુખ પર ઘૂમટો તાણેલી, રાજસ્થાની વેશભૂષામાં આવેલી તે પ્રદેશની સ્ત્રીઓએ માથે કળશ લઈ પૂ.શ્રીનું સ્વાગત કર્યું.

"રંગ અવધૂત રે, રંગ અવધૂત, નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત."

"જય અંબે મા જય અંબે, આરાસુરમાં જય અંબે"ની ધૂનો જામી. ગાતાં ગાતાં આગળ ચાલતા અને નાચતા ભક્તવૃંદમાં પેલું વચ્ચે કોણ છે? લગભગ ૭૦ થી ૮૦ વર્ષનાં સરખેજમાં શબરી તરીકે ઓળખાતાં વયોવૃદ્ધ ભજનિક માજી પણ પગમાં ઘૂઘરા બાંધી, હાથમાં મંજીરા સાથે,

ગળામાં ઢોલક ભેરવી યુવાનોની સાથે યુવાનોને શરમાવે એવી રીતે નાચી રહ્યાં છે. (હમણાં જ થોડા માસ પહેલાં તેઓ રંગશરણ થયાં.) અવધૂતના સાંનિધ્યમાં દરેક વ્યક્તિમાં કંઈ અનેરું ચેતન, કંઈ અનેરી સ્ફૂર્તિ આવી જાય છે. પૂ.શ્રીનાં દર્શન માટે ઘેર ઘેર અને ધર્મશાળાની અટારીઓમાં માનવમહેરામણ ઊભરાતો હતો.

કાળી કફનીવાળો, માથે ભગવા રંગની સફેદ શંખલા જડેલી ટોપી પહેરેલો મસ્તફકીર અવધૂત દર્શનીય લાગતો હતો. “ગબ્બરમાં કોણ છે? અંબાજી માત છે” “ગાડીમાં કોણ છે? રંગ અવધૂત છે” ધૂન જામતી ત્યારે તો સૌ રંગમાં આવી જતા. કંકુ અને ગુલાલ ઊડવા લાગ્યાં. ઠેર ઠેરથી પૂ.શ્રીનો પુષ્પોથી સત્કાર થવા લાગ્યો. અવધૂતજીની બાલોચિત સરળતાને લીધે બાળકોને બાળક જેવા લાગે છે, યુવાનોને યુવાન કે નરશાર્દૂલના આદર્શ જેવા લાગે છે. શોભાયાત્રા મુકામ પર આવી. ત્યાં પૂ.શ્રીને માટે સુશોભિત સિંહાસન રાખવામાં આવ્યું હતું. આજુબાજુ વાઘનાં પૂતળાં હોવાથી અવધૂતજી રાજાની માફક શોભવા લાગ્યા. એક ઘડી પહેલાં બળદગાડીમાં બેઠેલો એ ફકીર! એ જ તો અવધૂતની મૌજ છે. છતાં નરેશ સહિત અન્ય માણસોએ ફૂલહાર પહેરાવ્યા. આખો મંડપ જનતા જનાર્દનથી ચિક્કાર છે. ભજનમંડળીએ ભજનની અને વિપ્રવૃંદે મંત્રોની રમઝટ જમાવી. રાયથી માંડીને રંક સુધીના તમામ સ્તરના લોકો વચ્ચે ‘જનગણમનઅધિનાયક’ બનીને બેઠેલા અવધૂત થોડી વારમાં ઊઠ્યા. તે પછી સ્નાનાદિથી નિવૃત્ત થઈ માતાજીના મંદિરમાં ગયા. અહીં રાતા રંગનું માંગલ્ય હતું ત્યાં અવધૂતજીની પ્રતિભાનો શ્વેતશુભ રંગ ભળ્યો અને વાતાવરણની ગુલાબી ઓર ખીલી.

સાંજે બંગલાના પોર્ચમાં બિરાજેલા અવધૂતજી પાસે વડોદરાના શ્રી ગાયકવાડના જાદુના ખેલ થયા. પૂ.શ્રીએ વિનોદમાં કહ્યું, “આવા ખેલ તમાશા અમે જોવા જઈએ નહિ અને આવું જોયા વિના જીવન અપૂર્ણ છે એમ માનનારાની દૃષ્ટિમાં ભોટ ગણાઈએ નહિ, એટલે ભગવાન અહીં બેઠાં બેઠાં જોવા માટે પ્રબંધ કરી આપે છે.”

સાંજે એક મહારાજ પૂ.શ્રીનાં દર્શને આવેલા. એ અહીં ગબ્બર ઉપર વાઘ ભરાઈ રહે એવી ભયાનક જગાએ રહે છે. એમને માટે એમ સંભળાય છે કે સોળ વર્ષથી ખાતા નથી, પીતા નથી, હાજતે જતા નથી. એ પોતે સ્ત્રીના સંપૂર્ણ સ્વાંગમાં ફરે છે. માતાજીની ભક્તિ કરવા માટે, એમાં તન્મય બનવા માટે એમને એ યોગ્ય લાગ્યું હશે.

બીજે દિવસે સોમવારે પ્રભાતિયાં ગવાયાં બાદ પૂ.શ્રીએ આજના પ્રસંગે માતાજીને જે આવાહન કર્યું છે તે સ્તોત્ર ‘માતશ્ચામ્બે જાગૃહિ જાગૃહિ’ ગાઈ બતાવ્યું. એ બોલતાં બોલતાં ૬૭ વર્ષના યુવાન અવધૂતજી પણ યુદ્ધવીરની અદાથી હાથ અને મુખનો અભિનય કરતાં કરતાં

બોલતા હતા. પોતે કહ્યું પણ ખરું કે "શબ્દોમાં તો ફોર્સ (Force) હોય પણ મારા શરીરનો ફોર્સ (Force) ઓછો થઈ ગયો છેને! નહિ તો હું તો Front (ફ્રન્ટ) ઉપર લડવા પણ જાઉં અને કમાન્ડર થાઉં. પણ હું કમાન્ડર થાઉં તો તમારી ગવર્મેન્ટ મારો વ્યૂહ કદાચ મંજૂર ન કરે."

પૂ.શ્રી જે ફ્રન્ટ પર હાલ છે તેનું મૂલ્ય પણ ઓછું કેમ અંકાય? શક્તિ પ્રેરનાર કોઈ નહિ હોય તો જનતાનો અને જવાનોનો મોટા ભાગનો જુસ્સો જતો રહેશે. જીવનને મોરચે કેમ લડવું તે શીખવનાર કમાન્ડર પણ જોઈશેને? ઉદાત્ત મૃત્યુની તૈયારીનો ફ્રન્ટ. અવધૂતજી બીજા પ્રકારના ફ્રન્ટના કમાન્ડર છે.

પૂ.શ્રીએ તો પોતાની રીતે માતાજી સમક્ષ પ્રાર્થના ગાઈ સંભળાવી. તે પછી બપોરના એક માલણ આવી. પૂ.શ્રી આરામમાં હતા. તેણે સેવામાં રહેલા શ્રી સુમનભાઈને કહ્યું કે મારે મહારાજ સાથે વાત કરવી છે. પૂ.શ્રીને નિવેદિત કરતાં માલણને પૂ.શ્રીએ દર્શન આપ્યાં. માલણે વાત કરી કે મહારાજ આપ જ્યારે સંસ્કૃતમાં ભજન ગાતા હતા ત્યારે માતાજીને મંદિરમાંથી તલવાર લઈને ગુસ્સામાં નીકળતાં જોયાં. પૂ.શ્રી માત્ર એટલું જ બોલ્યા કે બહેન! તમને માતાજીનાં દર્શન થયાને! તું ભાગ્યશાળી છે. પૂ.શ્રીએ પ્રસાદ આપ્યો અને માલણ ગઈ. પૂ.શ્રીએ આ વાતનો ઈશારો સરખોય ક્યારેય ક્યાંય કર્યો નહિ! શ્રી સુમનભાઈએ પણ આ વાત થોડા સમય પહેલાં જ કહી!

પૂ.શ્રી વેદઘોષ થયા બાદ જનસમૂહમાં માતાજીનાં દર્શને નીકળ્યા. માતાજીનાં દર્શન કર્યા બાદ યજ્ઞનો આરંભ કરવાનું સૂચવ્યું. વૈદિક શાંતિપાઠના મંત્રો ભણતાં ભણતાં બ્રાહ્મણોની વચ્ચે સૌમ્યતા અને નમ્રતાના અવતાર સમા અવધૂતજી લાકડી ટેકતાં ટેકતાં ધીરે ધીરે ચાલતા હતા. રસ્તે દર્શન કરતા લોકો તરફ અમીભરી આંખે જોઈ મસ્તક વડે આશીર્વાદાત્મક જવાબ વાળતા હતા. મંદિરમાં દર્શન વખતે બ્રહ્મવૃંદ સાથે મંત્રો બોલ્યા.

દર્શન કરી આવ્યા બાદ દરેક જન્મજયંતી માફક ગોપૂજા કરી. ગોપૂજાનો આદર્શ જીવનમાં સ્થાપવાની જરૂર ઊભી થઈ છે એ વાત પણ મૂક રીતે પ્રબોધે છે. 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં' તે આ. ગાયોને ઘાસ નીરી, તેમને પંપાળતા પ્રદક્ષિણા કરી કૃતકૃત્ય કર્યું. ગરીબોને ધાન્ય વિતરણ કરી દાનની પરંપરા ચાલુ રાખવાની પ્રેરણા પણ આપી. 'સર્વભૂતહિતે રતાઃ' તે આનું નામ.

શતચંડી મહાયજ્ઞનો પ્રારંભ થયો. એ યજ્ઞમાં આચાર્ય શ્રી નરહરીભાઈ સિદ્ધપુરવાળાને પૂ.શ્રીએ અનુમતિસૂચક પ્રસાદ આપ્યો અને મંત્રો-સ્તુતિઓ શરૂ થયા. અવધૂત એક જ આસને અરધો કલાક બેઠા. આજુબાજુ લોકો પણ પવિત્રતાના ભાવમાં સ્થિર અને દત્તચિત્ત બની ઊભા રહ્યા હતા. અવધૂતનું દર્શન દિવ્ય દર્શન હતું. કોઈ પણ સમયે, ગમે તે સમયે, ગમે તે વેશમાં એમનું સ્વરૂપ દર્શનીય રહ્યું છે.

**ધન ધન સો જો રામદિવાના,**
**મેં દિવાના સોઉ.**

એ પછી પોતે કોટેશ્વર દર્શન કરવા ગયા. દાંતાના મહારાજ સાહેબની મોટરમાં તેમના આગ્રહથી પોતાને મોટરની મુસાફરી પ્રતિકૂળ છતાં બેઠા. મહારાજાએ પોતે જ મોટર હાંકી. કોટેશ્વરમાં મહાદેવનું મંદિર છે. અહીં ડુંગરમાંથી સરસ્વતી નદીનો ઉદ્‌ગમ છે. ખળખળ વહી આવતા એના ઝારણા મંદિરમાં ઉપલાણે આવેલા સ્નાનકુંડમાં ગોમુખ મારફતે પડે છે. વર્ષો પહેલાં અહીં થઈ ગયેલા દૂધાધારી મહારાજની સમાધિ છે. સાંજે પૂર્ણાહુતિ પ્રસંગે પોતે યજ્ઞ મંડપમાં બિરાજ્યા હતા. બાજુમાં દાંતાના મહારાજાસાહેબ બેઠા હતા. પૂ.શ્રીએ નાળિયેર ચડાવ્યું તે પહેલાં દત્તબાવની, આરતી બોલાયા ત્યારે અહીં નારેશ્વર ખડું થયું હતું. જ્યાં રામ ત્યાં અયોધ્યા.

અત્રે શ્રી સુમનભાઈ તથા ભીલોડ, ઉમલ્લાની મંડળીએ માતાજી પાસે ગરબા ગાઈ અહીંના કાવ્યમાં પોતાનો સૂર પુરાવ્યો.

તા. ૨ નવેમ્બરની સવારે પૂ.શ્રી પાસે વેદોચ્ચાર થઈ ગયા પછી ગઈકાલની માફક જ દત્તધૂન અને વેદોચ્ચાર સાથે પૂ.શ્રી અનેક ભક્તોની સાથે ચાલીને માતાજીના મંદિરમાં ગયા. લાલ, ભૂરાં ફૂમતાં ચોંટાડેલી ખાદીની સફેદ કફની અને એવી જ ઊંચી અણિવાળી ટોપી પહેરીને બંગલાની બહાર નીકળ્યા ત્યારે આ બહુવેષ વિચિત્ર દત્ત સ્વરૂપને નિહાળી ભક્તોની આંખમાંથી આંસુ પડતાં હતાં. નિશદિન બરસત નૈન હમારે.

માતાજીના મંદિરમાં દર્શન-પૂજા કર્યા બાદ મંદિરની આસપાસ ઊભેલી જનતા સમક્ષ અવધૂતજીએ બહાર આસન જમાવી જગદંબાને ફરીથી આવાહન કર્યું. 'માતાશ્વામ્બે જાગૃહિ જાગૃહિ નાશચિતું ભારતમેતદ્*' લોકોએ તે ઉપાડી, અવધૂતના સૂરમાં સૂર પુરાવી આ વીરતાભરી આર્તવાણી કેવળ અવધૂતની જ નથી પણ સમસ્ત જનતા વતી અવધૂતજી બોલે છે એમ માતાજીને જણાવ્યું. સ્તુતિ પૂરી થઈ અને જાગૃહિ જાગૃહિ એટલું બોલાય ન બોલાય ત્યાં તો દ્વાર ખૂલી ગયાં. આ ચમત્કારિક ઘટના સૂચક અને અનવર્થક નીવડી. પૂ.શ્રીએ કહ્યું કે "માતાજીએ આપણો અવાજ સાંભળ્યો ખરો."

પછીથી દત્તબાવની બોલાઈ ત્યારે તો લોકો માતાજી અને દત્ત સ્વરૂપની એકતા જ અનુભવી રહ્યા, અને હૈયાં ખરેખરાં હેલે તો ત્યારે ચડ્યાં જ્યારે શ્રી સુમનભાઈએ માતાજીના

---

* અંબાજીમાં રંગજયંતી બાદ પૂ.શ્રીનો મુકામ ડભોઈમાં પ્રા. શિવુભાઈ દવેને ત્યાં હતો ત્યારે વડોદરાના એક સંસ્કૃતના પ્રકાંડ પંડિતે પૂ.બાપજીનું ધ્યાન દોરતાં કહ્યું કે બાપજી! અંબાનું સંબોધન 'અમ્બ' થાય, આપે 'અમ્બે' શબ્દ પ્રયોગ કર્યો. બાપજીએ કહ્યું કે 'અમ્બા' શબ્દ માતાના અર્થમાં નથી. એ માટે તો પહેલો શબ્દ 'માતઃ' પ્રયોજેલો છે જ પણ અહીં 'અમ્બા' શબ્દ વ્યક્તિવિશેના નામ તરીકે પ્રયોજાયો હોઈ એનું સંબોધન 'અમ્બે' જ થાય. સંતોની વાણીનો અર્થ કરતાં ભલભલા પંડિતો પણ ભૂલા પડે છે!

---

**કલ્યાણકારી શિવઆંદોલનોથી આપણા સુષુપ્ત નાડીકેન્દ્રો-ચક્રો-મર્મસ્થાનો જાગૃત થાય છે.**

ગરબા ગવડાવ્યા. એમની સૂઝ પ્રશસ્ય હતી. "રંગ લાગ્યો ચૂંદડીએ રંગ લાગ્યો." "અમર તું રાખજે મા, મા મારો ચૂડી ને ચાંદલો." આંખનાં આંસુ સાથે ગદ્‌ગદ કંઠે સૌએ તાળી પાડી ગરબા ગાયા. ખરેખર! અવધૂતજીએ ગુજરાતને ભક્તિકાવ્ય જીવતાં શીખવ્યું છે. "શ્રી ગુરુદત્તા જય અવધૂતા"ના નાદથી જ્યારે વાતાવરણ ગાજતું હતું ત્યારે સૌ દત્તમય બની જતા અને ગરબા ગવાતા ત્યારે સૌ માજીમય બની જતા. પોતે દત્તભક્ત હોવા છતાં પોતાનું અમુક જ એવું કંઈ ન રાખતા હોવાથી જ અવધૂત પોતાની અદ્વૈતભાવનાના સંસ્કાર આ રીતે લોકોમાં જાગૃત કરી શકે છે. જ્યાં કેવળ અંબાજીનું નામ અને ધૂન થતાં હોય ત્યાં દત્તભક્તિનું વાતાવરણ ખડું કરવું એ જેવી તેવી અધ્યાત્મશક્તિ નથી. પોતાનું મૌલિક વાતાવરણ અવધૂતજીની સાથે જ, વ્યક્તિની પાછળ છાયા આવે છે તેમ આવે છે.

ભટજીએ અવધૂતજીને માજીની પાદુકાનો સ્પર્શ કરાવ્યો. અભિષેક, સંકલ્પ કરાવ્યા. અવધૂતજી વારંવાર માતાજીને નમસ્કાર કરતા હતા. સર્વ બ્રહ્મણોને અને જનતાજનાર્દનને નમસ્કાર કરતા હતા. અવધૂતજીની વિનમ્રતાએ બે દિવસમાં અંબાજી પછી તરતનું સ્થાન લોકહૃદયમાં અવધૂતજીનું સ્થાપી દીધું. ધૂન સાથે સૌ મંડપમાં આવ્યાં.

ગુરુપૂજનવિધિ શરૂ થઈ. માતાજીના મંદિરની સન્મુખ પૂ.શ્રીનું મુખ આવે એ રીતે પૂ.શ્રી માટે બેઠક તૈયાર કરવામાં આવી હતી. બેઠકની સુશોભનકળા વડોદરાના ધૃતમૂર્તિકાર શ્રી ઠાકોરલાલ તથા તેમના મંડળની હતી. પૂજનનાં મંત્રો, શક્રાદય સ્તુતિ, ભજનો, દત્તનામસંકીર્તન ગવાવા લાગ્યાં. જે કંઈ સમૂહમાં બોલાય તેમાં સ્ત્રીવર્ગ અને પુરુષવર્ગે વારાફરતી બોલાવાની અવધૂતે જે કાવ્યમય પ્રભા પાડી છે તેને લીધે ગાવામાં વ્યવસ્થા પણ જળવાય છે. "આવો રે હો અવધૂત મારા દર્શન દો પ્યારા" એ સુમનભાઈએ વરસો પહેલાં રચેલું લોકપ્રિય ભજન ગવાતું હતું અને અવધૂત મંડપમાં પધાર્યા.

આછા પતખીરિયા રંગનો લાંબો ડગલો અને એવા જ રંગની ગોળમટોળ અને વચ્ચેના ભાગમાં ફૂમતું જડેલી, બાળકો પહેરે છે એવી ટોપી પહેરેલા અવધૂત બાળક જેવા લાગતા હતા. બાળકોને પોતાનાં વહાલાંઓ પહેરાવે છે તેમ પહરે છે. વેશ ગમે તેવો વિચિત્ર હોય તો ય તે પહેરે છે અને શોભી ઊઠે છે તેમ અવધૂતે ભક્તોના ભાવ જોઈ જે અર્પણ થયું તે પહેરી લીધું. ગળામાં રેશમી દોરાના સફેદ અને લાલ લીલા દડાનો હાર પહેર્યો હતો. અહા! અવધૂત! શી શોભા!

મંત્રો અને આશીર્વાદાત્મક સ્તુતિઓથી એના હૃદયમાં પૂ.શ્રીના દીર્ઘાયુ માટેની પ્રાર્થના થવા લાગી. પૂ.શ્રી પ્રત્યે આજે જન્મજયંતી પ્રસંગે સૌ વાત્સલ્યનો ભાવ અનુભવી રહે છે, બાકી એમને માટે પ્રાર્થના કરનાર આપણે કોણ? આડે દિવસે હાર સુધ્ધાં નહિ પહેરાવવા દેનારા

અવધૂતજીને આજે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે લોકો પુષ્પહાર ચડાવે છે. પુષ્પોની જ બનાવેલી ટોપી અને પુષ્પોની કંથા પહેરાવવામાં આવતાં લોકો ઘેલા બની જોઈ રહ્યા. થોડી જ વારમાં એ બધું ઉતારી નાખી, અવધૂત વેશમાં આવી ગયા. માત્ર કૌપીન અને ઉપર ચાદર ઓઢી લીધી. બીજા એક ભક્તશ્રી મહંતજીએ સેવંતીનાં સફેદ અને પીળાં ફૂલોની કંથા પહેરાવી. પુષ્પોની ટોપી ઉપર અન્ય પુષ્પોની કળીઓના લટકણિયા લોકલાગણી પ્રગટ કરતા હતા. દ્રાક્ષ અને એલચીનો હાર એક બહેને પહેરાવ્યો તો બીજા બહેને જાંબલી રંગનો મુગટ અને કમળકાકડીનો હાર પહેરાવી કૃતાર્થતા અનુભવી. એ બધું ઉતારી દઈ અવધૂત અસલી લિબાસમાં આવી ગયા. એ તો એવા ભાવથી બેઠેલા કે જાણે એમને આ બધી વસ્તુઓ સાથે કંઈ લેવા દેવા નથી.

દત્તબાવની ગવાવા માંડી ત્યારે સરખેજનાં શબરી બા કરતાલ લઈ નાચવા માંડ્યાં. ભક્તિનો ભાવ નિત્ય યુવા છે. આરતી પછી છડી પોકારાઈ. એમાં રંગાડવધૂતો વિજયતેતરામ્ વિજયતેતમામ્. એમાં અવધૂતનો આજનો વિજય એટલે વર્તમાન પરિસ્થિતિમાં દેશનો વિજય એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. શ્રી ગૌતમ મહેતાના દર્દીલા મધુર કંઠમાંથી ભજન સરવા લાગ્યું, “માડી તારો વીંઝણો ધીરે ધીરે વાય.” એ પછી પૂ.શ્રીએ બે દિવસ પહેલાં જ રચેલું ભજન “પહેરી લીધા વીટલા તારા હો અંબે, માડી તારા હો અંબે” ગવાયું. નાનકડી ઘટનામાં પણ પ્રભુનો ચમત્કાર કે કૃપા માનનાર ભક્તને દુઃખ પડે છે ત્યારે દુઃખને પણ સહર્ષ સ્વીકારી તેને પણ કાવ્યનું ઉપાદાન બનાવી દે છે. એ દુઃખ પણ કાવ્યથી મઢી દે છે.

આંબોઈનું દરદ થવાથી પૂ.શ્રી પોતે રબરના સાદા ગોળ વીટા પગના અંગૂઠામાં કોઈકવાર ભેરવી રાખે છે જેથી આરામ મળે. અહીં અંબાજી આવતાં રસ્તામાં જ આ વીટા જોઈ માતાજીના વીટલાનું સ્મરણ થતાં સ્વાભાવિક ઉદ્‌ગારરૂપે આ ભજન નીકળ્યું. પોતાના રબરના વીટા જોઈ એનું માતાજીના દિવ્ય, સુંદર વીટલા સાથે અનુસંધાન કરી દેવું અને દેહને હળવું બનાવી વિનોદમાં ને વિનોદમાં આવું ભક્તિમય ગીત સર્જવું એ કંઈ જેવી તેવી સર્જકશક્તિ નથી.

પૂ.શ્રીએ વિનોદ કર્યો કે “સોનાની કે રૂપાની કડીઓ હું ગરીબ ક્યાંથી લાવું? એટલે આ રબ્બરથી ચલાવું છું.” ત્યારબાદ વડોદરાના શ્રી મણિશંકર પંડિતજીએ રચેલ પરમાત્મપદે ગવાયું. જેમાં ભક્તજનોએ પૂ.શ્રી પાસેથી કેવળ પ્રભુભક્તિ સિવાય બીજા કશાની અપેક્ષા નથી રાખી એવી ભાવના વ્યક્ત થઈ છે. બહેનોએ એક અધ્યાત્મ ગરબો ઉપાડી લીધો. એ ગરબો ગવાતો હતો ત્યારે લગભગ ૮૦ વર્ષથી પણ ઉપરનાં એક માજી એક ભાઈનો ટેકો લઈને આટલી જનમેદની વટાવી લથડતે પગે પૂ.શ્રી પાસે આવ્યાં. એમની આંખે પાટો બાંધેલો હતો. એવી આંખની બીમારી જોતાં જો એ માજી ઘેર બેસી રહ્યાં હોત તોપણ ચાલત પણ અવધૂતજીના

---

**દત્તનામસંકીર્તનમાં આવતા ભગવાનનાં વિશેષણોને પૂ.બાપજીએ એવા ગર્ભિત ભાવે ક્રમથી મૂક્યાં છે કે ૮૪ શ્લોકોના ઉચ્ચાર વડે થતા થડકારથી ચક્રો જાગૃત થઈ અંતરના તાર ઝણઝણીને બધેથી પરમાત્મા તરફ ગતિ થાય છે.**

વ્યક્તિત્વનો જાદુ જ એવો છે કે પોતે જ્યારે ગામમાં પધાર્યા હોય અને આવી કવિતામાં લોકોને રસતરબોળ કરી રહ્યા હોય ત્યારે કોઈને પણ ઘરમાં બેસી રહેવાનું ગમે નહિ, ચેન જ ન પડે. દયારામે લખ્યું છે, "હું તો ઘરમાં જાઉં ને આવું આંગણે બિહારીલાલ!" એવી સ્થિતિ થાય છે. પૂ.શ્રીએ પોતે જ બોલાવીને પોતાના જ હાથે માજીને પ્રસાદ આપવાનો આગ્રહ બતાવ્યો અને ડોશીમાની નિષ્ઠા ફળી. લોકોના મનનું સમાધાન કરતાં અવધૂતજીને કેવું આવડે છે.

અવધૂતજીનાં ચરણ પાસે અનેક પ્રકારનાં કીમતી વસ્ત્રોનો ડુંગર ખડકાયો છે પણ એ રથ્યાચર્પટ વિરચિત કંથાધારીને એમાંનું કંઈ જ ખપતું નથી. એ વસ્તુઓમાં રહેલી ભાવના એણે સ્વીકારી લીધી અને તમામ વસ્તુઓ પ્રસાદી તરીકે બ્રાહ્મણો અને અન્ય ભક્તજનોને વહેંચી દીધી.

ત્યારબાદ શ્રી નરહરિભાઈ શાસ્ત્રીજીએ આ પ્રસંગે પોતે સંસ્કૃતમાં રચેલી માતાજીની સ્તુતિ ભાષાંતર અને એની સમીક્ષા સાથે પ્રસંગોનાં ઉદાહરણો સાથે રજૂ કરી. અવધૂતજી શકત્યાવાહનમ્ બોલી રહે અને દ્વાર ઉઘડવાનો સમય ન હોવા છતાં પણ તે જ વખતે તરત દ્વાર ખૂલે એ પ્રસંગને એઓશ્રીએ બહુ જ સૂચક ગણાવ્યો હતો. અહીં આવા જ બીજા એક બે ચમત્કારિક કહેવાનું મન થાય એવા પ્રસંગોની નોંધ લઈએ.

પૂ.શ્રીએ શક્તિને આવાહન કર્યું તે પછી તરત જ માતાજીને પહેરાવેલી સાડી સરી પડી હતી. ત્યાંના મંદિરના પૂજારીઓ, વ્યવસ્થાપકો વગેરેના કહેવા મુજબ વરસોથી આવું કંઈ જ બન્યું હોવાનું એમના જાણ્યામાં ન હતું. કોઈક વિશિષ્ટ ઘટનાના સંદર્ભમાં જ આમ બન્યું હોવાનું જાણ્યામાં છે. નહિ તો વ્યવસ્થાની જીવને જોખમે કાળજી રખાતી હોય ત્યાં આવું બને જ શી રીતે? ભાવિકોને લાગ્યું કે જનતાનું મુખ બનીને શક્તિને આર્તભાવે પોકારતા અવધૂતજીની વાણી સાંભળી, બેઠાં ત્યાંથી એકદમ ઊઠીને, ઉતાવળમાં દોડી આવતાં માની સાડી અસ્તવ્યસ્ત થઈ અને શણગાર ફરી કરવા પડ્યા. ઉતાવળમાં અને ખાસ કરીને અકસ્માત કે કટોકટીના પ્રસંગે વસ્ત્રોનું ભાન ક્યાં રહે છે. માતાજી વહાર સાંભળી દ્રવીભૂત (Moved) થઈ ગયાં!

બીજો એક પ્રસંગ દશમને દિને બન્યો. પૂ.શ્રી સૌને લઈને માતાજીનાં દર્શને ગયા. સૌ પૂજ્યશ્રીની આસપાસ માતાજીનું સ્તવન કરતાં બેઠાં હતાં. ભાઈ શ્રી ગૌતમ મહેતાએ એક ભાવવાહી ભજન લલકાર્યું. જેમાંની પંક્તિ "નભને ગોખથી તારલિયા તારી આરતી ઉતારે" ગવાતાંની સાથે જ અંદરથી આરતીના ઘંટારવ શરૂ થયા. સૌનાં હૈયાં આનંદથી હરખી ઊઠ્યાં કેમ કે માતાજીનું આવાહન કરતાંની સાથે જ દ્વાર ખૂલવાનો પ્રસંગ એને પહેલે દિને જ બન્યો હતો અને પૂ.શ્રીએ "માતાજીએ આપણો અવાજ સાંભળ્યો ખરો" એવી શ્રદ્ધા વ્યક્ત કરી હતી અને

આજે ફરીથી એવું જ બન્યું એટલે લોકોની માજી પ્રત્યેની અને પૂ.શ્રી પ્રત્યેની શ્રદ્ધા વધી ગઈ કે માજી પાસે સાચા કાન છે અને અવધૂતજી પાસે સાચી જીભ છે. સાચી નજર જોઈએ આ બધું જોવા માટે.

ચમત્કાર એ બીજું કંઈ નહીં પણ આપણા હૃદયની ઉચ્ચ ભાવનાઓને પોષનાર એક અકસ્માત છે. જો અકસ્માતથી આપણું જીવન ઊર્ધ્વગતિ સાધતું હોય તો એવા અકસ્માતો પણ આવકાર્ય છે. આવી બે ઘટનાઓ એક જ સાથે કોઈ પણ જાતના આયાસ વિના બની જાય અને કલ્પના પણ ન કરી હોય છતાં બની જાય અને શ્રદ્ધાથી હૃદય ઉન્નત વિચારોથી ભરાઈ જતાં હોય તો હૃદયની શુદ્ધિ માટે પ્રભુની વધારે નજીક જવા આવા અકસ્માત લોકહૃદય સ્વીકારી લે છે. એ જ ચમત્કાર છે. ચમત્કારને અલાદીનના જાદુઈ ફાનસ જેવો માની લેવાનો ખોટો ખ્યાલ ઘૂસી જવાથી જ બૌધિક રીતે વાંઝિયું પૃથક્કરણ કરવાની વૃત્તિ ઘણા લોકો સેવે છે, પોષે છે અને એમાં મહત્તા માને છે. બુદ્ધિ એ કંઈ વસ્તુ કે ઘટનાને માપવાની, પામવાની છેલ્લી કસોટી નથી. બુદ્ધિનો ગજ તો સાવ નાનો છે. સત્યને એનાથી માપવા જઈશું તો સમય ઘણો લાગશે, શક્તિ વેડફાશે. વારથી માપવાનું હોય ત્યાં આંગળીથી માપીએ તો કેવું હાસ્યાસ્પદ લાગે! તેવી રીતે આવા પ્રસંગોને કેવળ બુદ્ધિથી નહિ માપવા જોઈએ.

શ્રદ્ધાના વારથી ગણી, તાળો મેળવી, બુદ્ધિનું કોષ્ટક ઉઘાડવાનું અને ગણી કાઢવાનું.

બાકી પૂ.શ્રી જ્યારે અંબાજી આવતા હતા ત્યારે રસ્તામાં તદ્દન નિર્જન જંગલમાં મરવાની આળસે જીવતો, જર્જરિત થઈ ગયેલો ડોસો પરિચય પણ ન હોય અને “અલા! બાપજી બેસને! થોડુંક દૂધ પીને! ના, ના બેસ. આજે થોડુંક દૂધ તો પીને જ જા! કહીને એકાએક દોડતો જઈ ક્યાંકથી દોહી લાવી અવધૂતની લાડમાં ને લાડમાં પરાણે ક્ષુધાતૃપ્તિ કરે એ પણ કંઈ નાનીસૂની ઘટના થોડી જ છે? રાજસ્થાન અને ગુજરાતની સરહદ જ્યાં જુદી પડે છે ત્યાં આગળ સરકારી કર્મચારીઓએ પૂ.શ્રીના રસાલાનું અલ્પાહાર કે પેય દ્વારા સ્વાગત કરવાનું નક્કી કર્યું હતું અને તેમને સઘળું આબુ રોડથી જ મંગાવવું પડ્યું હતું, પણ તે દિવસે સૌને ઉપવાસ હતો તેથી એનો સાભાર અસ્વીકાર કરવો પડ્યો હતો. અવધૂતજી પણ એમ ને એમ જાય એ આ તદ્દન અજાણ્યા ડોસાને (આ ડોસો કંઈ ત્યાંનો રહેવાસી ન હતો) લાગી આવે અને દોડીને છેવટે દૂધ પાઈને જ અવધૂતજીને વિદાય લેવા દે એનું અકસ્માત શોધવાનો પરિશ્રમ એ બુદ્ધિશક્તિનો પાણી વલોવવા જેવો વ્યય છે માટે ચશમાં ચડાવીને જોવાથી જ દર્શન સ્પષ્ટ થશે. ‘ચમત્કાર વિના નમસ્કાર નહિ’ એ કહેવત કરતાં સાચું તો એ છે કે સાચા નમસ્કાર જ ચમત્કારનું દર્શન કરાવે છે.

**મન મૂકીને રે, માનવી! સંત ચરણ પ્રણામ,**
**સેવા અદકી રે, જો કરે, આવે આપની ફામ.**

શ્રી શાસ્ત્રીજીના પ્રવચન બાદ મેં તથા શ્રી હિંમતલાલ રણછોડદાસ ઠક્કરે પ્રવચનો કર્યા હતાં. જેમાં આજના પ્રસંગની આ સ્થાનમાં આજની પરિસ્થિતિના સંદર્ભમાં કઈ અગત્ય છે તે એ બંનેએ બતલાવ્યું હતું.

પછી શ્રી ત્રિપાઠી સાહેબ તથા પૂ.મુ. મોદીજીએ દાતા નરેશ, ગ્રામપંચાયત અને સ્થાનના વેપારીઓ સમેત સૌ જનતાનો આભાર માન્યો. "અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત"ની ગર્જના થઈ. અવધૂતજી ઊઠ્યા.

હજારોની સંખ્યામાં એકસાથે અભેદ ભાવનાના આનંદ સાથે સૌએ મહાપ્રસાદ લીધો. "આજ આનંદનું પૂર ઉરમાં વહે, સોળ બ્રહ્માંડમાં ના સમાયે" એવો અનન્ય આનંદ અનુભવ્યો. અંબાજીમાં મા ભગવતીની લીલા અને અવધૂતજીની લીલાના રાસ રમાયા. ધન્ય છે એ લીલાસર્જકોને અને ધન્ય છે એ લીલારાસના જોનારાઓને.

"રંગ લાગ્યો રે માતાજી તારો રંગ લાગ્યો
રંગ લાગ્યો અવધૂત તારો રંગ લાગ્યો."

ૐ શાન્તિ પુષ્ટિ તુષ્ટિ

"શ્રી પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતીનો ઉત્સવ ઊજવાય તે એક દૃષ્ટિએ શ્રી અવધૂતની જ જયંતી ઊજવાય છે અને આ ઉત્સવથી શ્રીઅવધૂત પણ અતિ પ્રસન્નતા અનુભવે અને આપણે સૌ પણ ધન્યતા અનુભવીએ.

શ્રી હનુમાનજી તો કેવળ શ્રી રામની સેવાથી ધન્ય બન્યા પણ શ્રી પ્રેમ અવધૂતજીએ શ્રીઅવધૂતની સેવા તો કરી પણ શ્રીઅવધૂતના ભક્તોની પણ અતિ પ્રેમપૂર્વક સેવા કરી છે અને તે સેવા દ્વારા શ્રીઅવધૂતના આદર્શોને જીવનમાં ચરિતાર્થ કર્યા છે અને આ કક્ષાએ પહોંચ્યા છે.

શ્રીઅવધૂતના જીવનમાં અનેકવિધ પાસાં- એકાંત સેવન, મૌન, સર્વ પ્રત્યે સમભાવ, નિર્લેપતા, નિરભિમાન અને શ્રીગુરુ સ્મરણ દ્વારા દેહભાવ ક્ષીણ કર્યો છે. આ બધું જેમણે શ્રી અવધૂતના જીવનમાં ન જોયું હોય તેઓને શ્રી પ્રેમ અવધૂતમાં અનુભવાશે.

(શ્રી જગન્નાથ ત્રિવેદી, સરખેજના પત્રમાંથી ઉદ્ધૃત)

**સિનેમા-નાટકમાં મનનું રંજન થાય છે પણ આભા ઢંકાય છે.**

**હું તો માગણ ગુરુઘર દાસી રે,**
**એક સેવા તણી ઉપવાસી રે.**

# (૬)

# સિદ્ધપુર અને દત્તભક્તિ

- પ્રા. શિવુભાઈ દવે
વડોદરા.

ઉત્તર ગુજરાતનું સરસ્વતી નદીના પશ્ચિમ કાંઠે આવેલું સિદ્ધપુર 'માતૃગયા' નામે સારાયે ભારતમાં વિશ્રુત પ્રાચીનતમ શહેર છે. પૂ. પરમ સદ્‌ગુરુ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજના આ શહેરમાં આગમનનો નિર્દેશ કરતા પૂ.બાપજી જણાવે છેઃ

માર્ગે થઈ વેગે પધાર્યા સિદ્ધપુર માંહ્ય;
માતૃગયા જેને કહે, રહ્યા આવીને ત્યાંય; (શ્રીગુ.લી. ૧૨૮/૧૧૯)

અલબત્ત ઋગ્વેદના મંત્રોમાં જે સરસ્વતીનો ઉલ્લેખ છે તે તો ઉત્તર ભારતમાં થાણેશ્વર પાસે સરસ્વતી અંગેની જે પુરાણ કથાઓ છે તે બધી જ ગુજરાતની સરસ્વતી નદીને લાગુ પડે છે.

આ શહેરની મહત્તા અનેક રીતે આંકી શકાય તેમ છેઃ

(૧) આ શહેર વાગ્દેવતા સ્વરૂપ સરસ્વતી નદીના કાંઠે છે, જ્યાં અનેક ઋષિઓએ પ્રાચીનકાળમાં આશ્રમો બાંધી નિવાસ કર્યો છે. તેમાંય નદી શહેરની પૂર્વ દિશામાં વહે છે. એ રીતે એ પવિત્ર તીર્થ સ્થાન છે.

(૨) આ શહેરની ભૂમિ ખૂબ પવિત્ર ગણાય, કારણ કે વિશ્વના ઉષઃકાળમાં વિશ્વસર્જનના આરંભમાં જ બ્રહ્માના માનસપુત્ર પ્રજાપતિ કર્દમે બ્રહ્માના 'તું પ્રજોત્પત્તિ કર'- એ આદેશને માન આપી સરસ્વતી નદીને કાંઠે જ્યાં આજે આ શહેર છે તે જગ્યાએ આશ્રમ બાંધી દશ હજાર વર્ષ તપ કર્યું. શ્રીમદ્‌ભાગવત કહે છેઃ

પ્રજાઃ સૃજેતિ ભગવાન્ કર્દમો બ્રહ્મણોદિતઃ
સરસ્વત્યાં તપસ્તેપે સહસ્ત્રાણાં સમાદશ (ભા. ૩-૨૧-૬)

એ રીતે એ ક્ષેત્ર છે જેમાં જલનું માહાત્મ્ય હોય તે તીર્થ કહેવાય, ભૂમિનું માહાત્મ્ય હોય તે ક્ષેત્ર કહેવાય. સિદ્ધપુરની મહત્તા બંને રીતે છે. તેથી એ તીર્થ-ક્ષેત્ર છે.

(૩) પૂ. સ્વામી મહારાજ શ્રી દત્તપુરાણનાં દ્વિતીયાષ્ટકના ચતુર્થ અધ્યાયના પ્રથમ શ્લોકની ટીકામાં લખે છેઃ

સ્ત્રીકામનયા સિદ્ધક્ષેત્રે તપશ્ચરન્તં કર્દમ પ્રાપ્ય મનુર્બ્રહ્માજ્ઞયા તસ્મૈ દેવહૂતિં દદૌ.

---

**જીવનમાં જે ખૂટે છે તે પૂજન દ્વારા મેળવવાનો ભાવ જ પરમાત્મા તરફ ગતિ કરાવે છે.**

---

સુશીલ સ્ત્રીની પ્રાપ્તિ માટે અને તે દ્વારા પ્રજોત્પત્તિ કરવા તપ કરતા કર્દમ ઋષિ પાસે આ ક્ષેત્રમાં આવી સ્વાયંભુવ મનુ અને એની રાણી શતરૂપાએ પોતાની પુત્રી દેવહૂતિનું બ્રાહ્મ વિવાહવિધિથી કર્દમ સાથે લગ્ન કર્યું, અખિલ વિશ્વમાં આ પ્રથમ લગ્ન હતું. એ રીતે આ ક્ષેત્રની મહત્તા ખૂબ વધી જાય છે.

મૃત્યુલોકમાં સૃષ્ટિના પ્રારંભે તું જાણ
લગ્ન આ જ પહેલું થયું, તે કારણથી માન
શ્રીક્ષેત્ર એને વદે થયું લગ્ન જ્યાં એહ;
ગુર્જરદેશે સિદ્ધપુર નામે પ્રસિદ્ધ તેહ. (શ્રીગુ.લી. ૧૨૯/૨૮-૨૯)

અને એથી જ આ સિદ્ધપુર પુરાણોમાં શ્રીસ્થળ (શ્રીક્ષેત્ર)ના નામે પ્રસિદ્ધ છે.

(૪) આમ તો સૃષ્ટિકર્મમાં સ્વાયંભુવ મનુ અને શતરૂપાના દામ્પત્ય જીવનથી જ મૈથુનથી પ્રજોત્પત્તિનો આરંભ થયો અને તેમાંયે બ્રહ્માના ધ્યાનમાંથી ઉત્પન્ન થયેલાં એ બંને (બ્રહ્માના માનસ સંતાન હોવાથી ભાઈબહેન ગણાય) દંપતી સંબંધથી જોડાયાં. શ્રી દત્તપુરાણમાં કહ્યું છેઃ-

આદ્યો મનુઃ સ મહિષી શતરૂપેતિ દમ્પતિ ।
જનયામાસતુઃ પુત્રો પુત્રીશ્ચ ગ્રામ્યધર્મતઃ ॥ (દ.પુ. ૨-૩-૪૧/૪૨)

ગ્રામ્યધર્મ એટલે મૈથુન ક્રિયા. એમને બે પુત્ર અને ત્રણ પુત્રીઓ થઈ, જેમાંની એક 'દેવહૂતિ' હતી.

પણ પાણિગ્રહણ સંસ્કાર કરી દંપતી બની પ્રજોત્પત્તિ કરનાર આ વિશ્વમાં સર્વપ્રથમ કર્દમ અને દેવહૂતિ હતાં.

કર્દમ દ્વારા દેવહૂતિમાં જે નવ કન્યાઓ થઈ તે એમણે બ્રહ્માના માનસપુત્રોન લગ્નમાં આપી અને શ્રીદત્તપુરાણમાં પૂ. સ્વામી મહારાજ જણાવે છે તેમ 'અતેભ્યઃ એવ સર્ગોઽત્ર ।' (૨-૪-૧૭) આ સમગ્ર વિશ્વનું સર્જન બ્રહ્માના માનસપુત્રો અને કર્દમની કન્યાઓથી નિર્માણ થયું. આમ સરસ્વતીને કિનારે સિદ્ધપુરમાં 'વિશ્વસર્જન'નો પાયો નંખાયો. સિદ્ધપુરનું આ અનોખું વિશિષ્ટ!

(૫) કર્દમે લગ્ન બાદ ૧૦૦ વર્ષ સુધી દેવહૂતિ સાથે ક્રીડા કરી! પણ આ ક્રીડા આસક્તિ વિનાની! તેમાંયે પોતે જ નિર્માણ કરેલા વિમાનમાં સુમેરુ પર્વત પર જઈ સમગ્ર ભૂમંડળ પર પરિભ્રમણ કર્યું. આ એમનું ઐશ્વર્ય. પોતે જાતે સ્વ-સ્વરૂપના નવ વિભાગ કરી દેવહૂતિમાં

વીર્યાધાન કર્યું અને તે જ દિવસે તરત જ દેવહૂતિએ નવ પુત્રીઓને જન્મ આપ્યો. શ્રી ભાગવતમાં કહ્યું છેઃ-

તસ્યામાધત્ત રેતસ્તાં ... |
નોધા વિધાય રુપં સ્વં ... | (ભા.પુ. ૩-૨૩-૪૭)
અતઃસા સુષુવે સદ્યો દેવહૂતિઃ સ્ત્રિયઃ પ્રજાઃ | (ભા. પુ. ૩-૨૩-૪૮)

એવો છે આ ક્ષેત્રનો મહિમા!

(૬) કર્દમની ઉગ્ર તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા ભગવાનના નેત્રોમાંથી હર્ષના આંસુ આ ભૂમિ પર પડ્યાં, જેમાંથી બિંદુ સરોવરનું નિર્માણ થયું. પૂ.બાપજી કહે છેઃ-

સ્રવ્યું ભૂતલે; હર્ષ બિંદુઓ એ જે સ્થાન
પડ્યાં; તેજ થયું જગે બિંદુ સરોવર જાણ. (શ્રીગુ.લી. ૧૨૯/૧૩)

અલબત્ત, આ બિંદુ સરોવર એક નાનો ચોરસ કુંડ જ છે. પણ એમાં સ્નાન કરવાનું ખૂબ માહાત્મ્ય છે. એની દક્ષિણે કર્દમ-દેવહૂતિની મૂર્તિઓ છે. આ બિંદુ સરોવર પણ આ ક્ષેત્રની મહત્તામાં ઉમેરો કરે છે.

(૭) એ આ જ ભૂમિ છે, જ્યાં અંશાવતાર ભગવાન કપિલજીનો જન્મ કર્દમઋષિને ત્યાં થયો. પતિવ્રતાના મૂર્તિમંત સ્વરૂપ સમી મા અનસૂયા પણ કર્દમઋષિ અને દેવહૂતિના પુત્રી અને એમની પવિત્ર કૂખે પૂર્ણાવતાર ભગવાન દત્તાત્રેયનો જન્મ એ રીતે ભગવાનના અંશાવતારનું **વતન** અને પૂર્ણાવતારનું **મોસાળ** તે આ **શ્રીક્ષેત્ર**! કપિલજી દત્ત ભગવાનના મામા! દત્તભક્તિના મૂળમાં સિદ્ધપુરનું કેવું દિવ્ય પ્રદાન!

(૮) પ્રજોત્પત્તિનું કાર્ય પૂર્ણ થયા પછી દેવહૂતિ સાથે શરત કર્યા પ્રમાણે કર્દમઋષિ પરમહંસના ધર્મનો આશ્રય લઈ વનમાં ચાલ્યા ગયા. કલ્પાંત કરતી મા દેવહૂતિને આ જ ક્ષેત્રમાં સાંખ્યદર્શનના આદિ પ્રણેતા કપિલે જ્ઞાન આપ્યું. મનઃશાંતિ પ્રાપ્ત કરી મા દેવહૂતિ જલરૂપ બની ગયાં. તે જ આ ક્ષેત્રમાં આવેલ **'જ્ઞાનવાપિ'** સરોવર.

(૯) ભગવાન કપિલે અ સ્થળે માતા દેવહૂતિની ઔર્દ્વદેહિક ક્રિયા કરી શ્રાદ્ધ કર્યું ત્યારથી આ સ્થળ માતૃગયાના નામે પ્રસિદ્ધ છે. અહીં આવી સ્વર્ગસ્થ માનું શ્રાદ્ધ કરવાથી માની ઉત્તમોત્તમ ગતિ થાય છે અને માતૃઋણ અદા કરનાર એના પુત્રનું પણ કલ્યાણ થાય છે. આ પ્રમાણના આધારે જ દત્ત ભગવાનના આદેશથી પરશુરામે રેણુકામાતાનું શ્રાદ્ધ-તર્પણ બિંદુ સરોવરના જલથી કર્યું હતું. આ ક્ષેત્રની આ છે દિવ્ય વિશિષ્ટતા.

**જન્મો જન્મે માગું સેવા,**
**પ્રેમામૃત તુજ અક્ષય મેવા.**

(૧૦) ઐતિહાસિક દૃષ્ટિએ તો એનું મહત્ત્વ છે જ. મૂળરાજે આ ક્ષેત્રમાં સં. ૧૦૦૦ની આસપાસ જેનો બંધાવવાનો આરંભ કર્યો હતો, તે રુદ્રપ્રાસાદ સિદ્ધરાજે સં. ૧૨૦૨માં પૂર્ણ કરી માઘ વદ ૧૪ને (મહાશિવરાત્રીને દિવસે) દિને એમાં શિવલિંગની પ્રતિષ્ઠા કરી હતી. સંભવ છે કે સિદ્ધરાજના નામ પરથી આ શહેરનું નામ 'સિદ્ધપુર' પડ્યું હોય.

આમ આવા આધ્યાત્મિક દૃષ્ટિએ અતિ વિશિષ્ટ અને અલૌકિક તીર્થક્ષેત્રમાં આપણા પરમ સદ્‌ગુરુ પૂ. સ્વામી મહારાજે એમનો દ્વારકામાંનો નવમો ચાતુર્માસ પૂર્ણ કર્યા પછી વિચરણ કરતાં રાજકોટ, વિરમગામ વગેરે સ્થળે ફરતાં ફરતાં સિદ્ધપુરમાં આવી ત્રણેક માસ વાસ્તવ્ય કર્યું હતું. જે ભૂમિમાં દત્તભક્તિનું બી ભગવાન દત્તાત્રેયના મોસાળ હોવાને નાતે વવાયું હતું તેને પૂ. સ્વામી મહારાજે અંકુરિત કર્યું. પૂ.બાપજીની કૃપાથી તો એ દત્તભક્તિની વેલી ફૂલીય ખરી અને ફળી સુધ્ધાં.

પૂ. સ્વામી મહારાજના સિદ્ધપુરના નિવાસ ચરિત્રની રજૂઆત પહેલાં એમનો અલૌકિક અને ચમત્કૃતિપૂર્ણ સંન્યસ્તદીક્ષાનો પ્રસંગ જાણવો ઉપયુક્ત ગણાય. દૈવી પુરુષો વિશ્વકલ્યાણના કોઈ હેતુ માટે જ જન્મ લેતા હોય છે. આવા હેતુ માટે જ આ પૃથ્વી પર પધારેલા દત્ત-અંશાવતાર પૂ. સ્વામી મહારાજ બાળપણથી જ સંન્યસ્ત લેવા ઇચ્છતા હતા, પરંતુ ભગવાને એમને ત્રણ-ત્રણ વખત સંન્યાસ લેવાની ના પાડી! ભગવદિચ્છાથી જ એમણે પૂ.અન્નપૂર્ણાબાઈ સાથે લગ્ન કર્યું.

હવે પત્ની સાથે પરિભ્રમણ કરતાં તેઓ ગંગખેડ પધાર્યા. ત્યાં પત્ની બીમાર થયાં. ત્યારે દેવે દૃષ્ટાંત આપી કહ્યું આજથી ચોથે દિવસે તમને બંનેને લેવા અમે આવીશું. ભગવાનના વહાલા ભક્તો ભગવાનને પણ પડકાર કરી શકે છે! પૂ. સ્વામી મહારાજે ભગવાનને ઠપકો આપતા કહ્યું ત્રણ વખત મેં સંન્યસ્ત લેવા આપની અનુમતિ માગી, પણ તમે ના પાડી, હવે હું સંન્યસ્ત લેતા પહેલાં આ શરીર છોડી તમારી પાસે આવવાનો નથી. તમારી ઇચ્છા હોય તો પત્નીને સુખેથી લઈ જાવ. મરાઠી ગુરુદેવચરિત્રમાં લેખક પૂ. સ્વામી મહારાજના શબ્દો ટાંકતાં અવતરણ આપે છેઃ-

"આપણાંસ સંન્યાસ ધ્યાવયાચા અસલ્યાનેં આપણ યેણાર નાહીં." (પૃ. ૭૭)

પૂ.બાપજી પણ લખે છેઃ-

દેવવાણી એવી સુણી, બોલે શ્રીગુરુ ત્યાંયઃ-
લીધા વિણ સંન્યાસ હું દેવ! ન આવીશ ક્યાંય.
ના ફરશે સંકલ્પ એ! માટે પત્ની એહ,
જો ઈચ્છો, તો છો લઈ જાઓ નિઃસંદેહ. (શ્રીગુ.લી. ૧૨૩/૭૦,૭૧)

અને હવે ભગવાનને એમની ઈચ્છા માનવી પડી. આ હતું એમનું સામર્થ્ય.

**પૂજન દ્વારા ખૂલતા ઈંદ્રિયોના દ્વાર વાટે હૃદયનું પરિમિત સ્વરૂપ વિશ્વચેતના સાથે ભળે છે.**

**કરે ભાવથી સદ્ગુરુ સેવ,**
**તે પામે પુરણ તતખેવ.**

સંન્યસ્તની બીજી ચમત્કૃતિપૂર્ણ દિવ્યતાનો પ્રસંગ આ રીતે બન્યો. ગંગખેડના નિવાસ દરમિયાન દેવ-દષ્ટાંત પ્રમાણે પૂ.અન્નપૂર્ણાબાઈએ શકે ૧૮૧૩, વિ.સં. ૧૯૪૭ (ઈ.સ. ૧૮૯૧)ના વૈશાખ વદ ૧૪ (નૃસિંહજયંતીના પવિત્ર દિને) દેહત્યાગ કર્યો, તેના ચૌદમા દિવસે જ એટલે જયેષ્ઠ સુદ ૧૨ (પત્નીના ઔર્ધ્વદેહિક કર્મ પૂર્ણ થયા બાદ)ને ગુરુવારે પૂ.સ્વામી મહારાજે સંન્યસ્ત ગ્રહણ કર્યું પણ મૂંઝવણ એ ઊભી થઈ કે પ્રેષોચ્ચાર-વિધિ કોણ કરાવે? પણ આવા દિવ્ય પુરુષને એ વિધિ ક્યાંથી હોય? જેવો પૂજ્યશ્રીએ જલમાં પ્રવેશ કર્યો કે તરત જ પૂ. દત્ત ભગવાને શ્રી ગોવિંદસ્વામીનું રૂપ ધારણ કરી પ્રેષોચ્ચાર કરી યોગપટ્ટ પણ આપ્યો, દીક્ષા નામ પાડ્યું **શ્રી વાસુદેવાનંદસરસ્વતી**. આદેશ આપ્યો મધુકરી વૃત્તિથી જીવન નિર્વાહ કરવાનો. પછી ભગવદાજ્ઞા પ્રમાણે ઉજ્જયિની જઈ દત્તાવતાર પૂ.નૃસિંહસરસ્વતી ભગવાનના વંશજ શ્રી નારાયણસ્વામી પાસે દંડ લીધો; બીજી વાર એ જ નામ આપ્યું. આમ એમની સંન્યસ્ત દીક્ષા અલૌકિક હતી. ૩૭ વર્ષની ઉંમરે તેઓ સંન્યાસી બન્યા.

દંડ ધારણ કર્યા પછી પ્રથમ ચાતુર્માસ શકે ૧૮૧૩માં ઉજ્જયિનીમાં જ કર્યો. પ્રતિવર્ષ ભિન્ન વિભિન્ન સ્થળોએ ચાતુર્માસ કરતા હતા. પૂ.સ્વામી મહારાજે **૯મો** ચાતુર્માસ શકે ૧૮૨૧ (વિ.સં. ૧૯૫૫, ઈ.સ. ૧૮૯૯)માં દ્વારકામાં જગદ્ગુરુના આશ્રમમાં કર્યો. આ એ વર્ષ હતું જ્યારે આખા દેશમાં છપ્પનિયો દુકાળ પડ્યો હતો. ચાતુર્માસ પૂર્ણ થયા પછી અર્થાત્ ભા. સુ. ૧૫ પછી રાજકોટ, વિરમગામ વગેરે સ્થળોએ વિચરણ કરતાં કરતાં તેઓશ્રી સિદ્ધપુર પધાર્યા. દ્વારકાના ચાતુર્માસ પહેલાં નર્મદાતીરે આવેલા શિનોર ગામે પૂજ્યશ્રીના મુકામ વેળા પૂ. ગાંડા મહારાજ એમના શરણે આવ્યા ત્યારથી એમની સાથે જ હતા. તેથી પૂ. સ્વામી મહારાજ સિદ્ધપુરમાં પ્રથમ અને ગાંડા મહારાજ દ્વિતીય હતા.

પૂજ્ય સ્વામી મહારાજે સિદ્ધપુરના પ્રવેશ પહેલાં મા સરસ્વતીની સ્તુતિ કરી અને પછી ત્યાંના બ્રાહ્મણોએ બંધાવેલ હાટકેશ્વર મહાદેવના મંદિરમાં મુકામ કર્યો. આ પવિત્ર સ્થળે લગભગ ત્રણ માસ આસન કર્યા પછી શ્રીદત્તજયંતીનો ઉત્સવ ઊજવી એમણે મુકામ ઉઠાવ્યો. મરાઠી ગુરુદેવચરિત્રમાં લેખક જણાવે છેઃ- 'તેષે તીન મહિને વાસ્તવ્ય ઝાલેં. દત્તજયંતી ચા ઉત્સવ ત્યા ઠિકાણીં મોઠ્યા પ્રમાણાંત ઝાલા ।' પૂ. સ્વામી મહારાજે અહીંના નિવાસ દરમિયાન શ્રીમદ્ ભગવદ્ગીતા પર રોજ પ્રવચન કર્યું. આ શહેરના લોકોને આ એમનું મોટું પ્રદાન હતું.

પૂ.સ્વામી મહારાજે એક બીજું કાર્ય પણ અહીં કર્યું. પાટણથી આવેલ **બંબંમહાદેવ સરસ્વતી** નામે સંન્યાસીને એની ઈચ્છા પ્રમાણે **રુદ્રભાષ્ય** સમજાવ્યું અને અદ્વૈત-વેદાન્ત દર્શનના સિદ્ધાંતો ખૂબ સરળતાથી સમજાવ્યા. આમ, બે આધ્યાત્મિક કાર્યો એમણે સિદ્ધપુરમાં કર્યા.

**પૂજન દ્વારા ખૂલેલા દ્વારને ખુલ્લા રાખવા માટે, બંધ થતા અટકાવવા માટે, જે ક્રિયા કે પ્રયત્ન કરવાનો છે તેને જ સાધના કહેવામાં આવે છે.**

**સેવા સદ્‌ગુરુ કરવી જાણ,**
**તન, મન, ધન એ પર કુરબાન.**

પૂ. સ્વામી મહારાજ કેવળ વિરક્ત સંન્યાસી જ ન હતા, પરંતુ સાક્ષાત્ માનવતાની મૂર્તિ હતા. માનવ ભાવ પર એમને અપાર દયા હતી. એનો પરિચય કરાવતો એક પ્રસંગ સિદ્ધપુરમાં બન્યો. ત્યાં કેટલાક બ્રહ્મચારી અને સંન્યાસી રહેતા હતા. તેમાં તીર્થ સ્થળોમાં યાત્રા કરતો કરતો સિદ્ધપુરમાં આવી ચઢેલો એક કર્ણાટકી બ્રહ્મચારી હતો. સંગ્રહણીનો રોગ લાગુ પડવાથી ખૂબ અશક્ત એવા આ બ્રહ્મચારીની કોઈએ સંભાળ લીધી નહીં. પૂજ્યશ્રીએ ગાંડા મહારાજને એની ફક્ત પંદર દિવસ સંભાળ લેવા કહ્યું કારણ કે પૂ. સ્વામી મહારાજ જાણતા હતા કે પંદરમાં દિવસે એનો અંતકાળ છે. ગુરુદેવની આજ્ઞા પ્રમાણે પૂ. ગાંડા મહારાજે એની સેવા કરી. પંદરમાં દિવસે એની પાસે આવી ગુરુદેવે કહ્યું, ભગવાનનું નામસ્મરણ કર જેથી ઈશધ્યાનમાં તારા પ્રાણનું ઉત્ક્રમણ થાય. પૂ.બાપજી એ વિશે લખે છેઃ- "માટે ઈશ્વરનું હવે કર સાવધ તું ધ્યાન!" (શ્રીગુ.લી. ૧૨૯/૧૪૨) પૂજ્યશ્રી કેવા દયાળુ કે એને ક્રમમુક્તિ આપી. અને ત્યાંના લોકો પર અતિથિસત્કાર અને માનવ સેવાનું દષ્ટાંત બેસાડ્યું.

આવો જ માનવતા સભર અન્ય પ્રસંગ. આ શહેરના રહીશ અને ડાકોરના પૂજારી કૃષ્ણંભટ્ટ વૈજાપુરકરનો હતો. ખરાબ સોબતથી તેને ગાંજો પીવાની ટેવ પડી હતી. એની ગરીબ સ્વભાવની પત્નીએ પૂ. ગુરુદેવ પાસે આવી પગે લાગી પતિને સુધારવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ એક તાવીજ મંત્રી આપ્યું અને એના ગળે બાંધવા કહ્યું અને ગોળી ખાવા પણ આપી. એની પત્નીએ એ પ્રમાણે આચરતાં તે વ્યસનમુક્ત થયો. દુષ્ટ મિત્રોની સોબત છોડી દીધી અને પૂજ્યશ્રીનો એકનિષ્ઠ ભક્ત બની ગયો. પૂજ્યશ્રીએ એને મંત્રોપદેશ કર્યો. પ્રતિવર્ષ જ્યાં પૂ. સ્વામી મહારાજ હોય ત્યાં દર્શને જતો. અંતકાળે આતુર સંન્યાસ લઈ પૂ. ગુરુદેવની કૃપાથી ક્રમમુક્તિ મેળવી. પૂજ્ય સ્વામી મહારાજના આ બે માનવતાના જ્વલંત પ્રસંગો આ શહેરની ભૂમિના સાક્ષી છે.

છેલ્લે શ્રી દત્તજયંતીનો ઉત્સવ પ્રથમ વખત ખૂબ મોટા પાયે ઊજવી, દત્તભક્તિની વેલને પાણી સિંચન કરી અંકુરિત બનાવી, આ શહેરના લોકોમાં દત્તભક્તિનો દીવડો પ્રગટાવી પૂ. સ્વામી મહારાજ આગળના પ્રવાસમાં ડાકોર ગયા.

પૂ.સ્વામી મહારાજે કર્દમઋષિના સમયમાં દત્તભક્તિનું જે બી વવાયું હતું તેને અંકુરિત કરી સરસ ઉછેરી વેલ બનાવી તેને પૂ. રંગ અવધૂતજીએ ફૂલ ફળવાળી બનાવી આપી. ઈ.સ. ૧૯૫૭ ડિસેમ્બરમાં, એટલે કે ૬૦મી રંગજયંતી ઊજવાયી, તે જ વર્ષમાં દત્તજયંતી પ્રસંગે પૂ.બાપજીની આ શહેરમાં પધરામણી થઈ.

---

**મનના સંકલ્પ-વિકલ્પોની વચ્ચેની પળોમાં આનંદ આવે છે.**

---

પૂ. રંગ અવધૂત બાપજીના સાંનિધ્યમાં ખૂબ મોટા પાયા પર ઊજવાયેલા દત્તજયંતીનો આ શહેરમાં એવો પ્રભાવ પડ્યો કે આ પવિત્ર ક્ષેત્રના મોટા ભાગના આબાલવૃદ્ધ સ્ત્રીપુરુષો દત્તભક્તિમાં તરબોળ બની ગયાં પૂ.બાપજીનાં અંતરંગ ભક્ત બની ગયાં અને દિનપ્રતિદિન એમની ભક્તિજ્યોત શ્રદ્ધા-તેલથી વધુ દઢતર પ્રજ્વલિત બની.

આ શહેરની ઋષિ પરંપરા તો આજે પણ ચાલુ છે. અર્વાચીન કાળમાં જ આ શહેરના વતની તપસ્વી પૂ. દેવશંકરબાપા થઈ ગયા. સરસ્વતીને તીરે અરતેડેશ્વર મહાદેવની જગા પાસે સતત પાણીમાં ઊભા રહી ગાયત્રી માતાની ઉપાસના કરી, આ વેદજ્ઞ બ્રાહ્મણ એક સિદ્ધ ઋષિ બની ગયા. મા સરસ્વતીનો કિનારો ઓળંગી ગામમાં કદી જવું નહીં એ એમની પ્રતિજ્ઞા હતી. પૂ.બાપજી અહીં પધાર્યા ત્યારે આ વ્રતને કારણે પૂ.બાપજીનાં દર્શન નહીં થાય એ એમનું દુઃખ દૂર કરવા પૂ.બાપજી સ્વયં એમના આશ્રમે જઈ એમને મળ્યા અને આમ બે સંતોનું મિલન થયું. પૂ. દેવશંકરબાપાના આશ્રમમાં ત્રણ થડવાળું ઔદુંબર છે, જે ભગવાન દત્તાત્રેયની ઝાંખી કરાવે છે.

એ જ રીતે અહીં પૂ. જનાર્દનતીર્થ સ્વામીએ નદીકિનારે પર્ણકુટી બાંધી મધુકરીવૃત્તિથી રહી કેવળ ઈશ્વર ચિંતનમાં જીવન વીતાવ્યું હતું. એમની પર્ણકુટીરમાં એમની ચરણપાદુકાની પ્રતિષ્ઠા એમના દેહવિલય પછી સં. ૧૯૯૧માં થઈ. આજે એમના ભક્તો એમની પાદુકાનાં દર્શને આવે છે.

આમ વિશ્વના આરંભકાળથી અતિપુણ્યવાન બનેલા આ તીર્થક્ષેત્રમાં દત્તભક્તિ ખૂબ જાગ્રત છે અને કર્દમઋષિના સમયથી આરંભાયેલી ઋષિપરંપરા આજે પણ વિદ્યમાન છે. વિદ્વાન બ્રાહ્મણો-કર્મકાંડી આદિ પણ આજે જોવા મળે છે.

# (૭)

# શ્રીરંગભક્તિનું પારણું : વીસનગર

- પ્રા. શ્રી નારાયણભાઈ રેવાભાઈ પટેલ
વીસનગર (હાલ- નારેશ્વર).

સન ૧૯૪૦ની સાલ અને એપ્રિલનો માસ પૂ.શ્રીનું શ્રીગુરુલીલામૃત વાંચીને આકર્ષાયેલા દત્તભક્તો ડૉ. રતિભાઈ કંસારા, સંતશ્રી મગનભાઈ પટેલ, વકીલ શ્રી વિઠ્ઠલભાઈ, શ્રી મહીપતભાઈ અને માસ્તર પૂંજીરામ ઉત્તર ગુજરાતમાંથી નારેશ્વર આવ્યા. પૂ.શ્રી પાસે બેઠા અને આમંત્રણ આપ્યું કે બાપજી, આપ વીસનગર પધારો! અમો આપને આમંત્રણ આપવા જ આવ્યા છીએ.

પૂ.શ્રીએ એમનો બધાનો ભાવ તથા આંતરિક તપ જોઈને તરત જ કહ્યું કે હું સાંથલ (જોટાણા પાસે) સરખેજના શ્રી કેશવલાલ થાણદારને ત્યાં આવવાનો છું. ત્યાંથી તમારા ગામમાં આવીશ અને પૂ.શ્રી એ રીતે તા. ૭-૬-૧૯૪૦ના રોજ પ્રથમવાર વીસનગર પધાર્યા હતા.

પૂ.શ્રીએ એકાએક પ્રથમ પરિચયે જ હા પાડી તેના મૂળમાં એ બધાની દત્તભક્તિ અને નિષ્ઠાભર્યા ધાર્મિક અનુષ્ઠાનો હતાં. ડૉ. રતિલાલભાઈ તથા વકીલ શ્રી વિઠ્ઠલભાઈને સાંસારિક દુઃખો પડતાં મનઃશાંતિ અર્થે સત્સંગ તરફ વળેલા અને તેમાં સોજીત્રાના શ્રી ચતુરભાઈ પટેલ મારફતે સંતશ્રી મગનભાઈના પરિચયમાં આવેલા. સંતશ્રી મગનભાઈને કંથડનાથ પ્રત્યક્ષ હતા. તે દત્ત ભગવાનની વાતો કરે તેથી એક દિવસ ડૉ. રતિલાલભાઈને દત્ત ભગવાનનો ફોટો સંતશ્રી મગનભાઈના વરદ હસ્તે પધરાવ્યો. એ ફોટા સમક્ષ કરોડો જપનું અનુષ્ઠાન સંતશ્રી મગનભાઈએ આપ્યું અને કુટુંબે ભેગા મળી એ અનુષ્ઠાન પૂર્ણ કર્યું હતું. તે દરમિયાન મગનું પાણી કે ફળાહાર જ બધાં લેતાં.

એ પછી ડૉક્ટર સાહેબ વગેરેને દત્ત સાહિત્ય જોવાની ઈચ્છા થઈ અને શ્રી મહીપતરામભાઈ મારફત પૂ.શ્રીકૃત શ્રીગુરુલીલામૃત મળ્યું અને વાચતાં જ બધા નારેશ્વર આવ્યા હતા. પછી તો ડૉક્ટર સાહેબ વગેરે એવા રંગાયા કે ડૉ. સાહેબે તો પોતાના વ્યવસાય સાથે કડક આચાર પાળીને શ્રીગુરુલીલામૃતના ૧૦૮ પારાયણો કર્યા. જે વ્યક્તિગત પારાયણો કરનારાઓમાં આદ્ય હતા.

પૂ.શ્રીએ પણ વીસનગરમાં પાંચ વખત થઈ છત્રીસ દિવસનો મુકામ કર્યો હતો. પ્રથમ તા. ૭-૬-૧૯૪૦ થી તા. ૧૪-૬-૧૯૪૦ અને પછી છેલ્લે તા. ૯-૧૨-૧૯૫૭ થી તા. ૧૩-૧૨-૧૯૫૭ સંવત ૨૦૦૧ની ગુરુપૂર્ણિમા વીસનગરમાં પૂ.શ્રીએ કરી અને તે સમયે સરખેજ પરિવાર સેવામાં હતો.

પૂ.શ્રી એક વખત જ્યારે વીસનગર ડૉ. રતિલાલભાઈને ત્યાં પધાર્યા ત્યારે દત્ત ભગવાનની ચાંદીની પાદુકા જે પૂ.શ્રીની સૂચનાનુસાર જ બનાવવામાં આવી હતી તેની સ્થાપના થઈ. આ જ

પાદુકાજી લઈને વીસનગરની મંડળી ૧૯૮૦ની સાલમાં છેક ચાલતાં નારેશ્વર આવેલી એ પદયાત્રાનો ઈતિહાસ પણ અનોખો છે.

એ જ રીતે એક ૫૦૦વર્ષ જૂની દત્તપાદુકાજી જાળેશ્વર મંદિર પાસે છે. ઔદુંબર વૃક્ષ રોપાય, પણ થાય નહિ. પૂ.શ્રીને વાત કરી. પૂ.શ્રી ત્યાં પધાર્યા ને બધું જોયું અને પોતે બોલ્યાઃ જળાધારીની બરાબર છે. સીધમાં ઔદુંબર રોપો અને ઔદુંબર હાલ વડ જેવો મોટો થઈ પાદુકાજી પર છત્ર ધરી રહ્યો છે! પૂ.શ્રી બ્રહ્મલીન થયા તે દિવસે અચાનક જ એ મંદિરનાં દ્વાર ખૂલી ગયાં હતાં અને ચંદનજળનો વરસાદ થયો હતો.

ડૉક્ટર સાહેબનાં દીકરી ભારતીબહેન પૂ.શ્રીને વહાલા હતાં. તે નાના હતાં ત્યારે લાડકાં ને રમતિયાળ હતાં. પૂ.શ્રીએ રમતરમતમાં જ પોતાને ૧૦૮ ઘડાથી સ્નાન કરાવવા કહ્યું ને ભારતીબહેને એ બીડું ઝડપ્યું. ખૂબ થાકી ગયાં ત્યારે બાપજીએ ૧૦૮ એમ બોલીને તેમને છૂટા કર્યા. ખરું તો એમને જે દમનો વ્યાધિ હતો તેની એ રાહત દવા હતી! એમને એક મંત્ર આપ્યો હતો જેથી તે આળસુ હોવા છતાં વહેલા ઊઠતા થયાં અને મૅટ્રિકની પરીક્ષા પણ પસાર કરી.

પૂ.શ્રી એક વખત વીસનગર પધાર્યા ત્યારે તેમનું અભૂતપૂર્વ સ્વાગત થયું હતું. મૌલવીઓએ પણ ફૂલહાર કર્યા હતા. એક વયોવૃદ્ધ કાકા તો બોલી ઊઠ્યા, “આવું તો મહારાજા સયાજીરાવનું પણ સ્વાગત થયું ન હતું.” આજે પણ દત્તજયંતીનો વરઘોડો બેન્ડવાજા સહિત નીકળે છે ને આખા ગામમાં ફરે છે.

ડૉ. સાહેબ જાતે સંગીતજ્ઞ. પેટી પણ જર્મન સૂરોની. એક નાની પેટી પણ હતી જે પૂ.શ્રીને અર્પણ થઈ હતી અને નારેશ્વર તેઓ એના સૂર સાથે ભજનો ગાતા. “ગુરુચરન પ્રીત મોરી લાગી રે અને ગુરુકૃપા હિ કેવલમ્” એ બેની રચના પૂ.શ્રીએ વીસનગરમાં કરી હતી. તેમને ત્યાં ભજન નિયમિત થતું. તે સમયે સંપૂર્ણ શિસ્ત જળવાતી અને વીસનગરની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ ત્યાં આવતી. મને પણ એ ભજનનો, એ શિસ્તના આગ્રહને જોવા જાણવા તથા માણવાનો લહાવો ૧૯૪૯ થી ૧૯૫૫ સુધી મળ્યા કર્યો. આજે પણ એ કુટુંબોમાં અને એના રંગે રંગાઈ વીસનગર ગામમાં દત્તભક્તિ ધબકે છે. અનુભવો પણ અનેક આવ્યા કરે છે પણ એ બધા આલેખવાનું આ સ્થાન નથી.

પૂ.શ્રી સન ૧૯૫૭માં વીસનગરથી બાબીપુરા ગયા હતા. ત્યાં સંતશ્રી મગનભાઈ પટેલનું સ્થાન તથા એમના ભક્ત પરિવારે જાળવેલી એમની, જે બોલ્યા હતા તેની, નોંધો જાળવી છે તે જોઈને તે ખૂબ જ આનંદિત થયા હતા.

પૂ.શ્રીના બ્રહ્મલીન થયા પછી પણ વીસનગરમાં અવારનવાર શ્રીગુરુલીલામૃતની કથાઓ, દત્તયાગો, ઉત્સવો આદિ થયા કરે છે. હમણાં જ પૂ.શ્રી પધાર્યાને ૫૦ વર્ષ થયાં. તેનો ઉત્સવ ધામધૂમથી ઊજવાયો હતો. આમ વીસનગરમાં રંગ-દત્તભક્તિ ફૂલીફાલી છે અને હજીયે તેનો વિસ્તાર થતો જાય છે.

---

**ગુરુમહારાજ અનંતના આરાધકોનું શ્રેય કરી બધાને આનંદના સાગરમાં ડૂબાડે એવી પ્રાર્થના.**

---

# (૮)
# નિરાશી એહ અવધૂત!

- શ્રી વિઠ્ઠલભાઈ જ. પાઠક
નારેશ્વર.

જેમ વીજળીની ચાંપ દબાવતાં લાઇટ ચાલુ થઈ જાય તેમ સવારે ઊંઘમાંથી જાગીએ તેની સાથે જ મનની વિચાર-સૃષ્ટિ શરૂ થઈ જાય છે. આ વિચારોની પરંપરા એવી તો સતત ચાલુ રહે છે કે રાત્રે પથારીમાં પડતાં સુધી જ નહીં પણ સ્વપ્ન સૃષ્ટિમાં પણ એ વિચારધારા અવિરત ચાલુ જ રહે છે. એમાં કેટલા વિચારો ઉપયોગી કે બિન ઉપયોગી છે એનું વિશ્લેષણ કરીએ તો નિરર્થક-બિનજરૂરી વિચારો જ વધુ હોય છે. આ વિચારોમાં મન પ્રવૃત્ત થાય છે. આ બધી શારીરિક પ્રવૃત્તિઓને પણ તપાસીએ તો તેમાં પણ ઉપરના જેવું જ તારણ નીકળે છે. જેમ જેમ પ્રવૃત્તિમાં ઊંડા ઊતરીએ છીએ તેમ તેમ તેમાં વધુ ખૂંપતા જઈએ છીએ અને તેમાંથી અંતઃસુખ અપાવે એવી પ્રવૃત્તિ તો પ્રાયઃ હોતી નથી એટલે પ્રવૃત્તિ કરવા છતાં તેમાંથી શાંતિ કે સમાધાન તો લાધતું જ નથી ત્યારે પ્રશ્ન થાય છે કે કેવી પ્રવૃત્તિ કરવી? એનો જવાબ બાપજીના જીવનમાંથી જડી આવે છે.

શરૂઆતના સમયની વાત છે. પૂ.બાપજી નારેશ્વરમાં રાતના સમયે કુટીરના ઓટલે સૂતા હતા ત્યાં બે ડાકુઓ આવ્યા અને પૂછવા લાગ્યા, મહારાજ યહાં ક્યા કરતે હો? પ્રશ્ન પણ કેવો અને પૂછનાર પણ કેવો! એને શું જવાબ આપે?

થોડીવાર મૌન રહી બાપજી બોલ્યા, "ભાઈ! કુછ ન કરના પડે ઈસ લીયે જો કુછ ભી કરના પડે સો મૈં કરતા હૂં." આ સાંભળીને પેલા તો બાપજીના સામે જોઈ જ રહ્યા કારણ કે એ અબુધોની બુદ્ધિમાં ઊતરે એવો એ જવાબ જ ક્યાં હતો?

જેને કશુંય કરવાનું કે મેળવવાનું બાકી નથી અને "કરના થા સો કર લીના અબ ના કરના ના ભરના હૈ"ની જીવન્મુક્ત સ્થિતિએ પહોંચેલા એ અવધૂતને ઓળખવાનું, માપવાનું એમનું તો નહીં પણ આપણા જેવા દુન્યવી ગજનું પણ શું ગજું?

પણ કંઈ જ ન કરવું પડે એ સ્થિતિએ પહોંચવા માટે પણ કંઈક તો કરવું જ પડે એવું પૂ.શ્રી શું કરતા હશે? તો જવાબ છે ભજન! ભજન એટલે પૂ.બાપજીની દૃષ્ટિએ તો અખંડ

એકચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન! અને એવું ભજન-ચિંતન કરવાની વૃત્તિ પેદા થાય એવી પ્રવૃત્તિ કરવી એ જ શાશ્વત શાંતિનું સાધન કહેવાય.

એવી પ્રવૃત્તિ કરવાની વૃત્તિ સ્થિર કરવામાં અતિ મહત્ત્વનું અને આવશ્યક પ્રથમ સોપાન છે નિષ્કામવૃત્તિ! કોઈપણ આશા-ઈચ્છા અંતરમાં ન ઊગે એવી સ્થિતિ! પણ જગત આખું આશાના પાશમાં બંધાયેલું છે. આશા-ઈચ્છા વિનાનો માનવી શોધ્યોય ન જડે! કારણ કે આશા છે તો જ જીવન છે અને કામના છે તો તેની પૂર્તિ કરવામાં જીવન જીવવાનો આનંદ પણ છે.

આશા અને આનંદ એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલાં છે. આશા-ઈચ્છા વિહોણો આનંદ સંભવી શકે જ નહી એમ આપણે દૃઢપણે સમજીએ છીએ, માનીએ છીએ. ઈચ્છા પૂર્ણ થયા સિવાય આનંદની પ્રાપ્તિ થાય એ વાત જ આપણી બુદ્ધિમાં ઊતરતી નથી.

જ્યારે અવધૂત તો આશા, ઈચ્છાથી પર છે છતાં આનંદમાં રહે છે. શાથી? ભગવાન દત્તાત્રેય અવધૂત ગીતામાં પ્રહ્લાદને અવધૂતનાં લક્ષણો બતાવતાં 'અ'નું નિરૂપણ કરતાં કહે છેઃ-

આશા પાશ વિનિર્મુક્ત આદિમધ્યાન્ત નિર્મલઃ ।
આનન્દે વર્તતે નિત્યમ્ અકાર તસ્ય લક્ષણમ્ ॥

એટલે કે આશાના પાશમાં ન બંધાય છતાં જે નિજાનંદમાં રહે તે અવધૂત!

બાપજીને કોઈ પૂછે કે "આપને શું જોઈએ છે?" તો જવાબ મળે - 'નિતાન્તં નિઃસ્પૃહા વયમ્ ། અમારે કંઈ ન જોઈએ.' અરે ખાવાપીવા કે પહેરવા ઓઢવા જેવી પ્રાથમિક જરૂરિયાતો પ્રત્યે પણ જે ઉદાસીન રહે એ ખોપરી કેવી હશે? કઈ માટીમાંથી એ ખોળિયું ઘડાયું હશે? એવો વિચાર આપણને ઘડીવાર આવી જાય.

પણ શરીરના સુખસગવડનાં સાધનો કે મનને આનંદ આપનાર ઉપકરણોની ઈચ્છા કે સ્પૃહા રાખ્યા વિના જે આનંદમાં રહી શકે એના આનંદનું નિરૂપણ કરતાં ભગવાને ગીતામાં કહ્યું છેઃ-

સુખમાત્યંતિકં યત્તદ્ બુદ્ધિગાહ્યમતીન્દ્રિયમ્ ।
વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતાં તત્ત્વતઃ ॥

જ્ઞાનેશ્વરીમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પણ સુખની બાબતે લખે છેઃ- સદૈવ મનઃ પ્રવૃત્તિની દોડધામ બહાર તરફ જ હોય છે તે જયારે બંધ પડે છે ત્યારે ચિત્તને આત્મદર્શન થાય છે. ત્યારે તેને

આત્મતત્ત્વ હું જ છું એવી પ્રતીતિ થાય છે. આ પ્રતીતિ થતાંની સાથે જ તે સુખ સિંહાસન પર આરૂઢ થાય છે અને પછી તે આત્માનંદમાં લય પામે છે.

પૂજ્ય બાપજીએ પણ દ્વારકામાં રંગજયંતી પ્રસંગે સુખની વ્યાખ્યા કરતાં કહ્યું:-

સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ ખાનિ ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્ સુખમ્ ।

જેમાં મન સહિત બધી ઇંદ્રિયો વિષયોમાંથી પરાઙ્મુખ થઈ આત્માભિમુખ થાય, ઈશ્વર તરફ વળે તે સુખ અને એવા સુખની અનુભૂતિ જેણે જાતે કરી હોય તેવા અવધૂતના જીવનમાં ડોકિયું કરીએ તો જ એ વાત સમજાય.

વર્ષો પહેલાં એકવાર રાજપીપળામાં બાપજીનો મુકામ હતો. ત્યાં પરિવારના જ એક શ્રી મફતભાઈ શેઠનું થિયેટર અને તેમાં તુકારામની ફિલ્મ ચાલે. કોક ભક્તે એ ફિલ્મ જોવા માટે બાપજી પાસે પ્રસ્તાવ મૂક્યો પણ બાપજીએ તો ચોખ્ખી ના પાડી દીધી અને કહ્યું "મેં કદી ફિલ્મ જોઈ નથી અને મને જોવાનું મન પણ થતું નથી." ફરીથી પેલા ભાઈએ વિનંતી કરી કે "બાપજી આ તો ધાર્મિક ફિલ્મ છે. એમાં બીજું કશું અજુગતું નથી. આપ કહો તો આપને માટે બેસવાની અલગ વ્યવસ્થા કરીએ."

આ સાંભળતાં જ દંભાચરણના સખત વિરોધી બાપજી તાડૂકી ઊઠ્યા "શું બોલ્યા? અલગ વ્યવસ્થા? અવધૂતને દારૂ પીવો હશે તોપણ છડે ચોક પીશે, ખૂણે નહીં સંતાય! પૂ.શ્રીએ શાંતિથી ઉમેર્યું કે ભલા માણસ મને ફિલ્મ જોવાનું મન જ થતું નથી તેનું શું? મને મન થાય એવું કંઈ કરો!!"

આ સાંભળતાં જ બધા ઠંડાગાર થઈ ગયા. કયો માઈનો પૂત અવધૂતને મન થાય એવું કંઈ કરે? આમ બાપજીની બધા જ વિષયો પ્રત્યે ઉદાસીન વૃત્તિ. વિષય ભોગવ્યા સિવાય આનંદ મેળવવો એટલે "તેન ત્યકતેન ભુંજીથાઃ"નું અન્વર્થક આચરણ. અવધૂતજી ઘણીવાર કહેતા ભલે કોઈ મારી લંગોટી લૂંટી જાય પણ મારો આનંદ કોઈ લૂંટી શકવાનું નથી આવી મનની સ્થિતિ તદ્દન નિઃસ્પૃહ નિરીચ્છ થયા વિના સંભવી શકે જ નહીં.

અવધૂતજી પોતે દેહધારી હતા અને માનવદેહ ધરીને શરીરને ટકાવવા માટે તથા કૌટુંબિક ફરજો અદા કરવા માટે પણ ઈચ્છા-આશા ઊગે કે સ્વધર્મ પાલન પણ આશા-ઈચ્છામાં પ્રેરે તેવા સંજોગોમાં પણ બાપજી કેવી રીતે નિરીચ્છ રહ્યા હશે તે અગમ્ય છે છતાં પૂજ્ય માજીની સેવા તેમના પ્રત્યેનું સ્વધર્મ પાલન એ માતૃભક્ત અવધૂતે અકિંચન પણે, અવિચ્છિન્ન રીતે આચરી બતાવ્યું એ જ અવધૂતજીની અદ્ભુત વિશિષ્ઠતા છે.

---

**પરમાત્માનું કોઈ એક જ નામ કે એક જ સ્વરૂપ નથી.**

> **તન મન ધન વાણી સદા, અર્પી ગુરુને એહ,**
> **રાતદિવસ સેવા કરે, દીપક ગત સંદેહ. (અ. ૩, દો. ૧૦૮)**

નારેશ્વરમાં જ્યારે પૂજ્યશ્રીની પ્રથમ જૂની કુટિર બંધાતી હતી ત્યારે નજીકના જ લીલીપરા ગામની ગંગા નામની એક માછીની છોકરી મજૂરીએ આવતી પણ મજૂરીના પૈસા લેતી નહીં. એ એમ વિચારતી કે મારા ગુરુમહારાજને કંઈ ન જોઈએ તો એવા નિઃસ્પૃહી ગુરુની કુટીર બંધાય તેમાં મારે મજૂરી શા માટે લેવી?

કેવો ઉમદા વિચાર એ અબુધ બાલિકાને આવ્યો? દરરોજ સાંજે મજૂરોને મજૂરી ચૂકવાય ત્યારે એ ના પાડી દેતી. એટલું જ નહીં પણ દૂરથી આવતાં મજૂરો માટે મુ. દાસકાકાએ રોટલા-શાકની વ્યવસ્થા રાખેલી ત્યાંથી પણ કંઈ ન લેતાં પોતાના ઘેરથી જ આણેલું ભાથું બપોરે ખાઈ લેતી. બાંધકામ પૂરું થયું અને છેલ્લે દિવસે કડિયા, સુથાર, મજૂરો વગેરે પ્રસાદ અને સત્કારમાં આપેલ વસ્ત્ર લઈ જવા માંડયા.

સૌના અંતરમાં એક વિશિષ્ટ આનંદ એ હતો કે બાપજીના સ્વહસ્તે પ્રસાદ મળતો હતો. પેલી ગંગાનો વારો આવ્યો, નામ બોલાયું પણ તે લેવા ઊઠી જ નહીં અને બોલી, "ગુરુમહારાજ મારે કાંઈ ન જોઈએ."

સૌ કોઈ એ બાળકી તરફ જોઈ જ રહ્યા. દાસકાકા તથા અન્ય કાર્યકરો પણ કહેવા લાગ્યા, "બાપજી, આ છોકરીને તો આપવાનું જ છે. એણે તો મજૂરીનો એક પણ પૈસો લીધો નથી એટલું જ નહીં પણ સ્થાનનું કોઈ દિવસ ખાધું પણ નથી. પૂ.બાપજી પણ ઘડીભર આ નિર્દોષ નિરીચ્છ બાળકી તરફ જોઈ જ રહ્યા. બાપજીએ હાથ લંબાવી તેને સાડીનો પ્રસાદ આપવા બોલાવી ત્યારે તે બોલી ઊઠી, બાપજી, મારે કશું ન જોઈએ. બાપજી! હું માગું તે મને આપશો? આ સાંભળીને બાપજી પણ તેનો મનોભાવ પારખીને દયાર્દ્રચિત્તે ઉદારતાથી બોલી ઊઠ્યા, જરૂર માગ. ગંગા બોલી, "બાપજી મારે ઘરે પધારો! બસ, મારે બીજું કશું જોઈતું નથી." અને ભક્તાધીન અવધૂતે વચન આપ્યું, એ બાળાની નિષ્કામ ભક્તિથી રીઝીને!

વર્ષો વીતી ગયાં એ વાતને. ગંગા પરણીને સાસરે ગઈ. દરરોજ એ ગુરુમહારાજના વચનને યાદ કર્યા કરતી. શબરીની માફક ગુરુમહારાજની પ્રતીક્ષા કર્યા કરતી. એક ધન્ય દિવસે કોણા ગામના ઓવારે સવારના પહોરમાં એક નાવડી આવી પહોંચી અને એમાંથી ઊતર્યા અવધૂતજી. નર્મદા કિનારેથી વાત ગામમાં પહોંચી. ગંગાને ખબર પડી મારા બાપજી આવ્યા છે. સાંભળતાં જ ગંગા ગાંડી બની ગઈ. એના આનંદનો પાર નથી. શું સ્વાગત કરું મારા ગુરુમહારાજનું? ઝડપથી પોતાની પેટી ઉઘાડી તેમાં જે કોરી-રેશમી સુતરાઉ સાડીઓ હતી તે કાઢી. પોતાના પતિનાં જે કોરાં ધોતિયાં હતાં તે પણ કાઢીને દોડી ઓવારે!

---

> **જ્ઞાન ધર્મ યશ સંપદા, સર્વે ગુરુપદ માંહ્ય,**
> **એવા નિશ્ચયથી ભજે એ ગુરુચરણ સદાય. (અ. ૩, દો. ૧૧૧)**

ગુરુમહારાજનાં ચરણોમાં આનંદાશ્રુનો અર્ઘ્ય આપી કૃતજ્ઞતાથી પ્રણામ કર્યા. બાપજીને ઘરે લાવતાં માર્ગમાં પેલાં વસ્ત્રો બિછાવ્યાં. એના અંતરમાં આનંદ સમાતો નથી. ત્રૈલોક્યનું રાજ્ય મળે તેના કરતાં પણ વધારે આનંદ ગંગાના અંતરમાં આજે ઊભરાતો હતો. નિષ્કામના અંતરમાં પણ કામના ઊગે અને તે પૂર્ણ થાય એનાથી વધારે આનંદ બીજો કયો હોઈ શકે? ધન્ય છે ગંગાની નિષ્કામ ગુરુભક્તિને! ધન્ય છે ગંગાના ત્યાગને! આ ઉદાહરણ દ્વારા એ સિદ્ધ થયું કે જે નિષ્કામ છે તેની ભક્તિ કરનાર પણ નિષ્કામ બને છે. પૂ.શ્રીએ તેથી દત્તબાવનીમાં લખ્યું છે "દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ."

પૂ.બાપજી પ્રત્યેના આપણા આકર્ષણનાં અનેક કારણો જોઈએ તો તેમાં મારા જેવા અનેકને તેઓશ્રીની નિષ્કામવૃત્તિએ જ આકર્ષ્યા છે અને બાપજીએ પણ પોતે કથની દ્વારા નહીં પણ કરણી દ્વારા આચરીને જ બતાવ્યું છે એટલે આપણે એમના જીવનમાંથી જો કંઈ મેળવવાનું હોય તો તે પરમાનંદના નિધાન સમી આ નિષ્કામવૃત્તિ જ છે. અંતે આપણે એ જ અકિંચન અવધૂતનાં ચરણે વિનમ્ર ભાવે પ્રાર્થના કરીએ કેઃ

અંતર્મુખ નિષ્કામ બનાવો!
રંગ! સારથિ મારા થાઓ!
રંગ! અમોને શરણે રાખો!
ભવબંધન સહુ કાપી નાખો!

❀

**ભૌતિકતામાં રાચેલાં મન-બુદ્ધિ જીવને શિવ થવામાં અવરોધક બને છે.**

# (૯)

# યોજકો નાત્ર દુર્લભઃ ।

- શ્રી જયંતીલાલ આચાર્ય
નારેશ્વર.

કોઈપણ કાર્યને વ્યવસ્થિત રીતે સર્વાંગ સુંદર બનાવવું હોય તો અગાઉથી વિચારપૂર્વકનું આયોજન કરવાની જરૂર રહે છે. એ માટે યોજના કરનાર યોગ્ય યોજક પણ જોઈએ. યોગ્ય યોજકોની સામાન્ય રીતે સમાજમાં ખોટ હોય છે તેથી કહેવાયું છે કે 'યોજકસ્તત્ર દુર્લભઃ ।'

આપણા બૃહદ અવધૂત પરિવારમાં યોજાતાં સત્કાર્ય, ઉત્સવો, સમારંભો, પદયાત્રાઓ, અનુષ્ઠાનો અને સંમેલનો વગેરે જે રીતે સંપૂર્ણ સફળતાપૂર્વક સંપન્ન થતાં જોવા મળે છે એ ઉપરથી તો એમ કહી શકાય કે અહીં અવધૂત પરિવારમાં યોજક દુર્લભ નથી પણ સુલભ છે.

કલ્યાણની ભાવનાથી સૂચવાતાં સકામ મંત્રાનુષ્ઠાન આદિ કાર્યોમાં તો સવિશેષ રીતે યોજકની જરૂર રહે છે અને યોગ્ય યોજક હોય તો જ ઉત્તમ ફળ મળે છે એમ શાસ્ત્રો અને સંતો કહે છે.

યોજક અને અનુષ્ઠાન કર્તા કેવા હોવા જોઈએ એ બાબતમાં પ.પૂ. ભગવદ્ રંગાવધૂત બાપજીએ કહ્યું છે કેઃ-

અદ્ભુત શક્તિ મંત્રની બતાવનારો તોય,
હોય શુદ્ધ ત્યારે જ આવું ઉત્તમ ફળ હોય.

અનુષ્ઠાન કર્તા તથા હોય શ્રદ્ધાળુ જાણ,
તો જ ફલપ્રદ મંત્ર એ નહિ તો નિરર્થ માન.

નાસ્તિક શ્રદ્ધાહીન જે પામે ના ફળ એહ,
ચરે હંસ મોતી અહા! વાયસ વિષ્ઠા તેહ.

(શ્રીગુ.લી. અ.૧૧૨, દો. ૨૪-૨૬)

સહ્યાદ્રિની તળેટીમાં દુકાનવાડી ગામમાં રહેતા એક ભોળા બ્રાહ્મણની જમીન બનાવટી ગીરોખત કરી પડાવી લેનાર વૈશ્ય પાસેથી ગીરોખત પાછું મેળવવા માટે પ.પૂ. સદ્ગુરુ સ્વામી મહારાજશ્રીએ એને જે અનુષ્ઠાન બતાવેલું એ પ્રસંગમાં આ દોહરા લખાયા છે.

---

**વ્યક્તિચૈતન્ય મટીને વિશ્વચૈતન્યમાં ભળવા માટે જ નામરૂપનું અવલંબન લેવાનું છે.**

> **સેવા ઈશ્વર ગુરુતણી, કરવી રાત્રંદિન,**
> **દેહ અહંતા ગાળવી, વૃત્તિ તત્પદ લીન. (અ. ૪, દો. ૧૦૩)**

એમાં જણાવ્યું છે કે મંત્રમાં અદ્ભુત શક્તિ છે તોપણ અનુષ્ઠાન બતાવનાર શુદ્ધ હોવો જોઈએ. તો જ ઉત્તમ ફળ મળે છે. મંત્રનું અનુષ્ઠાન કરનાર પણ શ્રદ્ધાળુ હોવો જોઈએ તો જ મંત્ર ફળ આપનાર નીવડે છે. નહિ તો કામ વ્યર્થ જાય છે. નાસ્તિકને, શ્રદ્ધા વગરનાને ફળ મળે જ નહિ. ઉદાહરણ આપતાં કહ્યું છે કે મોતી તો હંસ જ ચરે છે ને કાગડા તો વિષ્ટા જ પામે છે.

શ્રીગુરુલીલામૃત ગ્રંથરાજ પણ એક મહામાલા મંત્ર જ છે. પ.પૂ.બાપજીએ મરાઠી શ્રીગુરુચરિત્રની પ્રશસ્તિ વિષે શ્રીગુરુચરિત્રના સંશોધન કર્તા શ્રી કામતને લખેલા પત્રમાં જણાવ્યું છે કે એ એક સ્વયંસિદ્ધ મહામાલા મંત્ર છે અને એની એક એક ઓવી એ અદ્ભુત સામર્થ્ય ધરાવતો મંત્ર છે. શ્રીગુરુલીલામૃત વિષે પણ એવું જ કહી શકાય.

શ્રીગુરુલીલામૃતના દોહરા એ ફક્ત કાવ્ય પંક્તિઓ જ નથી પણ મંત્રો જ છે. એમનાં વિવિધ આખ્યાનો એ મહામંત્રો છે. શ્રદ્ધાળુ ભક્તોને આધિ વ્યાધિ ઉપાધિમાંથી મુક્તિ આપવાનું, તેમ જ તેમની કામનાઓની પૂર્તિ કરવાનું અરે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થની સિદ્ધિ આપવાનું એમાં અદ્ભુત સામર્થ્ય રહેલું છે. શરત માત્ર એટલી જ છે કે એનું અનુષ્ઠાન આપનાર શુદ્ધ હોવો જોઈએ અને અનુષ્ઠાન કરનાર શ્રદ્ધાળુ હોવો જોઈ એ.

આપણા પરિવારમાં શ્રી પ્રેમ અવધૂતજી એવા એક યોગ્ય અનુષ્ઠાન યોજક છે એવો અનેકને અનુભવ થયાનું જાણવા મળ્યું છે. જે એક ઘટનામાં મધ્યસ્થી તરીકે કાર્ય કરવાનું મારા ભાગે આવેલું તે ઉપરથી મને પણ એ બાબતની પ્રતીતિ થયેલી છે.

અવધૂત પરિવારના એક ગામમાં કેટલાક સંનિષ્ઠ અવધૂત ભક્તો ઉપર અણધારી રીતે ખૂનનો આરોપ આવેલો. ખરેખર તો તેઓ નિર્દોષ જ હતા પણ કાયદાની ચુંગલમાં ફસાયા હતા અને મુક્તિ માટે ઝંખતા હતા. મને એની જાણ થતાં એમના પ્રત્યેની લાગણીને કારણે મેં શ્રી પ્રેમ અવધૂતજીને એક પત્ર લખીને વિનંતી કરેલી કે "તમે પ.પૂ. ભગવદ્ રંગાવધૂત બાપજીના લાડીલા હોઈ આ કેસ બાબત નિવેદન કરી, એમની મુક્તિ માટેના ઉપાયનો આદેશ મેળવીને જણાવશો."

એમણે પ.પૂ. ગુરુમહારાજશ્રીને પ્રાર્થનાપૂર્વક નિવેદન કરતા આદેશ મળ્યો કે શ્રીગુરુલીલામૃતમાં શું નથી? એમાં તપાસ કર. એવો આદેશ મળતાં જ એમણે શ્રીગુરુલીલામૃત હાથમાં લીધું અને પ.પૂ. બાપજીનું સ્મરણ કરીને ખોલ્યું તો સામે જ ૧૧૫માં અધ્યાયનાં ૩૦-૩૧ પાન જોયાં અને એમાંના નીચેના દોહરા ઉપર નજર પડી. આ રહ્યા તે સાત દોહરાઃ-

કેવળ સંશય પર તદા એ જ ગામના એક
બ્રાહ્મણને પકડી કર્યો કેદ નિરર્થક છેક.

જાણ્યું માણગ્રામમાં શાસ્ત્રીબુવાએ એહ,
બ્રાહ્મણના બેલી પ્રભુ દોડ્યા તત્ક્ષણ તેહ.

---

**પ્રમાદ આળસ મૂકીને, સહી માન અપમાન,**
**અનન્ય નિષ્ઠા રાખીને સેવે શ્રીહરિ જાણ. (અ. ૪, દો. ૧૦૪)**

બોલાવી અધિકારીને વરિષ્ઠ પોતે તર્ત,
કહે, વિપ્ર નિર્દોષ આ કર્યો કેદ કાં વ્યર્થ?

કર્યું ખૂન એ જેમણે, અલ્પ પ્રયત્ને તેહ,
આજ થકી ત્રીજે દિને જડશે નિઃસંદેહ.

એમ કહી જામીન પર છોડાવ્યો એ વિપ્ર,
કહી ચિહ્ન ખૂનીતણાં યથાર્થ સઘળાં ક્ષિપ્ર.

કરતાં તત્સમ શોધ ત્યાં અપરાધી જે સાત,
પકડાયા ત્રીજે દિને અચૂક એ સાક્ષાત્.

થતાં તપાસ એમની ઠર્યા એહ દૂષિત,
બ્રાહ્મણ પેલો તત્ક્ષણે થયો મુક્ત નિશ્ચિત.

(શ્રીગુ.લી. અ.૧૧૫, દો. ૪-૧૦)

સાવંતવાડી રાજ્યના વાલાવલી ક્ષેત્રમાં થયેલ ખૂન કેવી રીતે થયું, કોણે કર્યું વગેરે બાબતમાં ભાળ ન લાગતાં શોધ કરીને થાકી ગયેલા અધિકારીઓએ ફક્ત શંકા ઉપરથી એ જ ગામના એક બ્રાહ્મણને પકડીને કેદમાં પૂરી દીધો હતો. પ.પૂ. સ્વામી મહારાજશ્રીને આની જાણ થતાં અધિકારીઓને બોલાવીને સત્ય હકીકત સમજાવીને પેલા બ્રાહ્મણને કેદમાંથી છોડાવ્યો હતો એ પ્રસંગના સંદર્ભમાં આ દોહરા લખાયા હતા.

આ દોહરા જ આ કેસમાં મંત્રરૂપ હોઈ એનું અનુષ્ઠાન ખૂનના આરોપમાંથી મુક્તિ અપાવશે એવું નક્કી કરીને શ્રી પ્રેમ અવધૂતજીએ મને જણાવ્યું કે બધા આ દોહરાનું અનુષ્ઠાન કરશે તો પૂ.શ્રીની કૃપાશિષથી એ બધાને મુક્તિ મળશે. મેં એ મુજબ ભક્તોને જણાવ્યું અને અનન્ય શ્રદ્ધાથી સૌએ અનુષ્ઠાન કરીને આરોપમાંથી મુક્તિ મેળવી. કોર્ટે બધાને નિર્દોષ જાહેર કરી છોડી મૂક્યા.

અનુષ્ઠાન યોજકની શુદ્ધિ, અનુષ્ઠાન કરનારાઓની અતૂટ શ્રદ્ધા અને દોહરારૂપ મંત્રની અદ્ભુત શક્તિથી આવું ઉત્તમ ફળ મળી શક્યું.

શ્રી પ્રેમ અવધૂતજી આ રીતે અનેક જરૂરિયાતવાળા ભક્તોને અંતર્યામી સદ્ગુરુની પ્રેરણાથી યોગ્ય મંત્ર, સ્તોત્ર વગેરેનાં અનુષ્ઠાન બતાવીને તેમને માર્ગદર્શન આપી રહ્યા છે એ હકીકત હોઈ પ.પૂ. બાપજીની ભાષામાં એમને એક શુદ્ધ સુલભ અનુષ્ઠાન યોજક તરીકે બિરદાવવાનું મન થાય છે. સદ્ગુરુની ભાવનાપૂર્વકની સેવાની તપશ્ચર્યાથી એમની ચિત્તશુદ્ધિ થયેલી હોઈ એ આ પદને યોગ્ય છે એમ સ્વીકારવું રહ્યું. અસ્તુ.

---

**સાધના જ્યારે પરિપક્વ થાય ત્યારે નામ અને રૂપ એની મેળે છૂટી જાય છે.**

---

# (૧૦)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ ભગવાન શ્રી રંગાવધૂતજીનું 'મન'

- શ્રી જગજીવનદાસ ગાંધી (માસ્તર કાકા)
નારેશ્વર.

લીલોડ-સાયરની નોકરી હોવાથી પૂ.શ્રીના સંપર્કમાં ૧૯૩૩ની સાલથી રહેવાનું મળ્યું. નિયમિત સવારે અને સાંજે સેવા કરવાનો પણ યોગ આવ્યો. ઉત્તર ગુજરાતમાં પ્રથમ વીસનગર પૂ.શ્રી પધારેલા. તે પછી લીંચમાં યોગ આવ્યો. લીંચના શ્રી ભોગીલાલ માસ્તર વડોદરા શિક્ષક તાલીમ કૉલેજ (Teachers training college)માં અભ્યાસ કરવા આવેલા. તેમણે પૂ.શ્રીનાં દર્શન સંવત ૨૦૦૬ કારતક સુદ ૯ રંગજયંતીમાં કરેલાં. તે વખતે ખુલ્લી આંખનો પૂ.બાપજીનો ફોટો લાવેલા તે જોઈ બચુભાઈને ઈચ્છા થઈ આવી. તે પછી પૂ.બાપજીનાં દર્શન શ્રી બચુભાઈને સ્વપ્નમાં થયાં. ત્યાર પછી સંવત ૨૦૦૬ના ચૈત્ર સુદ ૫ના દિવસે અંબાસણના શ્રી કાંતિભાઈ પટેલ અને શ્રી ભોગીભાઈની સાથે તેઓ નારેશ્વર દર્શન માટે આવેલા. તે વખતે સાંજે એક જ વખત ગાડી આવે. નદી પર સ્નાન કરી, લગભગ સવા આઠે તેઓ દર્શન કરવા આવેલા. ત્યારે પૂ.શ્રી અગાઉની નાની કુટિરમાં બહાર ઓટલા પર આરામથી સૂતા હતા. શ્રી મોદીજી સાથે સૂતા સૂતા વાતો કરતા હતા. સવારે પ્રવાસમાં જવાનું હતું. તેથી ક્યારે નીકળવું વગેરે કહેતા હતા. તે વખતે અંધારું હતું.

શ્રી બચુભાઈને પૂ.શ્રીની આંખ જોવાની ઈચ્છા હતી એટલે તેમણે પૂછ્યું કે, "બાપજી મારે આપની આંખ જોવી છે." બાપજી કહે કે, "ભાઈ મને આંખે (Detachment) ડીટેચમેન્ટ થયેલું છે, તેથી આંખ જોવી હોય તો સવારે નારેશ્વર સ્ટેશને આવજે. મારે સવારે બહાર જવાનું છે." આમ પૂ.શ્રી સવારે ૪ વાગ્યે નીકળી નાવડીમાં કોરલ જઈ ગાડીમાં નારેશ્વર સ્ટેશને પધાર્યા. શ્રી બચુભાઈ સવારે વહેલા સ્નાન કરી નારેશ્વર સ્ટેશને ગયા. ખુલ્લી આંખનાં દર્શન સવારમાં ૧૫ મિનિટ સુધી થયાં અને શ્રી બચુભાઈ બાપજીના બની ગયા. ગુરુમય જીવન જીવવું તેમ નક્કી કરી દીધું. તે પછી તેઓ સેવાની તક શોધતા. એક વખત નારેશ્વરમાં બાપજીના કરાઠાના જાજરૂને વ્યવસ્થિત કરવાની પ્રથમ સેવા મને પૂછીને કરેલી. બાપજીએ મને તે જોઈને પૂછ્યું કે આ કોણે કર્યું? એટલે મેં એમનું નામ દીધું. બાપજી બહુ પ્રસન્ન થયા. એ પછી ૬૦મી જયંતી નારેશ્વરમાં થઈ અને માગશર માસમાં દત્તજયંતી સિદ્ધપુરમાં ઊજવાઈ. તે વખતે શ્રી ભોગીલાલભાઈ સાથે તેઓ કારતક વદ ૧૨ના દિવસે નારેશ્વર પૂ.શ્રીને આમંત્રણ આપવા આવ્યા. પૂ.શ્રી ખેડા હતા. તો તેઓએ ખેડા જઈને

આમંત્રણ આપ્યું, જે બાપજીએ તરત જ સ્વીકારી લીધું. વીસનગરથી વળતાં લીંચ શ્રી ભોગીભાઈના ખેતરમાં ઘાસની ઝૂંપડીમાં ૪ દિવસ રોકાયા. તે પછી નારેશ્વર આવ્યા ત્યારે પ્રવાસની ઘણી વાતો પૂ.શ્રી કરે, તેમાં લીંચની વાતમાં કહે કે, "માસ્તર, લીંચમાં બધા બાપજી, બાપજી કરે પણ એકમાત્ર બચુભાઈ લોકસંગ્રહમાં ખૂબ જ ઉપયોગી થશે. સેવા અને કામની ખરી સૂઝ તો મેં માત્ર બચુભાઈમાં જોઈ. બચુભાઈની સેવા જોઈ પૂ.શ્રીને (First and Last) પ્રસન્નતા થઈ. એક વખત પૂ.મોટા નારેશ્વર આવવાના સમાચાર શ્રી મોદીજીને મળ્યા. તેમને આપવા મને ખુરશી લેવા ઉપરની રૂમમાં મોકલ્યો. હું ખુરશી લઈ આવ્યો તે પસંદ ના પડી. બીજી લાવ્યો તોય પસંદ ન પડી. કારણ ઘણાં વર્ષોથી પડેલી ઘણી ખુરશીઓ હતી એટલે આવું બન્યું. પૂ.શ્રી ખિજાયા અને બોલ્યા કે, "માસ્તર! મારે આવવું પડશે કે શું?" હું તો મૂંઝાયો. તે વખતે બચુભાઈ હાજર જ હતા. તેમને સવારે જવાનું હતું પણ પૂ. મોટા આવવાના હોવાથી પૂ.શ્રીએ રોકેલા.

બચુભાઈએ કહ્યું, "બાપજી હું માસ્તર સાથે જઈને લઈ આવું?" બાપજીએ હા કહી. મારી સાથે તેઓ આવ્યા. પોતાની હૈયાસૂઝથી પૂ.શ્રીનું મન સમજી ગયા હોય તેમ તે જ ખુરશી લાવ્યા જે બાપજીની પસંદગીની હતી. બાપજી પ્રસન્ન થઈ ગયા. મારી મૂંઝવણ ટળી ગઈ. બચુભાઈ બાપજીનું મન છે તેવો મને તે વખતે અનુભવ થયો. હું ખુશ થયો. મારે અને તેમને ઘણી જ આત્મીયતા હતી અને તે ઉત્તરોત્તર વધતી ગઈ. હજુ સુધી એકાત્મના તારથી બંધાયેલા જ છીએ.

બાપજીને સમજવા તે સરળ નથી, સરળ ન હતું. બાપજીને ૧૯૫૭માં (સં. ૨૦૧૪માં) આમંત્રણ આપવા નારેશ્વર આવેલા તે વખતનો એક પ્રસંગ છે. નારેશ્વર સ્ટેશને સાંજે શિયાળાના કારણે ગાડી આવે ત્યારે અંધારું થઈ જાય. તે દિવસે કારતક વદ ૧૨ હતી. તે વખતે ગાડીમાંથી ઊતરનાર ફક્ત ત્રણ જ વ્યક્તિઓ હતી. એક લીલોડની હરિજન બહેન, તેનું નાનું બાળક, શ્રી ભોગીભાઈ અને શ્રી બચુભાઈ. હરિજન બહેન અંધારું જોઈ ગભરાઈ ગઈ. એણે કહ્યું કે સંગાથ કરો. નારેશ્વર જવાની ઉતાવળ હોવા છતાં બચુભાઈએ તેના બાળકને અને તેની પોટકીને અવારનવાર ઊંચકી લીધા. પોતાની પાસે તો વજન હતું જ. ભોગીભાઈ પણ મદદમાં હતા. આવું સેવાકાર્ય કર્યું. લીલોડનો રસ્તો આવ્યો એટલે બહેનને કહ્યું કે, 'બહેન! તમે જાવ.' તો તે બહેન કહે કે મને લીલોડ મૂકવા આવો. હું જઈ શકીશ નહીં. બચુભાઈ અને ભોગીભાઈ બંને જણ મહોલ્લા આગળ મૂકી પાછા ફર્યા. નારેશ્વર આવતાં ઘણું મોડું અને અંધારું થઈ ગયું. છતાં સ્નાન કરી દર્શને આવ્યા. મને મળ્યા. આ વાત કરી, મોડું થવાનું કારણ આ હતું તેમ કહ્યું. આવા પરદુઃખે દુઃખી, નાતજાતના ભેદ વગરના સર્વમાં ભગવાન છે એવી ભાવના મને તેમનામાં દેખાઈ.

મને વર્ષો પહેલાં પીઠમાં દુખાવો થયેલો તે વખતે તેઓ રાત્રે મને દવા લગાવતા. શ્રી મોદીજીને પણ જ્યારે જરૂર પડી છે ત્યારે તેમની પણ સેવા કરતા. સર્વમાં અવધૂત છે તેવું બચુભાઈ મને કહેતા. આવી સેવાની ભાવના તેમની અજોડ હતી અને છે.

૧૯૬૬માં બાપજીને પગે વજન દઈ જાજરૂ જવા બેસાતું ન હતું. તેથી શાંતિ નિકેતનના જાજરૂમાં પગ દેવાની પગથી પર મેં રબ્બર મૂકેલું. બચુભાઈ આવ્યા અને રબ્બર જોયું. તે જ દિવસે બપોરે લીલોડથી સુથારને બોલાવી લાકડાનું ચોકઠું બનાવી તેમાં ૭-૮ નૅપ્કિન કાપીને ગાદી જેવું બનાવી ઉપર રેકઝીન લગાવી દેવડાવ્યું. પોતાની આગવી હૈયાસૂઝથી તે ચોકઠું પગથી ઉપર લગાવી દીધું. મને એવું હતું કે કદાચ આ બાપજીને નહીં ગમે. પણ બપોરે જાજરૂ ગયા અને પૂ.શ્રીએ મને પૂછ્યું, કોણે કર્યું? મેં બચુભાઈનું નામ દીધું. બાપજી બહુ જ પ્રસન્ન થયા. જે ચોકઠું હજુ પણ નારેશ્વરના જાજરૂમાં શ્રી દોલતભાઈ દેસાઈ સંભાળપૂર્વક સાચવી રહ્યા છે. તે પછી બાપજીને ૐકારેશ્વર જાજરૂ બેસતા તકલીફ ન પડે એવું, (વા થયો હોવાથી) ફેરવી શકાય તેવું (Portable) જાજરૂ બનાવીને લાવેલા. જે કમોડ પૂ.શ્રી આફ્રિકા લઈ ગયેલા અને લીંચમાં સ્મૃતિ તરીકે આપેલું જે હજુ પણ ત્યાં સચવાઈ રહ્યું છે. ૐકારેશ્વર જ્યારે બાપજીએ કમોડ જોયું ત્યારે અતિ પ્રસન્ન થયા હતા અને અંતરના આશિષ પણ તે જ વખતે આપેલા.

આવા સેવાના, આગવી હૈયાસૂઝના ઘણા પ્રસંગો છે પણ લખવાની મર્યાદા છે એટલે વિરમું છું. મેં નજરે જોયા છે તે પ્રસંગોનો પાર આવે તેમ નથી. તેમના વિશે શું કહેવું તે સમજાતું નથી.

જે પ્રમાણે શ્રી નારદજી વિષ્ણુ ભગવાનનું મન છે તેવી રીતે હાલના શ્રી પ્રેમ અવધૂતજીના મનમાં બાપજીને અનુકૂળતા પડે તે પ્રમાણે જ વિચારનો ઝબકારો થતો જેથી બાપજી પ્રસન્ન રહેતા. એટલી બધી તેમણે પૂ.શ્રી સાથે એકતા સાધ્ય કરી હતી કે હું બાપજી સાથે ઘણું રહ્યો પણ તેમના જેવી સૂઝનો મારામાં અભાવ હતો. માત્ર હું નિયમિત કામકાજ કરતો. તેઓ તો શરૂથી જ બાપજી સાથે સૂક્ષ્મથી જ સંકળાયેલા હતા અને હું સ્થૂળથી જ સંકળાયેલો હતો. અને હું સ્થૂળથી આગળ ગયો જ નહીં. આવા આગવી હૈયાસૂઝવાળા સેવાભાવી સાથી મળવાથી મને આનંદ થતો અને તેઓ મને ઘણા ઉપયોગી થતા. બાપજી નારેશ્વર કે અન્ય જગ્યાએ હોય તોપણ તેમને દૃષ્ટાંત દ્વારા સંદેશ આપતા, જે બચુભાઈ ઝીલી શકતા હતા. બાપજીને પોરમાં ચંદન સ્નાન કરાવેલું તો લીંચમાં બચુભાઈને બાપજીનું શરીર પીળું દેખાયું. બાપજીને જયપુરમાં હાથી પર બેસાડેલા તે પણ દેખાયેલું. આ બધો મને પ્રત્યક્ષ અનુભવ છે. આવી સેવાની સૂક્ષ્મતા અને સૂઝથી બાપજીએ

તેમને પોતના કરી લીધા અને આપવામાં શું બાકી રાખ્યું છે? વધું શું લખું? બાપજી સાથે મનની એકતા સાધ્ય કરીને ચિત્તશુદ્ધિ કરી નિષ્કામ સેવાનું, બાપજી પાસે કશું જ ન માગવાનું આ ફળ છે.

મારા માટે અને મારા પરિવાર માટે તેમનો સરલ આત્મિયતાભર્યો વહેવાર છે. ને તેઓ અમારા જ પરિવારના છે તેવું લાગે છે અને અમને હૂંફ પણ તેટલી જ છે. તેમનાં પૂ.બા, બાપુજી અને ઘરના બધા જ સેવા માટે નારેશ્વર રોકાતા. બધા સાથે મારા પરિવારને આત્મિયતા અને મારા પણાનો ભાવ છે. એકધારો સંબંધ ચાલુ જ છે. તેમનાં માતુશ્રી પૂ. શાંતાબા પૂ.માજીની સેવામાં છેલ્લા અઢી વર્ષ રહ્યાં અને છેલ્લી આશિષ લીધી. તેઓ (બા) પૂ.માજીને ખૂબ જ ગમતા. બાપજી મને કહેતા કે, શાંતાબહેન જેવા અને અન્ય સેવા કરનાર બહેનો જેવા સેવાભાવી ન હોત તો પૂ.માજીને તકલીફ પડત. મારું ઘણું બધું સચવાઈ ગયું. બચુભાઈ પર પૂ.શ્રીની કૃપાનાં ઘણાં કારણો છે. બચુભાઈની સેવા, નિષ્કામભાવ, આગવી હૈયાસૂઝ, તેમનાં બાની પૂ.માજીની સેવા, પૂ. પિતાશ્રી, બાળકો, ઘરના બધા જ સેવામાં રહેતા. તેમના ઘણા અનુભવો મને, મારા પરિવારને થાય છે. તેઓ મારા છે તેવું મને થાય છે. મર્યાદા છે તેથી વિરમું છું.

❀

# (૧૧)
# સેવાની સૂઝ

- શ્રી સુમનલાલ પુરોહિત
(ભજન ભાસ્કર)
નારેશ્વર.

જીવનમાં સંત અને પરમાત્માની 'કૃપા' હોય તો જ 'શાંતિ' મળે. **'કૃપા'** અને **'શાંતિ'** દ્વારા જ **'પ્રેમ'** જન્મે અને એવા પ્રેમથી જ - પ્રભુરૂપ સદ્‌ગુરુની સેવા થઈ શકે.

ગુરુભક્ત બચુભાઈના એટલે આજના પ્રેમ અવધૂતજીના પિતાનું નામ કૃપાશંકર અને માતાનું નામ શાંતાબહેન. આમ 'કૃપા', 'શાંતિ' અને 'પ્રેમ'નો ત્રિવેણી સંગમ લીંચમાં જોવા મળે.

આજથી ત્રીસ-પાંત્રીસ વર્ષ પૂર્વે લીંચના શ્રી ભોગીભાઈ માસ્તર નારેશ્વર આવતા અને અવાર નવાર પૂ.બાપજીને લીંચ પધારવા વિનંતી કરતાં, પણ આ અવધૂતની તો વાતો જ ન્યારી. "બાપજી! રામ રામ" તો "બચ્ચા તેરે ઘર મુકામ" એવી વૃત્તિ તો મળે જ નહિ. સો ગળણે ગાળીને પાણી પીવાનું. "તેરે ઘર ધામા કે તેરે ગામ ધામા" કહીને સામી વ્યક્તિને મુશ્કેલીમાં તો મૂકે જ નહિ. કેરી સાખ થયા વિના નીચે પડે જ નહિ એટલે ભક્તની શ્રદ્ધાને પાકવા દઈને, એની આગળ પાછળની પરિસ્થિતિનો પૂરો વિચાર કરીને મુકામ કરવાનો.

હું પણ અવાર નવાર નારેશ્વર આવતો. ભોગીલાલ પણ વૅકેશનમાં આવે. અમે બંને શિક્ષકો એટલે વૅકેશનમાં ભેગા થઈએ ત્યારે કોઈવાર થોડી ઘણી નાની મોટી સેવા હું એમને સોંપતો. એકવાર પૂ.શ્રીએ મને કહ્યું, "માસ્તર! આ ભોગીલાલ લીંચ લઈ જવા આગ્રહ કરે છે તો જરા જાણી લેજો." ભોગીલાલ તો ભલો, ભોળો ને ભાવિક ભક્ત! મેં બધી વિગતો પૂ.શ્રીને જણાવી અને બાપજીએ લીંચ જવા મંજૂરી આપતાં જણાવ્યું કે એ તરફ આવવાનું થશે ત્યારે જરૂર આવીશ.

એક ધન્ય દિવસે અને ધન્ય ઘડીએ પૂ.શ્રીએ લીંચમાં ચરણ મૂક્યા. લીંચનો સૌ પ્રથમ મુકામ ભોગીલાલના ખેતરમાં થયો. પૂ.શ્રીને અનુકૂળ વ્યવસ્થા થઈ. ભોગીભાઈ, ભોગીભાઈના ભાઈ જગન્નાથભાઈ (મુંબઈવાળા), શ્રી બચુભાઈ તથા બચુભાઈનાં માતા, પિતા વગેરે બધાં જ

ગુરુમહારાજની સેવામાં નાત જાતના ભેદ વિના, આખું ગામ પૂ.શ્રીનું ભક્ત બની ગયું. જૂની પેઢીનાં વૃદ્ધો હજીયે ગુરુમહારાજના નિષ્ઠાવાન ભક્તો તરીકે જ ઉપાસના કરે છે.

તલવાર તો **"ખરા લોઢાની જ બને"** અને તેને બનાવનાર પણ તેવો જ શીરોઈનો કારીગર જોઈએ. પૂ.બાપજી તો ઝવેરી હતા. લીંચમાં ઘણીય ઝવેરાતો હતી પણ આ અવધૂતજીએ તો પ્રેમ રત્ન પારખી લીધું.

બીજીવારનો મુકામ સને ૧૯૬૨માં થયો. આ મુકામ બચુભાઈ (પ્રેમ અવધૂતજી)ના ખેતરમાં થયો. ગુરુપરાયણ બચુભાઈને સેવાનું મોકળું મેદાન મળ્યું. પોતાનું હૃદય ઠાલવવાની તક મળી અને સેવાની સૂઝ તથા નિષ્ઠાની પ્રતીતિ કરાવવાનો લહાવો મળ્યો. પૂ.બાપજીની નાહવાની, સૂવાની, ધ્યાન માટેની સરસ વ્યવસ્થા કરી. વ્યવસ્થામાં સેવાની સૂઝ ખૂબ જ ઊંચી. વૃત્તિ પણ નિષ્કામ. પૂ.શ્રીને લીંચનું ભૌતિક શાંત વાતાવરણ તો ગમ્યું જ, પણ ગામડાંના લોકોની શ્રદ્ધા, પ્રેમ અને ભાવના ઉપરાંત બચુભાઈની અંતર્વૃત્તિ ખૂબ જ ગમી ગઈ. પછી તો લીંચમાં અવાર નવાર મુકામો થયા. પૂ.શ્રીની તબિયત ઠીક ના હોય અને આરામની જરૂર હોય ત્યારે લીંચનો ક્રમ પસંદગીમાં પહેલો જ આવે. કુલ બાવન દિવસનો મુકામ કર્યો. દત્તબવાનીના 'બાવન'નો પવિત્ર અંક સચવાયો. કુટુંબ રંગના રંગે વધુ ને વધુ રંગાતું ગયું.

સેવાભાવી બચુભાઈનાં બા 'શાંતાબા' માજીની સેવામાં રહે. મહિનાના મહિના સેવા માટે શાંતાબા નારેશ્વર રહે એટલે સાથે બચુભાઈ અથવા એમના પિતાશ્રી રહેતા. કોઈવાર તો માતા, પિતા અને પુત્ર ત્રણે નારેશ્વરમાં સેવા માટે રહે. "સેવાતપ કલિતાર"નું રહસ્ય જાણી ગયા હોય તેમ બચુભાઈ જ્યારે પણ પરિચર્યાની તક મળે ત્યારે અંતરના ઊંડાણથી તકનો લાભ ઊઠાવે અને એવી હૈયાસૂઝથી સેવા કરે કે બાપજી પણ પ્રસન્ન થઈ જાય.

૧૯૬૨માં પૂ.શ્રીનો મુકામ સુરત પાસે કુંભારિયા ગામે હતો. પૂરા ૪૨ દિવસ હું અને બચુભાઈ સેવામાં સાથે જ હતા. હું અન્ય કાર્યમાં વ્યસ્ત હોઉં કે મુકામથી મારે દૂર જવાનું હોય તો પૂ.શ્રીની જવાબદારી બચુભાઈને સોંપી જતો. પૂ.શ્રી તરફની નિષ્ઠાપૂર્વકની અનન્ય ભાવે સેવા કરતાં કરતાં તેઓ બચુભાઈમાંથી પ્રેમ અવધૂતજી બન્યા. શ્રી બચુભાઈ હંમેશાં ગુરુમહારાજની સેવાનું જ ચિંતન કરે. શું કરવાથી બાપજી રાજી થાય? બાપજીને માટે શું કરું તો તેમને ગમે? તેમને તકલીફ ન પડે તે માટે શું કરવું જોઈએ? બસ! હરતાં, ફરતાં, ચિંતન કેવળ ગુરુમહારાજનું જ, સેવા, સુઘડતા, સ્વચ્છતા અને સરળતા એવી કે તેઓ પૂ.શ્રીને ખૂબ જ ગમી ગયા.

---

પૂ.બાપજીએ અંતરથી આશિષ આપતા ઉદ્ગારો એકથી વધુ વખત કાઢ્યા છે અને મેં સાંભળ્યા પણ છે. એમની સેવાથી ગુરુમહારાજને પ્રસન્ન થયેલા પણ મેં અનેકવાર જોયા છે. બે-ત્રણ પ્રસંગોનું વર્ણન કરું તો અસ્થાને નહિ ગણાય.

પૂ.માજીની માંદગી વખતે પૂ.શ્રીની સેવામાં બચુભાઈ હતા. પૂ.શ્રીને પગની ભારે તકલીફ હતી. સંડાસમાં બેસતાં-ઊઠતાં પડતી તકલીફથી બચુભાઈ ખૂબ જ વ્યથિત થયા. એમનાથી આ ખમાયું નહિ. આ તકલીફનો ઉપાય શું? શું કરું તો બાપજીને રાહત થાય? બસ! આ જ ચિંતન. બાપજી જ્યારે શાંતિનિકુંજના ઓટલા પર બહાર બેસે ત્યારે શ્રી બચુભાઈ સંડાસની બેઠકમાં- નૅપ્કિન કે અન્ય આરામદાયક વસ્તુઓ ગોઠવી એવી સુવિધા કરે કે જોનાર વિચારમાં પડી જાય. આવી વ્યવસ્થા જોઈને પૂ.શ્રી મને કહે કે "જુઓ માસ્તર! આને કોણ કહેવા ગયું હતું? આનું નામ જ સેવા. શોધી શોધીને સેવા કરવી તે જ પરિચર્યા. ભગવાન એનું ભલું કરે." અવધૂતના મોંથી આવા ઉદ્ગાર કઢાવવાનું સહેલું નથી.

આજ દિવસોમાં કોઈ કારણસર બાપજીને જાતે ભિક્ષા બનાવી લેવાનો વિચાર આવ્યો. આ વાતની જાણ થતાં મેં કહ્યું કે, આપ ભિક્ષા બનાવો તે યોગ્ય નથી. હું ભિક્ષા બનાવીશ અને હવે હું ઘરે નથી જતો. ત્યારે પૂ.શ્રીએ બચુભાઈનો ઉલ્લેખ કરીને કહ્યું કે માસ્તર! આ બચુ અહીં છે અને એના પિતા ખેતી સંભાળે છે. એ પણ રહેવા તૈયાર છે. પણ મેં એનેય ના પાડી છે. જરૂર પડે બોલાવી લઈશ. સદ્ગુરુનો વિશ્વાસ શ્રી બચુભાઈએ પ્રાપ્ત કરેલો હતો.

પૂ.માજીના મોક્ષ બાદ ઉત્તરક્રિયા માટે બાપજી મોરટક્કા ગયા. આમ તો બચુભાઈને સિદ્ધપુર બાજુ સ્થળ શોધવા અને વ્યવસ્થા કરવા જ મોકલેલા પરંતુ અગમ્ય કારણસર બધું એવી રીતે બન્યું કે પૂ.શ્રી મોરટક્કા ગયા. વડોદરા સુધી બચુભાઈની રાહ જોઈ હતી. પૂ.શ્રીની પગની તકલીફ ચાલુ જ હતી. મોરટક્કાના પ્રવાસમાં સંડાસનો પ્રશ્ન ગંભીર હતો. મેં મારી સૂઝ પ્રમાણે "સ્ટૂલનું" દેશી કમોડ બનાવી તો દીધું પણ મને જ સંતોષ ન હતો. એક દિવસ ગયો અને બચુભાઈ હેરફેર કરી શકાય એવું સંડાસ (**Portable commode**) લઈને આવી પહોંચ્યા. એમણે એમની હૈયાસૂઝ પ્રમાણે એવું સરસ સંડાસ બનાવ્યું હતું કે બાપજી ખૂબ જ પ્રસન્ન થયા. પૂ.શ્રીની કાયમની તકલીફ દૂર થઈ ગઈ. આ પ્રસંગે પણ અતિ પ્રસન્ન થયેલા બાપજીએ કહ્યું કે "માસ્તર! જોયું! આનું નામ સેવા! આને કોણે સુઝાડ્યું? કેવું સરસ બનાવ્યું છે? એને હું શું આપું? ભગવાન એનું ભલું કરે."

શ્રી બચુભાઈએ બોલ્યા વિના સેવા કરવાની વૃત્તિથી બાપજીનો એવો વિશ્વાસ પ્રાપ્ત કરેલો કે સિદ્ધપુરમાં પૂ.માજીના ઉત્તરક્રિયાના દિવસોમાં બ્રહ્મભોજન માટેની બધી જ જવાબદારી

એમને જ સોંપેલી. એટલું જ નહિ પણ પ્રત્યેક માસીઆ કરવાની જવાબદારી પણ એમને જ સોંપેલી. બચુભાઈને કામ સોંપ્યું એટલે પછી નિરાંત. સૂચના પ્રમાણે જ બધું થવાનું એવી પૂ.બાપજીને ખાતરી.

પૂ.બાપજી નૈમિષારણ્યથી છેલ્લે લીંચ પધાર્યા હતા ત્યારે ત્યાંથી જ આફ્રિકા ગયા હતા. પૂ.માજીના શૈલની સ્થાપના કરી, ગુજરાતના વાયદા પૂરા કરી, પૂ.શ્રી જયપુર થઈ હરિદ્વાર જવા નીકળ્યા ત્યારે ગુજરાતનો છેલ્લો મુકામ શ્રી બચુભાઈના બનેવીને ત્યાં અમદાવાદ કરેલો. ત્યાં પણ સેવામાં લીંચનું મંડળ હાજર. આ મુકામમાં પણ એમની સેવાપદ્ધતિથી બાપજી ખૂબ જ ખુશ થયેલા. હરિદ્વાર જતાં જતાં મારી સાથે વાત કરતાં કહેલું કે માસ્તર! તમે હરિદ્વાર જોયું છે? મેં ના પાડી. બાપજીએ કહ્યું કે આ ઠંડીના દિવસોમાં આ લોકો મને હમણાં કેમ લઈ જાય છે? આ તો ઠંડીના દિવસો અને હિમાલય. ચાલો કંઈ નહિ. **ગુજરાતનું પ્રારબ્ધ હોય તો મેં દેહવિલય માટે લીંચ પસંદ કર્યું છે. નહિ તો મારે જગા શોધવાની છે.**

ગુરુમહારાજે હરિદ્વાર જતાં તો બચુભાઈને યાદ કર્યા હતા પણ હરિદ્વારમાં પણ છેલ્લે દિવસે યાદ કર્યા હતા એમ ડૉ. રતિભાઈ દ્વારા જાણવા મળ્યું. શિષ્ય ગુરુનું ચિંતન કરે એ તો સમજી શકાય પણ ગુરુ શિષ્યનું ચિંતન કરે એવું બચુભાઈમાં શું હતું? આ પ્રશ્નનો સાચો અને આખરી જવાબ છે **"સેવાની સૂઝ."**

**દર્શન માત્રે એહના, પાપી પાવન થાય,**
**કરતાં સેવા ભાવથી, જન્મમરણ ભય જાય. (અ. ૫૩, દો. ૧૧)**

# (૧૨)

# પૂ. પ્રેમ અવધૂતજીની નિર્મળ જીવનદૃષ્ટિ

- ડૉ. શ્રી મફતલાલ ભાવસાર
રીડર,અમદાવાદ.

"પ્રેમ હી પ્રેમ રહ્યો રી..." પંક્તિ ચરિતાર્થ થતી હોય, વૃક્ષો અને બાળકોય લળી લળી પ્રણામ કરતાં હોય એવું દશ્ય નિહાળવું હોય તો પહોંચી જાઓ પ.પૂ. અવધૂત પાસે, લીંચ. તમે ત્યાં જોઈ શકશો. લહેરાતો...છલકાતો છતાં ઉન્નતિકર પ્રેમનો દરિયો...નિર્મળ દરિયો... જન્મોજન્મનાં શુભ કર્મોના સરવાળા સમો દરિયો...

પ.પૂ. પ્રેમ અવધૂતની જીવનદૃષ્ટિ સમજવા આપણે તેમના ભૂતકાળમાં ડોકિયું કરીએ.

પ.પૂ. પ્રેમ અવધૂત આ પૃથ્વી પર પ્રાગટ્ય પામ્યા, તા. ૧૩મી સપ્ટેમ્બરે, ભાદરવા સુદ એકમને દિવસે આજથી ઓગણસાઠ વર્ષ પહેલાં. તેમનું જન્મરાશિનું નામ પ્રેમશંકરભાઈ. પિતાનું નામ કૃપાશંકરભાઈ. માતા શાંતાબા. પિતા પરમ શિવભક્ત, માતા કૃષ્ણ ભક્તિમાં લીન અને બાળક પ્રેમશંકર ગુરુની સેવાની કલ્પનામાં રમમાણ. આ ત્રિવેણીનું સાક્ષાત્ સ્વરૂપ તે પ.પૂ. પ્રેમ અવધૂત.

❖❖❖

તેમના પિતાશ્રીનાં લગ્ન મોટી ઉંમરે થયેલાં. તેમને બે સંતાનોઃ એક દીકરી અને એક દીકરો. દીકરી મોટી અને દીકરો નાનો. બહેન મોટાં અને ભાઈ નાનો. મોટા બહેનનો પ્યારો. ભાઈલો, કૃપાશંકરભાઈને મોટી ઉંમરે દીકરો હોવાથી તેમને દીર્ઘાયુષી ઈચ્છતાં ગ્રામજનોએ તેમનું નામ રાખી લીધું 'બચુ.' બચુના હુલામણા નામે ઓળખાતાં તેઓ માતાપિતાના જ નહીં સૌના 'બચુ' (દીકરા) બની રહ્યા.

સૌને પ્રેમથી તરબોળ કરી દેતા બચુભાઈ મોટા થવા લાગ્યા. માતાપિતાની ભક્તિ અને સેવાની સરવાણીમાં તે નાહવા લાગ્યા. નિશાળમાંથી બહાર નીકળે કે તે વિચારે ચઢે સદ્‌ગુરુની શોધમાં. તેમને એક મિત્ર. તેનું નામ મૂળજી. બંને લંગોટિયા ભેરુ. તે બંને કોઈવાર એકાંતમાં મળે, કોઈવાર ગામના સીમાડે યા તો ખેતરમાં મળે અને વાતે વળે... વિચારે ચઢે... પણ તેમના કેંદ્રમાં હોય સદ્‌ગુરુની શોધ, સદ્‌ગુરુની ભક્તિ...

આ બંને બાળકો એક દિવસે વિચારે ચઢે છેઃ આપણે સૂરપાણેશ્વરની ઝાડીમાં પહોંચી જઈએ... નર્મદાના ખોળામાં આળોટી લઈએ...તેના કોઈક કિનારાથી શોધી કાઢીએ સદ્‌ગુરુને. આ સમયે તેઓ હશે અગિયાર વર્ષના.

**જ્યાં સુધી બાપજીને આપણી ભૌતિક કામનાઓ પૂરી કરનાર તરીકે મૂલવીશું ત્યાં સુધી ભાંગી પડ્યા સિવાય આપણા હાથમાં કાંઈ જ નહિ આવે.**

> **વાળી સિંચી વારિથી, રાખે આંગણ સાફ,**
> **પડ્યો બોલ ઝીલે સદા, જપે નામનો જાપ. (અ. ૬૪, દો. ૧૬)**

સમય પસાર થતો ગયો. બંને મિત્રોના લગ્ન થઈ ગયાં. તેમને બાળકો થયાં પણ બચુભાઈને સંસારનાં બંધન ફગાવી દેવાની ઈચ્છા રહ્યા કરી. તેમણે ગુરુની શોધ કરવાની ચાલુ જ રાખી. તેમને એક દિવસ ગુરુ મળી ગયા. તે ગુરુ હતા પ.પૂ. રંગ અવધૂત મહારાજ. પછી તો પૂછવું જ શું? તેમનામાં પ્રેમ, સેવા અને ભક્તિના સંસ્કાર તો હતા જ અને હવે સદ્‌ગુરુ મળી ગયા. નદીને દરિયો દેખાયો એટલે નદી દરિયાને મળવા અધીરી ન બને તો જ આશ્ચર્ય.

સંસારી લેબાસ અને સાંસારિક કાર્યો ધીમે ધીમે સાપની કાંચળીની જેમ ઊતરવા લાગ્યાં. સંન્યસ્તના રંગો ઊપસવા માંડ્યા. આત્મા પરમાત્માનું સાયુજ્ય રચાયું. બચુભાઈ-પ્રેમશંકરભાઈ હવે પ.પૂ. પ્રેમ અવધૂત બની ગયા.

❖❖❖

પાતળી, ઊંચી અને ધવલ દેહ દૃષ્ટિ ધારણ કરનાર આ ઓલિયાને નજીકથી જુઓ જરા. તેમની ધોળી દાઢી અને ધોળી જટા, વિશાળ લલાટ અને નિર્મળ આંખો-પ્રેમથી છલકાતી આંખોથી શોભતા, અવધૂત કુટિર તરફ પ્રયાણ કરતા એ ઓલિયાની યાદ કરતાં મારી આંખ સમક્ષ કેટલાં દૃશ્યો ખડાં થઈ જાય છે.

યાચક હૃદયે તેમને ઘેરી વળતો ભક્ત સમુદાય દેખાય છે. ભકત સમુદાય જ શા માટે કહું? તેમના તરફ યાચક હૃદયે માનવ મહેરામણ ઊમટી પડે છે. તેમાં છેઃ ગરીબ-અમીર, સ્ત્રી-પુરુષ, ગામડિયા-શહેરી, ભણેલ-અભણ, શેઠ-નોકર. તેમને આમનાથી ઘેરાયેલા જોઈ વિચારમાં પડી જવાય છે. ત્યાં...

લીંચના ગામના રસ્તે, તેમને ગામમાં પ્રવેશતાં જોઉં છું... પ્રફુલ્લ હૃદયે ભૂલકાંઓ તેમને લળી લળીને પ્રણામ કરી રહ્યાં છે... પદરજ લઈ રહ્યાં છે. નથી તેમને કોઈની પ્રેરણા કે નથી તેમને આશીર્વાદની કે પ્રસાદની લાલચ (પરમ પૂજ્ય પ્રેમ અવધૂત રસ્તામાં પ્રસાદ આપતા ફરતા નથી). તેમને નથી કાંઈ લેવાની કે સારા દેખાવાની અપેક્ષા, છતાં બાળકવૃંદ તેમને જોતાની સાથે જ રમત ગમત છોડી દોડી આવે છે અને તેમને પ્રણામ કરવાનું ચૂકતું નથી. તેમના માથે બદલામાં પ્રેમથી હાથ ફેરવે છે. 'પ્રેમ' પ્રેમથી ભૂલકાંને નામથી સંબોધે છે. કેટલાંક બાળકોને તો આવી અપેક્ષા પણ નથી. તેઓ તો પ્રણામ કરી નિર્મળ ભાવે હસતાં હસતાં દોડી જઈ પોતાની રમતમાં પરોવાઈ જાય છે. આવી છે પ્રેમ અવધૂતની શક્તિ.

'પ્રેમના તંતમાં સંત ઝાલે' એ નરસિંહ મહેતાની પંક્તિ યાદ આવી જાય છે. પ્રભુ પ્રેમનો ભૂખ્યો છે ને પ્રેમના તાંતણે બંધાઈ શકે છે અને આપણનેય તાણી તારી દે છે. ભક્તિ અને સેવા એ તો છે પ્રેમનાં જૂજવાં રૂપ. આવી નિર્મળ છે 'પ્રેમની જીવન દૃષ્ટિ.'

✿

---

**દેવથી દેવત્વની ઉપલબ્ધિ થાય, સ્વમાં સ્થિત થવાય, એવી ઉપાસના કરવાની.**

---

# (૧૩)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ ગુજરાતના એકનાથજી

- ડૉ. શ્રી દત્તાત્રેય નંદુરબારકર
અમદાવાદ.

'ગુરુ' શબ્દ પોતાની મહત્તા સૂચવે છે. ગુરુ શબ્દનો અર્થ મોટો એવો થાય છે. ગુરુનો વિરોધાર્થી શબ્દ લઘુ. લઘુ એટલે નાનો. ગુરુ મોટા હોય છે. શિષ્ય નાનો હોય છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મરૂપ હોય છે. તે જીવરૂપ પ્રકૃતિવાળા શિષ્યને જ્ઞાનથી પરિપ્લુત કરીને પરબ્રહ્મ સ્વરૂપ બનાવે છે.

ગુરુનું મહત્ત્વ કોણ સમજી શકે? જેની ઈશ્વરમાં ઉત્તમ ભક્તિ હોય છે, ઈશ્વરના જેવી જ ભક્તિ ગુરુ વિશે હોય છે, એવા મહાત્મા જ ગુરુનું મહત્ત્વ સમજી શકે છે. ખરેખર ગુરુનું રહસ્ય સમજવું અતિશય અઘરું છે. (ગુરુગીતા ૧)

ભાગવત પુરાણમાં વર્ણન કરેલું છે કે મુમુક્ષુ (મોક્ષની ઈચ્છાવાળા) શિષ્યે શાસ્ત્રમાં તેમ જ પરા વિદ્યામાં પારંગત થયેલ તેમ જ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ ગુરુની પાસે જઈ ઉપાસના કરવી. તેથી શિષ્યને મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે.

આપણા જમાનામાં દત્તપરંપરાની ઘણી બોલબાલા છે. તેનું કારણ એવું છે કે દત્તપ્રભુની ઉપાસના તદ્દન સાત્ત્વિક હોવાથી શીઘ્ર સફળ બને છે. શાસ્ત્રોમાં પણ એવું વર્ણન મળી આવે છે કે કલિયુગમાં દિવસે દિવસે દત્તભક્તિનો વધારે ને વધારે પ્રસાર થતો જશે. આપણી નજર આગળ દત્તપરંપરાના બે સંતો તરી આવે છે. ગરુડેશ્વરમાં જેમની સમાધિ છે એ પ.પૂ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ (૧૮૫૪-૧૯૧૪) અને નારેશ્વર નિવાસી પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ (૧૮૯૮-૧૯૬૮).

ભગવદ્ ગીતામાં (૪-૩૪) ભગવાન કહે છે કે તત્ત્વદર્શી જ્ઞાનીઓ શિષ્યને જ્ઞાનનો ઉપદેશ કરશે. શિષ્યને ગુરુને પ્રણામ કરી, સેવા કરી, પ્રશ્નો પૂછી ગુરુના ઉપદેશ દ્વારા તે જ્ઞાન પ્રાપ્ત કરવું. ગુરુની સેવા કર્યા વગર કે સત્સંગ કર્યા વગર (આત્મ) જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

સેવાભાવ એ શિષ્યની પાસે રહેલી અમૂલ્ય મૂડી છે. પરંતુ તેનું ભાન શુદ્ધ આચાર, પવિત્ર જીવન અને વૈરાગ્ય ધારણ કરનાર સુપાત્ર શિષ્યને જ થાય છે. ઉત્તમ શિષ્યની કસોટી તેની સેવાપરાયણતાથી થાય છે. પૂ.શ્રી રંગ અવધૂતજીની સેવા કરવાનું સૌભાગ્ય શ્રી બચુભાઈને

અનેકવાર પ્રાપ્ત થયું હતું. ગુરુમહારાજને શું જોઈએ અને શું ન જોઈએ તેની સૂઝ બચુભાઈને સહજ રીતે થતી. શિષ્ય ગુરુની સાથે તન્મય થાય ત્યારે જ આવો મહાભાવ જાગે છે, જેથી શિષ્યનો અહંકાર ઓગળી જાય છે અને સેવામાં શુદ્ધ નિષ્કામતા ફરી વળે છે. પૂ.શ્રીને બચુભાઈની સેવા ગમતી એટલે પૂ.શ્રી તેમને અનેકવાર બોલાવીને સેવાકાર્ય સોંપતા.

બચુભાઈનું ખરું નામ પ્રેમશંકર. ભગવાન શંકર તો કદાચ ગુસ્સે થાય અને ત્રીજું લોચન પણ ખોલી બેસે, પરંતુ બચુભાઈ તો શુદ્ધ પ્રેમ(ભક્તિ)થી ભરેલા એટલે એમના જીવનમાં ગુસ્સાનું કે ક્રોધનું સ્થાન જ નથી. બચુભાઈ આજે પણ પોતાને પક્ષીનું એક નાનકડું બચ્ચું છું એમ ગણે છે. પૂ.શ્રી રંગ અવધૂતજીને ગુરુમાઉલી(માતા) સમજી ગુરુમહારાજ પોતાનું રક્ષણ કરે છે એવો બાલભાવ રાખે છે. એમના પિતાજીનું નામ કૃપાશંકર. કૃપાશંકરભાઈ માતાજીના પ્રખર ઉપાસક. બહુચરાજી એમના કુલસ્વામિની. એમણે બહુચરાજીની ઉચ્ચ કોટિની ઉપાસના કરેલી. તેમણે અતિથિ સંસ્કાર, વૃદ્ધોની સેવા અને માંદાની સેવા કરવામાં જીવન પૂરું કર્યું. 'નિષ્કામ સેવા એ જ પ્રભુ સેવા' એ એમના જીવનનો મુદ્રાલેખ હતો. પૂ. શાંતાબા બચુભાઈનાં માતુશ્રી કૃષ્ણ કનૈયાની એકનિષ્ઠ ભક્તિ કરવામાં પોતે તલ્લીન રહેતાં. રંગ અવધૂતજીને મળ્યા પછી શાંતાબા અવધૂતજીને સાક્ષાત્ દત્તપ્રભુ/કૃષ્ણપ્રભુ માનવા લાગ્યાં.

તેમણે ઘણાં વર્ષો સુધી પૂ. રુકમામ્બાની અને અવધૂતજીની સેવા કરીને જીવન ધન્ય બનાવ્યું.

પૂ. શાંતાબાની ગુરુસેવા ઉપરાંત પારાયણ સેવા પણ પ્રશંસનીય હતી. તેમણે શ્રીગુરુલીલામૃત પ્રાસાદિક ગ્રંથના ૧૦૮ પારાયણ લાગલગાટ કર્યાં હતાં. ત્યાર બાદ પણ પારાયણનો ક્રમ ચાલુ રાખી બસો ઉપરાંત પારાયણ પૂરાં કરી તેના રહસ્યામૃતનું આકંઠ પાન કર્યું હતું.

'શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોભિજાયતે' (ભ.ગી. ૬-૪૧) એ ભગવાનની ઉક્તિ પ્રમાણે અતિશય પવિત્ર અને તપસ્વી કુળમાં ભાદરવા સુદ એકમના રોજ પૂ. પ્રેમ અવધૂતજીનો જન્મ થયેલો.

એમનું ગોત્ર ભારદ્વાજ. ગોત્રનાં પ્રવરો ત્રણ ભારદ્વાજ, અંગિરસ અને બૃહસ્પતિ. જન્મસ્થાન અને મોસાળ લીંચ. યજુર્વેદની માધ્યંદિન શાખામાં પ્રાદુર્ભાવ. પિતાજી વિદ્વાન, કર્મકાંડી બ્રાહ્મણ. આજુબાજુના ગ્રામ વિસ્તારમાં ભાવપૂર્વક સેવાપૂજા અને યજ્ઞયાગાદિ કરાવતા.

બચુભાઈના મામાનું નામ નટવરલાલ હતું. ભોગીભાઈ નામના એક ગૃહસ્થ બચુભાઈના આખા કુટુંબ સાથે સારો ઘરોબો રાખતા હતા. તેને કારણે બચુભાઈ તેમને પણ ભોગીમામા કહેતા.

ભોગીમામા સાચા ભક્ત હતા અને ઘણીવાર પૂ.શ્રી રંગ અવધૂતજીનાં દર્શન માટે નારેશ્વર જતા. તેમની સાથે બચુભાઈ પહેલીવાર દર્શન કરવા માટે ગયા. બ્રહ્મનિષ્ઠ સંતનું દર્શન અમોઘ હોય છે. શિષ્યના જીવનમાં એ અત્યંત મહત્ત્વની ક્ષણ બની રહે છે. બચુભાઈને પૂ.શ્રીનાં નેત્રકમળ ખૂબ ગમ્યાં. બચુભાઈએ નેત્રકમળોનું આકંઠ પાન કર્યું. આ દિવ્ય દર્શન છોડીને ક્યાંય જવું નહિ એવો એક ભાવ એમના મનને સ્પર્શી ગયો, પૂ.શ્રીએ બચુભાઈને ચાક્ષુષી દીક્ષા આપી શક્તિપાત કર્યો. તે જ ક્ષણે ગુરુજીના બૃહત્-સર્વવ્યાપી રૂપની ઝાંખી થઈ. વિશ્વના અણુ અણુમાં ગુરુમહારાજ-પરબ્રહ્મની પ્રતીતિ થઈ ગઈ. બચુભાઈને નિષ્કામ સેવા કરવાનો એક મૂક સંદેશ મળી ગયો.

પ્રથમ દર્શનના પરિણામ સ્વરૂપમાં, બચુભાઈના મનમાં સેવા કરવાનો એક અનોખો ભાવ જાગૃત થયો. તન, મન અને ધનની સાથે સર્વસ્વ સમર્પણ કરવાનો મહાભાવ બચુભાઈના આંતર્મનને સ્પર્શી ગયો. એક જ દર્શનથી બચુભાઈનું જીવન સેવા પરાયણ થઈ ગયું. મનનો અહંકાર સેવાની સુગંધમાં ઓગળી ગયો.

અમે પૂ.શ્રી રંગ અવધૂતજીને દત્તપ્રભુના અવતાર માનીએ છીએ. તેમને પરબ્રહ્મ સ્વરૂપ ગણીને ‘વિશ્વગુરુ’ (વિશ્વના ગુરુ) તરીકે નવાજીએ છીએ. અખિલ વિશ્વને માર્ગદર્શન આપીને મોક્ષ અપાવે એવી પૂ.શ્રીમાં અજબ ગજબની શક્તિ હતી. છતાં પણ તે પોતે ‘વિશ્વ જેનો ગુરુ છે’ એવો વિનમ્ર ભાવ ધારણ કરતા હતા. ઉચ્ચ કોટિના ત્યાગી અને વૈરાગ્યશીલ સંત સિવાય તેમની મહત્તા કોણ જાણી શકશે?

સાક્ષાત્કારી સંત શ્રી જ્ઞાનેશ્વર મહારાજે ભવગદ્ ગીતા ઉપર ‘ભાવાર્થદીપિકા’ નામની જૂની મરાઠી ભાષામાં એક સુંદર ટીકા લખેલી છે. સંત એકનાથ મહારાજ એ પણ દત્તપ્રભુના સાક્ષાત્કારી સંત હતા. તેમણે પુરાણના ૧૧મા સ્કંધ ઉપર મરાઠી ઓંવી વૃત્તમાં સરસ ટીકા લખેલી છે. પૂ.શ્રીને આ બંને ગ્રંથો પ્રિય હતા. પૂ.શ્રી સાધકોને આ બંને ગ્રંથો વાંચવાનું કહેતા. જ્ઞાનેશ્વરી ગીતામાં ભક્તિયોગનું સુંદર અને ચોક્કસ વર્ણન કરતી વખતે કૃષ્ણ ભગવાન કહે છેઃ-

‘જે જે મળે તમને ભૂત! તે તે માનજો ભગવંત । આ છે ભક્તિયોગ નિશ્ચિત । સમજો મારો.’

(જ્ઞાનેશ્વરી અ. ૧૦ ઓંવી ૧૧૮)

પૂ.શ્રી વિશ્વના દરેક પ્રાણીને ભગવાન સમજીને પ્રણામ કરતા હતા, એ કેટલાંને ખબર છે?

શ્રી એકનાથ મહારાજ એ જનાર્દન પંતના એકનિષ્ઠ ભક્ત. બંને યોગસિદ્ધ અને ભક્તિસિદ્ધ સત્પુરુષો. એકનાથ પોતાના વિષે કહે છે, “મારું-એકનાથનું અસ્તિત્વ જ રહ્યું નથી. જનાર્દનગુરુમાં હું વિલીન થઈ ગયો છું, જનાર્દન ગુરુજીની એકનિષ્ઠ ભક્તિ કરવાથી મારી આ પરિસ્થિતિ થઈ ગઈ, હું શું કરું? હવે તો ગુરુમહારાજ મને સમાવી લેશે!”

---

**પૂર્વે ગુરુની રીત એ, સેવા વિષે તપાસ,**
**કરી કસોટી શિષ્યની, દેતા વિદ્યા ખાસ. (અ. ૭૦, દો. ૫૬)**

જ્ઞાનેશ્વરના ગુરુ નિવૃત્તિનાથ, તેમના મોટાભાઈ જ હતા. જ્ઞાનેશ્વરજી નિવૃત્તિનાથને ડગલે ને પગલે યાદ કરે છે. બંને સંતોએ યોગમાર્ગથી જીવંત સમાધિ લીધી. જ્ઞાનેશ્વરજી મહારાજની સમાધિ આળંદીમાં છે. નિવૃત્તિનાથજીની સમાધિ ત્ર્યંબકેશ્વર પાસે (જિ. નાસિક) છે.

એકનાથ મહારાજની ગુરુભક્તિ અજોડ હતી. વહેલી સવારે ગુરુજીના પહેલા ઊઠી, તેમના માટે બધી તૈયારી કરવાનું કાર્ય એકનાથજી ખૂબ નિષ્ઠાથી કરતા. એકનિષ્ઠાથી કરેલી આ સેવાના ફલસ્વરૂપે જનાર્દને પોતે તેમને ત્રણવાર દત્તપ્રભુનાં દર્શન કરાવેલાં.

એકનાથજી આંગણાની સફાઈ કરી પાણી છાંટતા. ઘરમાં વાસીદું વાળતા. ગુરુજીની પિચદાની (થૂંકવાનું પાત્ર) અજવાળીને સ્વચ્છ રાખતા. દેવમંદિર સાફ કરતા. ગુરુજીને માટે ગરમ પાણી બનાવી સ્નાન માટે કાઢી આપતા. તેમનાં કપડાં હાથે ધોતા, પૂજા માટે ચંદન ઘસતા. પૂજાપો તૈયાર કરતા. એટલું જ નહિ પણ ગુરુજી સમાધિમાં બેઠા હોય અને રાજાનું લડાઈ માટે તેડું આવે તો ગુરુજીનો પોષાક પહેરી રણક્ષેત્ર ઉપર જઈ લડાઈ લડતા અને શત્રુની સામે વિજય પ્રાપ્ત કરતા.

ગુરુજીના સંડાસની સફાઈ જાતે કરી સંડાસમાં રંગોળી પૂરતા. સુશોભન કરતા, પછી અગરબત્તી સળગાવી ધૂપ કરતા અને વાતાવરણ સુગંધિત બનાવતા. આવી એકનિષ્ઠ ગુરુભક્તિ આજના જમાનામાં ભાગ્યે જ જોવા મળશે!

શ્રી પ્રેમ અવધૂતજીની સેવાને એકનાથજીની ગુરુસેવા સાથે સરખાવી શકાય. ૧૯૮૮માં માણેકનગરથી શ્રી સિદ્ધરાજ માણેકપ્રભુ જ્યારે ગુજરાત પધાર્યા હતા ત્યારે તેમણે લીંચની મુલાકાત લીધી હતી. તે પ્રસંગે તેમણે પ્રેમ અવધૂતજીની સેવાને બિરદાવી હતી. તેમણે મુક્ત કંઠે કહેલું કે “આ તો ગુજરાતના એકનાથજી છે.”

પ્રેમ અવધૂતજી સગુણ ભક્તિમાં ખૂબ માને છે. તેમની ઉત્કટ ભક્તિ પ્રમાણે આજે પણ પૂ.શ્રી રંગ અવધૂતજી લીંચમાં સદેહે (સૂક્ષ્મ રૂપમાં) બિરાજે છે. તેમના માટે અવધૂતજીના જીવનકાળમાં પ્રેમ અવધૂતે તૈયાર કરેલી અને તેમને ગમેલી સંડાસની વ્યવસ્થા ચાલુ છે. તેમાં રંગોળી પુરાય છે. અગરબત્તી-ધૂપ-દીપ બધું જ થાય છે. હાથ પગ ધોવા માટે પાણી-માટી-ટુવાલ વગેરે બધું જ નવું નવું મુકાય છે.

પૂ.શ્રી જ્યાં બેઠા હતા એ પાટ, ખુરશી, ઓરડો-આખા ઓરડાની-રંગ મંદિરની પવિત્રતા આજ યથાવત્ સાચવવામાં આવે છે. તેથી પૂ.શ્રીનાં પ્રત્યક્ષ દર્શનનો પણ કેટલાક ભક્તોને અનુભવ મળે છે.

---

**બસ! આપણામાં એટલું સત્ત્વ તો હોવું જ જોઈએ કે એ જે કંઈ ફેંસલો આપે તે હસતાં હસતાં સ્વીકારી લઈએ.**

---

> **હતભાગી પણ જો નકી, સેવે ગુરુચરણ,**
> **થાય પૂજ્ય સહુ લોકમાં, પામે પરમાયતન. (અ. ૭૨, દો. ૮૦)**

જે જે સંત મહાત્માઓ અને મહાપુરુષો લીંચમાં પધાર્યા તેમણે અનુભવપૂર્વક ઉદ્‌ગાર કાઢ્યા કે 'લીંચ એ નારેશ્વરની પ્રતિકૃતિ છે એવો અમને અનુભવ થયો છે.'

પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે હયાતીમાં પણ એવા જ ઉદ્‌ગાર કાઢેલા હતા.

વૈદિક ધર્મની પરંપરામાં સર્વત્ર ઐક્ય-એકતા-અદ્વૈત સ્થાપવાની પ્રક્રિયા ઉપર ભાર મૂકેલો છે. ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે આ ઐક્યની આવશ્યકતા છે. ઐક્યને લીધે નરમાંથી નારાયણ બની શકાય છે. ગુરુ-શિષ્ય, પતિ-પત્ની, કુટુંબના સભ્યો, ભક્ત-ભગવાન, રાજા-પ્રજા આ બધામાં ઐક્ય હોય તો શાંતિ પ્રસ્થાપિત થઈ શકે. તે માટે નિષ્કામ કર્મ, ત્યાગ અત્યાવશ્યક છે. પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં ઉપરની બાબતમાં લોકભોગ્ય શૈલીનાં અનેક આખ્યાનોનાં વર્ણન કરેલાં છે. પ્રેમ અવધૂતે ગુરુમહારાજની સેવામાંથી આવા ઐક્યના આદર્શની સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે.

પ્રેમ અવધૂતજીએ પોતાનું આખું કુટુંબ ગુરુસેવા માટે તૈયાર કર્યું છે. નારેશ્વરમાં દરેક ભક્તને માટે ભજન, જમણ અને નિવાસ વિના મૂલ્યે સહજ રીતે પ્રાપ્ત થાય છે. અન્નદાન એ દત્તપરંપરાની ખાસ વિશિષ્ટતા છે. નારેશ્વરના તીર્થધામમાં અન્નદાનનું મુક્ત દ્વાર છે. ભક્તિનું મુક્ત દ્વાર છે તેવી જ રીતે મોક્ષનું પણ મુક્ત દ્વાર છે. પૂ.શ્રી રંગ અવધૂતજીની કૃપાથી મોક્ષદ્વાર ખૂલેલું છે. ત્યાંના શુદ્ધ વાતાવરણની અસર સાધકના જીવન ઉપર થઈ તે મોક્ષનો અધિકારી બને છે.

પ્રેમ અવધૂતજીના આશ્રમમાં ગમે તેટલા માણસો આવે તોપણ તે બધા ગુરુમહારાજના ભક્તો છે-ના, ગુરુમહારાજ પોતે જ છે- એવો ભાવ રાખી તેમની સેવા કરવામાં આવે છે. ગુરુમહારાજની કૃપાથી આ સેવા કરવાની મળેલી તકનો લાભ લઈ, ગુરુમહારાજને પૂર્ણ સંતોષ આપવો એ પ્રેમ અવધૂતજીનો મુદ્રાલેખ છે.

પ્રેમ અવધૂત એકનાથજીની માફક ગૃહસ્થાશ્રમી છે. તેમનો ગૃહસ્થાશ્રમ અતિથિ સેવા અને સત્કારથી ધન્ય થયેલો છે. તેમને મારાં કોટિ કોટિ વંદન!

પૂ.શ્રી રંગ અવધૂતજીનો મુકામ જ્યારે લીંચમાં થયેલો ત્યારે પ્રેમ અવધૂતજીએ-કુટુંબે અને મંડળે તેમની જે ઉત્કૃષ્ટ સેવા અને વ્યવસ્થા કરેલી તેથી પૂ.શ્રીના મનને અપાર સંતોષ થયો હતો. ત્યારે પૂ.શ્રીએ કહેલું, આ તો મિનિ નારેશ્વર છે. કાયમને માટે અહીં રહેવાની મારી ઈચ્છા છે.

હરિદ્વાર જતા પહેલા પૂ.શ્રી અમદાવાદમાં પધારેલા તે વખતે તેમણે એવું કહ્યું હતું કે, "હરિદ્વારથી આવીને હું લીંચમાં જ આરામ કરીશ."

---

**આપણને લોકોનાં એઠાં પતરાળામાંથી ખાતાં જુએ તો બાપજીના હૃદયમાં કેવું દુઃખ થાય?**

---

**જોવું ન્યૂન ન ગુરુતણું, નરદૃષ્ટિથી તેમ,**
**માની ત્રિમૂર્તિ એહને, કરવી સેવા એમ. (અ. ૯૪, દો. ૪૮)**

પૂ.શ્રીની ઈચ્છા તો લીંચના પવિત્ર વાતાવરણમાં સ્થૂળ દેહ છોડવાની હતી.

ડૉ. ભોંસલે નામના મુંબઈના એક ભક્તે પૂછેલા સવાલના જવાબમાં પૂ.શ્રીએ કહેલું યાદ છે. "મારું શરીર ન હોય ત્યારે તમે લીંચ જશો તો ત્યાં તમને શાશ્વત શાંતિ મળશે."

આ બધું બચુભાઈની નિષ્કામ સેવાને આભારી છે.

મારા માટે તો લીંચ એક અતિશય મહત્ત્વનું તીર્થક્ષેત્ર છે. પૂ.શ્રીની હયાતીમાં તેમનાં ચરણકમળોનાં છેલ્લાં દર્શન મેં લીંચમાં કરેલાં. ત્યારબાદ પૂ.શ્રી હરિદ્વાર ગયા અને તેઓ બ્રહ્મલીન થયાના સમાચાર મને ધોરાજી મુકામ (જિ. રાજકોટ) રેડિયો દ્વારા મળેલા!

લીંચમાં પૂ.શ્રીને પગે લાગી તેમની સામે જોયું ત્યારે તેમણે આપેલા આશીર્વાદાત્મક શબ્દો મને યાદ આવે છેઃ-

દત્ત ભગવાનનું-પરંપરાનું થોડું કાર્ય થયું છે. ઘણું કાર્ય બાકી રહે છે, તે પૂરું કરવા માટે સૌ ભક્તોને મારા આશીર્વાદ છે.

પૂ.શ્રીના આ આશીર્વાદાત્મક વચનોથી અભિષેક થયેલા પૂ. પ્રેમ અવધૂતજી પૂર્ણ પુરુષનું આયુષ્ય પ્રાપ્ત કરો અને પરંપરાનું કાર્ય વિસ્તારો એવી ગુરુમહારાજને પ્રાર્થના. પૂ.શ્રીનાં ચરણકમળોમાં અનેકાનેક વંદના.

✿

**જ્યાં જઈએ ત્યાં હું બાપજીનો છું એમ કહીએ અને પછી મારે આ દુઃખ છે એમ કહીએ તો તે આપણી મોટી ભૂલ છે.**

ગુરુસેવા જે આદરે કરે થાય તે પાર,
ક્યાંથી તેને દુઃખ? એ સદા સુખી નિર્ધાર. (અ. ૯૫, દો. ૪૭)

# (૧૪)

# પૂ. પ્રેમ અવધૂતજી મને કેમ ગમ્યા?

- શ્રી રતિભાઈ કે. શાહ
અમદાવાદ.

આપણા દેશમાં દત્તભક્તિ ખાસ કરીને દક્ષિણ ભારતમાં વિશેષ પ્રમાણમાં પ્રસરેલી છે.

ગુજરાતમાં દત્તઉપાસના બહુ ઓછી હતી પરંતુ પરમ પૂજ્ય વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ સમગ્ર ભારતની પગપાળા યાત્રા કરતા ગુજરાતમાં આવ્યા અને ગરુડેશ્વરમાં સ્થિર થયા ત્યારથી દત્તભક્તિની શરૂઆત ગુજરાતમાં થઈ.

ત્યારબાદ પૂજ્યશ્રી રંગ અવધૂત ગુરુમહારાજે તેમના ગુરુદેવનું કાર્ય આગળ ધપાવ્યું અને તેઓશ્રીએ નર્મદા કિનારે નારેશ્વરમાં મુકામ કર્યો અને દત્તભક્તિનો પ્રચાર સવિશેષ દક્ષિણ ગુજરાતમાં થયો. ત્યારબાદ તો તેમના અનુયાયીઓ દ્વારા સમગ્ર ગુજરાતમાં જ નહીં પરંતુ દેશ અને વિદેશમાં પણ તેનો પ્રચાર અને પ્રસાર થયો છે.

નારેશ્વરમાં જે રીતે લીમડો ઝૂકી ગયો છે અને તેણે તેની કડવાશ ઓછી કરી છે અથવા મીઠો બન્યો છે તે પ્રમાણે લીંચમાં શ્રી બચુભાઈની વાડીમાં જ્યાં પૂજ્ય બાપજી બેસતા તે આંબો પણ ઝૂકી ગયો છે જે બતાવે છે કે પૂજ્ય બાપજીએ લીંચને રંગતીર્થ તરીકે માન્ય કર્યું છે.

ઉત્તર ગુજરાતમાં લીંચ નિવાસી પૂજ્ય શ્રી બચુભાઈએ તેમના પરમ ગુરુદેવ પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રીનું કાર્ય આગળ ધપાવ્યું અને તેને વેગ આપ્યો તેથી મને પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજી ગમ્યા એમ કહું તો તે ખોટું નથી. તેથી આગળ વધીને કહું તો મને તેઓશ્રીના પ્રત્યે અહોભાવ થયો અને સન્માનની લાગણી પેદા થઈ.

શ્રી બચુભાઈએ વર્ષો સુધી ગુરુમહારાજની સેવા કરેલી છે. ગુરુસેવા એ જ પરમ ધર્મ તે તેઓશ્રીના જીવનનું સૂત્ર બન્યું છે. તેઓશ્રી બાપજીના હનુમાન હતા એમ કહીએ તો કંઈ જ અતિશયોક્તિ થતી નથી. તેઓશ્રીએ પૂજ્ય બાપજીની ખડે પગે સેવા કરેલી છે. અદનામાં અદકી સેવા શ્રી બચુભાઈએ ખૂબ જ પ્રેમપૂર્વક અને અત્યંત કાળજી લઈને ચીવટપૂર્વક કરેલી છે.

જ્યારે તેઓ પૂજ્ય બાપજીની સેવામાં હોય ત્યારે સતત સજાગ રહેતા અને વિચારતા કે ક્યારે પૂ.બાપજીને શાની જરૂર પડશે અને તે તેઓ તૈયાર રાખતા અથવા પૂ.બાપજી સમક્ષ રજૂ કરતા. પૂજ્ય બાપજીને માગણી કરવી પડે તેવી પરિસ્થિતિ શ્રી બચુભાઈ ઊભી જ થવા દેતા નહિ.

**કર્મની ગતિ ન્યારી છે. આપણું એક એક કર્મ આપણી સામે જ આવીને ઊભું રહે છે.**

> **થતાં તુષ્ટ ગુરુ દે સ્વયં ચતુર્વિધ પુરુષાર્થ,**
> **ક્યાંથી યમભીતિ પછી? ગુરુભક્તિ જ યથાર્થ. (અ. ૯૫, દો. ૪૮)**

તેઓશ્રી આજે પણ ખૂબ જ નમ્રતાપૂર્વક જણાવતા હોય છે કે હું તો મારા ગુરુમહારાજનો સેવક છું.

આજે આપણે તેમને પૂજ્ય પ્રેમ અવધૂતજી તરીકે સન્માનીએ છીએ પરંતુ તેઓશ્રી તો કહે છે, હું જે કંઈ છું તે મારા ગુરુમહારાજની કૃપાને કારણે છું. આમાં મારું કંઈ નથી. જે કંઈ છે અથવા જે કંઈ મારા દ્વારા થાય છે તે બધું ગુરુમહારાજ કરે છે અથવા મને નિમિત્ત બનાવીને કરાવે છે.

પૂજ્ય પ્રેમ અવધૂતજી ઊંચી કક્ષાએ પહોંચ્યા હોવા છતાં તેઓશ્રીમાં સહેજે આડંબર કે અભિમાન જેવું કંઈ પણ જોવા મળતું નથી. એટલું જ નહીં તેઓશ્રી એકદમ સીધા, સરળ અને સંપૂર્ણ સાદગીના આગ્રહી છે. આને કારણે તેઓ મને ખૂબ ગમ્યા.

હું પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીના સંપર્કમાં લગભગ વીસ વર્ષથી છું. અવારનવાર લીંચની યાત્રાએ દર્શન માટે જાઉં છું. જ્યારે જ્યારે તેઓશ્રી અમદાવાદમાં પધારે છે ત્યારે અચૂક તેમનાં દર્શનનો લાભ લેવાનું ચૂકતો નથી. હમણાં તેમની ૬૦મી જયંતી નિમિત્તે તેઓશ્રીનાં લગભલ ૧૬ પ્રવચનોનું પુસ્તક સેવા સૌરભ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમનાં બાર પ્રવચનો વખતે હું હાજર પણ હતો. આમ હું પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજી પ્રત્યે ખૂબ જ આદર અને સન્માન ધરાવું છું.

આશા રાખીએ કે તેઓશ્રીનું માર્ગદર્શન અને આશીર્વાદ સમગ્ર અવધૂત પરિવારને ઘણો લાંબો સમય મળતો રહે.

❁

# (૧૫)

# પૂ. પ્રેમ અવધૂતજી સાથેનાં મીઠાં સંભારણાં

- શ્રી જશવંત એ. દેસાઈ
આણંદ.

પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ સાથેનો પવિત્ર સંબંધ એવો હતો કે એમના દેહવિલય પછી ખાલીપો ઊભો થયો. બાપજીની તો વાત જ ન્યારી છે, એટલે એ ખાલીપો વધુ સતાવે. આ ખાલીપો દૂર કેવી રીતે થાય? આજથી દસેક વર્ષ પહેલાં અમો નારેશ્વર ગયા હતા. ત્યાં રહેવાથી પૂ.બાપજીનું સાંનિધ્ય હોય એવો જ આનંદ મળે. એટલે મનનો ખાલીપો હળવો થાય. જોગાનુજોગ એ વખતે જ પૂ.બચુભાઈ પણ નારેશ્વર આવેલા. એમના વિશે સાંભળ્યું હતું પરંતુ રૂબરૂ મુલાકાત થઈ ન હતી. એમને મારી રૂમ પર પધારવાનું આમંત્રણ આપ્યું. એટલી બધી સહજતાથી એમણે આમંત્રણ સ્વીકારી લીધું અને એવી સરળતાથી વાતો કરી કે જાણે આપણા કોઈ અંગત સ્વજન સાથે જ વાત ન કરતા હોઈએ?

પૂ.બાપજીનો લીંચમાં મુકામ હતો ત્યારે દર્શન કરવા લીંચ ગયેલા પણ ત્યારે તો પૂ. બચુભાઈ સાથે વાતચીત કરવાનો પ્રશ્ન જ ન હતો. એમની સાથે નારેશ્વરમાં બંધાયેલી પ્રેમગાંઠ દિનપ્રતિદિન વિકસવા માંડી અને મજબૂત બનવા માંડી.

પૂ. બચુભાઈ પ્રત્યે આકર્ષણ અને આદરભાવ થવાનું મુખ્ય કારણ એમની નિરભિમાનિતા. જીવનમાં ગુરુ મહારાજના આદર્શો ઉતારેલા હોવા છતાં હું બીજાથી વિશેષ છું એવો ભાવ દેખાતો નથી. એમની વાતચીત કે વર્તનમાં અહમ્‌નો રણકો નથી. આ અઘરું છે, કપરું છે. વ્યક્તિ વિશેષ કૃપાપાત્ર બને એટલે એના અવાજનો થડકાર બદલાઈ જતો હોય છે. અહીં તો બચુભાઈ એ જ નમ્રતા, સાદાઇ અને સરળતાની મૂર્તિ.

નોંધવાપાત્ર બાબત તો બીજી પણ છે. સામાન્ય રીતે આધ્યાત્મિક માર્ગે આગળ વધતાં 'સંત' જનના ઘરમાં ઘણીવાર કોડિયા નીચે અંધારું હોય છે. અહીંયાં તો કોડિયા નીચે વધુ અજવાળું. કેવી રીતે? પૂ. બચુભાઈનું સમગ્ર કુટુંબ પણ એટલું જ સ્નેહાળ અને સેવાભાવી. પૂ. બચુભાઈની ગેરહાજરીમાં પણ આતિથ્યની માત્રા તો એકસરખી. પૂ. બચુભાઈએ પ્રાપ્ત કરેલી અસ્મિતાનો આ તો પુરાવો છે. એમનાં ધર્મપત્નીથી માંડીને પુત્રવધૂ સુધી સૌ કોઇ ગ્રામ્યજનની નિર્દોષતા અને પ્રેમભાવ બતાવે છે. આવા વર્તન દ્વારા કાંઈ મેળવવાની વૃત્તિ તો છે જ નહિ.

નાના બાળકના હાથમાં રૂપિયો મૂકી તો જુઓ તો જેને જગતના બીજા કોઈ રીતરિવાજનું ભાન નથી તે પણ એટલું તો જાણે છે કે આપણાથી કોઈનું લેવાય નહિ. એ તમારો રૂપિયો પરત કરે જ. 'દત્ત' શબ્દ અહીં ચરિતાર્થ થતો જોવા મળે છે. જ્યારે પારકા માટે ઘસાવવાની ભાવના લુપ્ત થતી જાય છે ત્યારે કોઈપણ જાતની અપેક્ષા વિના, પ્રસન્નતા અને કચવાટ વિના પરોણાગત કરવી એ જ સાચી આધ્યાત્મિક સિદ્ધિ છે. 'પરસ્પર દેવો ભવ' બોલ્યા વિના આચરી બતાવનાર આ કુટુંબીજનોને આપણા સૌની વંદના હો!

નારેશ્વરની પ્રથમ મુલાકાતમાં જ લીંચ આવવાનું સ્નેહાળ આમંત્રણ મળ્યું. લીંચમાં પૂ.શ્રીની કુટીરની જાળવણી અદ્‌ભુત છે. નારેશ્વરનું મૉડેલ, પૂ.શ્રીની વસ્તુનું સંગ્રહાલય અને એ અંગેની ચીવટ દાદ માગી લે છે. નારેશ્વરમાં ઝૂકેલો લીમડો છે તેવો જ લીંચમાં ઝૂકેલો આંબો છે. નારેશ્વરની જેમ જ એ ઝૂકેલા આંબા નીચે પૂ.શ્રીની બેઠક છે. પૂ.શ્રીએ લીંચને 'મિનિ નારેશ્વર'નું પ્રમાણપત્ર આપેલું તે અમસ્તું થોડું આપ્યું હશે?

અમારે ત્યાં આણંદમાં ગુરુમહારાજ સને ૧૯૬૩ અને ૧૯૬૮ એમ બે વાર પધારેલા અને મુકામ કરેલો. એ અમારું અહોભાગ્ય છે. અમારા મકાનની બાજુમાં ખુલ્લી જગા હતી. તેમાં પૂ.બાપુજીની સ્મૃતિરૂપે કુટીર બનાવી તેમાં એમનો ફોટો પધરાવવાનું વિચાર્યું. સંવત ૨૦૪૨ના પોષ સુદ ૯ના રોજ અમારા આમંત્રણને માન આપીને પૂ.પ્રેમ અવધૂતજીએ કુટીરમાં ગુરુમહારાજનું સ્થાપન કર્યું.

એમને દક્ષિણ ગુજરાતના પ્રવાસે વર્ષમાં એકવાર જવાનું થાય જ છે. ત્યાંના ભક્તજનોના નિર્વ્યાજ પ્રેમને ટાળી શકાતો નથી, એમ આ પ્રવાસ દરમ્યાન આણંદ અમારે ત્યાં મુકામ કરવાનું કાયમી આમંત્રણ આપી દીધું. તેઓ પણ બધો વિચાર કરીને, અમને ઓછામાં ઓછી તકલીફ પડે એ રીતે, અગાઉથી માહિતી આપીને, મુકામ કરે છે. જે 'પરની ચિંતા કરે છે તેને જ પરબ્રહ્મ મળે' એવું એમની સાદી ભાષાનું સોનેરી સૂત્ર સ્મરણીય છે.

પૂ. બચુભાઈના સ્થૂળ શરીરને જોતાં ઋષિ દધીચિ યાદ આવે. સ્થૂળ શરીરમાં તો કાંઈ જ નથી. પરંતુ પૂ. બાપજીની આંખોમાં જેવી ચમક હતી તેવી જ ચમક પૂ. બચુભાઈની આંખોમાં છે.

એમની નમ્રતા તો એટલી બધી છે કે તે હંમેશાં પૂ. બાપજી કરે છે અને હું તો કાંઈ કરતો જ નથી એવું કહે છે અને આ પણ કહેવા ખાતર નહિ, પણ હૃદયના ઊંડાણમાંથી કહે છે.

'ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ' એવી પૂ. બાપજીની ઇચ્છા આજે વધુ સારી રીતે સમજાય છે. પૂ. પ્રેમ અવધૂતજીને અમારા કોટિ કોટિ વંદન હજો.

❁

> માટે જે સત્પુરુષની આજ્ઞાથી નર જાણ,
> કરે દેવ સેવા અહીં, દેવ તણા એ માન. (અ. ૧૧૪, દો. ૬૨)

# (૧૬)

# પૂ. શ્રી પ્રેમ અવધૂતજીનાં પુનિત સ્મરણો

- શ્રી ઈન્દ્રવદન શાહ
અમદાવાદ.

"સદા ભજો ગુરુદેવ, ગુરુ બિન નાહિ કોઈ અપના,
આપ સમાન કરે શિષ્યન કો દેવે પદ નિરબાના"

"કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ"

પરમ પૂજ્ય શ્રી સદ્‌ગુરુ રંગ અવધૂત ભગવાનનો સમસ્ત માનવ જાતનો તો શું પરંતુ દરેક જીવજંતુ પ્રત્યેનો દિગંત વ્યાપી પ્રેમ જાણે લીંચમાં પ્રેમ અવધૂતમાં પરાવર્ત થયો એમ ભાસે છે! એ જગત સુહૃદની પરમ ભાવના એકાદ તણખલામાંથી વ્યાપ્ત બનીને સમસ્ત ઉત્તર ગુજરાતમાં જાણે દાવાનળરૂપે પ્રસારિત થતી હોય તેમ લાગે છે! એ પ્રકાશ અને ઉષ્ણતાનાં બિંદુઓનો આસ્વાદ અમદાવાદ-દક્ષિણ ગુજતરાતના અને હવે તો પાશ્ચાત્ય પ્રદેશો પણ માણતા થયા છે!

પૂ. બાપજીને કોઈ ભક્તે પૂછ્યું "ભગવાન! ગોપીભાવ કેવો હોય?" ગોપીભાવની વિશિષ્ટ અને વિશુદ્ધ મીમાંસા કરતાં કરતાં દષ્ટાંત તરીકે કહ્યું, "લીંચના બચુભાઈ મારા કૃષ્ણાવતારની ગોપી છે. શુદ્ધ ગોપીભાવ તેનામાં અંકિત થયેલો દર્શિત થાય છે." પરંતુ આ નિર્મોહી ગોપીએ સતત ગુરુગાન ગાતાં ગાતાં, કીટ ભ્રમર ન્યાયે પોતાના ગોપીભાવમાંથી પરિવર્તીત થઈ સ્વયં કૃષ્ણ સ્વરૂપ ધારણ કરી દીધું હોય તેમ ભાસે છે! પોતાની અભૂતપૂર્વ સેવાભાવના હર ક્ષણે શ્વાસેશ્વાસે સદ્‌ગુરુ સ્મરણ કરતાં હોઈ શ્રીરંગ સદ્‌ગુરુ દેવે પોતાના આ અનોખા શિષ્યને આપ સમાન બનાવી દીધા છે.

હરદ્વાર જતાં પૂ.બાપજીનો રાત્રિમુકામ સાબરમતીમાં શ્રી બચુભાઈના બનેવી શ્રી વિષ્ણુભાઈ પુરોહિતને ત્યાં હતો. તે સમયે પૂજ્યશ્રીનાં બંને ચરણો પર અત્યંત સોજા ઊપસી આવેલ. કોઈ ભક્તજન અત્યંત દુઃખિત બની કાતર ભાવે બોલી ઊઠ્યો "ભગવાન! બંને પગો તો જાણે દડા થઈ ગયા હોય તેમ લાગે છે." પૂ.બાપજીએ જવાબ વાળ્યો, "ભિલામા હોત તો લગાવત. સોજો બેસી જાત. સેવાર્થીભાઈએ કહ્યું, "બાપજી ભિલામા માટે જરૂરી

વ્યવસ્થા કરું છું.” તે સમયે બચુભાઈ લીંચથી આવી પહોંચ્યા અને કહ્યું, “બાપજી, ભિલામા હું સાથે લાવ્યો છું.” અત્યંત હર્ષિત થઈને પૂ.બાપજીએ પેલા સેવાર્થી ભાઈને ટકોર કરતા કહ્યું, સાચો શિષ્ય કેવો હોય! પોતાના ગુરુને શું જોઈશે તે અગાઉથી વિચારીને સાથે લેતો આવે તે જ સાચો શિષ્ય. પૂજ્યશ્રીને બચુભાઈને બિરદાવતાં સાંભળીને સર્વને ઘણો આનંદ અને અહોભાવ થયો.

મારાં મોટાંબહેન સાથે હું ૧૯૬૫ના જાન્યુઆરી માસની ૧૪મી તારીએ પ્રથમવાર લીંચ પૂ.બાપજીનાં દર્શનાર્થે ગયો તે સમયે આ વિરલ વિભૂતિનાં પ્રથમ દર્શન અને પરિચય થયેલાં. ગુરુવાર હોવાથી અમારે બંનેને નિરાહાર ઉપવાસ હતા. એકાદ ઝાડ નીચે બેસી બાવનીના પાઠ અમો કરી રહ્યા હતા. બપોરના બાર વાગી જતાં પૂજ્યશ્રીના આરામમાં જરાપણ ખલેલ ન પડે તે દૃષ્ટિએ બચુભાઈ સૌને ખેતરની બહાર જવાની વિનંતી બંને હાથ જોડીને કરી રહ્યા હતા. એક સિદ્ધહસ્ત સંન્યાસીની બહેનને પણ બહાર જવાનું કહી દીધું. સૌને વીખરાતાં જોઈ અમને બંનેને પણ ઊભાં થતાં જોઈ બચુભાઈ એકાએક અમારા તરફ દોડી આવ્યા અને કહેવા લાગ્યા કે તમારે બંનેને બહાર જવાની જરાયે જરૂર નથી. અમારું આસન તે સમયે ધરતી જ હતું. તેથી દોડી જઈને અમારા બંને માટે આસન લઈ આવ્યા અને છાબ ભરીને પૂજ્યશ્રીના પ્રસાદ ફળો લઈ આવીને ત્યાં જ આરોગી જવાનું સૂચન કર્યું. સમગ્ર ખેતરમાં બહારની વ્યક્તિઓમાં માત્ર અમો બે જ ઉપસ્થિત હતાં.

આમ પ્રથમ દર્શન અને પરિચયમાં જાણે Platonic love (પ્રથમ પરિચયે સ્નેહ) હોય તેમ લાગ્યું. પ્રથમ પરિચયથી માંડીને આજ સુધી અમોને શ્રી પ્રેમ અવધૂતજીએ પ્રેમભાવે જકડી રાખ્યા છે. તેમના સાધન કાળનો પણ હું સાક્ષી છું જ્યારે તેઓ મૌન લેતા ત્યારે હું લીંચ જાઉં તો માત્ર મારી સાથે બોલતા. આમ મારી સાથે તેમનો સ્નેહભાવ દિનપ્રતિદિન વધતો જ ગયો છે.

પૂજ્યશ્રીની અનેક જણે અનેક રીતે ભક્તિ કરી છે, પરંતુ તેમનું સેવા પાસું તો બચુભાઈએ જાણે સર કરી દીધું હોય તેવી મારી માન્યતા છે. નારેશ્વરના ઝાડુવાળા અને જાજરૂવાળા હરિજનભાઈ સાથે પોતાની જાતને સરખાવીને કહે છે કે હું પૂજ્યશ્રીનો જાજરૂ વાળનારો છું, ત્યારે સેવાભાવનાની પરાકાષ્ઠા જ ગણાયને? તેમનામાં રહેલી અદ્‌ભુત સાદાઈ, સરળતા અને અહંશૂન્યતાનાં અપૂર્વ દર્શન થાય છે. ઘણીવાર તેઓ કહે છે કે આપણા મનને સદાયે આનંદમાં જ રાખવું જોઈએ. મનનો આનંદ ગમે તેવા ક્ષુબ્ધ વાતાવરણમાં પણ ચલિત ન થવો જોઈએ. તેમના મુખ કમળ પર પવિત્રતા, શાંતતા, દાંતતા, ઉપરતિના અનુપમ ભાવો દેખાય છે. સદાયે હાસ્ય સ્ફુરિત થતો તેમનો ચહેરો આપણી નજર સમક્ષ તરવરી ઊઠે છે!

**બાપજીના દર્શન પછી એવું ઘેલું લાગેલું કે એમની પાસે રહેવાય, પાસે અવાય એવી સેવા શોધતો ફરું.**

**દયા ક્ષમા શાંતિ ધૃતિ દૈવી સંપદ જાણ,**
**કરી પ્રાપ્ત સદ્‌ગુરુ પદે જાવું શરણ અમાન. (અ. ૧૬, દો. ૧૦૨)**

"આપ સમાન કરે શિષ્યન કો" એ ઉક્તિનું ઉદાત્ત ઉદાહરણ બચુભાઈએ પૂરું પાડ્યું છે અને આ અંગેના ઘણા બનાવો મારા જીવનમાં બન્યા છે. વિસ્તાર ભયે એક-બેનો ઉલ્લેખ કરું છું.

સને ૧૯૭૪માં મારી બદલી કલકત્તા ખાતે થયેલી. કલકત્તામાં પરિવાર પ્રવૃત્તિઓનો પ્રારંભ થયેલો. બે વાર શ્રીગુરુલીલામૃત કથા સપ્તાહ થયેલી. માનવીનું મન ઘણું વિચિત્ર છે. બંગાળી બ્રહ્મોસમાજમાં તેમાં જોડાઈને તેની મૅનેજિંગ કમિટીમાં હું સભ્ય થઈ ગયો. એકબાજુ 'પરિવાર' પ્રવૃત્તિઓ મંદ થતી ગઈ. બીજી બાજુ સમાજની પ્રવૃત્તિઓ ધમધોકાર થતાં તેમાં જ વ્યસ્ત બની ગયો. પ્રસંગોપાત્ત અમદાવાદ આવવાનું થતાં સદ્‌ગત શ્રી જગદીશભાઈ શુક્લ સાથે લીંચ દર્શનાર્થે ગયાં. તે સમયે મને બચુભાઈ કહેવા લાગ્યા, "ઈન્દ્રવદન, બાપજી તમારા પ્રત્યે અત્યંત નારાજ છે. બીજે માન મરતબો મળતાં 'પરિવાર'ની સેવા કેમ છોડી દીધી?" ઘણા જ આશ્ચર્ય સાથે આ ટકોર સાંભળતાં મનોમન પરિવારની પ્રવૃત્તિ પુનઃ ચાલુ કરી દેવાનો તે જ સમયે નિર્ણય કરી દીધો.

સને ૧૯૮૦માં બાબીપુરા અતિથિ વિશેષ તરીકે જવાનું થયું. પૂ. સ્વામી મહારાજે આપેલ મંત્ર એ ગુરુમંત્ર ના કહેવાય તેમ કોઈ જડ સંતના સૂચનને સ્વીકારી મંત્રમાળા છોડી દીધી. મન અસ્થિર બનતું ગયું. બાબીપુરામાં પૂ. ખેડાભાઈને નાથનો આવેશ આવતો તે વિષયમાં પૃચ્છા કરી બેઠો. પાછા વળતાં લીંચ જતાં બચુભાઈ કહેવા લાગ્યા, "ઈન્દ્રવદન, પૂ.બાપજી તમારા પર ઘણા ગુસ્સે થયા છે. મુશ્કેલી સમયે તો માત્ર પૂ.બાપજીને જ પૂછવું જોઈએ. નહિ તો એમ કહેવાય કે તેના બાપમાં કોઈ ક્ષમતા નથી અથવા તેના બાપ સાથે બિચાબારું છે."

સને ૧૯૮૧માં પ્રથમવાર પૂ. બચુભાઈનું શુભાગમન 'રંગવિશ્રામ' (મારું નિવાસસ્થાન)માં પૂ.બાપજીના મોટી સાઈઝના એક ફોટા સાથે થયું. તે સમયે રંગભક્તોનો મેળો જામેલો. બચુભાઈની પધરામણી ઘેર ઘેર થવા લાગી. તેમની અભૂતપૂર્વ શક્તિઓનો પરિચય જાણે સૌને થતો જ રહ્યો. મેં પ્રથમ બચુભાઈને બાપજી તરીકે સંબોધ્યા ત્યારે બચુભાઈ અત્યંત નારાજ થઈને બોલવા લાગ્યા, "ઈન્દ્રવદન, આપણે બાપજી થવું નથી પરંતુ બાપજીના થવું છે." આમ 'ના' શબ્દ પર સુંદર રીતે શ્લેષ કર્યો. ધીરે ધીરે ભક્તજનોનો મહેરામણ વધતો જ ગયો.

સને ૧૯૮૦ની સાલમાં લીંચ મુકામે ભક્તજનો એકત્રિત બની બચુભાઈનો ૫૦મો જન્મમહોત્સવ ઊજવતા હતા ત્યારે સર્વત્ર આનંદ પથરાયો. તે સમયે મેં સંકલ્પ કર્યો કે 'રંગવિશ્રામ'માં બચુભાઈની એકાદ જન્મજયંતી ઊજવવી. ૧૯૮૪ની સાલમાં તે સંકલ્પ પાર પડ્યો. લીંચની બહાર (અમદાવાદમાં) પ્રથમ જ વાર 'રંગવિશ્રામ'માં પ્રેમજયંતી મહોત્સવ ઊજવાયો. માનવ મહેરામણ તે સમયે ખૂબ ખૂબ ઊમટયો હતો. ઘણા ઘણા ચમત્કારિક અનુભવો સૌને થયેલ. સમગ્ર નવરંગપુરા વિસ્તારમાં વરુણદેવે પોતાના લાવલશ્કર સાથે જયંતીદિને

---

**ગુરુમહારાજને ગમે તે કરવું અને ના ગમે તે ના કરવું એ જ મારી સાધના બની ગઈ.**

---

હુમલો કરેલો. પરંતુ રંગવિશ્રામની આસપાસ વરુણદેવનું કોઈ જોર ચાલ્યું નહિ. ભીનાં કપડાં સાથે બહારથી આવનાર ભક્જનો વર્ષા-વિહિન 'રંગવિશ્રામ'ને જોતાં જ સ્તબ્ધ બની ગયાં. આનો સઘળો યશ પૂ. પ્રેમ અવધૂતજીને ફાળે જાય છે. વિસ્તાર ભયે બધા પ્રસંગો વર્ણવી ના શકાય.

પૂ. પ્રેમ અવધૂતજીએ એકવાર ભવિષ્યવાણી ઉચ્ચારેલી કે 'રંગવિશ્રામ' પૂ. અવધૂતજીનું અનોખું અધ્યાત્મકેંન્દ્ર બનવાનું છે. આ દિવ્ય વાણી જાણે સાકાર થઈ હોય તેમ તેમના જયંતીદિને જ "શ્રી અવધૂત અધ્યાત્મકેંદ્ર"ની સ્થાપના તેમના શુભ હસ્તે જ થઈ.

મારી બદલી જામનગર ખાતે થતાં 'પરિવાર' પ્રવૃત્તિઓ ત્યાં પણ શરૂ થઈ. ફરીવાર પ્રેમજયંતી જામનગરમાં ઊજવવાનો મનસૂબો ઘડ્યો. તે નિમિત્તે શ્રીગુરુલીલામૃત કથા નવાહ્ન શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાયના વ્યાસપીઠે યોજવામાં આવેલી પરંતુ પ્રેમ અવધૂતજીની નાદુરસ્ત તબિયતને લીધે જયંતી ઊજવી ના શકાઈ, છતાં છ માસ બાદ, દત્તયાગનું આયોજન થતાં અત્યંત કથળેલી તબિયત હોવા છતાં મારા પરના પ્રેમના કારણે તેઓ જામનગર આવ્યા. તેમના સાંનિધ્યમાં 'દત્તયાગ' થયો. જામનગરમાં ભક્તજનોના ઘેર ઘેર પધરામણી થયેલી.

પૂ.શ્રી રંગબાપજીનાં ચરણકમળમાં શિશ નમાવી નમ્ર ભાવે પ્રાર્થું છું કે શ્રી પ્રેમ અવધૂતજીને શત શત વર્ષ દીર્ઘાયુ બક્ષે.

પૂ. પ્રેમ અવધૂતજીનાં ચરણોમાં પણ વંદન કરતાં હૃદય અત્યંત પુલકિત ભાવે ગાઈ ઊઠે છેઃ

"બચુભાઈ સમ ગુરુભક્ત ના દીઠો બીજો ક્યાંય
જાઉં વારી તન્નામ પર, વંદન કરું સદાય."

# અવધૂત અવસ્થામાં પૂ.બાપજી



# સ્વાનંદ સમ્રાટ



પ.પૂ. સ્વામીજી માટે જાતે ખેંચીને પાણી કાઢતાં પૂ.બાપજી, ગુરુડેશ્વર

પૂ.બાપજી

પૂ.બાપજી

પૂ.બાપજી

વ્યાઘ્રચર્મ પર બિરાજમાન પૂ.બાપજી, ઈંટવાડા ખાતે, બિલિમોરા

પૂ.બાપજી

પૂ.બાપજી

પૂ.બાપજી

> **ગુરુસેવા પદ્ધતિથી લહે તે જાણે સહુ વેદ,**
> **મંત્ર, તંત્ર કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ. (અ. ૭૦, દો. ૩૯)**

# (૧૭)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ માનવતા મઢી મૂર્તિ

- પ્રા. શ્રી કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ.

પૂ. પ્રેમ અવધૂતજી એ અવતારી પુરુષ છે એવું મારે કહેવું નથી. પૂ. પ્રેમ અવધૂતજી એ ભગવાન રંગાવધૂતજીના ખૂબ જ કૃપાપાત્ર શિષ્ય છે એવી બાંગ પણ મારે પોકારવી નથી. પૂ. પ્રેમ અવધૂતજીએ સેવા દ્વારા ચિત્ત શુદ્ધિ કરીને હવે ઘણાંનાં દુઃખો દૂર કરવામાં સારી એવી મદદ કરી છે એ વાત સાચી હોય તોપણ મારે એ વાત કરવી નથી. મને જે રસ છે તે બાબત પૂ. પ્રેમ અવધૂતજીને એક માનવ તરીકે મૂલવવામાં છે. એમની માનવતાભરી પ્રવૃત્તિ મૂલ્યાંકનમાં મને રસ છે, એથી વિશેષ કશું જ નહિ.

**'I do not want to be great, I want to be good.'** મારે મહાન થવું નથી પણ સારા થવું છે અથવા બીજી રીતે કહીએ તો હું **માનવી માનવ થાઉં તો ઘણું** આ એમનું જાણે જીવન સૂત્ર.

ભગવાન રંગાવધૂતજીની વાતો ન્યારી છે. એ દેવપુરુષને પામ્યા પછી એના મિશનને આગળ ધપાવવાની સૌની ફરજમાં કોઈ દીવડો બનીને, કોઈ ફાનસ બનીને કે કોઈ મશાલ બનીને પ્રકાશ રેલાવે છે છતાં ગુરુમહારાજ સમો બીજો કોઈ સૂર્ય તો બની શકે જ નહિને!

ગુરુમહારાજની વાત ન્યારી છે એમ કહેવા પાછળ ઘણાં કારણો છે. પરંતુ એક મહત્ત્વનું કારણ એ કે એમણે જે કાંઈ કર્યું તે 'સ્વ' દ્વારા જ કર્યું. પોતાના ગુરુમહારાજે વાવેલા દત્તભક્તિનાં બીજને એણે પોતાની મહેનતે ઉછેર્યું. અત્યારે આપણી બધાની પ્રવૃત્તિના કેંદ્રમાં ગુરુમહારાજની તપશ્ચર્યાન્વિત પ્રવૃત્તિ જ છે. ગુરુમહારાજની ભક્તિ અને વાતો દ્વારા ગુરુમહારાજના જૂના-નવા ભક્તોમાં આપણે દત્તભક્તિને પ્રસરાવીએ છીએ, આપણું પોતાનું કહેવાય એવું કશું જ નહિ.

આ ચર્ચાને પાર્શ્વભૂમિકામાં રાખીને મેં હંમેશાં પૂ. પ્રેમ અવધૂતજીને નિહાળ્યા છે અને એમની સાથે હર્યો ફર્યો છું. પૂ. બાપજીને સાધન બનાવીને પોતાની જાતને આગળ કરવાની એમની વૃત્તિ જ નથી ત્યાં પ્રવૃત્તિની તો વાત જ ક્યાં આવી? ગુરુમહારાજ જ સાધ્ય છે. પ્રવાસમાં એવા પ્રસંગોનો હું સાક્ષી છું કે જ્યાં એમને બાપજી માનીને વર્તવાની વૃત્તિ ધરાવનારને એણે એક જ સમજ આપી છે કે હું બાપજીમાં નથી? આવું કરીશું તો એક દિવસે આપણે બાપજીને

ભૂલી જઈશું. ૧૯૮૮માં મુંબઈના પ્રવાસમાં બનેલા બનાવનો હું સાક્ષી છું. એક ભક્ત બહેન કે જેમણે બાપજીને જોયા જ નથી અને જે પૂ. પ્રેમ અવધૂતજી દ્વારા જ રંગ અવધૂત મહારાજ તરફ ભક્તિ કરવા પ્રેરાયા તેમણે ઈચ્છા પ્રગટ કરી, “મારે આપનાં ચરણની છાપ લેવી છે, પગલાં લેવા છે.” પૂ. પ્રેમ અવધૂતજીએ કહ્યું, “કાંદિવલીમાં પાદુકા છે, એની છાપ લઈ લો.” બહેનની શ્રદ્ધા અને નિષ્ઠા પૂ. પ્રેમ અવધૂતજીનાં ચરણની છાપ માટે જ હતાં. પૂ. પ્રેમ અવધૂતજીએ એમને ઘણી રીતે સમજાવ્યા અને છેવટે આખરી નિર્ણય મારા પર છોડ્યો. એવી શ્રદ્ધાથી કે કુલીનભાઈ બહેનની માગણીને અયોગ્ય જ ગણશે.

મેં એ બહેનને જણાવ્યું કે આ તો સારું છે કે પૂ. પ્રેમ અવધૂતજી પોતાની છાપ આપવાની ના કહે છે પણ આપણે તો ખરેખર એવા ભક્ત થવું જોઈએ કે એ પોતાના પગની છાપ આપવાનું કહે તોપણ આપણે જ ના પાડવી જોઈએ અને કહેવું જોઈએ કે ચરણસેવા તો ગુરુમહારાજની જ હોય. પૂ. રંગાવધૂત ગુરુમહારાજને કેંદ્રમાં રાખીને જ મિશનની પ્રવૃત્તિઓ થાય એ જરૂરી છે અને કોઈ આપણને વિચલિત કરવા પ્રયત્ન કરે તોપણ આપણે વિચલિત થવું ન જોઈએ. તમો તો આનાથી વિરુદ્ધ કરો છો! છેવટે એ બહેન સમજ્યાં.

પૂ. પ્રેમ અવધૂતજીનો એ બહેન સાથેનો માનવતાભર્યો વર્તાવ એવો તો ઉચ્ચ કક્ષાનો હતો કે એ બહેનને સમજાવીને સાચા નિર્ણય તરફ દોરી ગયા. એમની પ્રવૃત્તિમાં ગુરુમહારાજ કહેવા પૂરતું જ કેંદ્રમાં નથી, સ્થૂળભાવે જ છે એવું નથી, હૃદયથી જ છે.

નારેશ્વરના પ્રવાસ દરમ્યાન બનેલા એક-બે બનાવે તો મને પણ વિચાર કરતો કરી મૂક્યો. કેટલી સરળ વ્યક્તિ! કેવી પ્રેમાળ વિભૂતિ! કેવી માનવતા મઢી મૂર્તિ! વડોદરાના પાદુકા પૂજન બાદ પોર થઈને તેઓશ્રી નારેશ્વર જવાના હતા. સેવામાં ચાણસ્માવાળા સુરેશભાઈ હતા. હું પ્રવાસથી અજાણ હતો. એકાએક પૂ. પ્રેમ અવધૂતજીએ પોર આવવાનું અને બને તો નારેશ્વર આવવાનું આમંત્રણ આપ્યું. અમે પણ સહર્ષ સ્વીકારી લીધું.

ઠંડીના દિવસોમાં નારેશ્વરનું વાતાવરણ કેવું હોય તે સહુ જાણે છે. સવારમાં ઊઠીને શૌચવિધિ પતાવી હું સ્નાન માટે જતો હતો, ત્યાં પૂ. પ્રેમ અવધૂતજીને બાથરૂમમાંથી નીકળતા જોયા એટલે તેઓશ્રી સ્નાન કરીને નીકળ્યા એવું અનુમાન કર્યું. બાથરૂમમાં ડોલમાં થોડું ગરમ પાણી હતું. પાણી એટલું ઓછું હતું કે આ વધેલું પાણી એ પૂ. પ્રેમ અવધૂતજીની પ્રસાદી છે એમ માની હું સ્નાન કરવા બેઠો. સ્નાન કરીને બહાર આવીને જોયું તો પૂ. પ્રેમ અવધૂતજી જાજરૂ જતા હતા. મેં સુરેશભાઈને પૂછ્યું કે આજે કેમ સ્નાન કર્યા પછી જાજરૂ ગયા? સુરેશભાઈએ જવાબ

આપ્યો કે એમણે હજી ક્યાં સ્નાન કર્યું છે? હું તો ગભરાયો. મેં કહ્યું કે ડોલનું પાણી તો મેં વાપરી નાખ્યું છે. હવે શું કરશું?

બીજું પાણી ગરમ કરવા માટે સમય જોઈએને! એક તો ઠંડીના દિવસો અને બીજું દિવેટિયો સ્ટવ. પ્રયત્ન શરૂ કર્યા. સુરેશભાઈએ સ્ટવ સળગાવ્યો ને મેં ભગવાનને પ્રાર્થના કરી કે એમને થોડીવાર થોભાવજો. બે-ચાર મિનિટ બાદ તેઓશ્રી બહાર આવ્યા. એટલે મેં વિનંતી કરી કે થોડીક રાહ જોવી પડશે અને મારાથી થયેલી ભૂલની વાત કરી. બીજું પાણી ગરમ થાય એટલે થોડીવાર લાગશે. એમણે ખૂબ જ સહજતાથી આખી પરિસ્થિતિને ગુરુપ્રસાદી ગણી. એઓશ્રી કહે કે “બાપજીને એવું થયું હશે કે આ નારેશ્વરમાં ગરમ પાણીથી સ્નાન કરે તે વાજબી નથી અને હું તો હવે ગરમ પાણીથી સ્નાન કરું છું, બાકી પહેલાં તો ઠંડા પાણીથી જ સ્નાન કરતો હતો.” આમ કરીને જે પાણી મળ્યું તેનાથી એમણે સ્નાન કર્યું. ભૌતિક વાતાવરણ તો ન જ બગાડ્યું પણ પોતાના મનનું વાતાવરણ પણ ન બગડવા દીધું. આંખ લાલ કરવા માટેનાં પૂરતાં કારણો હતાં અથવા જે થયું તે નથી ગમ્યું તે બતાવવાની ચતુરાઈ પણ હશે જ છતાં એવી વૃત્તિ જ ઊભી થવા ન દીધી. સમાધિમાં બેસવા કરતાં, જ્ઞાનની અગમ્ય ચર્ચા કરવા કરતાં પણ આવી રીતે વર્તવું કઠિન છે. દરેકમાં બાપજીનું દર્શન કરવું એવું પ્રવચનમાં કહેવું સરળ છે પણ જીવનમાં પ્રસંગ આવે ત્યારે એ રીતે વર્તવું કઠિન છે.

“મારા ગુરુમહારાજને દુઃખ થાય એ ભાવના દ્વારા જ માનવતાનું તેઓ પ્રગટીકરણ કરે છે.” આવા વર્તનથી ધારીએ તો ઘણું શીખવાનું મળે છે. પોતે ઊંચી આધ્યાત્મિક કક્ષા ધરાવતી વ્યક્તિ છે એવું તો કદી એ વર્તન દ્વારા સૂચવતા જ નથી.

આવા તો અન્ય સાથેના પણ ઘણા પ્રસંગો છે. ઘણીવાર આપણને અપમાન જેવું લાગે અને લક્ષ્મણની જેમ ક્રોધ તો મારી આંખની પાંપણે ફરતો જ હોય ત્યારે ધીમે રહીને સમજાવે કે ગુરુમહારાજના કાર્ય માટે આપણે નીકળીએ પછી માન-અપમાનનો વિચાર જ નહિ કરવાનો. સામૈયું થાય તો ફુલાવવાનું નહિ અને આમંત્રણ આપનાર પોતે જ ગેરહાજર રહે તો અપમાન થયું છે એવું માનવાનું નહિ. પાછું બોલે છે તે કેવળ ઉપર છલ્લું નહિ. એની ખબર આપણને પડે. સામા માણસનો સ્વભાવ બદલાવવાનો નથી એ જાણીને પોતાનું સદ્‌વર્તન બદલવું નહિ, એ એમના પ્રેમની, સરળતાની ગુરુચાવી. પત્રમાં કે રૂબરૂ પણ એક સોનેરી શિખામણ આપેઃ “કુલીનભાઈ! થોડું કરજો પણ સાચું કરજો.” અને તરત “બીજાની વાડકીમાં તો ઘેંસ જ હોય (હલકી વૃત્તિસૂચક વર્તન) પણ આપણે આપણી વાડકીમાં દૂધપાક જ (સારી વૃત્તિ સૂચવતું વર્તન) રાખવાનો.” આવા એકથી વધુ ભક્તો જોયાં છે કે જેનું વર્તન અવિવેકવાળું હોય.

પ્રેમ અવધૂતજીના વર્તનમાં તો માનવતાની જ મહેક. આવું વર્તન એ કોઈ નબળાઈ કે લોભવૃત્તિમાંથી જન્મતું નથી હોતું પરંતુ સામી વ્યક્તિને સમજવાને કારણે, "પરસ્પરદેવો ભવ"ના ગુરુમંત્રને પચાવવામાંથી જન્મતું હોય છે.

એમના માનવતાભર્યા વર્તનની પ્રતીતિ એમને થતાં વિવિધ સંબંધો અંગે છે. કોઈ ભક્ત એમને "બાપજી" કહે છે, કોઈ "બાપુજી" કહે છે, કોઈ "ગુરુદેવ" કહે છે, જ્યારે અમારા ઘાટલોડિયાવાસી કુટુંબીજનો એમને "ભાઈ"ના નામે જ સંબોધે છે. ઘણાએ અમોને ટકારે પણ કરેલી કે તમો આમ "ભાઈ, ભાઈ" કરો છો તે યોગ્ય નથી. એમને બાપજી કહેવું જોઈએ. સિદ્ધપુરમાં ૬૦મી જન્મજયંતીની ઉજવણી વખતે તો એક નિષ્ઠાવાન ભક્તે ફરિયાદના સૂરમાં એમને કહ્યું કે આ બધા આપને "ભાઈ, ભાઈ" કહે છે તે યોગ્ય નથી. આપ એમને રોકતા કેમ નથી? પૂ. પ્રેમ અવધૂતજીએ શાંતિથી એવો જવાબ આપ્યો કે માનવતાની સુવાસ મહેકી ઊઠી. એમણે કહ્યું કે એમના હૃદયનો ભાવ શુદ્ધ અને ઊંચો હોય તો પછી એ બાપજી કહે કે ભાઈ કહે એનાથી શું ફેર પડે? અમારા ઘાટલોડિયાના કુટુંબીજનોના મનમાં "બાપજી" એટલે ગુરુમહારાજ રંગ અવધૂતજી. આ શબ્દ એમનો 'પેટન્ટ' છે એવી ભાવના રાખી બીજા કોઈ માટે બાપજી શબ્દ વાપરી શક્તા નથી. પૂ. પ્રેમ અવધૂતજીને કયા નામે સંબોધીએ તો ગમે? એમની સાથે કઈ રીતે વર્તીએ તો ગમે? એમને માટે શું લઈ જઈએ તો ગમે? બીજા સંતોના સંદર્ભમાં ઊઠતા પ્રશ્નો અહીં ઊઠતા જ નથી. એમને તો દુર્ભાવના નથી થતી પણ મારા જેવા કોઈને થતી હોય તો તે દૂર કરવાની તેઓ સાચી સમજ આપે.

દેવપુરુષ બનવા માટે પ્રયત્ન ન કરવા એવું નથી પણ પહેલાં સાચા માનવ તો બનો પછી દેવપુરુષની વાત. માનવતામાં જ ઊણી ઊતરતી વ્યક્તિ ક્યાંથી દેવપુરુષ બની શકે? એને દેવપુરુષ મનાય જ કેમ?

માનવતા મઢી મૂર્તિ તરીકે પૂ. પ્રેમ અવધૂતજીને બિરદાવવામાં એમનો સગાં-સંબંધી સાથેના વ્યવહારનો ઉલ્લેખ કરવો અતિ આવશ્યક છે. ગુરુમહારાજે જણાવ્યું છે તે મુજબ સહેજ જ્ઞાન આવે કે બધે બ્રહ્મની વાતો કરતા કા-કા કરતો ઊડવા માંડે એનાથી શું વળે? આચરણમાં ઊતરે તે સાચું. **"જ્ઞાનં ભારઃ ક્રિયાં વિના"** અમસ્તું કહેવાયું હશે? **"કરની બિન કથનીકી કીમત કોડી જાન બજારો હૈ."**

લીંચમાં પૂ. પ્રેમ અવધૂતજીના મામાના દીકરાનું યુવાન વયે કરુણ અવસાન થયું. લોકાચારમાં રહેવાનું કે નહિ? એક નાગરિક અને સ્વજનના નાતે રોજ લાગણીપૂર્વક જતા-એટલું

જ નહિ પણ પ્રવાસનો કાર્યક્રમ પણ ફેરવ્યો. મનથી આપણે જેમ જીવવું હોય તેમ જીવી શકાય છે પછી તનથી જઈએ તો શું બગડી જવાનું? કેટલી ઉદાત્ત વિચારસરણી!

"પ્રભુ કો જગ મેં, જગ કો પ્રભુ મેં ઈકતાર નિહાર ફિરો મનવા" એવું ગુરુમહારાજે તો ગાયું પણ છે અને કરી બતાવ્યું પણ છે. પૂ.બાપજીની કક્ષા તો ખૂબ જ ઊંચી હતી અને છતાં તે સમાજના અવિભાજ્ય અંગ બનીને જીવ્યા તો પછી એ અવધૂતનાં બાળક એવા આપણે પણ પૂ. અવધૂતજી પાસેથી આવી માનવતા ભરી વૃત્તિથી જીવન વ્યવહાર ચલાવતાં શિખવાનું છે.

સ્વ. મુ. અમૃતલાલ મોદીથી માંડીને આજની પેઢીના નાનામાં નાના ભક્ત પૈકી કોઈની પણ ટીકા કરવાની ટેવ જ નહિ. કોઈ ટીકા કરવાની શરૂઆત કરે તો એને શાંત કરી દે. આપણે એ વાતોમાં સમય બરબાદ નથી કરવો એમ કહી એવા ઉત્પાતિયા જીવોને ઓળખવા છતાં ધીમેથી વારે. "માનવ માત્ર ભૂલને પાત્ર" એટલે દરેકમાં મર્યાદા, દોષો, નબળાઈ તો હોય જ પણ એની ચિંતા કે ટીકા આપણે શું કામ કરવી જોઈએ? આપણે તો દરેકમાંથી સારા ગુણો લેવા જોઈએ. ગુણગ્રાહી થવાની બાપજીએ આપેલી શિખામણ ન માનીએ અને બધા જ નાનામોટાની ટીકા કરીએ તો બાપજી આપણથી દૂર જઈને જ ઊભા રહેને! અને એના કરતાં પણ જે મોટી વાત પૂ. પ્રેમ અવધૂતજી કરે છે તે એ કે જે સારા કે ખરાબ વિચાર આપણે કરીએ છીએ તે ફરી ફરીને આપણી પાસે જ આવે છે એટલે આપણા ભલા માટે પણ આપણે બીજાના દોષ જોવાની, ટીકા ટિપ્પણી કરવાની વૃત્તિ નિર્મૂળ કરવી જોઈએ. બધાની ટીકા-ટિપ્પણી કરવાથી રાગદ્વેષ અને તિરસ્કારની માત્રા વધે છે, પ્રેમભાવ ઘટે છે અને લોકસંગ્રહના કામ પર વિપરીત અસર થાય છે.

જૂની પેઢીના ભક્તો જેવા કે ડૉ. રતિકાકા, જગજીવનકાકા, જગન્નાથકાકા, રમણભાઈ શુક્લ બધા પ્રત્યે મીઠો ભાવ નિર્વ્યાજ પ્રેમ અને સદ્ભાવનો એવો પ્રવાહ વહે કે આ બધા મુરબ્બીઓ પણ એમાં સ્નાન કરીને ધન્ય થાય. કોઈવાર તો મારા જેવાને વધુ પડતું લાગે અને પૂછું પણ ખરો ત્યારે સમજાવે કે આ બધા મારાથી ઉંમરમાં મોટા છે, જ્ઞાની પણ છે, પૂ.બાપજીની સેવા પણ કરી છે તો એમના તરફ હું પ્રેમભાવ રાખું તો મારો બાપજી કેટલો રાજી થાય? અને પછી કહે કે "કુલીનભાઈ! આ તો બધાએ મને પ્રેમ અવધૂત-પ્રેમ અવધૂત કહેવા માંડ્યું, બાકી હું તો ગામડાનો ભલો-ભોળો માણસ. પાછો ઓછું ભણેલો અને ગૃહસ્થી. આમ છતાં આ લોકો મારા તરફ જે પૂજ્યભાવ બતાવે છે તે કાંઈ બચુભાઈને આભારી નથી, મારામાં રહેલા ગુરુમહારાજ પ્રત્યે તેઓ આદરભાવ બતાવે છે તો મારી પણ ફરજ છેને!"

કેવી માનવતાભરી દૃષ્ટિ. મુ. જગન્નાથકાકાના તો પગ પણ દાબેલા. તે પ્રસંગને યાદ કરે અથવા મુ. મોદીકાકાની સેવા કરેલી તે વાતને યાદ કરીને જણાવે કે અવધૂતના સેવકની સેવા એ

પણ અવધૂતની જ સેવા છેને? નાનપણથી જ આ દૃષ્ટિ, નિર્મળવૃત્તિ એટલે વેષનો દંભ નહિ, ઠઠારો નહિ, વાણી વિલાસ નહિ. મુ. જગન્નાથકાકાની સરખેજ ખબર કાઢવા ગયેલા તે પણ સામે પગલે ચાલીને અને “હું તો એ જ બચુભાઈ છું” એવું જણાવી એમનું હૈયું જીતી લીધેલું. ૧૯૮૮ની ૨૬મી જાન્યુઆરીએ ડૉ. ઇન્દુભાઈ દવેના ઘરે “દિગંબરા, દિગંબરા”ની ચોવીસ કલાકની ધૂન હતી. ધૂનની સમાપ્તિના દિવસે તા. ૨૭-૧-૧૯૮૮ના રોજ પૂ. પ્રેમ અવધૂતજીનું અને મુ. જગન્નાથકાકાનું મિલન જેમણે જોયું તે ધન્ય થઈ ગયા. જેમ પૂ.બાપજી ભક્તોને કહેતા કે આ મણિશંકર શાસ્ત્રી જેવા વિદ્વાન આપણા માટે ભાવપ્રચુર યાચના લખે એ પણ એમનાં પ્રેમ અને શ્રદ્ધા જ સૂચવે છેને! બીજાના વિશે સારું બોલીને, ગુણદર્શન કરીને સાત્ત્વિક વાતાવરણને મજબૂત બનાવવાનો કીમિયો પૂ. પ્રેમ અવધૂતજી બાપજી પાસેથી જ શીખ્યો છેને! જે પૂ.બાપજીનો સાચો, પનોતો પુત્ર છે તે ટીકા કરવાની પ્રવૃત્તિથી દૂર જ રહે.

માનવતા મઢી મૂર્તિસમા પૂ. પ્રેમ અવધૂતજીની વાતો લખીને મારે આખી સ્મરણિકા રોકવી નથી છતાં પ્રસંગોનું પૂર સ્મૃતિપટ પર આવતું હોય તો સાગરમાંથી ગાગર ભરવાની ઈચ્છા થાય! આચમન કરાવું તો અયોગ્ય ન ગણાયને!

અમદાવાદથી વિમાન દ્વારા પૂ. પ્રેમ અવધૂતજી સાથે મુંબઈ જવાની મને તક મળી. કોને આનંદ ન થાય? વિમાનમાં બેઠા અને વિમાન ઊડ્યું એટલે ચા-કૉફી અને નાસ્તાની વિધિ શરૂ થઈ. મને સવારમાં નાસ્તાની ટેવ નહિ અને ચા કૉફી પીતો ન હતો એટલે પ્રશ્ન ન હતો. નાસ્તાની ના કહું એ પહેલાં એમણે જ કહ્યું કે નાસ્તો આપે તો લેવાનો અને કરવાનો. મોટી મૂંઝવણ તો નાસ્તા પછી હાથ ધોવા માટે શું કરવાનું? કાગળના રૂમાલથી હાથ લૂછીએ તો ચાલે? મારી આનાકાની છતાં એમણે નાસ્તો લેવડાવ્યો અને કહ્યું કે મારી સાથે આવેલી વ્યક્તિ નાસ્તો કરે એ તો મને ગમે. મને ધૂમકેતુ યાદ આવ્યા કે **“માણસ પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઈ જાય”** પણ આપણે તો હું જે કરું અને જે ઈચ્છું તે પ્રમાણે જ જગતે ચાલવું જોઈએ, એટલે અનુયાયી હોય કે સાથીદાર હોય, બધાએ મને સંતોષ થાય એવું જ કરવાનું. સંઘર્ષનું મૂળ અહીં દે. “જો જીસને માના, મના રહા હૈ” એવું ગાઈને ગુરુમહારાજે આપણને નથી ચેતવ્યા?

મારે નાસ્તો કરવો જ પડ્યો. મને સંકોચ ન થાય એટલા માટે આ શું છે? પેલું શું છે? એવું પૂછે પણ ખરા અને અંતે એક વિધાનથી મને ઠંડોગાર કરી દીધો. મને કહ્યું કુલીનભાઈ! મને ખાવાની વૃત્તિ જ થતી નથી એટલે નથી ખાતો. પણ તેથી બીજા ખાય તેમાં મને શું વાંધો? મને તો આનંદ થાય. ભગવાન કૃષ્ણની જીવનપદ્ધતિનું સ્મરણ થઈ આવ્યું. માનવતાની પરાકાષ્ઠા

તો ત્યાં આવી કે જ્યારે એમણે કહ્યું કે મેં ગુરુમહારાજને એવી પ્રાર્થના કરી કે કુલીનભાઈને મુંબઈ હેમખેમ ઉતારજે. મને મારી ચિંતા નથી પણ મારી સાથે આવનારને તું સંભાળજે. વિમાની અકસ્માતોની પરંપરાને કારણે સેવામાં રહેનારના કુટુંબીજનોને ચિંતા થાય એનો કેવો સુંદર પ્રતિભાવ! જેની રગ રગમાં માનવતા વિલસતી હોય તે જ આટલી સૂક્ષ્મતાથી વિચારી શકેને!

આપણને ગુરુમહારાજે એવું શિખવ્યું કે મા-બાપ અને ગુરુનાં તીર્થો છોડી બીજે ભટકવાની શું કામ મૂર્ખામી કરો છો? "પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને?" એ ભજનનું ધ્રુવપદ જીવનમાં ઉતારવાથી જ માનવતા મઢી મૂર્તિ થવાતું હશે?

આવા માનવતાભર્યા વર્તાવની સીધી અને સારી અસર એ છે કે ઘર પોતે જ આશ્રમ બને છે. શ્રમ વિના આશ્રમ ઊભો કરીને વાતાવરણ કલુષિત કરવું સહેલું, આશ્રમને આશ્રમ તરીકે જાળવવો પણ સહેલું પરંતુ ગૃહસ્થી તરીકે માનવતા ભર્યું વર્તન કરીને ઘરને આશ્રમ બનાવવું એ ઘણું કઠણ. પૂ. પ્રેમ અવધૂતજીના ઘરે જાવ એટલે ઘરનાં બધાં જ માણસોના વર્તનમાં માનવતા સહજપણે જોવા મળે. શહેરમાં રહેતા લોકોનું વર્તન જોતાં નહેર યાદ આવે. કૃત્રિમતા અને ભવ્યતા દેખાય જ્યારે ગ્રામ્ય જીવન જીવતા લોકોનું વર્તન જોતાં નદી યાદ આવે. કુદરતીપણું અને દિવ્યતા દેખાય. આવનારને પાણી, ચા કે કૉફી, નાસ્તા કે જમણ જે સમયોચિત હોય તે થાય જ.

પૂ. પ્રેમ અવધૂતજીને આપણા મૂલ્યાંકનમાં ક્યાં રસ છે? એ તો ગુરુમહારાજના ભક્તને જોઈને ગુરુમહારાજની સાથે જેવું ભાવપૂર્વક વર્તન કરે તે રીતે જ વર્તવાનું વિચારે. એમની આ વિચારધારાને કારણે પ્રવાસમાં એની સાથે સેવામાં રહેનારને પણ એવી સૂચના કે જેને ઘરે જઈએ તેને ભારરૂપ ના બનશો. જે વસ્તુ ના હોય તે વસ્તુ વિના ચલાવી લેજો. ગુરુમહારાજને આનંદ થાય એવું વર્તન કરજો સેવામાં રહેનાર ભૂલ કરે તો ધ્યાન દોરે પણ તે પણ એવી માનવતાભરી દૃષ્ટિથી કે ના પૂછો વાત. સેવામાં રહેનાર નવો હોય તો કોઈવાર પોતે ગુરુદેવ દત્ત કહીને ઉઠાડે અને છતાં એને ભોંઠો ના પાડે. કોઈવાર હસતાં હસતાં કહે કે બાપજી તો અસલ અવધૂત હતા એટલે એની સેવામાં રહેતા સેવકો પણ એવા જ હોય અને અમે તો નકલી અવધૂત એટલે અમારી સેવામાં રહેનાર પણ એવા જ હોયને!

પૂ. પ્રેમ અવધૂતજીના માનવતા ભર્યા જ વર્તનનો એક પ્રસંગ કહીને એ માનવતા મઢી મૂર્તિને વધારાનું એક છેલ્લું પુષ્પ ચઢાવી લઉં. બારડોલી પાસેના એક નાના ગામમાં ચાલુ વર્ષે વૅકેશનમાં મુકામ હતો. યજમાન પત્ની તો એટલાં બધાં ગભરાયેલાં જણાય કે જાણે ઘરમાં કોઈ

વાઘ આવ્યો હોય. ભિક્ષા તૈયાર કરવામાં સમય લાગે એવું હતું. એ બહેનોનો આગ્રહ એવો કે સાડા અગિયારે તો મોડામાં મોડી ભિક્ષા થવી જ જોઈએ, જે શક્ય ન હતું. મેં વાતાવરણ જોઈને પૂ. પ્રેમ અવધૂતજીને જણાવ્યું કે આ બહેનને શાંતિ થાય એવું કરજો. એ નિષ્ઠાવાન છે પણ ગમે તે કારણસર ખોટાં ગભરાય છે અને માનસિક તાણ અનુભવે છે.

ભિક્ષા લેતાં લેતાં એમની વાતોથી અને બે દિવસ દરમિયાનના વર્તનથી એ બહેન તો ભારે આશ્ચર્યમાં પડી ગયાં. આટલા સરળ, નિર્મળ, પ્રેમાળ સંત હોતા હશે? સંત એટલે તો ડગલે ને પગલે કડક સૂચનાઓ અને જરાપણ ભૂલ ન થાય એની તકેદારી રાખવાની વાતો હોય. જ્યારે આ તો જરાપણ ચિંતા ન થાય એવા સરળ, વાતો કરવાની ગમે એવા પ્રેમાળ અને આડંબર કે દંભ વિનાના નિર્મળ. આજે એ બહેન એમને માટે ખૂબ જ ઊંચો ભાવ ધરાવે છે. પૂ. પ્રેમ અવધૂતજીને તમે જ ભિક્ષા કરાવજો એવું મેં જ્યારે કહ્યું ત્યારે એમને તો એમ થયું કે આ કુલીનભાઈની બોલવામાં કે એની પોતાની સાંભળવામાં કે સમજવામાં ભૂલ તો નથી થતીને! આખરે એમણે ભિક્ષા કરાવી. પૂ. પ્રેમ અવધૂતજી સાથે અમે વાત કરી શકીએ? એમની પાસે જઈ શકાય? એમને શું જોઈએ છે એવું સીધું પૂછી શકાય? એવા ઘણા પ્રશ્નો એમના મનમાં આટાપાટા રમતા હતા અને એમને મૂંઝવતા હતા. પણ એ બધાનો નિકાલ મારી એક સ્પષ્ટતાથી થયો કે તમારે જ એમની સાથે વાત કરીને બધું સમજી લેવાનું. અમને વચ્ચે લાવવાની જરૂર નથી.

આવી માનવતાથી ભરેલા પુરુષ અને દેવપુરુષ વચ્ચે ક્યાં અંતર છે?

માનવતાના મૂર્તિમંત સ્વરૂપ એવા પૂ. પ્રેમ અવધૂતજીને ૬૦મી જન્મજયંતી પ્રસંગે અર્ઘ્ય આપતાં એટલી જ પ્રાર્થના કે અમારામાં પણ આવી માનવતાનું ઝરણું વહે એ માટે ગુરુમહારાજની કૃપા વરસે એવા આશીર્વાદ આપો અને ગુરુમહારાજને એવી પ્રાર્થના કે પૂ. પ્રેમ અવધૂતજીને નિરામય દીર્ઘાયુ બક્ષો.

# (૧૮)

# મોહક નિખાલસતા

- પ્રા. શ્રી ઊર્મિલાબહેન નાણાવટી
સુરત.

સંત કબીરનો એક દોહો છેઃ-

"પોથી પઢિ પઢિ જગ મુઆ, પંડિત ભયા ન કોઈ।
ઢાઈ અચ્છર પ્રેમ કે, પઢે સો પંડિત હોઈ॥"

આ દોહામાં 'પ્રેમ' શબ્દના મહત્ત્વની વાત કરવામાં આવી છે. પરંતુ આ અઢી અક્ષરના શબ્દનું જીવતું-જાગતું, હરતું-ફરતું, શરીરધારી જીવંતરૂપ જોવું હોય તો શ્રી પ્રેમ અવધૂતજીને જોઈ લેવા. નિર્વ્યાજ, નિઃસ્વાર્થ, નિખાલસતાથી સૌ તરફ વહેતો એમનો પ્રેમ સૌને પોતાના કરી લે છે. પ્રેમ શબ્દના અર્થની સાર્થકતા આપણને એમનામાં જોવા મળે છે. વિશ્વંભરની સમસ્ત દુનિયા- જડ-ચેતન સહિત- સાથે આદર અને પ્રેમસભર એમની વાણી અને વર્તણૂંક માત્ર અનુકરણીય જ નહીં, વંદનને યોગ્ય બની રહે છે.

લાંબી, પાતળી, તપઃપૂત દેહયષ્ટિ, સ્નેહ નીતરતી પ્રેમાળ, વિશાળ, વત્સલ છતાં તેજસ્વી આંખો, તપ સંયમથી દૃઢ મનોબળયુક્ત પ્રભાવશાળી પ્રસન્ન મુખમુદ્રા, પ્રેમસભર આત્મીયતાના સ્પર્શવાળી, ક્યારેક હળવી રમૂજવાળી આનંદવિભોર કરી દેતી વાણી સાથે જ સાદગી અને સ્વચ્છતાના આગ્રહવાળું એમનું પારદર્શક નિરાડંબરી સરળ વ્યક્તિત્વ એમના સાંનિધ્યમાં આવનારને ધન્યતાનો અનુભવ કરાવે છે. પ્રસન્નતાથી વિલસતા એમના મુખારવિંદ પર ભાગ્યે જ અણગમાની એકાદ રેખા ઊપસી આવે છે અને તે પણ ઊપસી ન ઊપસી ને વિલીન થઈ જાય છે. કારણ કે એમનો આદર્શ નારેશ્વરના સંતરાજે આપેલી નીચેની વાણીનો છેઃ-

"એક કર્મ એવું ન કરો, એક શ્વાસ એવો ન લો, એક સંકલ્પ એવો ન કરો જે એની (પ્રભુની) વિશ્વસંવાદિતામાં ક્ષોભ ઉત્પન્ન કરે."

આમ, વિશ્વસંવાદિતા સાથે તેમણે પોતાનો તાલ તો મેળવેલો જ છે, સાથે આપણાં જેવાનાં હૃદયોની ઊર્ધ્વગામી બનવાની ઝંખનાને પણ તેઓ સંકોરી આપે છે. કવિ ઉમાશંકરના શબ્દોમાં કહું તો-

"અજાણ્યું વ્હૈ આવ્યું ગભરું ઝરણું કો તવ પદે,
તપસ્વી તેં એને હૃદય જગવી સિંધુ-રટણા."

એમના વ્યક્તિત્વની વિશેષતા જે સંમોહિનીનું કામ કરે તે છે સહજ સરળતા. જ્યારે મળે ત્યારે સ્વજનની જેમ ઘરની દરેક વ્યક્તિની નામ સાથે પૃચ્છા કરે. આપણા દુઃખે દુઃખી અને

> કહે દંપતી શું ગુરો અમને વ્રતથી ત્યાંય?
> તારક સેવા તાહરી, અમને અઘહર આંહ્ય. (અ. ૮૯, દો. ૨૬૨)

આપણી ચિંતાએ ચિંતિત થનાર આવા સ્વજનને પામવું એ પણ ધન્યતા છે. આમ જુઓ તો વાણીમાં લાઘવ પરંતુ સામા માણસને ઓળખવાની શક્તિ અમાપ. સામેની વ્યક્તિની શક્તિ, આવડત, મર્યાદા, ભાવ, સમગ્ર રીતે વ્યક્તિનું પોત જાણીને વાતો કરે. ક્યારેક વડીલ તરીકે શિખામણ આપે અથવા આપણા પ્રશ્નનો જવાબ આપે ત્યારે શબ્દો તો ખૂબ ઓછા હોય પરંતુ એનો મર્મ સમજવા મથામણ કરવી પડે.

મારા જેવાને એઓશ્રી કહે છેઃ "નિરર્થક ન બોલવું એનું નામ મૌન." "બુદ્ધિથી બુદ્ધિને મૂકી દો," "વાંચવું જ ન પડે એવું વાંચો," "ગુરુ એ પૂર્ણ મા છે" આવાં અનેક વાક્યો એના સંદર્ભો સાથે યાદ કરું છું ત્યારે સમજાય છે કે મારા જેવા નિરર્થક વાણીવિલાસ કરનારની પામરતા ક્યાં અને ક્યાં એમની સરળ સાહજિક અનુભવપૂત વાણી!

આવી પિતૃતુલ્ય વત્સલતાને કારણે ક્યાંય સામાનો દોષ તેઓ જોઈ શકતા નથી. જુએ તો માફ કરી દે. તેઓ હંમેશાં આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે કે હું તમારાથી જુદો નથી. તેમના લખાણમાં તેમ જ વાતચીતમાં આત્મીયતા અને નિખાલસતા આપણને ભારોભાર જોવા મળે. મારા પરના પત્રવ્યવહારમાંથી થોડાંક વાક્યો અહીં ઉદ્ધૃત કરું છું જેમાંથી એમના વ્યક્તિત્વની સાચી ઝલક જોવા મળશે. વાક્યોઃ-

૧. હું પણ પૂર્ણ થવા મથતો ગુરુમહારાજની પાઠશાળાનો તારા જેવો જ વિદ્યાર્થી છું.

૨. ભૂલ ના કરતી, તારા કરતાં હું વધારે ઉદ્દામવાદી છું.

૩. તારા વિચારો મને ન ગમ્યા એવું નહીં પણ ઘણા ગમ્યા. બાળક તો ઉદ્દામ જ જોઈએ. તો જ વડીલોની શાન ઠેકાણે આવે ને કંઈક નવીન અનુભવ પણ એમાંથી તેને મળે.

૪. હવે એક વાત ખુલ્લા દિલે બાળકની માફક નિખાલસતાથી લખું છું કે આમાંથી શું ગમ્યું અને શું ન ગમ્યું તે લખજે. 'મને નહીં ગમે' તે વાત વચ્ચે ન આવે તો જ તું તટસ્થ ખરી. તું લખે તો મને મારી ભૂલ સમજવામાં અને તને ઉપયોગી થવાનું ફળ મળે.

એટલું જ નહિ, પત્રમાંના વિવિધ સંબોધનો વાંચીને પણ ક્યારેક તો ખૂબ હસી છું- જેમ કે ભણેલાઓ, તોફાની, પાગલ, પ્રોફેસર, ઉર-મીલા, વિદૂષીબહેન, ખરેખર મોટી છતાં જાણીબૂઝીને બાલ હઠીલી દીકરી-આવાં અનેક આત્મીયતાસભર સંબોધનોથી સામાને ભીંજવી દેવાની અનુપમ શક્તિ એમનામાં છે. એમનાં દર્શન કરી આપણે ભર્યા ભર્યા અને કૃતકૃત્ય થઈએ છીએ.

અને અંતે ફરી એ જ કવિના શબ્દોથી વિરમુંઃ-

"બાળક જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયના વંદન તેને."

---

**બાપજીને જીવો એ જ એનો ઉપદેશ છે. બાપજીને આચરો એ જ એનો આચાર છે.**

> પરદુઃખભંજન જય ગુરો! વંદું વારંવાર,
> કૃપા કરી બોધ્યું મને શુદ્ધ જ્ઞાન આ સાર. (અ. ૭૦, દો. ૧૮૪)

# (૧૯)

# 'પ્રેમમૂર્તિ' પ્રેમ અવધૂતજી સાથેના અનુભવો

- પ્રા. શ્રીમતી નલિની દેસાઈ
સુરત.

ઈ.સ. ૧૯૬૭ની સાલમાં પ.પૂ.શ્રી બાપજીએ અજ્ઞાતવાસ પછી લીંચ મુકામ કર્યો તે સમયે પૂ. શ્રી પ્રેમ અવધૂતજી સાથે પ્રથમ પરિચય થયેલો. પ.પૂ.શ્રી બાપજી અવધૂત કુટિરમાં બિરાજ્યા હતા. એમની દૈવી દૃષ્ટિથી જાણે મારું ત્યાં આવવાનું જાણી ગયેલા કે શું? તે હું જેવી ત્યાં જઈને આગળ મંડપમાં બેઠી કે તરત જ ઊંઝાથી નલિની...(બહેન આવ્યાં છે.) એમ કહેતાં સાંભળ્યું. એ અવાજ ત્યાં દરવાજા પર સેવામાં રહેલા શ્રી બચુભાઈ રાવળનો જ હતો. હું તરત ઊભી થઈ અંદર ગઈ. ઘણા દિવસો પછી પ.પૂ.શ્રીનાં દર્શન કર્યા. પ.પૂ.શ્રી બાપજી ત્યાંથી જ આફ્રિકા જવા નીકળ્યા ત્યાં સુધી લીંચ જવા, આવવા, રહેવાનો સારો એવો સમય ભગવાને મને આપ્યો. કારણ કે તે વખતે હું ઊંઝાની કૉલેજમાં નોકરી કરતી હતી. આને પરિણામે પૂ.શ્રી બચુભાઈના ઘર સાથે પણ સારો પરિચય કેળવાયો.

આ સમયે તો પૂ.શ્રી બચુભાઈ ખડે પગે પ.પૂ.શ્રી બાપજીની સેવામાં. વળી પૂરા જોશથી ભજન પણ ગવડાવતા. આજે પણ (મારી નજર સમક્ષ એ જ બચુભાઈ અને જાણે તે જ અવાજ) એ ભજન ('હું ભિખારી ભિખારી ગુરુઘરની દાસી') ઊંચા હાથે તાળી પાડી ગવડાવતા, તે તાદૃશ્ય થાય છે. સતત ૧૫-૨૦ દિવસ લીંચમાં દર્શનનો લાભ મળ્યો હતો અને એ દરમ્યાન હું જાણે લીંચની જ- શ્રી બચુભાઈના ઘરની જ ન હોઉં તેવું બધા સાથે ભળી જવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું.

આ દરમ્યાન શ્રી બચુભાઈ પણ હું ઊંઝાથી આવું તો શાંતિથી પ.પૂ. શ્રી બાપજી પાસે બેસવા દે. જોકે ખાસ વિશેષ બોલવાનું કે ગાઢ સંપર્ક ઓછો થતાં, ખૂબ જ નિકટતા કેળવાયેલી. પૂ. શાંતાબા પણ વહાલ રાખતાં અને ઘરનાં સર્વે પણ ખૂબ જ આત્મીયતા અને આનંદથી મળતા.

સંજોગવશાત્ મેં ઊંઝા છોડ્યું અને સાથે સાથે ઉત્તર ગુજરાત- લીંચ પણ દૂર થયું. લગભગ ચૌદેક વર્ષ પછી મારે અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીમાં સેમિનારમાં રોકાવાનું થયેલું. સમયની અનુકૂળતા મળતાં તરત જ લીંચ જવાનું મન કર્યું અને એક શુભ દિવસે લીંચ પહોંચી. વર્ષો પછી જગુદણ બસમાંથી ઊતરતાં જ કોઈ ભાઈને મેં પૂછ્યું, 'બચુભાઈ રાવળ લીંચ રહે છે?'

---

**બાપજીને પચાવો એ જ તમારા અહંની પૂર્ણાહુતિ છે, બાપજીને અનુભવો તો પછી તમે જ અનુભવ છો.**

---

તરત "હા, હું એમનો જ દીકરો છું." એવું શ્રી જગદીશભાઈએ કહ્યું. હું તો ખુશ થઈ ગઈ અને નિશ્ચિંત રીતે ઘરે પહોંચી.

વર્ષો પછી મળવાનો એ અવસર કેટલો સુખદ! મળવાનો જે આનંદ થયો તે ખરેખર અવર્ણનીય છે. કેટલી બધી ભાવુકતા! ઘરનાં સૌનો પણ અનહદ પ્રેમ મળ્યો. આવકાર મળ્યો. ભૂતકાળનાં સંસ્મરણો તાજાં થયાં.

પૂ.શ્રી બચુભાઈનો ઘણાં વર્ષો બાદનો પરિવેશ સ્વાભાવિક બદલાયેલો, પણ શુદ્ધ પ્રેમ તો તેમનો તેમ જ હતો. કહે, "જો આ બાપજીએ જ તને સામે લેવા જગદીશને મોકલ્યો." બસ, ત્યારથી આજ દિન સુધી ખૂબ જ આત્મીયતા અને નિકટતા હું અનુભવું છું.

પ.પૂ.શ્રી ઘણીવાર કહેતા, "આ બાપ તારો બેઠો છેને!" તો એ ભગવદ્ સ્વરૂપ દૈવી બાપે તો વળી એવો જ ભગવદ્ સ્વરૂપ દૈવી 'ભાઈ' પણ મેળવી આપ્યો. પછી તો પૂછવું જ શું? ખરેખર ખૂબ જ સદ્નસીબ, ભાગ્યશાળી અને ભગવાનની કૃપા કે આજના આ વિકટકાળમાં પણ અડીખમ રહેવા માટે શુદ્ધ, દૈવી સાચો પ્રેમ પૂ.શ્રી ભાઈ પાસેથી મળતો રહે છે.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજીની શીતળ, પ્રેમભરી હૂંફ સતત મળતી રહી છે અને તેથી સાચું-સારું જીવન જીવવાની ધગશ વધી.

સ્મરણિકા સાચે જ સ્તુત્ય છે. કેટકેટલાં સંસ્મરણો સ્મૃતિપટ પર હરીફાઈ કરતાં થઈ રહ્યાં છે!! શું લખીએ! શું રહી જાય! આ દૈવી અનુભૂતિમાં તો હરેક પળ જ દૈવી અનુભૂતિની અને તે કેમ વર્ણવી શકાય?

પૂ.ભાઈ પાસે બેઠા હોઈએ તો પ.પૂ.શ્રી બાપજીની વાતો-સ્વાનુભવો- તો સાંભળવા મળે જ મળે. પણ સાથે સાથે સતત ટકોર કરતાં કહે, "બહેન! બાપજીને એવા યાદ કરતા રહો કે બાપજી તમને યાદ કરે. પ.પૂ.શ્રી બાપજી તો સાક્ષાત્ ભગવાન! બસ બાપજી સિવાય કશું જ નહીં એવું જીવવાનું." અને સાથે સાથે એવું જીવન જીવતાં શીખવાનું સમજાવે. માત્ર દર્શન નહીં પણ આચાર, ધર્મ વગેરે જેવી ખૂબ જ અગત્યની પાયાની વાતો હંમેશાં ખૂબ જ સરળ રીતે સમજાવે.

પોતે કર્તાપણાનો કોઈ ભાવ જ ન રાખવો. તે કેટલું કઠિન છે! પૂ.ભાઈ પણ પોતાના શિરે કશું જ ન લેતા, હંમેશાં ગુરુમહારાજ કરે છે, એમ માની ભક્તની ભાવના અને સત્કર્મને જ મહત્ત્વ આપે છે.

પૂ.ભાઈ થકી પણ આવાં કેટલાંયે અશક્ય કાર્યો શક્ય બન્યાં છે તેનો આપણને સૌને અનુભવ છે. પણ સહેજે પ્રશ્ન થાય કે એમ કેમ બને? તો "જીવમાંથી શિવ" થવાની શક્તિ

તો ભગવાને દરેકને આપી છેને! સાથે સાથે પૂ.ભાઈનાં જે યોગ, તિતિક્ષા, તપ વગેરે પણ કેટલાં? કેવું સૂકલકડિયું શરીર છતાં ૨૪ કલાકમાંથી માંડ બે-ત્રણ કલાક આરામ કે ઊંઘ! સતત શ્રીગુરુમહારાજનું જ સાંનિધ્ય! પોતે જ સચ્ચિદાનંદ સ્વરૂપ. વળી આ બધા માટે જે પોતે કર્યું છે કે મેળવ્યું છે તે માટે અન્ય ભક્તોને પણ એટલું જ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપતા રહ્યા છે અને તેમાં જ એમનું ઔદાર્ય અનુભવાય છે.

સરળ, સાદી, સહેલી વ્યવહારુ ભાષામાં સાહજિકતાથી આ બધું પોતાનાને આપવા માટે પણ ખૂબ જ ઉત્સુકતા! સદ્દભાગ્યે ભગવાન એવા કેટલાયે જીવનો ઉદ્ધાર પણ એમની દ્વારા કરાવે છે તે અનુભવીઓ જાણે છે.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનું દર્શન કરતાં સાથે દીપક આખ્યાન પણ તાદશ થઈ જાય! ગુરુભક્તિ, ગુરુસેવા, ગુરુનિષ્ઠા કે જે આધ્યાત્મિક કેડી પર ચઢવા જરૂરી છે તે બધું જ શ્રીગુરુમહારાજના આશીર્વાદથી, અનુગ્રહથી એમને પ્રાપ્ત થયાં તેની અનુભૂતિ આપણને થાય છે.

“ભાઈ” કહેતાં કેટલો દિવ્ય આનંદ થાય છે! વળી તેની સાથે પ્રેમ પણ આપોઆપ જોડાઈ જાય છે. યોગાનુયોગ એ શુદ્ધ અંતઃકરણનો પ્રેમ પણ આપણે નિઃશુલ્ક પ્રાપ્ત કરી શક્યા છીએ તે પ.પૂ.શ્રી ગુરુમહારાજની જ કૃપા છે.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજી પોતે જ સચ્ચિદાનંદ સ્વરૂપ બની શક્યા અને તે આપણા જેવા સામાન્ય માણસો-જીવ માટે પણ એવી જ અપેક્ષા સેવે તે કેટલું બધું ઔદાર્ય કહેવાય!

મારી સાથે ગમ્મત સાથે જ્ઞાનની વાતો કરતાં કહે, “બહેન, જો તારા બાપજીનું કામ થાય તો છેને! એટલું જ નહિ, સતત મને પણ તૈયાર કરે કે “બાપજીના થઈએ તો બાપજીના કામમાં લાગી પડવાનું.” જોકે, એ માટે પણ એમના આશીર્વાદની જરૂર તો ખરી જ!

પૂ.શ્રી પ્રેમ અવધૂતજી તો ખૂબ જ વ્યવહારુ. સાચે મને એમ લાગે કે હું એમની બહેન છું. વળી સાસરાવાળી- અને તે રીતે જ મોટાભાઈ સતત મને સલાહ-સૂચન-માર્ગદર્શન આપ્યા કરે, કેટલીક વાર તો મારી મમ્મીનો પણ અભાવ ન સાલવા દે!

રાત્રે મોડે સુધી એ નિરાળી અનુભૂતિની વાતો પણ નિઃસંકોચ કરે. ખબર પણ ન પડે કે ઘડિયાળમાં કેટલા વાગ્યા!

વ્યવહારુ જ્ઞાન સાથે સતત એક જ સૂચન “બસ, સતત બાપજીને મળ્યા કરવાનું” અને “એ માટે તૈયાર થવાનું-રહેવાનું! સાદું-સરળ-કશું પણ છુપાવ્યા વિના બિલકુલ સીધું-મુક્ત રીતે” એમનું એ સમજાવવાનું પણ કેટલું અસરકારક!

**જન્મોજન્મે કરતાં સેવ, તે પામે પૂરણ તત્ખેવ,**
**બીજાં પશુ મૃગજળગમ ધાય, જન્મમરણના ખત્તા ખાય.**

વાતવાતમાં કે પત્રમાં પણ હંમેશાં એક જ સૂચન કે "બહેન! ગુરુમહારાજને ન ભૂલશો. સતત ગુરુમહારાજનું સ્મરણ અને શરણ સેવતા રહેવાનું!" અરે! એ ગૂઢ જ્ઞાન કે જે શ્રીગુરુલીલામૃતમાં પણ છે તેવું અનુભવવા માટે શી તૈયારી કરવાની તે પણ શીખવી રહ્યા છે. "આપણામાં જ ગુરુમહારાજ બિરાજ્યા છે અને સતત તેની જ ઝાંખી કર્યા કરવાની છે." એ આનંદ જ સાચો આનંદ- એ આનંદને સતત માણવાનું વારંવાર કહે છે. તો સાથે સાથે શ્રીગુરુલીલામૃતના દોહરા અને અવધૂતી આનંદના ભજનની પંક્તિઓ પણ કહીને સીધો બોધ આપતા રહ્યા છે. સત્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની કઠિન શૈલીને પણ તદ્દન બાલભોગ્ય બનાવી રજૂ કરવાનું કાર્ય માત્ર 'પ્રેમ'થી જ શક્ય બને છે. વાતો કરતી વખતે તો તદ્દન સાહજિક અને સામાન્ય લાગે પણ પછી ધીરે ધીરે એનું ચિંતન અને મનન કરીએ તો સાચે જ ગૂઢ જ્ઞાનમાં ડોકિયું કરવાનું જ કહ્યું હોય. આપણે તો પા-પા-પગલી કરનારા છીએ. છતાં પ.પૂ.શ્રી બાપજીનાં કૃપા-આશીર્વાદ કે હજુ આજે પણ આપણને ભગવાનની વધુ નજીક રાખવા પ્રેમ અવધૂતજી સતત પ્રયત્નશીલ રહે છે. ભગવાન આપણને બધાને એ માટે શક્તિ આપે એ જ પ્રાર્થના.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજી માત્ર આધ્યાત્મિક જ્ઞાન જ નહીં પણ આ સંસારની વિટંબણાઓમાં પણ ઘણા મદદરૂપ થયા છે અને થાય છે તે પણ ભુલાય તેમ નથી. ડગલે ને પગલે પ્રશ્નો, સમસ્યાઓ તો હોય જ. આવો કોઈ ગંભીર પ્રશ્ન કે ગૂંચવણ હોય તો શ્રી પ્રેમ અવધૂતજી જરૂર કહે.

"અરજી પ.પૂ.શ્રી ગુરુમહારાજ પાસે મૂકવાની. સહી કરે ત્યારે ખરી. એ માટે રાહ જોવાની! જે કરે તે હિતનું જ હશે! એવું અભયવચન આપી કેટલુંય સાંત્વન આપે છે.

ખરેખર ગુરુસ્વરૂપ હોવા છતાં હંમેશાં ગુરુના જ રહેવાના આનંદમાં તરતા રહેતા, આપણને સૌને પણ એ જ આનંદમાં ડૂબકી લગાવવાનું અને એમાં જ તરબોળ થવાનું હંમેશાં કહે છે. ભગવાન એમનું સ્વપ્ન સાકાર કરે તે માટે પ.પૂ.શ્રી બાપજીને પ્રાર્થના.

કથે જ્ઞાન અરૂ ક્રિયા શિખાવે, પકડ દસ્ત સલુના,
ઘાટ અગમપે આપ ચઢાવે, જહાં સાઈકા થાના. (અવધૂતી આનંદમાંથી)

પૂ.શ્રીની એ વાણી યાદ કરી વિરમીએ.

❀

**સમાજને ઉપયોગી એવું કોઈ પણ શુભકર્મ એ યજ્ઞ જ છે.**

# (૨૦)

# હૈયે પ્રેમતણી સરવાણી

- પ્રા. શ્રીમતી અંજની ઉપાધ્યાય
અમદાવાદ.

ગુરુભક્તિમાં ગળાડૂબ રહેલા સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજ પણ જ્યારે ગુરુગુણ ગાતાં ગાતાં "નખ થકી મેરુ ઉખેડવાના પ્રયાસનો" અનુભવ કરે તો મારે માટે તો મૂંઝવણ અધિક જ રહેવાની. પૂ.ભાઈના (પ્રેમ અવધૂતજીના) વિશાળ વ્યક્તિત્વને કયા શબ્દોમાં વર્ણવી શકાય?

પૂ.ભાઈને મેં 'સાધુ-સંત'ને બદલે મારા ઘરના, કુટુંબના વડીલ તરીકે જ ગણ્યા છે. અને તેથી એમના વિશે લખતાં મને ક્ષોભ થાય એ સ્વાભાવિક છે. મારે હકીકત જ વર્ણવવી છે, અતિશયોક્તિના અંશ માત્રને પ્રવેશવા દેવો નથી.

પહેલો પરિચય તો જેમ થાય તેમ જ થયો. મને દંભની પીછોડી ઓઢેલી કહેવાતી ધાર્મિકતાની ભારે ચીડ. મંદિરે લોકોને બતાવવા માટે જવું, માળા ફેરવવી પણ માણસાઈભર્યું આચરણ ન કરવું, રાગદ્વેષથી ભરેલા રહેવું એવું જોયા પછી એનાથી દૂર રહેવાની અંગત લાગણી. એટલે કહેવાતા સાધુસંતો તરફ પણ પ્રેમભાવ નહિ. પ્રથમ પધરામણી વખતે મારાથી બોલાઈ ગયું કે "મારા પતિને બધા દાઢીવાળાને પકડી લાવવાનો શોખ છે." બોલતાં બોલાઈ ગયું પણ પછી તો જેમ ચુંબક લોખંડને ખેંચે તેમ પૂ.ભાઈના પ્રેમે અમને આકર્ષ્યા.

હું જે પ્રકારની વ્યક્તિની શોધમાં હતી એવી વ્યક્તિ પૂ.ભાઈ છે એમ જ્યાં મને લાગ્યું, ત્યાં તેમનું વડીલપણું સ્વીકારી લીધું. 'બાપજી' એટલે પ.પૂ. રંગ અવધૂત મહારાજ જ. એટલે એમના પછીનું તરત મહત્ત્વનું સ્થાન પૂ. પ્રેમ અવધૂતજી ભોગવતા હોવા છતાં 'પૂ.ભાઈ'નું સંબોધન જ મેં સ્વીકાર્યું.

પૂ.ભાઈ એટલે જેની સમક્ષ જીવનના સુખ દુઃખ રજૂ કરવાનું ગમે, સુખદુઃખ વહેંચવાનું ગમે. નિર્દોષ, સરળ અને પ્રેમાળ વ્યક્તિની શોધમાં હું હતી. આધ્યાત્મિક ઉન્નતિ કરી હોય અને છતાં સંસારમાં રહીને નિર્મળ જીવન જીવતી હોય એવી વ્યક્તિ મળે તો તેનું વડીલપણું સ્વીકારવાની મારી તૈયારી હતી અને ઈચ્છા હતી. ધાર્મિક પુરુષો, પંથો અને સંપ્રદાયોમાં વેરઝેર, રાગદ્વેષ અને રાજકારણની ગંધ એવી તો ઊંડી મેં સાંભળી છે અને જોઈ છે કે એના કરતાં તો ભગવાનના મંદિરને અને સંતોને બાર ગાઉ દૂરથી જ નમસ્કાર કરી લઉં તે ગમે.

**જે પરિચર્યા કરે ભાવે, પ્રમાદાલસ્ય મૂકી નેવે,**
**ગુરુચરણ પ્રીતે સેવે, નામ નાવે ચઢે જે.**

એમની સરળતા, માનવતા કેવી રીતે મેં અનુભવી છે અને તે પણ હૃદય સાથે વણાયેલી. શરૂઆતમાં આવું વર્તન કરીને ભક્ત સમુદાય વધારવો એવા હેતુવાળી નહિ.

એક વખત પૂ.ભાઈ સાથે પ્રવાસમાં નારેશ્વર જવાનું થયું. આખા પ્રવાસનાં સ્મરણો તો ન લખું પણ એમની હૃદયની વિશાળતા, ઋજુતા પ્રગટ કરતો એક પ્રસંગ ટાંકું.

મને મણકાની તકલીફ હોવાથી હું નીચે સૂઈ શકતી નથી. પરંતુ ગરમીના દિવસો હોવાથી મહાદેવના ચોતરા પર આરામથી સૂઈ શકાતું હોવાથી અન્ય પ્રશ્ન ન હતો. રાત્રે જ્યારે સૂવાનો સમય થયો ત્યારે પૂ.ભાઈએ પૂછ્યું કે "તારી શું વ્યવસ્થા છે?" મેં કહ્યું કે મહાદેવ પાસેના ચોતરા પર અમે સૂઈ જઈશું. કોઈ તકલીફ નથી. પૂ.ભાઈએ કહ્યું, "ના, બહાર સૂવાની શું જરૂર છે?" એમ કહીને એમનાં મોટાં દીકરી મંજુબહેનને કહ્યું કે મારી પથારી નીચે કર અને આ પાટ અંજનીબહેનને આપ. મેં ઘણી આનાકાની કરી, મથામણ કરી પણ એમણે પાટ ખાલી કરી આપી જ. અને કહ્યું કે, "જો અત્યારે હું પાટ પર સૂઈ જઉં અને તને તકલીફ પડે તો મારો ગુરુમહારાજ રાજી ના રહે." આવા તો અનેક પ્રસંગોની હું સાક્ષી છું અને તે મારી સાથે જ નહિ પણ બીજા સાથે પણ. એ એમનું સહજ વર્તન છે એમ માનવા પ્રેરે છે.

એમની ઋજુતાનો બીજો હૃદયસ્પર્શી પ્રસંગ ટાંકું. ગુરુદ્વાદશીના રોજ અમે અમારી પાદુકાજીનો પાટોત્સવ ઊજવીએ છીએ. પૂ.ભાઈને અમદાવાદ આવવાનું આમંત્રણ આપેલું પણ મારી તબિયત બગડતાં ઉત્સવ બંધ રાખવાનું વિચાર્યું અને એ માહિતી પૂ.ભાઈને પણ આપી દીધી. આ માહિતી આપતાં અમને કોઈ ટૅન્શન ન હતું. ઉત્સવના ચાર-પાંચ દિવસ પહેલાં તબિયત સારી જણાતાં સાદાઈથી ઉત્સવ તો કરવો જ એવું વિચાર્યું.

પૂ.ભાઈ અગિયારસના દિવસે અમદાવાદ-સરખેજ પધારેલા. અમે કોઈપણ સ્થળે દર્શન માટે ન જઈ શક્યા. રાતે ૧૦ વાગ્યે ડૉ. જન્મેજયના દવાખાનેથી દવા લઈને આવતા આંગણામાં ગાડી ઊભેલી જોઈ. કોની ગાડી હશે તેની કલ્પના ચાલી. પૂ.ભાઈની તો કલ્પના આવે જ નહિ. ઘરે જઈને જોયું તો આંગણામાં જ ખુરશી નાંખીને પૂ.ભાઈ બેઠા હતા. અંજનીની ખબર કાઢ્યા પછી જ લીંચ જવું એવો એમનો આગ્રહ હતો. ઘરે આવીને બધા જ રૂમમાં ફરી વળ્યા. અંજની ક્યાં છે? અંજની ક્યાં છે? એવા પ્રશ્નોથી છોકરાને પણ આનંદનો ભાવ જાગ્યો. મારી આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહ્યે જતા હતા. પૂ.ભાઈએ કહ્યું કે "આવતી કાલે હું અહીં જ છું. તમારા ઉત્સવમાં મારી હાજરી છે જ."

એમની પ્રેમવર્ષામાં મેં અનેકવાર સ્નાન કર્યું છે.

---

**યજ્ઞનારાયણની પૂજા એ સાધન છે અને તે દ્વારા આપણે નારાયણસ્વરૂપ થવાનું છે.**

---

**ગુરુ દયાળ સમર્થ, જેણે લાધ્યો પરમાર્થ,**
**તત્ચરણે થાવું વિનત, અર્થચિંત છોડીને.**

"નિર્મળ હૈયું, નિર્મળ વાણી, હૈયે પ્રેમતણી સરવાણી" એ પ્રેમચાલીસાની પંક્તિનો અનુભવ મેં મારા જીવનમાં રાતદિવસ કર્યો છે.

મારી દીકરી હેતલના પુત્ર ચિ.હીરની માંદગી વખતે એમની કૃપાદષ્ટિ અમને પ્રાપ્ત થઈ છે. અમે નહિ, ઘાટલોડિયાના સમગ્ર ભક્તો એવું માને છે કે આજે હીર જે કંઈ છે તે પૂજ્ય ભાઈના પ્રતાપે જ છે. જોકે તેઓ આ સ્વીકારતા નથી અને જે કાંઈ થયું હોય તે ગુરુમહારાજની કૃપાનું ફળ છે એવું જણાવે છે. અમે પણ સાંભળી લઈએ છીએ. ગુરુમહારાજ તો પાવરહાઉસ છે. એમની કૃપાનો "પાવર" સીધો ઝીલવાની શક્તિ નથી એટલે પૂ.ભાઈ જેવા ટ્રાન્સફૉર્મર દ્વારા આપણે યોગ્ય 'વૉલ્ટેજ'માં કૃપા મેળવીએ છીએ.

આટલું સરળ વ્યક્તિત્વ, આટલી નિખાલસતા અને આટલી સ્નેહસભરતા મેં આજ સુધીમાં કોઈ પાસે અનુભવી નથી. મારા આયુષ્યનાં તમામ વર્ષો એમને પ્રાપ્ત થાય અને આપણને બધાને એમનું સાંનિધ્ય ચિરકાળ સુધી મળી રહે એવી ગુરુમહારાજને પ્રાર્થના કરી મારો ભાવ-અર્ઘ્ય આપી દઉં.

✿

## (૨૧)

# પૂ. પ્રેમ અવધૂત : એક અવધૂતી જીવનદૃષ્ટિ

- પ્રિ. શ્રી રવિશંકર ત્રિવેદી
અમદાવાદ.

ચારેક વર્ષ પહેલાંનો ગુરુપૂર્ણિમાનો પવિત્ર દિવસ. અચાનક જ પૂ.બાપજીની કુટીરે જવાની અદમ્ય ઈચ્છા થઈ આવી. આમ તો લીંચની બાપજીની કુટીર વિશે અને પૂ. પ્રેમ અવધૂતજી વિશે ઘણું ઘણું સાંભળેલું. પૂ. રંગ અવધૂતજીને તો ક્યારેયે સાંભળેલા પણ નહિ, તેમને ક્યારેય જોયેલા પણ નહિ, પરંતુ તેમના વિશે છૂટક છૂટક થોડું ઘણું વાંચેલું. તેથી તે ગુરુપૂર્ણિમાએ પૂ.બાપજીની પાદુકાના પૂજનમાં તેમની કુટીરે ઉપસ્થિત રહેવાનું વિચારેલું. તે દિવસે જ પૂ. પ્રેમ અવધૂતજી સાથે પ્રથમ પરિચય થયો અને પ્રથમ ગોષ્ઠીએ જ તેમના પ્રત્યે આકર્ષાયો.

મને ક્યારેય માલેતુજારનું, માંધાતાનું કે સત્તાધીશનું આકર્ષણ કોણ જાણે કેમ નથી રહ્યું! હું આકર્ષાયો છું મસ્તીભર્યા ભક્તોથી, નિષ્ઠાવાન કર્મયોગીઓથી કે જ્ઞાનીઓથી પૂ. પ્રેમ અવધૂતજીની ગુરુભક્તિ અનન્ય અને અદ્‌ભુત છે. ગુરુભક્તિની આત્મીયતાનાં દર્શન કરવાં હોય તો લીંચમાં આવેલી બાપજીની કુટીરનાં દર્શન કરો. ત્યાં તમને સાક્ષાત્ ગુરુમહારાજ દેખાશે. કુટીર જોતાં જ તમને લાગશે કે અહીં સાક્ષાત્ ગુરુમહારાજ બિરાજે છે. પૂ.બાપજીની સમગ્ર દિનચર્યા તમને નરી આંખે દેખાશે. ગુરુની અત્યંત સૂક્ષ્મ અને ઝીણવટભરી કાળજી રાખનાર આવો ઓલિયો ભક્ત આપણને ભાગ્યે જ જોવા મળે.

આ પાદુકાપૂજનના પ્રસંગે અને તે પછીના અન્ય પાદુકાપૂજનના પ્રસંગે પૂ. પ્રેમ અવધૂતજીને ભક્ત સમુદાયને સંબોધવા માટે દબાણ કરવું પડેલું. તોયે આ ઓલિયા ભક્તને સંબોધન કરવું ન ગમે, ના છૂટકે જ તે બોલે- ન બોલવું પડે તો અતિ ઉત્તમ! પરંતુ બોલે ત્યારે ભક્તિસુધાની અને પ્રેમની સરવાણી છૂટે. તે બોલે ત્યારે સમગ્ર જીવનનો અભિગમ હૃદયના ઊંડાણમાંથી નીકળી આપણા હૃદયમાં સોંસરો ઘૂસી જાય. જીવનનો નિચોડ તેમના વક્તવ્યમાં વ્યક્ત થાય અને તે શ્રોતાના જીવનમાં આમૂલ પરિવર્તન આણે તેવી તેની અદ્‌ભુત શક્તિ! તેમના ટૂંકા વક્તવ્યમાં એકાદ બે ઉદાહરણો હોય, એકાદ બે સૂક્ષ્મ મુદ્દાઓ હોય, પરંતુ તે આપણા હૃદયના ઊંડાણને સ્પર્શી જાય.

જ્યારે તેમને બોલવાનું કહેવામાં આવે ત્યારે હંમેશાં તેમને લાગે કે, “મારી પાસે કોઈ જ્ઞાનનો ભંડાર નથી, મને નથી યોગ આવડતો, નથી મેં સાધના કરે, નથી મારામાં કોઈ લાયકાત

કે વિદ્વત્તા. તો પછી હું શું બોલું? તોપણ ગુરુમહારાજ જે બોલાવશે તે હું બોલીશ.” એમ કહીને તે હંમેશાં વક્તવ્યની શરૂઆત કરે. પછી તો ગુરુભક્તિનું ઊંડાણ વાણીમાં વહેવા માંડેઃ “મારામાં કોઈ લાયકાત ન હોવા છતાં આનંદસાગર, સચ્ચિદાનંદ બાપજીએ મારા કોઈ પુણ્યના યોગે કરીને મારી નાનકડી સેવાનો સ્વીકાર કર્યો તે મારે મન મોટું સદ્ભાગ્ય છે. એણે મારી સેવાનો સ્વીકાર કર્યો તેના પરિણામે મને તેના સાંનિધ્યમાં રહેવાનું મળ્યું. ઈંડાની પાસે જેમ મા રહે ને ઈંડાને ખબર ન હોય તોયે ઈંડું સેવાઈ જાય. તેવું જ બસ કંઈક મારા જીવનમાં બન્યું છે, જેની મને કંઈ જ ખબર નથી.” કેવો ઉત્કટ સેવાભાવ!

ગુરુ વિનાનો તેમનો વિરહ તો જુઓ! પોતાની અર્ધ શતાબ્દી પ્રસંગે લીંચમાં તેમણે કહ્યુંઃ પાંખો વિનાનું બચ્ચું હોય તેવો હું છું, અને મા તો લીંચમાં શરીર છોડવાનો વાયદો કરીને હરિદ્વાર જઈને સર્વમાં સમાઈ ગઈ. હવે પાંખો વિનાનું બચ્ચું જાય ક્યાં? જરા સળવળાટ થાય એટલે તે ચીં...ચીં... કરીને માને શોધે છે.” આવા ભક્ત એટલે સંપૂર્ણપણે સમર્પિત ભક્ત, માત્ર બાહ્યાડંબરવાળા ભગતવેડા નહિ. “બધે જ તત્ત્વસ્વરૂપે, સર્વમાં વ્યાપેલ એવી માના ખોળામાં મને સદાય પોઢવા દો. બસ, એનામાં પોઢ્યો રહું. આનંદના સાગરમાં ડૂબી રહું. હું તો એના ખોળામાં નચિંત છું.” તેમની ગુરુભક્તિમાં માનસિક મમત્વ છે, ભાવનાની ભીનાશ છે, પરંતુ તે સાથે સાથે તેમની ભક્તિ તર્કશુદ્ધ છે. તેમને મન ગુરુકૃપા એટલે ઈશ્વરકૃપા અને ઈશ્વરકૃપા એ જ ગુરુકૃપા. તે બંને વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી. આપણી ફિલસૂફીમાં ગુરુ એ ગોવિંદથી અધિક છે કારણ કે ગુરુ દ્વારા ગોવિંદની પ્રાપ્તિ સહજ અને સરળ બને છે. જેમ પુષ્પમાં સુવાસ સમાયેલી છે, કાષ્ઠમાં અગ્નિ સમાયેલો છે તેમ પ્રત્યેક માનવહૃદયમાં પરમાત્મા સમાયેલો છે. “પરંતુ લાકડામાં અગ્નિ હોવા છતાં તે પ્રગટાવવામાં આવે તો જ તે અગ્નિ ઉપયોગમાં લઈ શકાય છે. ઠીક તે જ રીતે આપણા હૃદયમાં રહેલા પરમાત્મા ગુરુએ ચીંધેલી અગમ કેડીએથી પ્રાપ્ત થઈ શકે છે. પ્રત્યેક હૃદયમાં રહેલા વ્યાપક સ્વરૂપને પિછાનવા માટે વ્યાપકમાં વ્યાપેલા ગુરુની મદદની અને કૃપાની આવશ્યકતા રહે છે. જેમ દીપકથી દીપક પ્રગટે તેમ આવી ગુરુકૃપા આપણા મૂળભૂત ધ્યેયની સિદ્ધિ માટે આવશ્યક બને છે.”

આ દૃષ્ટિએ ગુરુપૂર્ણિમાનો દિવસ એટલે ગુરુનાં ચરણે સમર્પિત થઈ જવાનો દિવસ. તમે ગુરુને સંપૂર્ણ સમર્પિત થયા પછી તમારું આગવું કશું નહિ. હવે તમારા હાથે કોઈ પાપકર્મ થશે નહિ. કારણ કે તમે તમારા હાથ તેને સોંપી દીધા છે. હવે તમે ખરાબ રસ્તે નહિ ચાલો કારણ કે તમે તમારા પગ તેને સોંપી દીધા છે. હવે તમે ખરાબ વિચાર નહિ કરો કારણ કે તમે તમારું મન તેને સમર્પિત કરી દીધું છે. એક વખત તમે ગુરુમહારાજના બાળક બની જાઓ, ભગવાનને સમર્પિત

થાઓ, બસ તે કરાવે તેમ કરો. ગીતાના અઢારમા અધ્યાયમાં અર્જુને ભગવાન કૃષ્ણને કહ્યું તેમ "કરિષ્યે વચનં તવ" પછી જુઓ રંગના રંગનો કેવો રંગ લાગે છે!

પૂ. પ્રેમ અવધૂતજી પૂ.બાપજીની જેમ માનવીની વિચારશુદ્ધિ અને આચારશુદ્ધિ પર ભાર મૂકે છે. વિચારશુદ્ધિ વિનાની અને આચારશુદ્ધિ રહિત ભક્તિ, સેવા, સમર્પણ એ નર્યો દંભ છે, વ્યર્થ છે. ઈશ્વરને સમર્પિત થયેલું માનવજીવન સ્ફટિક જેવું શુદ્ધ અને પારદર્શક હોવું ઘટે. સદ્‌વિચાર અને સદ્‌ચારિત્ર્ય વિનાની ભક્તિ દંભ અને અહમ્‌ને પોષે છે, જે પતન નોતરે છે. આથી જ પૂ. પ્રેમ અવધૂતજી માટે ગુરુપૂજન એ કેવળ ક્રિયા નથી, ક્રિયાકાંડ નથી, પરંતુ તે સાચા માનવી બનવા માટેની પ્રક્રિયા છે. આ વિશ્વના મંદિરને શુદ્ધ અને પવિત્ર રાખવા માટે ઈશ્વરે આપણને તેના પ્રતિનિધિ તરીકે મોકલ્યા છે. આપણે આ વિશ્વમાં ઈશ્વરના એલચી છીએ. સંસાર ત્યાગીને, આ વિશ્વ સાથેના સંપર્ક તોડીને આપણે અહીં જીવન જીવવાનું નથી. આથી જ શિષ્યો માટે કે ભક્તો માટે માનવધર્મ એ જ સાચો ધર્મ. આથી જ આપણે કુટુંબ સાથે, પડોશી સાથે, ગામ સાથે, દેશ સાથે, વિશ્વ સાથે અને બ્રહ્માંડ સાથે સઘન રીતે સંકળાયેલા છીએ. તે પ્રત્યે પૂ. પ્રેમ અવધૂતજી વારંવાર આપણું ધ્યાન દોરે છે. આ વ્યાપક દૃષ્ટિએ માનવધર્મમાં આચાર અને વિચારનું મહત્ત્વ વિશેષ છે. પૂ. પ્રેમ અવધૂતજી પૂ.બાપજીના આચારધર્મના કેટલાક પ્રસંગો વર્ણવે છે તે આચાર વિચારના સૂક્ષ્મ તત્ત્વને વ્યક્ત કરે છે. ચાલુ શાળાએ રજા મૂક્યા સિવાય પૂ.બાપજીનાં દર્શને આવેલા શિક્ષકને તેમણે સરકારના અને સમાજના ગુનેગાર ગણ્યા છે. આવો ગુનો આચરીને પુણ્ય કમાવાની વૃત્તિ એ એક પાપ છે તેમ તેમણે સ્પષ્ટ કહ્યું છે. ઉચ્ચ નૈતિક ચારિત્ર્યનાં આવાં અનેક ઉદાહરણો તેમના વક્તવ્યમાં સમાવિષ્ટ થાય છે.

આમ નૈતિક ધર્મનું અને માનવતાના ધર્મનું આચરણ માનવીને દેવ બનાવી દેવાની તાકાત ધરાવે છે. આવા દેવત્વની પ્રાપ્તિ માટે ચરણપાદુકા ચરણમાં પહેરીને ચાલવાનું અને આચરવાનું શ્રીરંગે આચરી બતાવ્યું. તે માર્ગે આચરવાનું, રંગનો સંગ આપણને લાગે તે માટે પૂ. પ્રેમ અવધૂતજી તો ઊંડાણમાંથી બોલે છે કે અવધૂતને તો આચરવાની આવશ્યકતા છે, એને જીવવાની જરૂરી છે. તેઓ કહે છે કે તમે અવધૂતને એવો જીવો-જીવી નાખો કે તમારું જીવન આદર્શમય બને. એ જ એનો સાચો પ્રચાર છે. એનો વળી પ્રચાર શો? સત્યનો પ્રચાર હોઈ શકે ખરો? બસ, એક જ કામ કરો- તમે અવધૂતને જીવી નાખો.

પૂ. પ્રેમ અવધૂતજીના જીવનને સામે રાખી આપણે પણ આચાર માનવતા ભરેલો રાખીએ એવી ગુરુમહારાજને પ્રાર્થના અને પૂ. પ્રેમ અવધૂતજી નિરામય ચિરાયુ ભોગવે એવી શુભ મનોકામના દ્વારા એમની ૬૦મી પ્રેમજયંતીએ મારો ભાવ-અર્ઘ્ય સમર્પી દઉં.

# (૨૨)

# પૂ. પ્રેમ અવધૂતજી : ગુરુ સમર્પિત શિષ્ય

- શ્રી મૂળજીભાઈ અ. બારોટ
લીંચ.

ભગવાન શ્રીકૃષ્ણની દ્વારિકા નગરી જોઈને, એનો વૈભવ જોઈને સુદામાને જેવો આનંદ થયો હશે એવો જ આનંદ મને મારા મિત્ર શ્રી બચુભાઈ એટલે કે પૂ. પ્રેમ અવધૂતજીને જોઈને થાય છે.

અમે બંને લંગોટિયા મિત્રો. બંને મિત્રો બન્યા એના મૂળમાં અમારા બંનેની માતાઓનું સખીપણું જ કારણભૂત હતું. બંનેની માતાનું સખ્ય પણ સદ્‌કાર્ય અને ભજનો ગાવા માટેનું હતું. મને બચુભાઈની નિકટતા માણવાનો લહાવો મળ્યો અને મળે છે તે માટે હું બંને માતાના ઋણનો સ્વીકાર કરું છું.

અમે જિગરી દોસ્ત ખરા પણ એ દોસ્તીના કેંદ્રમાં નાટક-સિનેમા કે મોજશોખની પ્રવૃત્તિ તો નહિ જ. ચર્ચા કેવળ ઈશ્વર સંબંધી.

જ્યારે અમે ૧૦-૧૧ વર્ષની ઉંમરના હતા ત્યારે અમે અમારી બુદ્ધિ પ્રમાણે વાતો કરતાં. બચુભાઈને તો લગની સદ્‌ગુરુદેવની શોધની જ. પૂ. પ્રેમ અવધૂતજી મને કહે કે "ચાલો આપણે નર્મદા કિનારે શૂરપાણેશ્વરની ઝાડીમાં જઈને રહીએ અને ગુરુદેવની શોધ કરીએ. મને પણ આ વિચારો ગમે એટલે મેં કહ્યું કે "ચાલો, આપણે બંને જઈએ અને ભેગા રહીએ. ખૂબ આનંદ આવશે." પરંતુ ભેગા રહેવાની વાતનો વિરોધ કરતાં તેઓ જણાવે કે બંનેથી એક ઝૂંપડીમાં સાથે ન રહેવાય કારણ કે ભેગા રહેવાથી વાતોમાં સમય વહી જાય અને ભજન ન થાય. અલગ અલગ ઝૂંપડી બાંધી રહીશું એટલે આપણો હેતુ સરે અને સાથે રહ્યા એવું પણ લાગે.

બાર વર્ષથી પંદર વર્ષની ઉંમરે અમે જૂના પ્રચલિત ભજનો ગાતાં અને એનો ભાવાર્થ સમજવાનો પ્રયત્ન કરતાં.

જ્યારે બચુભાઈ (પ્રેમ અવધૂતજી) સંસ્કૃત ભણવા સિદ્ધપુર ગયા ત્યારે હું ખૂબ રડ્યો હતો. સંસ્કૃત ભણીને આવ્યા પછી તેમની દુકાને બેસતા. પાન-બીડીની દુકાને બેસી તેઓ બીડી વાળતા. મહેનત કરીને પ્રામાણિકતાથી કમાવવામાં ગૌરવ અનુભવતા. દુકાન સામે અંબાજી માતાના

મંદિરમાં અમો બંને એકલા બેસતા અને ઈશ્વર-ચર્ચા, ભજન વગેરે ખૂબ જ આનંદથી કરતાં.તેમાં અમો બંને મિત્રો ભજનની એક લીટી પર ઘણો જ વિચાર કરતા.

“સાધ્ય-સમાધિ-ધ્યાન નહીં જ્ઞાના, એસા હે વો દેશ,
જો તુજે સદ્‌ગુરુ સાબ મિલે, તો તત્ત્વ બતાદે એક!”

સદ્‌ગુરુ તત્ત્વ બતાવી દે તે તત્ત્વ તે પ્રેમતત્ત્વ. શુદ્ધ-સાત્ત્વિક અનન્ય પ્રેમથી પરમાત્મા અથવા સદ્‌ગુરુ વશ થાય છે એવી પાકી સમજ મારા મિત્રને ઘણી નાની ઉંમરથી હતી. પંદર વર્ષની ઉંમરે સમજપૂર્વકની બાંધેલી મનની ગાંઠ દિવસે દિવસે મજબૂત બનતી ગઈ.

બચુભાઈની અંતરની ઈચ્છા પ્રમાણે નર્મદા કિનારા પરથી જ ગુરુદેવની પ્રાપ્તિ થઈ. ગુરુમહારાજ રંગ અવધૂતજીની ખુલ્લી આંખોથી આકર્ષાયેલા બચુભાઈ ગુરુમહારાજમાં ઘેલા બની ગયા. નારેશ્વરની તપોભૂમિના એ સંતરાજ બચુભાઈના જીવનમાં સર્વસ્વ બનીને પ્રવેશી ચૂક્યા હતા.

નાની ઉંમરે જે પ્રેમતત્ત્વની પાકી સમજ કેળવાયેલી તે સમજને કારણે જ ગુરુમહારાજે ચાર વાર લીંચમાં મુકામ કર્યો અને કુલ્લે બાવન (૫૨) દિવસ સુધી લીંચમાં આનંદ કરાવ્યો, સ્વર્ગ ઉતાર્યું.

એમની ગુરુમહારાજની સેવાની સૂઝ ખૂબ જ ઊંચા પ્રકારની. આર્થિક પરિસ્થિતિ ખૂબ સારી ન હોવા છતાં, કોઈ પાસે માગણી નહિ કરવાની. ગરીબીમાં જીવ્યા પણ જીવને ગરીબ ન થવા દીધો. શુદ્ધ ભાવનાથી કોઈ બાપજીની સેવા કરવા ઈચ્છે તો ના ન કહે પણ દેખાડો કરવા પૂરતું જ હોય તો બે હાથ જોડીને ના કહી દે.

ગુરુમહારાજના આદર્શોને સંપૂર્ણ અને અણીશુદ્ધ પાળવાની કોશિશ કરી છે અને ગુરુમહારાજે એમાં સફળ પણ થવા દીધા છે. ઘરમાં આવેલા મહેમાનોનું પ્રેમથી સ્વાગત થાય છતાં કોઈ પણ મહેમાન કોઈને કશું જ આપી શકે નહિ. નાનું બાળક પણ આ રિવાજ અણીશુદ્ધ પાળે. ભક્ત ગમે તેટલો આગ્રહ કરે તોયે બાંધછોડ નહિ. એને સમજાવે અને આવા સિદ્ધાંતો જેનાથી પળાય તેણે પાળવા જોઈએ એવું માર્ગદર્શન પણ આપે.

હું એમનો લંગોટિયો મિત્ર હોવા છતાં, નિયમનું પાલન તો એવું જ દ્રઢતાપૂર્વક થાય. ઘણા પ્રસંગો સ્મૃતિપટ પર આવે છતાં એક બે વર્ણવું તો અયોગ્ય નહિ ગણાય.

લીંચમાં ઊજવાતા વિવિધ ઉત્સવોના ખર્ચ પેટે કોઈ પાસે પણ માગણી તો ન જ કરે પણ વ્યક્તિ સામે ચાલીને, યોગ્ય સમય મર્યાદામાં કહે તો જ સ્વીકારે. હું મારી અનુકૂળતા પ્રમાણે

ઉત્સવ પહેલાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી સ્વીકારવાનું કહું તો સ્વીકારે. એકવાર એવું બન્યું કે દત્તજયંતીના ઉત્સવ પહેલાં હું મારી સેવા સ્વીકારવાનું કહેવાનું ભૂલી ગયો. ઉત્સવ ઊજવાઈ ગયો. ઉત્સવ પૂરો થયા પછી મેં ફૂલની પાંખડી સ્વીકારવાનું કહ્યું ત્યારે એમણે વિવેકથી ઈન્કાર કર્યો. મેં કહ્યું કે, "આપ આમ કેમ કરો છો?" ત્યારે એમણે જણાવ્યું કે તમે ઉત્સવ પહેલાં જણાવ્યું હોત તો જરૂર સ્વીકારત પરંતુ ઉત્સવ પછી સ્વીકારાય નહિ. આપણે બંને મિત્રો હોવા છતાં બાપજીના નિયમો કેમ તોડાય? પૂજન પછી સેવાનો સ્વીકાર એ બાપજીના આદર્શ બહારની વસ્તુ છે. હું સ્વીકારી શકતો નથી તો ખોટું લગાડશો નહિ. જ્યારે અમારા જેવા લંગોટિયા મિત્ર સાથે આવી કડકાઈભર્યું વર્તન દાખવતા ત્યારે બીજાની તો શું વાત કરવાની હોય?

ગુરુમહારાજની પાદુકા પર અત્તર ચઢાવવા માટે મેં ઈચ્છા પ્રગટ કરી તો તેમણે સ્વીકારી. હું જ અત્તરની વ્યવસ્થા કરું એવો ભાવ હતો. એકવાર અત્તર પૂરું થઈ ગયું હશે અને હું વ્યવસ્થા કરવાનું ભૂલી ગયો. એમણે એમની રીતે વ્યવસ્થા કરી લીધી. ઘણો સમય વહી ગયો અને મને એકદમ યાદ આવ્યું. મેં એમને પૂછ્યું કે અત્તર થઈ રહ્યું તો મને કેમ યાદ ન કરાવ્યું? એમણે નમ્રતાથી કહ્યું કે એવી માગણવૃત્તિ કેળવવાથી તો ગુરુમહારાજ નારાજ થાય. તમો યાદ રાખીને અત્તર પૂરું થતાં પહેલાં લાવો તે સાચું, બાકી તમોને સંદેશો મોકલાવું અને પછી તમે તમારી ફુરસદે અત્તર મોકલાવો એ વાત તો સ્વીકારાય નહિ. વખત આવે અત્તર વગર ચલાવવાનું, પણ માગવાનું તો નહિ જ.

ગુરુમહારાજ લીંચમાં પધારતા ત્યારે પૂ. પ્રેમ અવધૂતજીની લગન જોવા જેવી. હરતાં ફરતાં ગુરુનું જ ચિંતન. હનુમાન શી અડગતા રાખી સેવા કરવાની. સેવામાં ખડે પગે તૈયાર. પ.પૂ. બાપજી સવારે ૪ થી ૫ ની વચ્ચે ઊઠે. બચુભાઈ એ પહેલાં ઊઠે અને કાળી માટીની માટલીમાં ભરેલાં પાણીથી સ્નાન કરે. માગસર-પોષ માસની કડકડતી ઠંડીમાં વહેલી સવારે એકદમ ઠંડા પાણીથી સ્નાન કરે. સ્નાનથી પરવાર્યા બાદ બાપજીને સંડાસમાં લઈ જવાની વ્યવસ્થા કરે. બાપજીના પગે ઠંડી ન લાગે એટલા માટે પાથરણા પથરાવી દે. આમ બાપજીની નાનામાં નાની કાળજી લે.

ગુરુમહારાજની સેવાનો લાભ સહુને મળે એવી એમની ભાવના. બધો જ લાભ હું લઈ લઉં એવો તો સહેજે વિચાર કરે નહિ. દરેક ભક્તને પોતાની ભાવના સંતોષવાની તક આપતા. સેવામાં રહેનારનો બાપજી સાથે પરિચય કરાવવો અને તેમને પણ સેવાનો લાભ આપવો એવી ઊંચી ભાવનાથી એ વર્તતા. એક વખત પૂ.બાપજીને પગે ઘસીને દવા લગાવવાની હતી. શ્રી બચુભાઈ કહે, "મૂળજીભાઈ, તમે બાપજીને ઘસીને દવા લગાવી આપો." હું તો રાજીના રેડ

થઈ ગયો. આવો લાભ મળે તે કોને ના ગમે? બીજાનો વિચાર કરી, બીજાને આનંદ થાય તેવું કરવું એ એમની વિશિષ્ટતા.

બાપજીનો મુકામ હોય ત્યારે બાપજી માટે શું કરું ને શું ના કરું એવી ગડમથલ ચાલ્યા જ કરે. બાપજી સિવાય અન્ય ચિંતન નહીં. માખણ, ફ્રૂટસ, લાઈટ વગેરેની ઉત્તમ વ્યવસ્થા કરવી એ જ એમનું લક્ષ્ય.

બાપજી હરિદ્વારમાં બ્રહ્મલીન થયા પછીની એમની જે દશા મેં જોઈ છે તેનું વર્ણન કરવું અશક્ય છે. વિરહની વિહ્વળતા અને વેદનાની પરાકાષ્ઠા જોયા પછી એમનો ગુરુમહારાજ પ્રત્યેનો ભાવ કેવો છે તે વધુ સમજમાં આવ્યું. નાનું બાળક મા વિના રડ્યા જ કરે, પાણી વિના માછલી તરફડિયાં મારે, એવું લાગે. ગુરુમહારાજ પ્રત્યેનો પ્રેમ અને ભાવ, સેવા અને સ્મરણ એવા ગાઢ રહ્યા કે ગુરુમહારાજના આશીર્વાદથી એ બચુભાઈનું આજે પ્રેમ અવધૂતજીમાં પરિવર્તન થયું.

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ,
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ.

આ પંક્તિ પૂ. પ્રેમ અવધૂતજીમાં ચરિતાર્થ થતી દેખાય છે. ૬૦મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે સ્મરણિકા દ્વારા અપાતા અર્ઘ્યમાં હું મારી ભાવનાનો અર્ઘ્ય આપીને વિરમું છું.

❀

# (૨૩)
# ગુરુગુણનું અમલીકરણ

- શ્રી મગનભાઈ વશી
બીલીમોરા.

મારા જીવનને મોટો વળાંક આપી, ધર્મ અને ભક્તિમાર્ગે લઈ જનાર ગુરુમહારાજ ભગવાન રંગાવધૂતજીનું મોટું ઋણ મારે માથે છે. એમના દેહવિલય પછી અમારા જેવા ભક્તોના હૃદય ભાંગી પડ્યા અને અમે નિરાધાર જેવા થઈ ગયા. ગુરુમહારાજ સ્થૂળ દેહે નથી પરંતુ સૂક્ષ્મરૂપે તો છે જ એ જાણવા છતાં ઘણીવાર એ સ્થૂળ દેહના સત્સંગની યાદ આવે જ અને તેમાંથી જ એ ખોટ પૂરનાર કોઈ મળે એવી ઈચ્છા જાગે. ગુરુમહારાજની સેવા કરનાર અને ગુરુમહારાજને સદા પ્રસન્ન રાખનાર પૂ. પ્રેમ અવધૂતજી વિશે સાંભળ્યું હતું પણ પ્રત્યક્ષ દર્શનનો લાભ મળ્યો ન હતો અને લીંચ ગુરુમહારાજની કુટીરનાં દર્શનનો લાભ તો હજી આજ સુધી પ્રાપ્ત થયો નથી.

પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીનું પ્રથમ દર્શન તેઓશ્રી બીલીમોરા 'શ્રીરંગ કુટિર'નું ઉદ્‌ઘાટન કરવા આવેલા ત્યારે થયું. સદ્‌ભાગ્યે એવું બન્યું કે આ ઉદ્‌ઘાટન પ્રસંગે એમનો મુકામ મારા 'ગુરુકૃપા' બંગલામાં જ રાખવામાં આવ્યો હતો. તેઓના બે દિવસના સાંનિધ્ય અને સત્સંગનો લાભ મળ્યો.

એઓશ્રીની મારે ત્યાં પ્રથમ પધરામણી હોઈ અમોને એવો ભાવ જાગ્યો કે એમનું કાંઈ સ્વાગત કરવું. વિદાય વેળાએ એક શાલ ઓઢાડી અને એમને આપવા માટે એક બંધ કવર ધર્યું. એમની આંખમાં ઝળઝળિયાં આવી ગયા અને બોલ્યાઃ "હું પૂજ્યશ્રી બાપજીનું મિશન લઈને નીકળ્યો છું. પૂજ્યશ્રી પ્રવાસે નીકળતા ત્યારે અગર તો સ્થાન ઉપર પણ કંઈ સ્વીકારતા ન હતા. હવે તમે જ કહો કે મારે શી રીતે લેવું?" અમે ઘણા કાલાવાલા કર્યા છતાં પણ કવર ન લીધું તે ન જ લીધું.

હજી પણ એ કવર મારા કબાટમાં પડ્યું જ છે.

બીજીવાર બીલીમોરા પધાર્યા ત્યારે એમને માટે કંઈક કરવાની ઈચ્છા જાગી. સેવામાં શ્રી કુલીનભાઈ હતા. તેમનું માર્ગદર્શન માગ્યું. એમણે કહ્યું કે તમો જ એમને પૂછી લોને! કુલીનભાઈ સાથે મારે અંગત સંબંધ હતો એટલે વડીલ તરીકેના હક્ક દાવે કહ્યું ત્યારે એમણે

કહ્યું કે જો તમારે કંઈ કરવું જ હોય તો ગરીબ છોકરાને આપી શકાય એવા ચડ્ડી ખમીસ ખરીદીને લાવો. મેં સંમતિ આપી. કુલીનભાઈ કહે કે એમને પૂછવું તો પડે જ. મેં પૂછવાની ના કહી ત્યારે એમણે જાતે પૂછવાનું સ્વીકાર્યું. પૂ.શ્રી પ્રેમ અવધૂતજીએ ના કહી અને મને સમજ પાડી.

લીંચ માટે કોઈ સેવાનું સૂચવો તો પહેલા લીંચ આવો, બાપજીનાં દર્શન કરો અને પછી સેવાની વાત કરો. પૈસાથી જ સેવા થાય એવું થોડું છે?

ગૃહસ્થાશ્રમમાં રહેતા હોવા છતાં સદ્‌ગુરુના ગુણોનું જીવનમાં અમલીકરણ કરવું એ ભગીરથ કાર્ય છે. છતાં તેઓ કરી રહ્યા છે.

પોતાના તરફનો લોકોનો જે ભાવ છે એ ગુરુમહારાજની કૃપાનું ફળ છે એવું તેઓ માને છે. ગુરુમહારાજને કેંદ્રમાં રાખીને જ તેઓ તેમની પ્રવૃત્તિઓ ગોઠવે છે.

"હું જે કાંઈ છું અને જે કાંઈ થઈ રહ્યું છે એની પાછળ કેવળ ગુરુકૃપા જ છે" એવું માનીને જીવનારા કોઈક જ મળે છે. એઓશ્રી એમાંના એક છે. પૂજ્યશ્રી પણ માનતા કે મારું કંઈ જ નહિ. જે છે તે બધું ગુરુમહારાજનું જ છે.

સ્વયંને ન્યોછાવર કરી દઈ, ગુરુમહારાજના ફૂટબૉલ બની ગયા એટલે આપણે બધાએ એમને શિરોમાન્ય ગણ્યા! તે જ પંથ પર ચાલનારા શ્રી પ્રેમ અવધૂતજીને આ નાનકડા અર્ઘ્ય દ્વારા અભિવંદન.

> **માટે અનન્ય ભક્તિથી ભજતાં ગુરુવર એક,**
> **મોક્ષાદિક ફળ સહુ મળે, કહ્યો શાસ્ત્ર વિવેક. (અ. ૩, દો. ૧૪)**

# (૨૪)

# સાચા સંતની શક્તિ : એક અનુભવ

- શ્રી કનક એસ. શાહ
(નવાપુરવાળા) અમદાવાદ.

જેઓની અંદર સદ્‌ગુરુ તત્ત્વ પ્રકાશિત થયું છે એવા દિવ્યજ્ઞાની, મનથી નિર્મળ, નિશ્ચલ, નિષ્કપટ નિખાલસ વગેરે સદ્‌ગુણો ધરાવનાર તેમ જ મને વારંવાર શાંત અને સંતોષી પ્રકૃતિનાં દર્શન થયાં છે એવા પ્રેમભૂમિ લીંચમાં જન્મેલા પ.પૂ.શ્રી પ્રેમ અવધૂતજી આજે પોતાના જીવનના શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની ભક્તિસાગરમાં સાઠમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે એવું જાણી, એમના વિષે લખવું મારી શક્તિ બહારનું હોવા છતાં, લખવાનું સાહસ કર્યા વિના રહી શકતો નથી.

પ.પૂ. શ્રી રંગ અવધૂત મહારાજના સાંનિધ્યમાં પોતાનું આયખું ધરી દેનાર પ.પૂ. શ્રી પ્રેમ અવધૂતજીના જીવન વિષે આપણે સૌ જાણીએ જ છીએ. તેમની પાસેથી પ.પૂ. બાપજીની વાતો સાંભળતાં આપણે કદીએ ધરાતા નથી. પૂ.બાપજીની વાતો કરીએ ત્યારે પૂ.બાપજી માટે એમના દિલનો ઊભરાતો પ્રેમ આપણને દેખાયા વિના રહેતો નથી. ભૂલેચૂકે આપણે પૂ.બાપજી સાથે એમના ગુણ ગાઈએ તો જાહેરમાં તેઓ કહે કે "મારા વિષે જે કહેવાયું એ બરાબર નથી. પ.પૂ.શ્રીનું જાજરૂ સાફ કરનારો હું તો તદ્દન સામાન્ય માનવી છું. મને શા માટે આટલું બધું માન-પાન આપી ગાડીમાં ફેરવો છો? એ મને સમજાતું નથી. હું તો પ.પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજનો એકમાત્ર ક્ષુલ્લક પટાવાળો છું. તમારી અરજી એમની પાસે મૂકી શકું. સહી કરી મંજૂરીની મહોર મારવી કે ન મારવી એ તો પૂ.શ્રી ગુરુમહારાજના હાથમાં છે." એવા નિરભિમાની 'પ્રેમ' કિસી સે કમ નહીં? કારણ, પૂ. પ્રેમ અવધૂતજી પાસે પ.પૂ. ગુરુમહારાજ શ્રી રંગ અવધૂત બાપજી છે. એમની પાસે પૂ. ગુરુમહારાજના શબ્દો છે. પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની વાતો કરતાં કરતાં અતિ ભાવવિભોર બની જઈ એમનું હૃદય ભરાઈ આવતાં એમની આંખોમાંથી નીકળેલા પ્રેમનાં આંસુ આપણું મન પણ ધોઈ નાંખે છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત બાપજીના સાંનિધ્યમાં તેમને કેટલો બધો આનંદ આવતો એની વાત તો એમની પાસેથી સ્વમુખે સાંભળીએ ત્યારે જ સંતોષ થાય.

સદ્‌ગુરુ પોતાનાં દરેક કાર્યો સંતોને જ માધ્યમ બનાવી પૂરાં કરે છે. સંતશ્રી પ્રેમ અવધૂતજીને આધિ-વ્યાધિ ઉપાધિ દૂર કરવાની અજબ શક્તિ પ.પૂ.શ્રી બાપજીએ આપેલી છે. ત્રિતય તાપને દૂર કરવાની પરમ શક્તિ મેં જ્યારે એમનામાં જોઈ ત્યારે એક સોનેરી સંસ્મરણ મારી આંખ આગળ ઝબકી જાય છે.

---

**એવું કર્મ ન કરો, એવો સંકલ્પ ન કરો, એવો શ્વાસ ન લો જે તમને જ દુઃખરૂપ થાય.**

---

**સદ્‌ગુરુ આશીર્વાદ જે વૃથા કેમ તે થાય?**
**નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય. (અ. ૬૭, દો. ૪૩)**

આજથી પાંચ વર્ષ પહેલાંની વાત છે. નવાપુર (જિ. ધૂળે, મહારાષ્ટ્ર) નિવાસી શ્રી દત્તપ્રેસવાળા શ્રી સુમનભાઈ આર. શાહનાં પુત્રવધૂ અને મારા નાના ભાઈ બકુલનાં ધર્મપત્ની અંજુએ અમદાવાદમાં એક બાળકને જન્મ આપ્યો. જન્મ વખતે માતા અને પુત્રની હાલત ખૂબ જ ગંભીર ગણાય. બાળક પણ અર્ધવિકસિત. જોઈએ તે કરતાં ઓછા વજનવાળું અવતર્યું. તેથી માતા પુત્રને જુદાં કરી, બાળકને બાળકોની હૉસ્પિટલમાં લઈ જઈ કાચની પેટી (ઈન્ક્યુબેટર)માં મૂકી બહારથી ખોરાક વગેરે આપવાનું શરૂ કર્યું. ડૉક્ટરો પણ વ્યાકુળ બની ચિંતિત દેખાતા હતા. અમો કુટુંબીજનો પણ આનંદ વ્યક્ત કરવો કે વિષાદ? એવી દ્વિધાભરી પરિસ્થિતિમાં મુકાઈ ગયાં. સવાલ એક જ હતો કે આ બાળકનું શું થશે? ખુદ ડૉક્ટરોએ આ બાળકને બચાવી લેવા એમના જૈનધર્મના સંસ્કાર પ્રમાણે પ્રભુને પ્રાર્થના કરી, કારણ જન્મેલા બાળકની માતા હવે બીજા બાળકને જન્મ આપવા અસમર્થ છે એમ જણાવી આ હાથમાં આવેલા બાળકને બચાવી લેવા અથાગ પ્રયત્નો ચાલુ કર્યા.

અમોએ પણ હૉસ્પિટલમાં શ્રી દત્તબાવની બોલવાનું ચાલુ જ રાખ્યું. પ.પૂ. બાપજીની લીલા પણ કેટલી બધી અપરંપાર છે. એ જ વખતે કોઈક કારણસર પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનું અમદાવાદમાં આગમન થયું. ખબર મળતાં, હું મારા નાના ભાઈ બકુલને લઈ પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનાં દર્શનાર્થે પ્રા. શ્રી કુલીનભાઈ ઉપાધ્યાયના નિવાસસ્થાને પહોંચ્યો. પૂ.ભાઈનાં દર્શન કરી એમની સાથે ઔપચારિક વાતો કરી બહાર નીકળ્યો. બહાર આવી, અમારા પરમ સ્નેહી શ્રી કુલીનભાઈને જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા બાળક વિશે વાત કરી. પૂ.ભાઈની દૃષ્ટિ એ બાળક પર વરસે અને અમારી બાળકને બચાવી લેવાની અરજી પૂ.ભાઈ પ.પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજ બાપજી આગળ મૂકે એવો પ્રસ્તાવ મારા નાના ભાઈ બકુલે શ્રી કુલીનભાઈ સમક્ષ મૂક્યો. શ્રી કુલીનભાઈ સાથે ફરી અમો પૂ.ભાઈના બેઠકખંડમાં ગયા. મારા નાના ભાઈ બકુલે પૂ.ભાઈ સાથે વિગતવાર વાત કરી, પોતાનો વિચાર જણાવ્યો.

ચતુર પ.પૂ. પ્રેમ અવધૂતજી બકુલની વાતનો મર્મ સમજી ગયા.

પૂ. પ્રેમ અવધૂતજીએ હૉસ્પિટલ આવવાનું સ્વીકાર્યું એટલે શ્રી કુલીનભાઈએ બકુલભાઈને હૉસ્પિટલ રવાના કર્યા. પૂ.ભાઈ (પ્રેમ અવધૂતજી) તેજેન્દ્ર પાર્ક રતિભાઈ પટેલને ઘરે અને પછી શિવુભાઈ ત્રિવેદીને ત્યાં પધરામણી કરીને પછી હૉસ્પિટલ આવવાના હતા. કુલીનભાઈને ત્યાંથી પૂ. પ્રેમ અવધૂતજી નીકળ્યા ત્યારે સાથે મારા પિતાશ્રી પણ હતા. શ્રી રતિભાઈ પટેલને ત્યાંથી શિવુભાઈ ત્રિવેદીને ત્યાં પ્રાંગણમાં ઔદુંબર ભગવાન છે. ત્યાં પૂ.ભાઈ બેઠા હતા. બાવની ચાલુ હતી. તે દરમ્યાન પૂ.ભાઈએ કુલીનભાઈને કહ્યું કે મેં હૉસ્પિટલ જવાની હા કહી પરંતુ

તમારા ઘરેથી નીકળતા એવી સ્ફુરણા થઈ કે આજે નહિ પણ ૨૧ દિવસ પછી જવું એટલે તમે સુમનભાઈને ના કહી દો. કુલીનભાઈને થયું કે ના કહીને સુમનકાકાને નિરાશ તો કરવાના જ છે તો પછી એમાં ઉતાવળ શું કામ?

બાવની અને આરતી પત્યા પછી પૂ.ભાઈએ કુલીનભાઈને કહ્યું કે "મને પરિણામનો ડર નથી પણ જે સ્ફુરણા થઈ તે મેં કહી. આમ છતાં તમે કહો તેમ." જ્યાં પૂ.ભાઈએ કહ્યું કે "છતાં તમે કહો તેમ" એટલે કુલીનભાઈએ હોશિયારીપૂર્વક કહ્યું કે, "ભાઈ! જવું હોય તો તો આજે જ. એકવીસ દિવસ કોણે જોયા છે?"

આવું કહેવા પાછળ કુલીનભાઈ પાસે જોરદાર કારણ હતું. એમણે જ્યોતિષીને બતાવેલું. એમાં જ્યોતિષીએ કહેલું કે બાળક એકવીસ દિવસ પૂરા કરે પછી બધી વાતો કરીએ. આમ બાળકના એકવીસ દિવસ જોખમ ભરેલા હતા.

પૂ.ભાઈ સંમત થયા. હૉસ્પિટલ જઈ બાળક પર અમીવર્ષા કરી. પછી તો છ માસ સુધી કુલીનભાઈને પત્ર દ્વારા કે કોઈ આવનાર-જનાર દ્વારા પુછાવ્યા કરે કે પેલા બાબાના શું સમાચાર છે?

અમારા કુટુંબની લીલીછમ વાડીનું એમ માત્ર પુત્રરૂપી ફૂલ કરમાઈ જશે તો અમારો બાગ-બગીચો વેરાન થઈ જશે એવી ચિંતા હતી. પણ સદ્ગુરુ શ્રી રંગાવધૂત ગુરુમહારાજના આશીર્વાદ પૂ.શ્રી પ્રેમ અવધૂતજીની અમીદૃષ્ટિ દ્વારા ઊતર્યા અને એ પુત્ર-ફૂલ ખીલ્યું અને હસી રહ્યું.

એનું નામ શ્રીમતી અંજનીબહેને **ઋજુલ** પાડ્યું. અંજનીબહેનની હેતલના પુત્ર **હીર**ની જીવનકથામાં પણ પૂ.ભાઈની કૃપાદૃષ્ટિએ જ ભાગ ભજવ્યો અને તેથી તો પ્રેમચાલીસામાં ગવાયું કે,

"રંગકૃપાથી દુઃખ હરી લીધું, હીર-ઋજુલને જીવન દીધું."

ઈશ્વરીય લીલા અકળ છે. તેનો પાર પામી શકાતો નથી. જીવ, જગત અને જગદીશ્વરની બાબતમાં હું તદ્દન અજ્ઞાત છું પરંતુ ઉપર જણાવેલા સ્વાનુભવને આધારે એટલું તો ચોક્કસ કહી શકું એમ છું કે ગુરુમહારાજમાં જેવી શ્રદ્ધા હોય તેવી સિદ્ધિ-ફળ મળે છે અને ત્યારે જ આપણને સંતની સાચી શક્તિનો, પ્રત્યક્ષ અનુભવ થાય છે.

❁

# (૨૫)
# શ્રી દત્તાવતારોની ઐતિહાસિક તવારીખ

- ડૉ. અરુણોદય નટવરલાલ જાની
વડોદરા.

ભગવાન દત્તાત્રેયનો જન્મ સત્યયુગમાં માગશર માસના શુક્લપક્ષમાં ચતુર્દશી યુત પૂર્ણિમા અને બુધવારના દિવસે પ્રદોષ સમયે થયો હતો. દત્ત સંપ્રદાયાનુસાર ભગવાન દત્તાત્રેય જ ત્રેતાયુગમાં શ્રીરામચંદ્રરૂપે અને દ્વાપરમાં બલરામ અને શ્રીકૃષ્ણરૂપે અવતર્યા હતા. કલિયુગમાં તેઓ શ્રીપાદ શ્રીવલ્લભ અને નૃસિંહ સરસ્વતીરૂપે પ્રગટ થયા હતા. તેથી દત્ત સંપ્રદાયમાં ગાવામાં આવે છેઃ

કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનન્દનઃ ।
દ્વાપરે રામકૃષ્ણૌ ચ કલૌ શ્રીપાદવલ્લભઃ ॥

અર્થઃ કૃત (સત્ય) યુગમાં જનાર્દન વિષ્ણુ દત્તાત્રેયરૂપે, ત્રેતાયુગમાં રઘુનંદન રામચંદ્રરૂપે, દ્વાપરયુગમાં બલરામ અને શ્રીકૃષ્ણરૂપે અને કલિયુગમાં શ્રીપાદ શ્રીવલ્લભરૂપે પ્રગટ થયા છે. પૂ.બાપજી (શ્રી રંગ અવધૂત)એ પણઃ

"રામકૃષ્ણ રૂપે તેં એમ, કીધી લીલાઓ કંઈ તેમ,
તાર્યા પથ્થર ગણિકા વ્યાધ પશુપંખી પણ તુજને સાધ."

દત્તબાવનીની એ પંક્તિમાં દત્ત ભગવાને જ (ત્રેતામાં) રામરૂપે અને (દ્વાપરમાં) શ્રીકૃષ્ણરૂપે લીલાઓ કરી હતી. રામાવતારમાં સેતુબંધ પ્રસંગે પથ્થરો તરાવ્યા અને શ્રીકૃષ્ણાવતારમાં ગણિકા, વ્યાધ (સદના કસાઈ) વગેરેને તાર્યાનો અને વંશી નાદથી પશુપંખીને વશ કર્યાનો ઉલ્લેખ કરી દત્ત સંપ્રદાયાનુસારી અવતારવાદનો ક્રમ સૂચવ્યો છે.

આપણે જે યુગમાં જીવીએ છીએ તે કલિયુગમાં ભગવાન દત્તાત્રેય શ્રીપાદ શ્રીવલ્લભરૂપે પ્રગટ થયા અને તે જ નૃસિંહ સરસ્વતીરૂપે પુનઃ પ્રગટ્યા.

શ્રીપાદ શ્રીવલ્લભ અને નૃસિંહ સરસ્વતીની લીલાઓનું વર્ણન ગુરુચરિત્ર નામના મરાઠી ભાષામાં લખાયેલા દિવ્ય, ચમત્કારિક અને સાક્ષાત્ દત્તસ્વરૂપ મનાતા ગ્રંથમાં ભક્તિપૂર્ણ રીતે થયેલું છે.

શ્રી નૃસિંહ સરસ્વતી યજ્ઞોપવીત ધારણ કરી તરત જ કાશીમાં આવી મણિકર્ણિકા ઘાટ પર રહી યોગાભ્યાસ કરતા હતા. શંકરાચાર્ય મહારાજની પરંપરામાં સંન્યાસ પામેલા કૃષ્ણ સરસ્વતી

નામના વૃદ્ધ અને તપસ્વીશ્રેષ્ઠ સંન્યાસીએ આઠ વર્ષના આ હીરાને પારખ્યો. અને બાળક નરહરિને સંન્યાસ ગ્રહણ કરવા સૂચવ્યું. બાળકે સંન્યાસ સ્વીકાર્યો.

ગુરુએ નામ પાડ્યું નૃસિંહ સરસ્વતી. પછી આ બાળસંન્યાસીએ ભ્રમણ શરૂ કર્યું. એમના અનેક શિષ્યો પૈકી સાત શિષ્યો મુખ્ય છે. તેમાંના એક શિષ્યનું નામ હતું સિદ્ધ સરસ્વતી. આગળ જતાં સાયંદેવ નામનો એક યવન રાજાનો નોકર પણ તેમના અંતરંગ શિષ્યોમાં સ્થાન પામ્યો. આ સાયંદેવનો પુત્ર નાગનાથ, તેનો પુત્ર દેવરાવ, તેનો પુત્ર ગંગાધર અને તેનો પુત્ર સરસ્વતી પંત હતો. નૃસિંહ સરસ્વતીના અંતર્ધાન થયા પછી, તેમની સાથે આરંભથી અંત સુધી રહેનાર અને તેમની લીલાઓના સાક્ષી સિદ્ધ સરસ્વતીએ સાયંદેવની પાંચમી પેઢીએ થયેલ *સરસ્વતી પંતને નૃસિંહ સરસ્વતીની તમામ લીલાઓ સંભળાવી. તે ઉપરથી સરસ્વતી પંતે પોતે કાનડી હોવાથી અને કાનડી કરતાં મરાઠીનું ક્ષેત્ર વિશાળ હોવાથી મરાઠી ભાષામાં ગુરુચરિત્ર નામનો ગ્રંથ ઈ.સ. ૧૫૫૦ની આસપાસ લખ્યો. બાવન અધ્યાયના આ ગ્રંથમાં મુખ્યત્વે નૃસિંહ સરસ્વતીની લીલાઓનું જ વર્ણન છે. તેઓ દત્તનો અવતાર હોવાથી આરંભમાં ૧ થી ૪ અધ્યાયમાં શ્રીદત્તજન્મ આલેખી, અધ્યાય- ૫ થી ૧૦માં શ્રીપાદ શ્રીવલ્લભની લીલાઓ વર્ણવી છે. કુરવપુરમાં કૃષ્ણાના જળમાં અદશ્ય થઈને શ્રીપાદ ફરીથી નૃસિંહ સરસ્વતીરૂપે પ્રગટ થયા. શ્રી નૃસિંહ સરસ્વતી શ્રીપાદનું જ પુનરવતરણ છે એ સિદ્ધ કરવા શ્રીપાદ અવતારમાં જે ધોબીને રાજ્યપ્રાપ્તિનું વરદાન આપેલું તે જ બીજા જન્મે યવનરાજ તરીકે જન્મી સ્ફોટક મટાડવા નૃસિંહ સરસ્વતી પાસે આવ્યો ત્યારે તેમણે 'કેમ રે ધોબી' કહેતાં જ તેને પૂર્વજન્મનું સ્મરણ થાય છે, એ કથા ગૂંથવામાં આવી છે. દક્ષિણ ભારતના ઈતિહાસમાં પણ મુસલમાન રાજાને એક હિંદુ સંન્યાસીએ સ્ફોટક મટાડ્યાનો ઉલ્લેખ છે.

આ યવનરાજ કોણ તે જાણવા માટે થોડો દક્ષિણ ભારતનો ઈતિહાસ જોઈએ. દક્ષિણ ભારતમાં બહામ વંશના હસનગંગ નામના રાજાથી ઈ.સ. ૧૩૪૫થી મુસ્લિમ રાજ્યની સ્થાપના થઈ. ઈ.સ. ૧૩૪૭માં તેમણે ગુલબર્ગામાં રાજધાની સ્થાપી. એ વંશમાં અલ્લાઉદ્દીન બહમનશાહ નામનો રાજા થયો. તે ઈ.સ. ૧૩૫૮માં મૃત્યુ પામ્યો. ત્યાર પછી અહમદશાહ વલી નામના રાજાએ ઈ.સ. ૧૪૨૫માં પોતાની રાજધાની ગુલબર્ગાથી ખસેડી બેહરમાં સ્થાપી. આ રાજા ખૂબ ધાર્મિક હતો. એના પછી એનો પુત્ર અલ્લાઉદ્દીન અહમદ ગાદીએ આવ્યો. તેણે ઈ.સ. ૧૪૩૬ થી ૧૪૫૮ સુધી રાજ્ય કર્યું. આ અલ્લાઉદ્દીન અહમદ તે જ આપણા ગુરુચરિત્રનો યવનરાજ (પૂર્વજન્મનો ધોબી). આ રાજા ખૂબ ન્યાયી હતો. હિંદુ-મુસલમાન વચ્ચે જરાય ભેદભાવ રાખતો ન હતો.

* સ્વામીમહારાજ એને જ નામધારક કહે છે. જુઓ દ્વિસાહસ્રીઃ ૧-૨૪ પરની ટીકા.

તેણે લોકો માટે હૉસ્પિટલ બંધાવેલી અને તેમાં વૈદ્યો અને હકીમોને નિયુક્ત કરેલા. તેનું મૃત્યુ ૧૩-૪-૧૪૫૮ના રોજ થયેલું. તેનો અસાધ્ય રોગ નૃસિંહ સરસ્વતીએ મટાડેલો. (ગુરુચરિત્ર અ. ૫૦, શ્રીગુ. અ. ૧૦૪)

શ્રી નૃસિંહ સરસ્વતીના જીવનની તવારીખ સાથે આનો બરાબર મેળ ખાય છે.

## શ્રીપાદ શ્રીવલ્લભના જીવનની તવારીખ

શ્રીગુરુચરિત્ર (અ. ૫)માં શ્રીપાદ શ્રીવલ્લભના જન્મની તિથિનો ઉલ્લેખ નથી. પૂ.બાપજી શ્રીગુરુલીલામૃત (અ. ૫૬)માં ભાદ્રપદ શુક્લ ચતુર્થી (ગણેશ ચતુર્થી)એ શ્રીપાદ શ્રીવલ્લભના જન્મ થયાનું નોંધે છે. આઠમે વર્ષે જનોઈ દીધાનો ઉલ્લેખ બંને ગ્રંથોમાં મળે છે. શ્રીગુરુચરિત્ર પ્રમાણે ૧૬ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી કાશીમાં ગુપ્ત રહ્યા. ત્યાંથી બદરીકાશ્રમમાં નારાયણનાં દર્શન કરી ગોકર્ણમાં આવ્યા. ત્યાં ત્રણ વર્ષ ગુપ્ત રહ્યા. (ગુ.ચ. અ. ૮ દો. ૪; શ્રીગુ.લી. અ. ૬૩ દો. ૪) ત્યાંથી શ્રીશૈલ પર આવી ચતુર્માસ રહી (ગુ.ચ. અ. ૮ દો. ૭; શ્રીગુ.લી. અ. ૬૩ દો. ૭) કુરવપુરમાં પધાર્યા. ત્યાં લીલાઓ કરી આસો વદ બારસ મૃગશીર્ષ નક્ષત્રમાં કૃષ્ણા નદીના જળમાં અદશ્ય થઈ ગયા. (ગુ.ચ. અ. ૯ દો. ૪૮; શ્રીગુ.લી. અ. ૬૪ દો. ૫૨-૫૩) તે ગુરુદ્વાદશીના દિવસે હસ્ત નક્ષત્ર હતું એમ લખે છે.

## શ્રી નૃસિંહ સરસ્વતીના જીવનની તવારીખ

ગુરુચરિત્ર (અ. ૧૧ દો. ૧૩)માં શ્રી નૃસિંહ સરસ્વતીના જન્મની વિગત આપી નથી. પૂ.બાપજી શ્રીગુ.લી. (અ. ૬૬ દો. ૧૮)માં પોષ સુદ બીજ અને શનિવારે જન્મ થયાનું લખે છે. આઠમે વર્ષે જનોઈ પછી ગૃહત્યાગની રજા માગતાં માતાના આગ્રહથી એક પુત્ર થતાં સુધી ગૃહમાં રહે છે. એક વર્ષ પછી માતાને જોડિયા પુત્ર જન્મે છે. ત્રણ માસ પસાર થયે (અ. ૧૨ દો. ૪૦; શ્રીગુ.લી. અ. ૬૭ દો. ૪૪) માતાની રજા લઈ ગૃહ છોડી કાશીમાં સંન્યાસ ગ્રહણ કરી ઉત્તરાપથની યાત્રા કરી ૩૦ વર્ષે પુનઃ પોતાના વતન કારંજમાં પધાર્યા. (ગુ.ચ. અ. ૧૩ દો. ૨૨; શ્રીગુ.લી. અ. ૬૮ દો. ૨૩) ત્યાંથી નાસિક, ત્ર્યંબક અને ગોદાવરી યાત્રા કરી વૈદ્યનાથ એક વર્ષ રહી (ગુ.ચ. અ. ૧૬ દો. ૧૧; શ્રીગુ.લી. અ. ૭૦ દો. ૧૩) ભીલવડી ઔદુંબરે ચતુર્માસ કરી (ગુ.ચ. અ. ૧૭ દો. ૫; શ્રીગુ.લી. અ. ૭૧ દો. ૬) વાડીમાં પધાર્યા. ત્યાં ૧૨ વર્ષ લીલાઓ કરી (ગુ.ચ. અ. ૧૮ દો. ૧૧; શ્રીગુ.લી. અ. ૭૨ દો. ૧૧) ગાણગાપુરમાં પધાર્યા. (ગુ.ચ. અ. ૧૯ દો. ૯૪; શ્રીગુ.લી. અ. ૭૩ દો. ૧૧૬-૧૧૭) ત્યાં તેર વર્ષ લીલા કરી શ્રીશૈલે પધાર્યા અને બહુધાન્ય સંવત્સરે ઉત્તરાયણે શિશિર ઋતુમાં માઘ વદ પડવો ને શુક્રવારે ગુરુ કન્યામાં અને સૂર્ય કુંભ રાશિમાં હતો ત્યારે (ગુ.ચ. અ. ૫૧ દો. ૩૬-૩૭; શ્રીગુ.લી. અ. ૧૦૫ દો. ૪૩-૪૪) પુષ્પાસન પર બેસી પાતાળ ગંગામાં થઈ કદલી વનમાં અદશ્ય થયા. તે દિવસે પુષ્ય નક્ષત્ર હતું એમ શ્રીગુ.લી. ઉમેરે છે.

**દઢ ભક્તિ જેની, લભે ક્ષણમાં સિદ્ધિ તેહ,**
**સાવધાન ગુરુને ભજે, માટે ત્યજી સંદેહ. (અ. ૯૪, દો. ૪૭)**

પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજે અત્યંત પરિશ્રમ કરી ઉપર જણાવેલા મુખ્ય પ્રસંગોની શક વગેરે શોધીને નોંધી છે. નરસોબાની વાડીની સામેની બાજુએ અમરાપુર (ઔરવાડ) ગામમાં અમરેશ્વર દત્ત મંદિરમાં પોતાના મુકામ દરમ્યાન તેઓએ ત્યાંની ગુરુચરિત્રની પોથીમાં આ બધી વિગતો નોંધી છે. મારા મિત્ર શ્રી માધવ વિનાયક કાશીકરે તે પોથીમાંથી ઉતારી લીધેલી વિગતો અત્રે રજૂ કરું છું.

સાથે સાથે પૂ. સ્વામીમહારાજના જીવનની તવારીખ પણ રજૂ કરી છે.

## શ્રીપાદ શ્રીવલ્લભની તવારીખ

| અ.નં. | પ્રસંગ | ક્યારે | શક | સંવત | માસ વગેરે | તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જન્મ | - | ૧૨૪૨ | ૧૩૭૬ | ભાદરવા સુદ ૪ (ગણેશ ચતુર્થી) શુક્રવાર હસ્ત નક્ષત્ર | ૮-૮-૧૩૨૦ |
| ૨ | જનોઈ | ૮મે વર્ષે | ૧૨૫૦ | ૧૩૮૪ | - | ૧૩૨૮ |
| ૩ | ગૃહત્યાગ | ૧૬મે વર્ષે | ૧૨૫૮ | ૧૩૯૨ | - | ૧૩૩૬ |
| ૪ | અદશ્ય | ૩૦મે વર્ષે | ૧૨૭૨ | ૧૪૦૬ | આસો વદ ૧૨ બુધવાર ઉત્તર ફાલ્ગુની (ગુરુદ્વાદશી) | ૨૯-૯-૧૩૫૦ |

નોંધઃ ગુરુચરિત્ર આસો વદ ૧૨ના દિવસે મૃગરાજ (મૃગશીર્ષ) નક્ષત્ર જણાવે છે. શ્રીગુ.લી.માં હસ્ત નક્ષત્ર લખ્યું છે. એફીમરીમાં તે દિવસે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર લખ્યું છે. જે હસ્તની પહેલાં છે. તેથી ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર પૂરું થયા પછી હસ્ત નક્ષત્રમાં અદશ્ય થયા એમ સમજવું ઉચિત છે.

---

**આપ સર્વના હૃદયમાં મારા ઉપર પ્રેમ હોય તો મને આશીર્વાદ આપો કે હું મારા ગુરુમહારાજનો સાચો બાળક બનું.**

---

## શ્રી નૃસિંહ સરસ્વતીની તવારીખ

| અ.નં. | પ્રસંગ | ક્યારે | શક | સંવત | માસ વગેરે | તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જન્મ | - | ૧૩૧૪ | ૧૪૪૮ | પોષ સુદ બીજ શુક્રવાર શતભિષા નક્ષત્ર | ૨૬-૧-૧૩૯૨ |
| ૨ | જનોઈ | આઠમે વર્ષે (ગર્ભથી) = જન્મથી સાતમે | ૧૩૨૧ | ૧૪૫૫ | ચૈત્ર વદ ૭ શનિવાર | ૨૩-૯-૧૩૯૯ |
| ૩ | ગૃહત્યાગ કાશીમાં આગમન | જનોઈ પછી એક વર્ષે | ૧૩૨૨ | ૧૪૫૬ | વૈશાખ સુદ ૫ ગુરુવાર પુનર્વસુ | ૨૯-૪-૧૪૦૦ |
| ૪ | સંન્યાસ | તે જ વર્ષે | ૧૩૨૨ | ૧૪૫૬ | અષાઢ સુદ ૧૫ (ગુરુપૂર્ણિમા) | |
| ૫ | ઉત્તરમાં યાત્રા | તે જ વર્ષે | ૧૩૨૨ | ૧૪૫૬ | આસો સુદ ૧૦ | |
| ૬ | વતન કારંજમાં પુનરાગમન | ૩૦ વર્ષે (ગૃહત્યાગ પછી) | ૧૩૫૨ | ૧૪૮૬ | મહા સુદ પાંચમ સોમવાર | ૨૭-૨-૧૪૩૦ |

નોંધઃ શ્રીગુરુલીલામૃતમાં શનિવારે જન્મ લખ્યો છે. પંચાંગભેદને કારણે એમ હોય તો જન્મતારીખ ૨૭-૧-૧૩૯૨ થશે. એફીમરી પ્રમાણે પોષ સુદ બીજે શુક્રવાર છે.

થતાં તુષ્ટ ગુરુ દે સ્વયં, ચતુર્વિધ પુરુષાર્થ
ક્યાંથી યમભીતિ પછી? ગુરુભક્તિ જ યથાર્થ. (અ. ૯૫, દો. ૪૮)

## શ્રી સ્વામીમહારાજના જીવનની તવારીખ

| પ્રસંગ | શક | સંવત | માસ | તારીખ |
|---|---|---|---|---|
| જન્મ | ૧૭૭૬ | આનંદ ૧૯૧૦ | શ્રાવણ વદ ૫, રવિવાર રવિવાર અશ્વિની નક્ષત્ર સૂર્યોદયથી ૨૬ ઘડી, બપોરે ૪:૨૪ | ૧૩-૮-૧૮૫૪ |
| નામકરણ | ૧૨મે દિવસે | | | |
| પાંચમે વર્ષે ઉપગ્રંથ અભ્યાસ | ૧૭૮૧ | | | સને ૧૮૫૯ |
| આઠમે વર્ષે જનોઈ | ૧૭૮૪ | | | ૧૮૬૨ |
| બારમે વર્ષે દશગ્રંથી | ૧૭૮૮ | | | ૧૮૬૬ |
| ૧૫મે વર્ષે શાસ્ત્રીબુવા | ૧૭૯૧ | | | ૧૮૬૯ |
| ૨૧મે વર્ષે લગ્ન | ૧૭૯૭ | | | ૧૮૭૫ |
| ૨૪મે વર્ષે વાડીમાં દત્તદર્શન | ૧૮૦૦ | | | ૧૮૭૮ |

બાપજીને તો કર્કશ સ્વરમાં પણ સંવાદિતાના સૂર સંભળાય, અગવડમાં પણ સગવડ દેખાય.

> દુષ્કર ગુરુભક્તિ નકી, દઢ વૃત્તિથી જેહ,
> સ્વીકારે, ના તેહને કાલ, ભીતિ સંદેહ. (અ. ૯૫, દો. ૮૩)

| પ્રસંગ | શક | સંવત | માસ | તારીખ |
|---|---|---|---|---|
| ૨૯મે વર્ષે દત્તમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા | ૧૮૦૫ | | વૈશાખ સુદ પાંચમ | ૧૧-૫-૧૮૮૩ |
| ૩૫ વર્ષે યાત્રા | ૧૮૧૧ | | પોષ | ૧૮૮૯ |
| ૩૭ વર્ષે પત્નીનું મૃત્યુ | ૧૮૧૩ | | વૈશાખ સુદ ૧૪, નૃસિંહ જયંતી શુક્રવાર | ૨૨-૫-૧૮૯૧ |
| સંન્યાસગ્રહણ | | | વૈશાખ વદ ૧૨ | ૩-૬-૧૮૯૧ |
| દંડગ્રહણ | | | જેઠ વદ ૨ | ૨૪-૬-૧૮૯૨ |
| તિલકવાડામાં | ૧૮૨૦ | | વૈશાખ સુદ ૧૦ | ૧-૫-૧૮૯૮ |
| માતાનું નિધન | ૧૮૨૪ | | વૈશાખ સુદ ૩, શનિવાર | ૧૦-૫-૧૯૦૨ |
| દત્તમૂર્તિ સિંહાસન પર | | | આસો સુદ ૯, શનિવાર | ૧૧-૧૦-૧૯૦૨ |
| સમાધિ | ૧૮૩૬ | | અષાઢ સુદ ૧, મંગળવાર આર્દ્રા નક્ષત્ર રાત્રે ૧૧:૦૦ | ૨૪-૬-૧૯૧૪ |

✿

# (૨૬)

# પૂ. પ્રેમ અવધૂત : શ્રી દત્તમંદિર, ગાંધીનગરનું પ્રેરકબળ

- શ્રી નવનીતભાઈ પાઠક
ગાંધીનગર.

જેના શોક અને મોહ દૂર થયા છે અને જેણે ભગવાનનું અદ્‌ભુત વિશ્વરૂપ દર્શન કર્યું છે તેવા મહારથી અર્જુને ભગવાનને પૂછ્યું કે,

"એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે ।
યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષા કે યોગ વિત્તમઃ ॥"

આ પ્રશ્નનો ભગવાને તરત જ ઉત્તર આપ્યોઃ

"મય્યાવેશ્યમનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।
શ્રદ્ધયા પરમોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥"

અને આ જ સગુણ ઉપાસનાનું કે મૂર્તિપૂજાનું નિર્દેશન છે, ભગવાનમાં ચિત્ત એકાગ્ર કરવાનું અનિવાર્ય છે. ભગવાનમાં ચિત્તની એકાગ્રતા એટલે જ ભક્તિ. પરંતુ નિર્ગુણ કે નિરાકારમાં મન કેવી રીતે સ્થિર કરવું કે એકાગ્ર કરવું? જે વસ્તુની કલ્પના ન હોય તેવી કલ્પનાતીત વસ્તુનું ધ્યાન કેવી રીતે કરી શકાય? ભગવાનમાં ચિત્ત એકાગ્ર કરવા માટે કેમ કરવું? જો નિર્ગુણ કે નિરાકારનું ધ્યાન ન થઈ શકે તો તે ભગવાનનું સાકાર સ્વરૂપ અથવા સગુણ સ્વરૂપ કલ્પવું અને તે દ્વારા તે કલ્પેલા રૂપમાં ચિત્ત સ્થિર કરવું. આવું કલ્પેલું સ્વરૂપ એટલે જ ભગવાનની સાકાર મૂર્તિ. માનવોત્તર ગુણો આ મૂર્તિમાં કલ્પવાના હોય છે. જે જાતની કલ્પનાની ભગવાનની મૂર્તિ આપણે બનાવીએ તે જાતનું આપણને માર્ગદર્શન મળે.

ગીતામાં કહ્યું છે તે પ્રમાણેઃ

'યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્'

આમ ભગવાનની ઉપાસના સાકાર સ્વરૂપે મૂર્તિરૂપે શરૂ કરી તેનો વ્યાપ ધીમે ધીમે વધારતા જવાનો અને મૂર્તિ છેવટે સમષ્ટિમાં ફેરવાઈ જાય તેમ કરવાનું રહે. મૂર્તિપૂજામાં ફક્ત મૂર્તિનું લાલનપાલન એ જ મુખ્ય ગણવામાં આવે તો મૂર્તિપૂજા હાનિકારક બને, પરંતુ જો એ જ મૂર્તિનો વ્યાપ વધારતા જઈએ તો એ જ મૂર્તિપૂજા અસરકારક બને. જગતને હિંદુધર્મની કોઈ ભેટ હોય તો તે મૂર્તિપૂજાની છે. જેમ જેમ ભક્તિ આગળ વધતી જાય તેમ તેમ મૂર્તિનો વ્યાપ પણ

વધતો જાય અને છેલ્લે મૂર્તિનો નાશ થઈ 'સર્વમ્ ખલુ ઈદમ્ બ્રહ્મ' કે 'અહમ્ બ્રહ્માસ્મિ'ની સ્થિતિ પ્રાપ્ત થાય. આમ હિંદુધર્મમાં ફક્ત મૂર્તિપૂજા જ નથી. પરંતુ તે મૂર્તિભંજક થવાનું પણ કહે છે. એટલે કે મૂર્તિ તોડી પાડવી તેવું નહિ, પણ મૂર્તિપૂજા જ અંતિમ છે તેવું નહિ. આમ મૂર્તિપૂજા દ્વારા જ છેલ્લે નિર્ગુણ નિરાકારમાં પ્રવેશ કરવો રહ્યો. આ માટે યોગમાં પણ આ સ્થિતિ બતાવેલી છે. છેલ્લે દ્વૈતમાં ભગવાન અને ભક્ત બે જ રહે. જ્યારે અદ્વૈતની સ્થિતિએ પહોંચતાં ભક્ત અને ભગવાન એકરૂપ બની જાય. બંનેનું અલગ અલગ અસ્તિત્વ દૂર થઈ બંને એક જ સ્વરૂપ થઈ જાય. આ સ્થિતિને નિર્વિકલ્પ સમાધિની સ્થિતિ કહેવામાં આવે છે. પરંતુ ભક્તો તો દ્વૈત સ્થિતિ-સવિકલ્પ સમાધિની સ્થિતિને વધુ આનંદકારી ગણતા હોય છે. આમ નિરાકાર તત્ત્વમાં મળી જવા માટે સાકાર સ્વરૂપની મૂર્તિપૂજા આવશ્યક છે જ. મૂર્તિની કલ્પના કરીએ એટલે મંદિર પણ હોવું જરૂરી છે. ઘરમાં મૂર્તિ રાખીને એકાગ્રતા કેળવવાનો પ્રયત્ન કરીએ તો ચાલે. પરંતુ દરેક વસ્તુ માટે વાતાવરણ જરૂરી છે. વાતાવરણ ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. વાતાવરણ ઉદ્દીપક જેવું કામ કરે છે. આમ મંદિર એક એવું વાતાવરણ ઊભું કરે છે કે જ્યાં ભગવાનની મૂર્તિ સામે ચિત્તની એકાગ્રતા જલદીથી થઈ શકે. આ માટે જ મંદિરની આવશ્યકતાઓ છે. સત્યયુગમાં જ્યારે કોઈ પણ પ્રકારનું શાસન ન હતું એટલે કે,

"ન રાજ્ય ન ચ રાજાસિન્ન દંડ્યો ન ચ દંડિકા ।
સ્વધર્મેણ પ્રજાસ્તાવત્ રક્ષન્તિ સ્મ પરસ્પરમ્ ॥"

દરેક પોતે પોતાની મેળે ન્યાયપૂર્ણ રીતે વર્તન કરતા ત્યારે આ જાતનાં મંદિરોની કે મૂર્તિઓની આવશ્યકતા ન હતી. તે જમાનાના માનવો ભગવાનમાં પોતાનું ચિત્ત જ્યારે ઈચ્છે ત્યારે જોડી શકતા. સમયના પ્રવાહ સાથે જો દ્વાપર યુગની વાત લઈએ તો તે યુગમાં આપણને જણાશે કે ભગવાનનાં મંદિરો અસ્તિત્વમાં આવેલાં છે. ભગવાનના અવતાર માટે કારણભૂત બનેલ રાજા અંબરીષનું ચરિત્ર જો ભાગવતમાંથી જોવામાં આવે તો તે પોતાના મહેલમાં બનાવેલ ભગવાનના મંદિરમાં સેવાઓ કરતા તેનું સુંદર વર્ણન જોવા મળશે. ત્યારથી મંદિરની પ્રથા અસ્તિત્વમાં આવેલી જણાય છે. આમ ભગવાનની નિર્ગુણ નિરાકાર ઉપાસના માટે સગુણ સાકાર ભગવાનની મૂર્તિ અને તે મૂર્તિ માટે મંદિર આવશ્યક છે.

આવું જ મંદિર ગાંધીનગરમાં વસતા અવધૂત ભક્તોએ રંગ પરિવારના નેજા હેઠળ એકત્ર થઈ બનાવવાનું નક્કી કર્યું. મંદિર બનાવવા માટેની જમીન મેળવતા તકલીફ ઘણી પડી. પરંતુ ઈશ્વર નિર્મિત જગ્યાએ જમીન મળી અને તેનો હુકમ પણ પૂજ્ય ભાઈ (પ્રેમ અવધૂતજી)ના જન્મદિવસે એટલે કે ભાદરવા સુદ એકમ, સંવત ૨૦૩૯ (સન ૧૯૮૩)ના દિવસે ગાંધીનગરમાં

મળ્યો. આ દિવસે પૂજ્ય ભાઈની ૫૩મી જયંતી ગાંધીનગરમાં ઊજવવામાં આવી રહી હતી. આમ તેમની જન્મજયંતી બહાર ઊજવવાનું પ્રથમ વાર જ શરૂ થયું અને મંદિરનું પણ શરૂ થયું તે અદ્‌ભુત યોગાનુયોગ છે. તેમની શુભેચ્છાઓ સાથે આ કાર્યવાહી હાથ ધરવાનું તે દિવસે જ શરૂ કરવામાં આવ્યું. મંદિરની જમીન મળ્યા પછી ત્રિમૂર્તિ મંદિર બનાવવાનું અને સૌ પ્રથમ મંદિરની જમીન માટેના મળેલ પ્લોટમાં ઔદુંબરજીની સ્થાપના કરવી તેવું નક્કી થતાં આ કામ માટે પૂજ્ય ભાઈની જ પહેલી યાદ આવી અને તેઓશ્રીને વિનંતી કરતાં તેમણે તુરત એનો સ્વીકાર કર્યો અને પ્લોટમાં સ્થાપન કરવા માટે ઔદુંબરનો છોડ પણ લીંચથી જ આપ્યો.

પૂજ્ય બાપજીની પુણ્યતિથિ કારતકી અમાવાસ્યાના દિને પૂજ્ય ભાઈના વરદ હસ્તે જ ત્રિમૂર્તિ મંદિર (દત્ત મંદિર)નો શુભારંભ ઔદુંબરજીના સ્થાપનથી કરવામાં આવ્યો. પૂજ્ય બાપજીની પાદુકાનું પૂજન જુદાં જુદાં અનુષ્ઠાનો વગેરે સંપાદન થયા અને ત્યાંથી પછી પરિવારે પાછું વળીને જોવાનું રાખ્યું જ નહિ. પ્લોટની સાફસૂફી અને તે પણ કરસેવા દ્વારા જ ચાલુ થઈ. નકશાઓ બન્યા, મંજૂરી મેળવાઈ અને ભૂમિપૂજનનો શુભ દિન આવ્યો. ભાગવતમાર્તંડ આદરણીય અને પૂજ્યશ્રીના કૃપાપાત્ર શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીના હસ્તે પૂજ્ય ભાઈની હાજરીમાં નારેશ્વરના સર્વધર્મ આચાર્ય શ્રી સર્વદમનભાઈએ ભૂમિપૂજન કરાવ્યું. પ્રસંગોચિત સંબોધનમાં પૂજ્ય શાસ્ત્રીજીએ કહ્યું કે, જે કાર્યમાં પૂજ્ય ભાઈ જેવા સંતપુરુષનો સાથ હોય તે કાર્યને પૂજ્ય બાપજીના શુભાશીર્વાદ મળે જ અને કાર્ય પૂર્ણ થવામાં શંકા હોઈ જ ન શકે. પૂજ્ય બાપજી તો કૃપા વરસાવ્યા જ કરે છે તે ઝીલવા માટે ફક્ત આપણું પાત્ર જ આપણે સંભાળવાનું છે.

નિર્માણ કાર્ય આગળ વધતું ગયું. પરિવારના ભાઈ-બહેનો તન-મન-ધનથી મચી પડ્યા. દત્તબાવની અને દિગંબરાની ધૂન સાથે કામ ચાલતું રહ્યું અને આ ધર્મકાર્યને પૂજ્ય ભાઈ અવારનવાર પધારીને પ્રોત્સાહિત કરતા ગયા.

મંદિર તો સાધ્ય હતું. પરંતુ સાધન? નિર્માણ કાર્યમાં ધનની પણ આવશ્યકતા ખરી જ અને આપણો તો અવધૂતી કાર્યક્રમ. લખણી કે ટીપ ન કરાય. પ્રભુપ્રેરણાથી જ થવું જોઈએ અને આ વિચારધારાને પ્રોત્સાહક બનતા પૂજ્ય ભાઈએ જ શુભ શરૂઆત કરી અને અમને પણ ચેતવણી આપી કે સાધ્ય સારું હોય જ તેની ના નથી. પણ સાધન પણ શુદ્ધ હોવું જોઈએ. ગમે તેવા ધનથી આ મંદિરનું નિર્માણકાર્ય ન થાય, સિનેમાનો શો રાખીને કે સંગીતની મહેફિલ રાખીને નાણા ઊભા ન કરાય. આ બધી વાતો કેટલી કરવી? પૂજ્ય શાસ્ત્રીજી અને પૂજ્ય ભાઈનું યોગદાન એ મંદિરનો પાયો છે. આપણા જ પરિવારના એક અગ્રણીએ મંદિર માટે ફાળાની યોજના પૂજ્ય ભાઈ પાસે રજૂ કરી જેનો તેઓશ્રીએ ક્ષણભરમાં જ અસ્વીકાર કર્યો અને તેમને ખૂબ જ શાંતિથી

સાધનશુદ્ધિ માટે સમજાવ્યા. મંદિરની મૂર્તિઓ તૈયાર થઈ. નિર્માણ કાર્ય પૂરું થયું અને પછી પ્રાણપ્રતિષ્ઠાનો શુભ દિન આવ્યો. આ કાર્યક્રમની વિગતો પણ પૂજ્ય ભાઈની સાથે જ વિચારી. તેમણે તેમની સૂક્ષ્મ દષ્ટિથી ઘણી સૂચનાઓ આપી અને ફલસ્વરૂપે કાર્યક્રમ ઘણો સુંદર થયો. પૂનાથી પૂજ્યશ્રી કવીશ્વર મહારાજ, પૂજ્ય કૃષ્ણશંકર શાસ્ત્રીજી, ગિરનારના કમંડલુ કુંડના મહંત શ્રી અમૃતગીરજી, ઉનાના શ્રી બહુતગીરજી (જેઓશ્રીએ આ મંદિર આ જ જગ્યાએ થશે તેવી ભવિષ્યવાણી પાંચ વર્ષ પૂર્વે કરેલી), પૂજ્ય ભાઈ, પૂજ્ય ભાલભાઈ, નારેશ્વર-ગરુડેશ્વરના ટ્રસ્ટીશ્રીઓ અને અસંખ્ય અવધૂત ભક્તો ઉપસ્થિત રહ્યા. નિર્માણ કાર્ય પૂરું થયું. પ્રાણપ્રતિષ્ઠા થઈ ગઈ. પૂજન-અર્ચન-ભજન-કીર્તન નિયમિત શરૂ થયા અને હવે જ ખરી અગત્યની વાત આવી, પ્રણાલી સ્થાપિત કરવાની. મંદિરની કાર્યવાહી નિયમબદ્ધ કરવાની, પૂજ્ય બાપજીના આદર્શોને અનુરૂપ વર્તવાનું. આ સઘળું પૂજ્ય ભાઈના માર્ગદર્શન હેઠળ ગોઠવાતું ચાલ્યું. હજુ તે ગોઠવાયે જ જાય છે. ઉત્સવો-પ્રસંગો થતા જાય છે અને માર્ગદર્શન મેળવ્યા કરીએ છીએ. ગાંધીનગર પરિવારનો પ્રયાસ દત્તમંદિર શક્ય તેટલું વધારે સારી રીતે ચાલે, પૂજ્ય બાપજીના સિદ્ધાંતોનું યથાયોગ્ય પાલન કરીએ અને દર્શનાર્થીઓ ઉપર ત્રિમૂર્તિના શુભાશિષ ઊતરે, એ જ રહ્યો છે. અને આ દુષ્કર કાર્યમાં પૂજ્ય ભાઈનું માર્ગદર્શન હંમેશાં મળતું રહ્યું છે.

પૂજ્ય ભાઈ ૬૦મા વર્ષમાં પ્રવેશે છે તે મંગલ પ્રસંગે ભગવાન દત્તાત્રેયને, પ.પૂ. સ્વામીમહારાજને, પૂ. ગુરુમહારાજને પ્રાર્થના કે પૂ.ભાઈને નિરામય ચિરાયુ બક્ષો અને અમોને પૂ.ભાઈનું પ્રેરણાબળ મળતું રહો. ગાંધીનગર રંગ પરિવાર સહિત મારો આ ભાવ અર્ઘ્ય સ્વીકારો.

# (૨૭)

# મહેસાણામાં શ્રી દત્ત ઉપાસના અને શ્રી દત્તમંદિર

- શ્રી વાસુદેવ રામચંદ્ર કર્વે
(જીવનતટની સ્મૃતિમાંથી)

આજથી પાંસઠ વર્ષ પહેલાં મહેસાણામાં તળાવને કાંઠે આશરે ૩૦-૪૦ મહારાષ્ટ્રીયન કુટુંબો રહેતા. તેઓ સામાન્ય રીતે વડોદરા રાજ્યની કચેરીઓમાં અથવા પોલીસ ખાતામાં નોકરી કરતા. મહારાષ્ટ્રીયનો ભજન-કીર્તન, ગાયન, વાદન વગેરેના શોખીન હોય છે. મહેસાણામાં વસતા બધાં મહારાષ્ટ્રીયન કુટુંબો મધ્યમ સ્થિતિના હતા. ઘણાં મહારાષ્ટ્રીયનો દત્ત ઉપાસક હોય છે. તે પ્રમાણે અહીંના મહારાષ્ટ્રીયનો પણ દત્તઉપાસના કરતા. દરેક કુટુંબમાં દરરોજ કુટુંબના વડા સવારે પૂજા અર્ચા કરીને શ્રીદત્તચરિત્રનાં કેટલાંક પાનાંનો પાઠ કરતા અને માગસર મહિનામાં આઠમથી પૂનમ ગુરુચરિત્રની સપ્તાહ પણ વાંચીને પાઠ પૂરો કરતા. કેટલા શ્રીગુરુલીલામૃતનો પાઠ પણ કરતા.

વીરચંદ કરમચંદની વાડીની સામે આ લોકોએ એક મેડો ભાડે રાખ્યો હતો. આ મેડાને અમે બધા મઢ કહેતા. દર ગુરુવારે રાત્રે ૯ થી ૧૨ ભજન-કીર્તનનો કાર્યક્રમ થતો. આમાં મુખ્યત્વે ગજાનનરાવ ટોપે, શ્રી તાંબે, નાનાલેલે, ગોપાળરાવ તથા બાબુરાવ દેવધર અને પટવર્ધન બંધુઓ હતા. શ્રી શંકરરાવ પટવર્ધન તબલાં વગાડતાં, પેટી તો લગભગ દરેક જણ વગાડી જાણતા, હા, જરૂર પૂરતી ભજનમાં રંગ જામે તેવી આ મઢમાં હોળી ધુળેટીએ આ દિવસોને અનુરૂપ લાવણી અને ગીતોનો કાર્યક્રમ પણ થતો. મારા જેવા ૧૦-૧૨-૧૪ વર્ષના કિશોરો મઢના મેડાની સીડીમાં લપાઈ છુપાઈને લાવણી સાંભળતા. મોટેરોઓ જોઈ જાય ત્યારે અમને તગડી મૂકતા.

૧૯૪૦-૪૫ના અરસામાં અહીંયાં શંકર દત્તાત્રેય અગાશે, વહીવટદાર હતા. ૧૯૪૦ થી ૧૯૪૩નો સમય બીજા વિશ્વયુદ્ધનો હતો. ૧૯૨૮માં સ્વર્ગસ્થ નરહરિ રઘુનાથ પટવર્ધન (અપ્પા સાહેબ), ન્યાયમૂર્તિ શ્રી રિસવડકર અને ઍન્જિનિયર શ્રી વેચલેકર શંકર બળવંત દિડમિશે એ ચાર જણાની પ્રેરણાથી અને સક્રિય મદદથી સાર્વજનિક ગણેશ ઉત્સવની શરૂઆત થઈ અને મારા જેવા ઘણાઓને સમાજ કાર્યમાં કૂદી પડવાની તક મળવા માંડી. આ ગણેશોત્સવના દિવસો અગાઉ મઢના મેડા ઉપર સ્વાતંત્ર્યનાં ગીતો, ટીપણી નૃત્ય વગેરે છોકરા છોકરીઓને શીખવવામાં આવતા અને કિશોર કિશોરીઓ સ્વાતંત્ર્ય પ્રાપ્તિનાં ગીતો શીખવતા. દા.ત.:

કધી દેશીતુ સ્વરાજ્ય દેવા સાંગ સાંગ સાંગ,
સ્વદેશી સાખરેચે લાડુ તુલા દેઈન.

---

**આપણે સ્થૂળ બાહ્ય પૂજન-અર્ચન કરીએ છીએ પણ તેનાં હાર્દ, મર્મ ભૂલી ગયા છીએ.**

વળી આમાં શિવાજીના પવાડા વગેરે પણ શીખવવામાં આવતા. આમ બાળકોને સ્વાતંત્ર્યની ભૂખ જાગે તેવી પ્રવૃત્તિઓ થતી. ૧૯૪૩માં બીજા વિશ્વયુદ્ધની સમાપ્તિ થઈ. શ્રી શંકર દત્તાત્રેય અગાશેએ વર્સોડાના ઠાકોરને મળીને ગામને ગોંદરે ગોવિંદ માધવના મંદિરના સામેના ભાગમાં થોડીક જમીન મેળવી. આ જમીન તે દિવસે બહુ દૂર લાગતી પણ આજે તો તે ગામના મધ્ય ભાગમાં આવી ગઈ છે. જમીન મળી ત્યારથી અમે દક્ષિણીઓ દત્તમંદિર બાંધવાનું દિવાસ્વપ્ન સેવવા માંડ્યા પણ મંદિર બનાવવાની અમારી ગુંજાયશ નહીં. મહારાષ્ટ્ર સમાજની માસિક ફી ચાર આના ભરવાનું અને વસૂલ લેવાનું અશક્ય હોય ત્યાં મંદિર ક્યાંથી?

એવામાં અમારા સૌના સંપર્કમાં સદા હસમુખા એવા દામોદરદાસ દયાળજી ગણાત્રા આવ્યા. તેઓનો ધંધો કોન્ટ્રાક્ટરનો હતો. એમને સાધુસંતો અને ધર્મમાં શ્રદ્ધા હતી. એ એમ માને કે સંતની એક દૃષ્ટિ આપણને પાર ઉતારી શકે. એમની મદદથી મહારાષ્ટ્ર મંડળે જૂનો કાટમાળ ખસેડી વર્સોડાના ઠાકોર પાસેથી પ્રાપ્ત કરેલી જમીનમાં એક ઓરડી બંધાવી. ત્યાર પછી ધીરે ધીરે જમીનની ફરતે પાકો વરંડો બંધાવ્યો અને ધીરે ધીરે મંદિર પણ નિર્માણ થયું. એ અરસામાં શ્રી મહાજન ઍન્જિનિયર હતા. તેમણે પણ મંદિરના નિર્માણમાં સારી મદદ કરી. શ્રી દત્ત ભગવાનની મૂર્તિ જયપુરથી તૈયાર કરાવીને લાવવામાં આવી.

૧૯૫૨માં માગસર મહિનામાં પ્રાણપ્રતિષ્ઠા થઈ અને હાલના દત્તમંદિરનો ઉદ્‌ગમ થયો.

મંદિર તો થયું પણ સાત્ત્વિક પૂજારી મેળવવાની સમસ્યા ઊભી થઈ. શ્રી તીખે, શ્રી પટવર્ધન, શ્રી રાખે વગેરે પૂજારીઓ આવ્યા અને ગયા. મંદિરની પ્રસિદ્ધિ દિવસે દિવસે વધવા માંડી. સંત શિરોમણિ શ્રી રંગ અવધૂત મહારાજ પણ તેમના પુનિત પગલે મંદિરને પાવન કરી ગયા. ૧૯૭૫ કે ૧૯૭૬માં અહીંયાં ડોંગરે મહારાજની ભાગવત સપ્તાહ થઈ તે અગાઉ ૧૯૫૭માં પણ વૈષ્ણવોની વાડીમાં ડોંગરે મહારાજની સપ્તાહ થયેલી. અને તેમણે રૂ. ૧૫૦૧.૦૦ ગુરુચરણે મૂક્યા એટલે મંદિરના બાહ્ય સજાવટ માટે નાણાં મળ્યા. ૧૯૭૫-૭૬ની સપ્તાહ વખતે હું ડોંગરે મહારાજને મહારાષ્ટ્ર મંડળના અતિ આગ્રહથી દત્તમંદિરમાં તેડી લાવ્યો. તે વખતે નરહરિ ધોંડોપંત રુંડકર પૂજારી તરીકે કામ કરતા હતા. તેઓ નિવૃત્ત પોલીસ કૉન્સ્ટેબલ હતા. મહારાજશ્રીને બેસવા મેલોદાટ ચારસો શ્રી રુંડકરે પાથર્યો. મહારાજશ્રીએ શ્રી રુંડકરને પૂજાવિધિ અંગે પ્રશ્નો પૂછવા માંડ્યા. મેં નમ્રભાવથી હાથ જોડીને મહારાજશ્રીને કહેલું કે આ તો નિવૃત્ત પોલીસ છે. તેના ખભે જનોઈ છે. અને ભગવાનને ચાંદલો કરતાં આવડે છે. મહારાજશ્રીએ પૂછ્યું, ‘સારો પૂજારી નથી મળતો?’ મેં કહ્યું, પૈસાની સગવડ થયે તેમ કરીશું. તે વખતે દત્તમંદિરના આગળના ભાગમાં દુકાનો બંધાવવાની વાત અમારા મનમાં રમતી હતી. એટલે મેં કહ્યું દુકાનો બંધાવીશું અને સારો પૂજારી લાવીશું. શ્રી મહારાજશ્રીએ એક દુકાનનો બાંધકામ ખર્ચ કેટલો થાય

એવી પૃચ્છા કરી. મને ખર્ચનો ખ્યાલ ન હતો. છતાં કુશાગ્ર બુદ્ધિને કારણે કહ્યું, રૂ. ૭૦૦૦.૦૦ મહારાજશ્રીએ કહ્યું, સંધ્યા કાલીં માઢયા મુકામા વરતે મી ગાંવ લોકાંચી આજ્ઞા ઘેઉન. તુમ્હાલા રૂપયે દેંતો.

આ વાત વાયુવેગે કથાના મંડપમાં ફેલાણી અને મારે માટે મહારાજશ્રીના મનમાં ગેરસમજ ઊભી થાય એવા પ્રયત્નો થયા. રાત્રે હું મહારાજશ્રીને મળવા ગયો ત્યારે મહારાજશ્રીએ ગુસ્સે થઈને મને કહ્યું, “કર્વે, તુમ્હી હે કાય કરત આહાત તુમચ્યા જવલ પચાસ લાખ રૂપયે આહેત કાં?”

મેં કહ્યું, “મહારાજશ્રી! મારી પાસે કાલે પચાસ લાખ રૂપિયા થાય તો હું પરમ દિવસે એક દુકાનના પૈસા આપી દઈશ. જ્ઞાતિવાદ ભડકાવવા, સારો એવો પ્રયત્ન થયો. પણ મહારાજશ્રીની અનુકંપાથી ભાગવત સપ્તાહ નિમિત્તે એકત્ર થયેલા ભંડોળમાંથી અમને રૂ. ૭૦૦૦.૦૦ મળ્યા. પછી તો દુકાનના પ્લાન એસ્ટીમેટ કરાવ્યા, ભાડવાત નક્કી કર્યા અને દુકાનો બંધાવી દીધી. પૂજારી માટે રહેણાંકનું મકાન પણ થઈ ગયું. આજે આ દત્તમંદિર પગભર છે. અને તેના નિભાવની ચિંતા નથી. દર ગુરુવારે ભજન-કીર્તન થાય છે. ઉપરાંત ધાર્મિક ઉત્સવો પણ ગોઠવાય છે, પણ કાર્યકરોની પરંપરા તૂટવા માંડી છે. હવે પૈસાની નહીં પણ માણસની તંગી ઊભી થઈ છે. બધું કામ નોકરો દ્વારા લેવાની વૃત્તિ છે. સેવકો નથી ત્યાં ચાકરો તો ક્યાંથી હોય?

૧૯૭૭માં દબદબાપૂર્વક મંદિરની સ્થાપનાની રજતજયંતી ઊજવવામાં આવી. મારા જૂના સાથી મિત્રોમાંથી ઘણા મરી ગયા છે. અને જે થોડાક છે તે પોતાના કુટુંબ સાથે વડોદરા, મુંબઈ કે પૂનામાં વસે છે.

આશાનું એકમાત્ર કિરણ યુવકો છે. યુવકો ઉત્સવો ઊજવે છે. શ્રી ગુરુદેવ દત્તને ચરણે નમ્ર પ્રાર્થના કે યુવકોમાં જૂની ભારતીય સંસ્કૃતિની પરંપરા જાગે અને દત્તભક્તિમાં ઓતપ્રોત રહી પોતાનું જીવન સફળતાપૂર્વક ગુજારે અને સાંપ્રદાયિકતા, સાંકડી જ્ઞાતિવાદની મનોવૃત્તિ ન પ્રવેશે અને In the world I am proud of India, in India I am proud of Gujarat, In Gujarat I feel proud of Mehsana, In Mehsana I am proud of my family and my family is happy that we have Datta Mandir. નવાં મંદિરો ઊભાં કરવાને બદલે જાણે મંદિરોનો ઉદ્ધાર કરી યુવકો આકર્ષાય તેવી ધર્મભાવના કેળવાય તેવા સંસ્કારયુક્ત કાર્યક્રમો મંદિરોમાં યોજાય તે આજના યુગની તાતી જરૂરિયાત છે.

ચિંતામણી સ્પર્શે કરી થાય લોહ કાંચન,
ગુરુપ્રસાદે તેમ એ થાય શુદ્ધ તત્ક્ષણ. (અ. ૭૪, દો. ૮૦)

(૨૮)

# ઉત્તર ગુજરાતમાં ઔદુંબર ભગવાન
# (ખુલ્લાં શ્રી દત્તમંદિરો)

- પ્રા. શ્રી નારાયણભાઈ પટેલ
નારેશ્વર.

| | | | |
|---|---|---|---|
| ૧ | બાબીપુરા (તા. ખેરાલુ) | શ્રી દત્તમંદિરે | પૂ.શ્રી ખોડાભાઈ રાયચંદભાઈ પટેલ |
| ૨ | કહોડા (તા. સિદ્ધપુર) | શ્રી અંબામાતાના મંદિરે | ડૉ. મફતલાલ અંબાલાલ જાની |
| ૩ | રણછોડપુરા (તા. સિદ્ધપુર) | શ્રી અવધૂતવાડીએ | શ્રી ત્રિભોવનભાઈ દ્વારકાદાસ પટેલ |
| ૪ | સિદ્ધપુર | ૧. સ્વામી જનાર્દન આશ્રમે<br>૨. શ્રી ગુરુકૃપા સોસાયટી, બં.નં. ૧૧૫ | શ્રી જ્યોતીન્દ્રભાઈ દ્વારા યજ્ઞોપવીતનો ઉત્સવ થયો. |
| ૫ | લાછડી | શ્રી મહાદેવના મંદિરે | શ્રી પ્રહ્લાદભાઈ રામદાસ પટેલ |
| ૬ | કાંસા (તા. વિસનગર) | શ્રી માતાજીના મંદિરે | શ્રી નારણભાઈ જોરદાસ પટેલ |
| ૭ | પાટણ | દત્તાત્રેય સોસાયટીના કૉમન પ્લૉટમાં | સ્વ. નર્મદાબહેન વીરમદાસ પટેલ (શ્રી વેલજીભાઈ લ. પટેલનાં દીકરી) |
| ૮ | આંકુઈ (તા. સિદ્ધપુર) | શ્રી રામજી મંદિરે | શ્રી નરોત્તમભાઈ જીવરામદાસ પટેલ |

માણસ જ્યાં સુધી પોતાનો ધર્મ નહિ સમજે ત્યાં સુધી સ્વપ્નમાંય સુખ-શાંતિ નહિ પામે.

| | | | |
|---|---|---|---|
| ૯ | ચાણસ્મા | શ્રી યોગાશ્રમે (પૂ. સચ્ચિદાનંદ મહારાજ) | સૌ. તારાબહેન સુરેશભાઈ ભાવસાર |
| ૧૦ | વીસનગર | આચાર્ય શ્રી ઉગરાણકરનો બંગલો (સ્ટેશન રોડ) | આચાર્ય શ્રી ઉગણાકર |
| ૧૧ | ધીણોજ | શ્રી નૃસિંહ ભગવાનના મંદિરે (તળાવના કિનારે) | શ્રી નટવરલાલ ધનજીભાઈ ભાવસાર |
| ૧૨ | કમાણ (તા. વીસનગર) | શ્રી મહાદેવના મંદિરે | પૂ. ઝવેરભારતીજી |
| ૧૩ | કુકરવાડી (તા. વિજાપુર) | શંકર સોસાયટીના કૉમન પ્લૉટમાં | શ્રી મહાશંકરભાઈ ન. જોષી |
| ૧૪ | ઊંઝા | શ્રી દત્તમંદિરે | શ્રી મફતલાલ નારણદાસ પટેલ |
| ૧૫ | માલપુર (તા. સાબરકાંઠા) | મહાદેવના મંદિરે | શ્રી જશવંતલાલ ગોરધનદાસ કોઠારી |
| ૧૬ | ચાણસ્મા | ખેતરે | શ્રી રામભાઈ ભૂધરભાઈ પટેલ |
| ૧૭ | કડી (તા. કડી) | શ્રી દત્તમંદિરે (દલુકુંડ) | |
| ૧૮ | દાણોદરડા (તા. પાટણ) | ગુજરાતી શાળાના પટાંગણમાં | શ્રી શિવરામભાઈ ઈશ્વરદાસ પટેલ |

> **ગંગા તાપ હરે, શશી તાપ, કલ્પતરુ દૈન્ય,**
> **શ્રીગુરુ દર્શન એકદમ, પાપ, તાપ ને દૈન્ય.** (અ. ૬૮, દો. ૧૫૫)

# (૨૯)

# ગુરુસેવાનું ફળ

- શ્રીમતી ઈન્દુબહેન હ. જોષી
વડોદરા.

આપણે ત્યાં ગુરુ વિષેનો જાણીતો શ્લોક છેઃ

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે અને ગુરુ શંકર છે, એટલું જ નહીં ગુરુ એ સાક્ષાત્ પરબ્રહ્મ છે. એવા ગુરુને નમસ્કાર.

આમ, ગુરુનો મહિમા અગાધ કહ્યો છે. ગુરુ વિના જ્ઞાન નહીં! ભવસાગરની પાર એ જ લઈ જાય છે. મનુષ્યને દિશા બતાડનાર ગુરુ જ છે. જે એના વિશ્વાસે કાર્ય કરે છે તેને સફળતા મળે છે.

મનુષ્યના જીવનમાં માતાપિતાનું સ્થાન પણ ગુરુ સમાન જ છે. બાળકના ઘડતરમાં પિતા, વિશેષ કરીને માતાનું સ્થાન પણ વિશિષ્ટ છે. એ જ રીતે વિદ્યાદાતા ગુરુનું પણ મહત્ત્વ છે. પરંતુ આપણે જે ગુરુની વાત કરવાની છે તે ગુરુ પરમાર્થને પંથે લઈ જનાર ગુરુની છે.

એવા ગુરુ સદાય હિતકારી હોય છે. તે શિષ્યને જ્ઞાન, કર્મ, ભક્તિનાં રહસ્યો ખોલી આપે છે. એવા ગુરુ પ્રસન્ન થતાં જ જીવન ધન્ય બને છે અને સર્વત્ર પ્રકાશ રેલાય છે.

પૂ.શ્રી પણ શ્રીગુરુલીલામૃતમાં ગુરુની મહત્તા ગાય છે. તેઓ લખે છેઃ

"ભલે સુલભ શાસ્ત્રો રહ્યાં, દુર્ગમ તત્ત્વજ્ઞાન,
પાર ન પામે ગુરુ વિના, વૃથા બુદ્ધિ અભિમાન."

શાસ્ત્રો ઘણાં છે, પણ વાંચવાથી કશું જ પ્રાપ્ત થતું નથી. તત્ત્વ દુર્ગમ છે, સમજાય નહીં તેવું હોય છે. તેને સમજવા ગુરુની જરૂર પડે છે અને એવા ગુરુ પાસે પોતાની બુદ્ધિનું અભિમાન છોડીને જવું જોઈએ. સંપૂર્ણ શરણાગતિ એ ગુરુભક્તિનું પ્રથમ પગથિયું છે. પૂજ્યશ્રીએ તેથી જ શ્રીગુરુલીલામૃતમાં ઠેર ઠેર ગુરુભક્તિનાં આખ્યાનો, ઉપાખ્યાનો આપ્યા છે અને ગુરુભક્તિ કેવી રીતે થાય તેમ જ એનું શું ફળ મળે તે વર્ણવ્યું છે.

---

**મોક્ષ એટલે સર્વ ક્લેશ વિનિર્મુક્તિ.**

---

લખ્યા લલાટે લેખ જે, ભલે હોય વિપરીત,
ગુર્વાંઘ્રિં સ્પર્શે નકી થાય શુભદ આ રીત. (અ. ૯૯, દો. ૧૧૮)

એમાં શરૂઆતમાં જ દીપકનું આખ્યાન આપ્યું છે. વેદધર્મા નામના ગુરુ હતા, જેમણે શિષ્યોની પરીક્ષા કરવા કહ્યું કે મારે થોડું પાપ ભોગવવાનું છે જે હું કાશીમાં જઈ ભોગવવા માગું છું. મારી સેવા કરવા કોણ આવશે? દીપક તૈયાર થયો. ગુરુએ પોતાને ગલત્કુષ્ઠ થશે અને બહુ કષ્ટ પણ પડશે એવી ચેતવણી પણ આપી છતાં દીપક તૈયાર થયો. કાશીમાં દીપકે ગુરુસેવામાં જાત ઘસી કાઢી. ગુરુ દીપકની ઘણી કસોટી કરે છે. ઘડીકમાં ખાવાનું માગે તો ઘડીકમાં કહે કે મારો રોગ વધે તેવું ખાવાનું કેમ આપે છે? એવી અનેક રીતે કનડગત છતાં દીપક ગુરુની અવિશ્રાંત સેવા કરે છે. કાશીમાં રહેલા વિશ્વનાથ ભગવાનનાં દર્શને પણ તે કદી ગયો નથી. એને મન તો "તુષ્ટ થતા સદ્ગુરુ થશે, સુવશ દેવ તત્કાળ" અને "બે અક્ષર ગુરુ એ નકી, છે અમૃતાર્ણવ એમ" અને બન્યું પણ એવું જ કે વિશ્વનાથ સ્વયં પ્રસન્ન થઈ બારણે આવ્યા. તેમની પાસે શિષ્યે કંઈ પણ ન માગ્યું. વિષ્ણુ પણ આવ્યા પણ દીપક મક્કમ રહ્યો. આ ઉપરથી વેદધર્માને થયું કે શિષ્ય ઉત્તમ છે. પ્રસન્ન થઈ ગુરુએ કષ્ટ રોગથી મુક્ત બની આશિષ આપી. દીપક જ્ઞાની થયો, ધન્ય થયો!

ગુરુની સેવા કઠિન છે પણ તેમાં પાર પામે તેને ઉત્તમ ફળ મળે છે. ઉપનિષદ સમયના ધૌમ્ય ઋષિના શિષ્યો બૈદ, અરુણ અને ઉપમન્યુનાં દૃષ્ટાંતો આ માટે જ કહેવાયા છે. એક ખેતરમાં જઈ ખોટી રીતે વહી જતાં પાણીને પોતે આડો થઈ રોકે છે અને બીજો ધાન્ય થતાં, કષ્ટથી બધું રક્ષી, ઘેર લઈ આવે છે તો ત્રીજો ગુરુની ગાયો ચારવા જતાં ભૂખ, તરસ, તડકો વગેરે વેઠે છે. ત્રણે શિષ્યોનું કાર્ય જુદું છે પણ ગુરુ પ્રત્યેની ભક્તિથી થયું છે, એકનિષ્ઠાથી થયું છે. ગુરુ એવું કેમ કહેતા હશે? એવો તર્ક સુધ્ધાં કર્યો નથી. અત્યંત આદરભાવથી ગુરુવચનમાં શ્રદ્ધા રાખી કાર્ય કરતાં જ ત્રણેનાં જીવનમાં ગુરુકૃપાએ એવું પરિવર્તન આવ્યું કે જેથી જગતમાં તેમની ખ્યાતિ થઈ.

દત્તાવતાર નૃસિંહ સરસ્વતીના જીવનમાં એવા ઘણા પ્રસંગો છે. તેઓ પણ પ્રથમ શરણે આવેલાની કસોટી કરે છે અને પછી તેના પર કૃપાનો વરસાદ વરસાવે છે. એક કુષ્ઠ રોગી આવ્યો તો તેને ઔદુંબર વૃક્ષના ઠૂંઠાને રોપી રોજ પાણી પાવાનું કહે છે. અને ઉમેરે છે કે જ્યારે વૃક્ષને પાન ફૂટશે ત્યારે તારો રોગ દૂર થશે અને એ શ્રદ્ધાથી ઉપવાસ કરી વૃક્ષને સિંચન કરે છે. ત્યાં લોકો એને કહે છે કે અલ્યા, આ ગુરુ તો તરત જ ફળ આપે એવા છે. તારું દુઃખ દૂર નહીં થવાનું હોય તેથી તને એવું કાર્ય સોંપ્યું છે કે જેથી તું કંટાળી ચાલ્યો જાય! ભલા કોઈ ઠૂંઠૂં ફૂટેલું સાંભળ્યું છે ખરું?

અને પેલો તો એક જ વાત કરે છે. એનું કામ એ જાણે. મારે તો સોંપેલું કરવું રહ્યું અને એના અનુસંધાનમાં જ ચિતાભસ્મ ચઢાવતાં શબર-શબરીની વાત આવે છે. એમાં નિયમનું પ્રાણાંતે

**પૈસો સુખ નથી આપતો અને એમાં પણ અનિષ્ટ માર્ગે આવેલો પૈસો કદીયે સુખ નથી આપતો.**

રક્ષણ થતાં જ સ્વયં શંકર ભગવાન પ્રસન્ન થાય છે. પેલા કુષ્ઠ રોગીની નિષ્ઠા જોઈ ‘શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર’ની અલૌકિક લીલાનાં દર્શન થાય છે.


સાયંદેવની કસોટી તો આથી પણ કપરી છે. ગુરુ એકલા બેઠા છે અને ધોધમાર વરસાદ પડે છે. ગામમાં દેવતા લેવા જવાનું ગુરુ શિષ્યને કહે છે. સંન્યાસી અને દેવતા લાવવાનું કહે એ કેવી શાસ્ત્ર વિરુદ્ધ વાત! પણ શિષ્ય તો ગુરુવાક્યને જ બ્રહ્મવાક્ય માનીને ગયો. રસ્તે જતાં આજુબાજુ ન જોવાનું ગુરુએ કહેલું પણ ગુરુઆજ્ઞા ઉલ્લંઘી તો તેણે જોયા બે સર્પ! બીધો અને દોડ્યો, પણ સર્પ તો પાછળ ને પાછળ! છેક ગુરુ પાસે ગયો ત્યારે ફોડ પડ્યો કે એ તો એના રક્ષણ માટે ગુરુએ જ મોકલેલા.


શૂદ્રના ખેતરની અપરિપક્વ જુવારની કાપણીની માગણી અને શૂદ્રની શ્રદ્ધાની વાતમાં પણ એ જ ગુરુભક્તિના ફળની વાત છે. અહીં તો ગુરુ પોતે જ કાપેલી જુવાર જોઈ શૂદ્રને કહે છે, અલ્યા મેં તો હસવામાં કહેલું અને તેં કાપી નાંખી! હવે શું ખાઈશ? માલિકને શું આપીશ? આપણે હોઈએ તો કાપે તો લોહી ના નીકળે એવી પરિસ્થિતિમાં મુકાઈ જઈએ. શૂદ્રે તો કહ્યું કે જે ગુરુવચનને અમલમાં મૂકે છે તેનું કલ્યાણ જ થાય છે. આપે કહ્યું અને મેં કાપ્યું, મને જરૂરથી લાભ જ થશે. ગુરુએ તરત કહ્યું, જેવી તારી શ્રદ્ધા તેવું થશે. અને ત્યાર પછી કમોસમી વરસાદ થતાં ફરી દાણા ઊગ્યા. શિષ્યની શ્રદ્ધા ફળી.


આ બધાં જ દૃષ્ટાંતો ગુરુની ભક્તિ કેવી રીતે કરવી તથા તે રીતે કરવાથી શું ફળ મળે છે તેના દ્યોતક છે.


લીંચના શ્રી બચુભાઈએ (પ્રેમ અવધૂતજીએ) પણ પૂ.શ્રીની સેવા અનન્યભાવે કરી છે તેથી ગુરુસેવા ઉપરનો લેખ એમની સેવાની અંજલિરૂપે રજૂ કર્યો છે. ૬૦મા વર્ષમાં પ્રવેશતા એમનું દીર્ઘ નિરામય જીવન પ્રાર્થી ભાવઅર્ઘ્ય અર્પું છું.


# અવધૂત દેખ લો, જેથી જન્મમરણ મિટ જાય



નારેશ્વરમાં ઉત્સવ ઉપર હાથઘંટીમાં અનાજ દળતા પૂ.બાપજી


ચિંતનમય પૂ.બાપજી



સ્નાન કરતાં પૂ.બાપજી



કછોલીનાં મહાદેવ પર કમળની પૂજા કરતાં પૂ.બાપજી


પવનપાવડી સાથે પૂ.બાપજી


નદીકિનારે પૂ.બાપજી

# પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ


માતૃ સાંનિધ્યમાં પૂ.બાપજી


પૂ.માજીની સેવામાં
માતૃભક્ત પૂ.બાપજી


પૂ.માજીની ઉત્તરક્રિયા પ્રસંગે
પૂ.બાપજી, ૐકારેશ્વર, મોરટક્કા,
જૂન, ૧૯૬૭


પૂ.માજીની ખબર જોવા જતાં ડૉ. રતિકાકા,
શ્રી નલિનભાઈ ત્રિપાઠી, ડૉ. ભોંસલે,
શ્રી બભન ગાયકવાડ સાથે પૂ.બાપજી


ડૉ. વાણીકાકા, ડૉ. રતિકાકા,
શ્રી મોદીકાકા, શ્રી સુમનભાઈ માસ્તર,
શ્રી બભન ગાયકવાડ સાથે પૂ.બાપજી


પૂ.માજીની ઉત્તરક્રિયા પ્રસંગે
વિનમ્રભાવે પ્રણામ કરતાં પૂ.બાપજી,
જૂન, ૧૯૬૭

## (૩૦)

## પૂ. પ્રેમ અવધૂતજીઃ ગાંધીનગર પરિવારનું ચાલકબળ

- શ્રી કિરીટભાઇ દવે
આચાર્ય, ગાંધીનગર.

ભાષામાં, જીવનમાં કે જીવનના વ્યવહારમાં ભાગ્યે જ એવું જોવા કે જાણવા મળે છે કે કોઈ શબ્દ વ્યક્તિ માટે જ બન્યો હોય જેમણે પૂ. પ્રેમ અવધૂતજીનાં દર્શન કર્યા હશે તેમને સાહજિક રીતે જ એમ લાગશે કે "પ્રેમ" શબ્દ આ વ્યક્તિ માટે જ બન્યો છે એમ કહેવું યોગ્ય છે. એમની એ અમી ઝરતી પ્રેમાળ આંખો, શ્વેત મૂછ અને દાઢી, આજાનબાહુ જેવા અસામાન્ય લાંબાહાથ અને મન વાણી કે કર્મથી એક જ વાતઃ આ મારા ગુરુમહારાજને ગમશે? જો હા તો તેમાં તેમની પણ હા.

કદાચ ગાંધીનગર રંગ પરિવાર જ એકમાત્ર એવો પરિવાર હશે કે જેમને પૂ.ભાઈના બે જન્મદિન ગાંધીનગરમાં જ ઊજવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય. પહેલો પ્રસંગ ત્રેપનમો જન્મદિન સપ્ટેમ્બર, ૧૯૮૩ ગાંધીનગર રંગ પરિવારે શ્રીસુરેશભાઈ પાઠકના સૌજન્યથી ગાંધીનગરમાં ઊજવ્યો. બીજો (અઠ્ઠાવનમો) જન્મદિન ૧૯૮૮માં આણંદના ગુરુભક્ત શ્રી જશવંતભાઈ દેસાઈના સૌજન્યથી ગાંધીનગર દત્તમંદિરમાં ઊજવાયો. આમ બે જન્મદિન ઊજવાતા સામાન્ય રીતે જ આત્મીયતાનું તત્ત્વ વધે તે સ્વાભાવિક છે.

પૂજ્ય ભાઈ ગાંધીનગરમાં પહેલીવાર મુ.શ્રી નવનીતભાઈ પાઠકના સુપુત્ર ચિ. સિદ્ધાર્થના લગ્ન પ્રસંગે યોજેલ દત્તયાગમાં ૧૯૮૨ના જૂનમાં આવ્યા અને ત્યારથી શરૂ થયેલો આ સીલસીલો વિકસતો ગયો, દૃઢ અને ગાઢ થતો ગયો. અને એક અતૂટ એવા નાતામાં પરિણમ્યો. ગાંધીનગરમાં દત્તમંદિર બન્યું. તેનાં જુદા જુદા તબક્કે માર્ગદર્શનની જરૂર પડવા લાગી. ભૌગોલિક રીતે નારેશ્વર કરતાં લીંચ વધારે નજીક અને પૂજ્ય ભાઈ સાહજિક રીતે ખૂબ સહેલાઈથી પ્રાપ્ત થાય તેથી દરેક પ્રસંગોએ તેમનું માર્ગદર્શન અને ઉપસ્થિતિ લગભગ અનિવાર્ય જ બની ગયાં અને નાદુરસ્ત તબિયત કે બીજા કામના બોજા નીચે પણ પૂ.ભાઈએ એમના ઉપર અમારો આ જાણે કે અબાધિત અધિકાર હોય તેમ તેને સ્થાપિત કરવા દીધો! એ જ 'પ્રેમ' શબ્દનું કાર્યાન્વિત સ્વરૂપ!

**ચણા ચાવવા લોહના ના બચ્ચાનો ખેલ**
**રંગ ગુરુકૃપા હોય તો, કરે મોતથી ગેલ. (અ. ૪૦, દો. ૧૧૨)**

લીંચ કે તેની આસપાસમાં જ્યારે પણ પાદુકા પૂજન હોય ત્યારે ગાંધીનગરમાંથી જ કોઈકને પૂજા માટે બોલાવવા એવો આગ્રહ પૂ. ભાઈ રાખે અને અનુકૂળતા પ્રમાણે અમારે ત્યાંથી કોઈ ને કોઈ હાજર રહે જ અને ગુરુમહારાજની પાદુકાના પૂજનમાં પોતાનું યોગદાન આપે જ. પછી તો ધીમે ધીમે જેમ વસ્તુ સહેલાઈથી પ્રાપ્ત થાય અને તેની ગુણવત્તા ઊંચી હોય તો માંગ વધે જ એ સિદ્ધાંતની રૂએ ગાંધીનગર રંગ પરિવારના સદસ્યોનાં ગાંધીનગરમાં થતાં મકાનોનાં ભૂમિપૂજન, પાદુકાપૂજન, લગ્ન કે તેના જેવા સારા પ્રસંગોએ થતા દત્તયાગમાં પૂ.ભાઈની હાજરી ખૂબ જ પ્રેરક બની રહેતી. કુટુંબના એક વડીલ જેમ સારા પ્રસંગે હાજર રહે અને પ્રસંગ તથા ઘર ભર્યા ભર્યા લાગે તેવું લાગવા માંડ્યું.

પૂ.ભાઈ ગાંધીનગર કે તેની આસપાસમાં ક્યાંક આવ્યા છે, રાત રોકાવાના છે તેવા સમાચાર મળતાં જ તેમનાં દર્શન કરવા જઈએ તેના બદલે ઘણા વખતથી ભાઈને મળાયું નથી તો મળી આવીએ, તેવો ભાવ, (તેમના તરફ સંપૂર્ણ પૂજ્ય ભાવ હોવા છતાં) હૃદયનો ઉમળકો પણ થવા લાગ્યો અને જાણે કે બહારગામ કામ કરતા દીકરાઓ, નાના ભાઈઓ સમય મળે કુટુંબના વડીલને મળી આવે તેવું થવા લાગ્યું.

વ્યક્તિગત રીતે પણ સંબંધીના મૃત્યુ કે અશુભ પ્રસંગે પણ ભાઈનો દિલસોજીનો સંદેશ કે પત્રો મળવા લાગ્યા. અંગત મૂંઝવણમાં પણ ભાઈનું માર્ગદર્શન મળવા લાગ્યું. કોઈ વ્યક્તિગત પ્રશ્ન ઊભો થાય અને કદાચ કોઈ સલાહ લે. આપણી મતિ મૂંઝાય, કશી સૂઝ ન પડે તો તુર્ત જ કહેવાઈ જાય, “અરે ભાઈ! એમાં શું? આ લો લીંચ ભાઈને પૂછી લઈએ. કંઈક માર્ગદર્શન જરૂર મળશે” આ જાતનો ભાવ મોટા ભાગે બધા જ વ્યક્ત કરવા લાગ્યા. આત્મીયતા અને બંધન, આપણાપણું અમને બધાને ઘણું જ પ્રેરક અને પોષક બનવા લાગ્યું.

પૂ.ભાઈ ગાંધીનગર થઈને બીજા કોઈ સ્થળે જવાનાં હોય કે લીંચ પાછા ફરતાં ગાંધીનગર વચમાં આવતું હોય તો ક્યારેય એવું બન્યું નથી કે આવતાં કે જતાં ભાઈએ અમારી ખબર અંતર ન પૂછી હોય. કેટલીક વાર તો મોડી રાત સુધી પરિવાર મંદિરમાં બેઠો હોય અને ભાઈના આગમનની રાહ જોતો હોય. મોડી રાત્રે પણ પૂ.ભાઈ આવે. બધા વચ્ચે બેસે. ખૂબ સાહજિકતાથી શારીરિક થાક હોવા છતાં અને લીંચ સુધી જવાનું હોવા છતાં સમયની કોઈપણ પ્રકારની પાબંદી સિવાય મુક્ત મને ખૂબ સ્ફૂર્તિથી બધાને મળે. કેટલીકવાર તો મને કે મુ. નવનીતભાઈને વ્યક્તિગત રીતે પૂછેઃ ફલાણી વ્યક્તિ દેખાતી નથી. મળ્યાનો ઝાઝો સમય થયો. મઝામાં તો છોને? ભાઈની આ લાગણી અદ્ભુત છે. ગુરુત્વાકર્ષણબળ કરતાં પણ અનેકગણું વધારે ખેંચાણ ધરાવતું આ આકર્ષણબળ અમને જકડી રાખે છે.

---

**ધર્મના પાયા પર જ અધ્યાત્મની ઈમારત ચણાય છે.**

---

> ગુરુકૃપા ફળ એહવું, દુર્લભ ત્રણે લોક,
> ગુરુકૃપા થાતાં મળે દુર્લભ ત્રણે લોક. (અ. ૬૩, દો. ૧૪૨)

દત્તમંદિરના કે પરિવારના કોઈપણ પ્રસંગે કોઈપણ પૂર્વ ભૂમિકા વગર પૂ.ભાઈને કહીએ, ભાઈ આ તારીખ, વાર, તિથિ અને સમયે અમુક કામ રાખ્યું છે તો આવશોને? પૂ.ભાઈ એકાદ ક્ષણ માટે આંખો બંધ કરે, અંતર્મુખ થાય. ત્યાં સુધી મનમાં અમને કોઈ જ મૂંઝવણ ન હોય. કારણ કે ખાતરી જ હોય કે જવાબ 'હા' જ આવશે અને પૂ.ભાઈ આંખો ખોલી કહી દે, આવીશ. પછી તો જેવી ગુરુમહારાજની ઈચ્છા! અને ભાઈ આવ્યા જ હોય.

ભાઈ આવવાના છે એની પૂર્વ તૈયારીમાં પણ અમને ક્યારેય રઘવાટ ન હોય, કોઈ કૃત્રિમતા ન હોય, કોઈ ભય કે દોડાદોડીની લાગણી ન હોય. ખૂબ જ સામાન્ય સાહજિકતાથી બધું ગોઠવાય અને પૂ.ભાઈ આવે ત્યાર પછી પણ બીજા કાર્યક્રમો ગોઠવાઈ જાય.

પૂજ્ય માજીની દર્શન પ્રતિમાનું સ્થાપન ગાંધીનગર રંગ પરિવારે છેલ્લા પાટોત્સવ વખતે કર્યું. પૂ.માજી ઉપર સ્મરણિકા પણ તૈયાર થઈ. પૂ.ભાઈ આ સમયે દક્ષિણ ગુજરાતના પ્રવાસે હતા. તેમને પૂછ્યા વગર, પૂર્વ મંજૂરી લીધા વગર અમે તો 'નાદ'માં છાપી દીધું કે "પૂ.માજીની સ્મરણિકાના પુસ્તકનું વિમોચન પૂ. પ્રેમ અવધૂતજી કરશે." કદાચ પૂ.ભાઈએ પણ આ સમાચાર 'નાદ'માં જ વાંચ્યા હશે અને ત્યારે જ તેમને પણ ખબર પડી હશે. **પ્રેમાધિકાર કઈ કઈ ભૂલો નથી કરાવતો?**

પૂજ્ય ભાઈ કોઈ પણ જાતની આનાકાની વગર દક્ષિણ ગુજરાતનો પ્રવાસ ટૂંકાવીને પણ ગાંધીનગર ઉપસ્થિત રહ્યા. મને કે મુ. નવનીતભાઈને ઉપરના આચરણ બદલ, 'ભૂલ' બદલ ક્યારેય કશું જ કહ્યું નહીં અને દૂધમાં સાકર ભળે તેમ આખા પ્રસંગમાં ભળી ગયા.

પ્રશ્ન એ થાય છે કે આ બધું શાથી? પૂ.ભાઈમાં તો ગુરુમહારાજના આશીર્વાદ અને તેમની સેવાથી પાત્રતા આવેલી જ છે પણ શું તેમણે ગાંધીનગર રંગ પરિવારમાં આ પાત્રતા જોઈ હશે? આપણને આટલા બધા આત્મીય ગણ્યા હશે? અને માટે જ આટલી બધી છૂટછાટ આપી હશે? આપણી ભૂલોને ઉદારતાથી માફી આપી હશે? દરેક વ્યક્તિને વ્યક્તિગત રીતે પોતાની ગણીને સમગ્ર પરિવારને પણ પ્રેમના તંતુથી બાંધ્યો હશે?

પ્રશ્ન થાય છે પરિવાર એટલે શું? જ્યાં આ ભૌતિક વાદમાં મારું તારું ન હોય, બધું જ આપણું હોય. વ્યક્તિ સુખ કે દુઃખ સમગ્ર પરિવારનાં પોતાનાં બની જતાં હોય, જ્યાં દરરોજ મંદિરમાં દર્શનની સાથે સાથે દરરોજ એક બીજાને મળવાનો મનમાં ઉમળકો જાગતો હોય, વ્યક્તિગત મૂંઝવણો જ્યાં નિખાલસ મને વ્યક્ત થતી હોય અને જેને ઉકેલવા દરેક પોતાનાથી બનતો સહયોગ આપતું હોય, જ્યાં પરાયાપણું ન હોય, જ્યાં બધે જ આપણું આપણું, મારું, મારું,

લાગતું હોય. શું પરિવારની બાપજીની કલ્પના કાંઈ આવી હશે? જ્યાં માનવી વ્યક્તિ મટી સમષ્ટિનો બને, જ્યાં દુઃખો વહેંચવાથી ઘટે અને આનંદ વહેંચવાથી વધે તે પરિવાર.

પ્રેરણા એટલે શું? ભાગદોડ અને યંત્રવત્ જીવનમાં રાત્રે ઓશીકા પર માથું મૂકી સૂતા હોઈએ અને જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે! ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારા જ સોહે. હે ગુરુમહારાજ! આ ઓશીકા પાસો પણ તારાં ચરણ છે ત્યાં જ હું સૂતો છું. સૂતો રહું અંતિમ શ્વાસ સુધી એવા ભાવ સાથે મનના પ્રશ્નોનું માર્ગદર્શન જોઈતું હોય, નિરાકરણ જોઈતું હોય ત્યારે ગુરુમહારાજનાં ચરણમાં આળોટતું મસ્તક હૃદયને એમ કહેઃ ગભરાય છે શા માટે? મૂંઝાય છે શા માટે? લીંચ જા, ભાઈને મળ, પત્ર લખ, વાત કર, માર્ગદર્શન મળશે, પ્રેરણા મળશે, પ્રશ્નનું નિરાકરણ મળશે.

આ ભાવ મારો વ્યક્તિગત નથી. સમગ્ર પરિવારનો છે. આવી પ્રેરણાના દાતા પૂજ્ય ભાઈને શત શત પ્રણામ! ગુરુમહારાજને વિનંતી કે મારા રંગ પરિવારના દરેક સદસ્યના જીવનનો એક એક દિવસ ઓછો કરો અને પૂજ્ય ભાઈના દીર્ઘાયુમાં તે ઉમેરો! ના, ના, આ હું શું લખી ગયો? પૂ.શ્રી પાસે આયુષ્ય લંબાવવાની શક્તિ ક્યાં નથી? એ ગમે તે રીતે આપણી પ્રાર્થના અનુરૂપ દિવસો ગોઠવી લે! એક પ્રજ્વલિત દીપક હજુ આવા કેટલાય દીપકોને પ્રજ્વલિત કરશે! ગુરુમહારાજનું મિશન આગળ ધપાવશે! પૂ.ભાઈ તરફના તમામ પૂજ્યભાવ સહિત તેમને દીર્ઘાયુની મંગળકામના અને પ્રાર્થના સાથે વિરમું છું.

✿

# (૩૧)

# પૂ.શ્રી પ્રેમ અવધૂતજીઃ પ્રેમ, સેવા અને સરળતાની મૂર્તિ

- શ્રી દિનેશ એન. ભટ્ટ
જલાલપોર, નવસારી.

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ-ત્રિમૂર્તિ-ત્રણ દેવનો સંગમ એટલે ભગવાન દત્તાત્રેય. ગુજરાતમાં સ્વામી મહારાજે વાવેલાં દત્તભક્તિનાં બીજને પાણી અને ખાતર આપી ઉછેરવાનું સ્વીકાર્યું દત્તાવતારી પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજે અને આ દત્તભક્તિના તૈયાર થયેલા ખેતરની માવજત કરવાનું સ્વીકાર્યું પૂ. પ્રેમ અવધૂતજીએ. માવજત કરનારા અનેક પૈકી એમનું સ્થાન આગવું અને વિશિષ્ટ છે.

પૂ. પ્રેમ અવધૂતજી એટલે પ્રેમ, સેવા અને સરળતાની મૂર્તિ. સેવાના સંસ્કાર તો ગળથૂથીમાંથી જ મળેલા. ઉત્તર ગુજરાતમાં જગુદણ પાસેનું નાનકડું લીંચ ગામ એ એમની જન્મભૂમિ. પિતાશ્રીનું નામ કૃપાશંકર અને માતાનું નામ શાંતિ. પિતાશ્રીની જેમ સેવા કરવાની વૃત્તિ મનમાં ઘર કરી ગયેલી. લોહીમાં વણાયેલા સેવાના આ સંસ્કારે જ નાના લીંચને રંગ પરિવારનું તીર્થધામ બનાવી દીધું. ઉત્તર ગુજરાતની દત્તભક્તિનું લીંચ એ વડું મથક બની ગયું.

પૂ. પ્રેમ અવધૂતજીએ કરેલી ગુરુમહારાજની સેવા સૂક્ષ્માતિ સૂક્ષ્મ હોવાને કારણે ગુરુમહારાજ એમના પર મન મૂકીને વરસ્યા. લીંચમાં કુલ બાવન દિવસનો મુકામ કર્યો અને અવધૂત કુટિરમાં પ્રાણ પૂર્યા. રંગહૃદય મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે એ એમની સેવાની સૂક્ષ્મતાનો પરિપાક. ગ્રામ્ય જીવનની સરળતા, સચ્ચાઈ અને નિરાંડબરીપણું. સેવા એટલી સૂઝ અને સમઝ ભરેલી કે કિંમતમાં નાની પણ સતત ગુરુ સ્મરણ કરો તો જ સૂઝે એવી. દા.ત. લીંચથી નારેશ્વર જતી વખત સ્ટવની પીન, વાઈસર કે ફાનસની દિવેટ લઈ જવી. પૂ.બાપજી અંબાજી જતા હતા ત્યારે પત્રમાં જણાવેલા કાર્યક્રમ કરતાં એક દિવસ વહેલા બપોરે એમના કાન પર સંદેશો આવે છે, હું આજે મહેસાણા થઈને દિલ્હી એકસ્પ્રેસમાં જઉં છું. મહત્ત્વની વાત તો એ છે કે એ સંદેશા મુજબ તેઓશ્રી મહેસાણા ગયા ત્યારે શું લઈ ગયા? કૂવાનું ચોખ્ખું પાણી, સરસ મઝાની ચોખ્ખી માટી વગેરે. ભણેલાને આવું યાદ ન આવે. કવિ દુલાકાગની પેલી પંક્તિ યાદ આવી જાય કે "અભણ છતાં કેવું યાદ રાખે, ભણેલો ભૂલી જાય."

**કહું નિરંજન શું તને? શ્રી ગુરુકૃપા અગમ્ય,**
**વ્યાધિમાત્રની શી કથા? નાસે દોષ અદમ્ય. (અ. ૬૮, દો. ૧૯૬)**

સેવાભાવ કેવળ પૂ.બાપજી પૂરતો જ સીમિત નહિ, પૂ.બાપજીની સેવામાં રહેનારની સેવા કરવાની પણ એવી જ તમન્ના, એવી જ ભાવના. મુ. મોદીકાકાની સેવામાં પણ એ જ ઉચ્ચ ભાવના. સરખેજના મુ. જગન્નાથભાઈ ત્રિવેદીના પગ દબાવેલા એ વાતને યાદ કરીને પૂ. પ્રેમ અવધૂતજી એમ કહેતા કે પૂ.બાપજીની સેવા કરનારની સેવા કરીએ તો એ પણ બાપજીની જ સેવા કહેવાયને! બચુભાઈ તરીકે નારેશ્વરમાં જતા ત્યારથી જ સેવા અંગે રહેલી આવી ઉચ્ચ ભાવનાથી દેવ કેમ ન ખેંચાય? દેવને ખેંચવા માટે વિદ્વત્તાની શી જરૂર? અરે! વિદ્વત્તાથી તો દેવ દશ ગાઉ દૂર જઈને જ ઊભો રહેતો હશે. સેવાભાવ કેળવવો ખૂબ જ અઘરો છે, યોગીઓને પણ દુષ્કર છે.

સેવાની ફળશ્રુતિરૂપે આજે ગુરુમહારાજ એમના દ્વારા પોતાનું કાર્ય આગળ ધપાવી રહ્યા છે. ઘણા જૂના ભક્તો આજે તેમના પ્રત્યે ઊંચો આદરભાવ દર્શાવે છે અને એમના “ના” કહેવા છતાં ચરણમાં વંદન પણ કરે છે.

પૂ. પ્રેમ અવધૂતજી એટલે પ્રેમનો મહાસાગર. પ્રેમની મૂર્તિ. “પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો” એ પંક્તિ ચરિતાર્થ થતી લાગે. ગ્રામ્ય જીવનની સાદાઈ, સરળતાની સાથે દરેક માટે હૃદયનો શુદ્ધ પ્રેમ એ એમનું મોટું જમા પાસું છે. કદાચ આ બાબતમાં એ ઘણા બધા કરતાં મોખરે છે, એમના સ્વભાવમાં કોઈની ટીકા કે નિંદા કરવાનું નથી. દરેકને ઓળખી શકે છે છતાં એમના તરફથી તો નિર્વ્યાજ પ્રેમ ભર્યું વર્તન જ. કોઈ વ્યક્તિનું વર્તન વિવેકહીન હોય અને તે પણ ખૂંચે એવું હોય તોપણ પૂ. પ્રેમ અવધૂતજી તો આંખ આડા કાન કરીને એના પર પ્રેમ વર્ષા જ કરે. “એક બીજાને દેવભાવથી જુઓ” એ અમર આદેશની આજ્ઞાને તેઓ પૂરા આદરથી પાળે છે.

પૂ.બાપજી એક પુસ્તક “In tune with infinite” વાંચતા જેનું ગુજરાતીકરણ પ્રભુમય જીવનના નામથી વર્ષો પહેલાં સસ્તું સાહિત્ય દ્વારા પ્રકાશિત થયું છે. એમાં કેવળ સારા વિચારોનું જ મહત્ત્વ વિવિધ રીતે ચર્ચાયું છે. પૂ. પ્રેમ અવધૂતજી બધા પ્રત્યે શુદ્ધ પ્રેમભાવ રાખે છે એને કારણે જ આજે બહુજન સમાજ એમના પ્રત્યે ઊંચો ભાવ હૃદયમાં સંઘરીને જીવે છે. પ્રેમભર્યા શુભ વિચારો પરિવર્તિત થઈને એમને મળે છે જ.

એમનામાં રહેલા પ્રેમતત્ત્વના કેટલા પ્રસંગો ટાંકું? અમદાવાદમાં ચાર-પાંચ વર્ષ પહેલાં ટૂંકી અને કાર્યક્રમથી સભર મુલાકાતમાં પણ રાત્રે ૧૦ વાગ્યે લીંચ જતા પહેલાં સૌ. અંજનીબહેનની ખબર જોવા પાંચ મિનિટ ગયા. સૌ. અંજનીબહેનની આંખમાંથી શ્રાવણ ભાદરવો ન વહે તો શું વહે? દક્ષિણ ગુજરાતના પ્રવાસમાં પોતાના ગામની દીકરીઓને, ગયેલાં લગ્ન પ્રસંગ નિમિત્તે યાદ રાખીને પ્રેમથી વ્યવહાર કરે. કોઈ જગ્યાએ પધરામણી થાય તો ત્યાંના લિફ્ટવાળાને, કામવાળાને યાદ રાખીને પ્રસાદ આપે. કામવાળાને તો સેવામાં રહેતા ભાઈ દ્વારા આર્થિક મદદ

પણ કરે. આમાં કેવળ પ્રેમનું જ તત્ત્વ છે. આવું બધું બતાવવા પૂરતું નહિ પણ હૃદયના ઊંડાણમાં રહેલી પ્રેમ ભાવનાથી જ થાય. ઘરડા, માંદા કે અન્ય તકલીફવાળી વ્યક્તિઓનાં દુઃખ દૂર કરવા પોતાને સૂઝે તે પ્રમાણે ઉપચારો બતાવે. પ્રેમનું તત્ત્વ તો એવું ઊંચું કે પૂ.બાપજીની સેવામાં રહેલા જૂના ભક્તો કે જે મોટી ઉંમરના છે, તેમના માટે હૃદયનો ભાવ, પૂરો આદર અને એકદમ સગવડ સચવાય એ જોવાની કાળજી રાખે. પોતે કોઈ આધ્યાત્મિક વિભૂતિ છે અને બીજા બધા તો ઠીક, એવો ભાવ એમના વર્તનમાં ક્યારેય ડોકિયા કરતો નથી.

સરળતાની બાબતમાં તો એમને આંબી જવાનું મુશ્કેલ રહેવાનું. સાચી સરળતા જોવી હોય તો પૂ. પ્રેમ અવધૂતજીને જ પકડવા પડે. અંદર કાંઈ અને બહાર કાંઈ એવું તો આવડતું જ નથી. દક્ષિણ ગુજરાતના પ્રવાસમાં હું સાથે રહ્યો છું. જ્યાં મુકામ આપીએ ત્યાં પ્રસન્નતાપૂર્વક રહે. પૂ. પ્રેમ અવધૂતજી પોતે જ અત્યંત સરળ એટલે એની સેવામાં રહેનારાએ પણ સરળ રહેવું જ પડે. દર્શન માટે ખોટાં રોકાણો નહિ. આડંબરનું તો નામ નિશાન જ નહિ. ભય, શંકા કે રાગદ્વેષ રહિત વાતાવરણ જ જોવા મળે! ઘરના વડીલો, માતા કે પુત્રવધૂઓ પણ એટલા ઓતપ્રોત બની જાય કે મુકામ ઊઠે ત્યારે ધ્રુસકે ને ધ્રુસકે રડે. સૂવા માટે પાટ જોઈએ જ, ગાલીચા કે મોંઘી ચાદર જોઈએ જ એવું મળે જ નહિ. પોતાની ચાદર જ પાથરે એટલે યજમાનની મૂંઝવણ જ ટળી જાય. સમયને અનુરૂપ વર્તે ત્યારે બીજા જીવને તકલીફ ના થાય એ જ ખ્યાલ. એટલે જરૂર પડે યજમાનને કે તેની પત્નીને ઉઠાડ્યા વિના પોતે ઠંડા પાણીથી સ્નાન કરી લે.

૧૯૯૦માં મેની ૨૧મીથી ૧૩મી જૂન સુધીના દક્ષિણ ગુજરાતના ચોવીસ દિવસના પ્રવાસનો હું સાક્ષી છું. હોન્ડ, બિલિમોરા, ધમડાછા, એરુ, બોદાલી, નવસારી, પલસોદ, જેવાં વિવિધ સ્થળોએ મુકામ થયા. બધે એકસરખી સગવડ તો ન જ હોય છતાં જોડે રહેનારને સમજાવે કે એવી રીતે સરળતાથી રહેવું કે જેથી આપણો ગુરુમહારાજ રાજી રહે એને અભિમાન થાય કે આ મારો કહેડાવવાને લાયક છે.

જીવનની સાદાઈ ધ્યાન ખેંચે છે. પહેરવા માટે જૈન પૂજા સેટનું ઉપરણું ધોતિયું તરીકે વાપરે અને શરીર ઉપર સફેદ ચાદર અને લૂંછવા માટે ખાદીનો નૅપ્કિન. સફેદ ખાદીનો નૅપ્કિન પૂ.શ્રીની સતત યાદ આપતો રહે. પોતાની પાદુકાનું પૂજન નહિ, જય બોલાવવા દેવાની નહિ, પોતાની બડાઈ હાંકવાની વાત નહિ, બીજાની નિંદા કે ટીકા-ટિપ્પણી નહિ, બસ! ગુરુમહારાજના કાર્યને પોષે એવી જ જીવન પદ્ધતિ.

દક્ષિણ ગુજરાતને માટે તો પૂ. પ્રેમ અવધૂતજી દ્વારા ગુરુમહારાજ જ કાર્ય કરી રહ્યા છે. અમારે માટે તો તેઓ મિત્ર, સલાહકાર અને પથદર્શક (**Friend, Philosopher and Guide**) છે.

---

**મુક્તિની ઈચ્છા થાય ત્યારે માણસ તરફડે અને ગુરુની શોધમાં નીકળે.**

---

**તુષ્ટ થતાં ગુરુ સ્હેજમાં થાય નર સર્વજ્ઞ,**
**અષ્ટ સિદ્ધિ વશ ક્ષણ મહીં, થાય સર્વશાસ્ત્રજ્ઞ.(અ. ૭૦, દો. ૪૦)**

મારા કુટુંબીજનો પ્રત્યે તો અપાર પ્રેમ છે. અમે પણ ઈચ્છીએ કે જેમ લીંચ એ ભગવાન રંગ અવધૂતજી માટેનું ગોકુળિયું કહેવાયું તેમ બોદાલી એ પૂ. પ્રેમ અવધૂતજી માટેનું ગોકુળિયું બને.

આજોલની પંચાવનમી જયંતીથી હરેક જન્મજયંતી ઉત્સવમાં હાજર રહી આનંદ લૂંટું છું. ૫૯મી જન્મજયંતી અમેરિકા ઊજવવાનું નક્કી થયું તેથી હાજરી આપી શકાશે નહીં એનું મનમાં દુઃખ થયું. મનના દુઃખને દૂર કરવા અમારી શક્તિ, મતિ પ્રમાણે અમેરિકાના કાર્યક્રમની સાથે સાથે અમે દત્તબાવની, દત્તસંકીર્તન, અનાજ વહેંચણી, ગાયોને ઘાસ વગેરે દ્વારા નાના પાયે ઉજવણી કરી અમારા ભાવનો સ્વીકાર કર્યો છે એમ જણાવી બાળકને આનંદિત કરવા બપોરે બે વાગ્યે મારાં પત્નીને સ્વપ્ન દર્શન દઈ, આશીર્વાદ આપી અદશ્ય થયા!!

આજે તો અમારે માટે પૂ. પ્રેમ અવધૂતજી તો ગુરુમહારાજની સ્થૂળ ગેરહાજરીમાં, સર્વસ્વ છે. એમનાં ચરણોમાં અમારા અનેકાનેક પ્રણામ હો. એમની ભક્તિ દ્વારા લક્ષ્ય તો ગુરુમહારાજની ભક્તિનું જ છેને!

પ્રેમ, સેવા અને સરળતાની મૂર્તિ એવા પૂ. પ્રેમ અવધૂતજી ૬૦માં વર્ષમાં પ્રવેશે છે ત્યારે મારો ભાવ અર્ઘ્ય આપી દઉં કે ભગવાન એમને સ્વસ્થ લાંબું આયુષ્ય બક્ષો.

❀

**નિર્ગુણ, નિર્વિકાર તું, લીલા તારી અગમ્ય,**
**કૃપાદષ્ટિ તારી થતાં, થાય મૂઢ પણ ધન્ય. (અ. ૭૦, દો. ૪૩)**

# (૩૨)

# અમને મળી ગયા પ્રેમ અવધૂતજી

- શ્રી સુરેશભાઈ ચીમનભાઈ ભાવસાર
ચાણસ્મા.

પરમ વંદનીય પૂજ્યશ્રીનું સાંનિધ્ય સને ૧૯૭૧માં પ્રાપ્ત થયું. શરૂઆતમાં અમે કોઈવાર લીંચ ગામે પૂ.શ્રી બાપજીનાં (રંગ અવધૂત મહારાજનાં) દર્શનાર્થે જતા હતા. ધીમે ધીમે તો લગભગ પંદર કે વીસ દિવસ થાય એટલે મનમાં એમ જ વિચાર થાય કે લીંચ જવાનો સમય થઈ ગયો છે. હમણાંથી દર્શનાર્થે ગયા નથી. તો જઈ આવીએ. આજે પણ આવું બને જ છે. ત્યાં જઈએ એટલે સીધા કુટિરમાં દર્શન કરવા માટે જઈએ. દર્શન કરીને પૂ.શ્રી બાપુજી (પ્રેમ અવધૂતજી) પાસે બેસીએ.

તે વખતે પૂ.શ્રી બાપુજી ભગવાન શ્રી રંગ અવધૂત ગુરુમહારાજ માટે વિવિધ જાતનાં પુષ્પો વીંણી લાવે અને તેને પાણીથી સાફ કરે. પછી કપડાથી કોરાં કરે. ત્યાર પછી થાળીમાં મૂકી સૂર્યના તડકામાં મૂકે. પછી તે પુષ્પોને ખંખેરી નાખે તેથી તેમાં રહેલી ઝીણી અને સૂક્ષ્મ જીવાત ઊડી જાય. આમ ફૂલોને સ્વચ્છ કર્યા બાદ ભગવાનશ્રીને અર્પણ કરે. આમાં તેમની સ્વચ્છતા અને નિર્મળતાનો ભાવ ઊભરાતો.

પૂ.શ્રી બાપુજી કુટિરમાં ન આવ્યા હોય તો અમે તેમને મળવા તેમના નિવાસે જતા. અમારી સાથે બાળકો હોય તેથી લગભગ અમે જઈએ ત્યારે સાથે નાસ્તો લઈ જઈએ અને પૂ.શ્રીનાં દર્શન કરીને આંબાના ઝાડ નીચે બેસી નાસ્તો કરીએ. એક વખત અમે તેમને ત્યાં ગયા. તેમણે જમવા બેસી જવાનું કહ્યું. તેથી અમે નાસ્તો કરીને આવ્યા છીએ તેમ જણાવ્યું. ત્યારે પૂ.શ્રી બાપુજીએ કહ્યું કે હું તારે ઘરે આવીશ ત્યારે સાથે ટિફિન લઈને આવીશ.

એમની અમૃતભરી આ વાણીની જાદુઈ અસર થઈ. ટિફિન લઈ જવાનું અમારું બંધ થઈ ગયું અને મનમાં થયું કે પૂ.શ્રીએ કહ્યું છે એટલે આપણે ત્યાં ચોક્કસ આવશે. ભગવાન શ્રી રંગ અવધૂત ગુરુમહારાજના બ્રહ્મલીન થયા પછી પૂ.શ્રી અમારે ત્યાં સને ૧૯૭૫માં સૌ પ્રથમ પધાર્યા. તે પણ ૧૯૭૫ની ૨૫મી ડિસેમ્બરે-નાતાલના દિવસે.

આ સમય એવો હતો કે તેઓએ બહાર નીકળવાની શરૂઆત પણ અમારે આંગણે પધારીને કરી અને તે જ દિવસથી અમારા સમગ્ર કુટુંબને શ્રી રંગના રંગે રંગીને પ્રેમ સાગરમાં સમાવી લીધું.

---

**આપણે ગુણગ્રાહી બનીએ તો બધા ગુણો આપણામાં આવીને વસે.**

---

હું તા. ૨૪-૧૨-૧૯૭૫ના રોજ પૂ.શ્રી બાપુજીને લેવા માટે ગયો હતો. સાંજના સમયે લીંચથી ચાણસ્મા આવવા નીકળ્યા. આ સમયે મહેસાણાના એસ.ટી. સ્ટૅન્ડે બસમાં બેઠા પછી મેં બસનું ભાડું ચૂકવવા માટે મારા ખિસ્સામાં હાથ નાંખ્યો કે તરત જ તેમણે મને અટકાવ્યો અને કહ્યું, "હું કંઈ વેપાર કરવા નથી આવતો. મારા ગુરુમહારાજના કાર્ય માટે આવું છું" અને ખરેખર મને બસની ટિકિટ ન લેવા દીધી.

૨૫મી ડિસેમ્બરના ૧૯૭૫ના રોજ પૂ.શ્રી ચંદનની નાની પાદુકા સાથે લાવેલા. તે પાદુકાનું પૂજન ચાણસ્માના બ્રાહ્મણ મફતલાલ મુનિ દ્વારા અમારે ત્યાં સૌ પ્રથમ થયું. ખૂબ જ ભાવ સાથે પૂજન થયું. પૂજન ચાલુ હતું તે સમયે મારા મનમાં એવો ભાવ જાગૃત થયો કે આ પાદુકાજી અહીં રહે તો સારું. પૂજન પૂરું થયું અને હું પૂ.શ્રી બાપુજીનાં દર્શન કરવા ગયો. ત્યારે સામેથી પૂ.શ્રીએ મને કહ્યું કે તારે પાદુકા રાખવી છે? સાચવી શકીશ? અને મારા રોમે રોમમાં આનંદ ઊભરાયો. મારું હૈયું આનંદથી નાચી ઊઠ્યું. આ સમયથી જ અન્યના વિચારો વાંચી શકવાની ક્ષમતા તેઓ પાસે છે તેનું મને સૌ પ્રથમ ભાન થયું. આમ ધીમે ધીમે અમે તેમના વધારે પરિચયમાં આવ્યા.

૧૯૮૫ની સાલમાં મે-જૂન માસમાં પૂ.શ્રી બાપુજીનો મુકામ આજોલમાં હતો. આજોલ અને લોદરા વચ્ચે શ્રી બોરિયા મહાદેવનું મંદિર છે. ત્યાં પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજ થોડો સમય રોકાયેલા. આ જ મહાદેવના મંદિરમાં પૂ.શ્રી બાપુજી અમારા ઘરેથી સવારે ૬.૦૦ કલાકે નીકળી મહાદેવના મંદિરમાં જતા. ગામથી ૨ાા કિ.મિ. દૂર દરરોજ સવારે જવાનું અને સાંજે ૭-૦૦ વાગ્યા પછી પરત આવવાનું. દિવસ દરમિયાન પૂ.શ્રી મંદિરની અંદર આવેલી ગુફામાં બિરાજતા. આ ક્રમ લગભગ ૧૨ દિવસ સુધી રહ્યો. હંમેશાં રાત્રે બધા ભેગા થાય. ભજન-કીર્તન થાય.

મારા એક મિત્ર શ્રી નિરંજન રાવલ કે જેઓ સરકારી બોર ઉપર ઑપરેટર તરીકે ફરજ બજાવતા, તેઓ કુટુંબ સાથે જ બોર ઉપર રહેતા હતા. બોર ઉપર સુંદર બગીચો બનાવેલો. પંચવટી તરીકે બધા તેને સંબોધતા. એક દિવસ શ્રી નિરંજનભાઈ પૂ.શ્રીને એમના ઘરે લઈ ગયા અને પૂ.શ્રીને ભિક્ષા તથા રાત્રિ રોકાણ પોતાને ત્યાં જ કરવા વિનંતી કરી. પૂ.શ્રીએ હા પાડી દીધી. રહેઠાણની જગ્યાએ ફક્ત એક જ ઓરડો. બીજા ઓરડામાં મશીનની સામગ્રી એમના ઘરે એમનાં પત્ની અને તેમના ત્રણ દીકરા. પૂ.શ્રીએ હા કહી તેથી અમે વિચારમાં પડી ગયાં કે પૂ.શ્રીને રાત્રે ક્યાં સુવાડીશું? અમારી દ્વિધા તેઓ કળી ગયા અને કહ્યું કે "બગીચામાં મધુમાલતીના વેલાની નીચે હીંચકા ઉપર આપણો મુકામ."

હીંચકાની પાટ ૪' x ૨ા' ની પરાણે હશે. જ્યારે પૂ.શ્રીની ઊંચાઈ આશરે ૫' અને ૧૦'ની હશે. હવે સૂઈ રહેવું કઈ રીતે? પછી હીંચકાની એક બાજુ નાનું ટેબલ અને બીજી બાજુ ખુરશી

લેવલમાં રહે તેમ ગોઠવી દીધાં. આ પાટ ઉપર જ પૂ.શ્રીએ રાત્રિ મુકામ કર્યો. હવે પૂ.શ્રી બાપુજી પડખું બદલે એટલે હીંચકો હાલે અને ખુરશી, ટેબલ અને હીંચકો ત્રણે મળીને વાતો કરે. 'કિચૂડ કિચૂડ' અવાજ આવે. આવું વારંવાર થયા કરે. આ સમયે વંદનીય મુ. વડીલ શ્રી માસ્તરકાકા પૂ.શ્રી બાપુજીની સાથે અમારે ત્યાં રોકાયેલા, ત્યારે તેમણે પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની પાટની વાત કરી. પૂ.બાપજી કહેતાં કે "પાટ હાલરડું ગાય છે તને શું ખબર પડે?" પૂ.શ્રી બાપજી જે શબ્દો બોલેલા તેવા જ ઉચ્ચાર પૂ.બાપુજી ઘણીવાર કરે છે. આમ આ બંને વચ્ચેની સમાનતાની ઝાંખીનું દર્શન થયા કરે છે.

આ જ દિવસોમાં સવારે ૭.૩૦ થી ૮.૦૦ કલાકે શ્રી બોરિયા મહાદેવના મંદિરના ઓટલા ઉપર પૂ.શ્રી સાથે અમે બેઠા હતા તે સમયે મહેસાણા ડિ.સે.કો. ઑપરેટીવ બેંકના માણસા શાખાના ઍજન્ટ અને મારા મિત્ર શ્રી ઈન્દ્રવદન જોષી પૂ.શ્રીનાં દર્શનાર્થે આવેલા. તેમને શારીરિક તકલીફ હતી તેની વાત તેમણે પૂ.શ્રીને કરી. પૂ.શ્રી બાપુજીએ દવા લખવા માટે મારી પાસે કાગળ અને પેન મંગાવ્યા. આ સમયે મારા એક મિત્રએ મને ગવર્મેન્ટ ઑફિસનું છાપેલું લેટર પૅડ આપેલું તે મેં પૂ.શ્રી બાપુજીના હાથમાં મૂક્યું. લેટર પૅડ જોઈને પૂ.શ્રીએ કહ્યું આ આપણાથી કેમ વપરાય? આ ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયાનો કાગળ છે. જો આટલું નાનું નાનું પાપ એકઠું થઈને એક દિવસ મોટો ઢગલો થઈને રહે તેને આપણે કેવી રીતે પહોંચી વળીએ? એ જ સમયે મેં નક્કી કર્યું કે આ લેટર પૅડ જ્યાંથી આવ્યું છે ત્યાં પરત આપી દેવું. અને મેં તે પરત આપી દીધું. આવી બાબતોમાં બને તેટલી જાગૃતિ રાખવાનો મનમાં પાકો નિશ્ચય થયો.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના અનેક પ્રસંગો છે. તેમાં ઘણા પ્રસંગો તો પૂ.શ્રી બાપજી (રંગ અવધૂતજી) જે જે સ્થળે ગયા હતા તે તે સ્થળે પૂ.શ્રી પ્રેમ અવધૂતજીને જવાનું થયેલું. આવા સ્થળે ગયા પછી ખબર પડે કે પૂ.શ્રી બાપજીને અહીં પધારે ૨૫ વર્ષ પૂરાં થાય છે અથવા તો જે દિવસે પૂ.શ્રી બાપજી પધાર્યા હોય તે દિવસે તારીખ, વાર, તિથિ, સમય વગેરેની સામ્યતા જણાતી. ધમડાછા સને ૧૯૬૩ના વૈશાખ માસમાં પૂ.શ્રી બાપજી શ્રી અમૃતભાઈને ત્યાં પધારેલા. તે વખતે તેમણે લાકડાની કુટિર બનાવી હતી.

૧૯૮૫ના વૈશાખ વદ ૮ને રવિવાર તા. ૧૨-૫-૧૯૮૫ના રોજ પૂ.શ્રી પ્રેમ અવધૂતજી આ તીર્થસ્થળે પધાર્યા ત્યારે લાકડાની કુટિરની જગ્યાએ તેમણે પાકા મકાનની કુટિર પૂ.શ્રી બાપજીની સ્મૃતિ પ્રસાદીરૂપે બનાવેલી તેમાં પૂ.શ્રી પ્રેમ અવધૂતજી પૂ.શ્રી બાપજીની પાદુકાજી સાથે પધાર્યા.

બિલિમોરાઃ ૧૯૫૯માં જુલાઈની ૧૩મી તારીખે પૂ.શ્રી બાપજીએ શ્રી રવુભાઈની વાડીમાં મુકામ કરેલો તે જ વાડીમાં તા. ૧૩-૫-૧૯૮૫ને સોમવારના રોજ પૂ.શ્રી પ્રેમ અવધૂતજી પધાર્યા!

---

**જ્યારથી નિર્ગુણમાંથી સગુણની ઉપાસના થઈ ત્યારથી શિવપૂજાની શરૂઆત થઈ.**

---

**દૈન્યહારિણિ ગુરુકૃપા, કલ્પવૃક્ષ સાક્ષાત્,**
**થાતાં અમૃત હેલી, ક્યાં રહે મોતની વાત? (અ. ૭૨, દો. ૭૯)**

મરોલીઃ મરોલીવાળા ભાઈઓની વાતચીત ઉપરથી જાણવા મળ્યું કે પૂ.શ્રી બાપજીએ ૧૯૬૮માં કારતક મહિનામાં એવો વાયદો આપેલો કે વૈશાખ મહિનામાં મરોલી પધારીશ. પરંતુ ૧૯૬૮ના કારતક મહિનાની અમાવાસ્યાના દિવસે પૂ.શ્રી બાપજી બ્રહ્મલીન થયા અને તેમનો વાયદો પૂરો કરવા માટે જ જાણે પૂ.શ્રી પ્રેમ અવધૂતજીને અહીં મોકલ્યા નહિ હોય! અને પૂ.શ્રીનો વાયદો પૂરો કરવા માટે જ મરોલી જવાનો કૉલ આપ્યો. આમ લગભગ ૧૭ વર્ષે ૧૯૮૫માં વૈશાખ માસમાં જ મરોલી જવાનું નક્કી થયું તેથી મરોલીના ભક્તોનો આનંદનો પાર જ ન રહ્યો અને આ તા. ૧૩-૫-૧૯૮૫ના વૈશાખ વદ ૯ને સોમવારે પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનો મુકામ મરોલીમાં થયો.

નવસારીઃ અહીં શ્રી બાબુભાઈ ભટ્ટના કહેવા મુજબ પૂ.શ્રી બાપજીએ તેમના ઘરે પધારવાની હા કહી હતી અને કહેલું કે તારા છોકરાને ભણી ગણીને નોકરી મળશે એટલે આવીશ. છોકરાને નોકરી મળે બે મહિના જ થયા હતા. કેવો યોગ? કેમ જાણે અહીં પણ પૂ.શ્રી બાપજીએ આપેલો વાયદો પૂ.શ્રી પ્રેમ અવધૂતજી દ્વારા પૂર્ણ કર્યો.

એ જ સિદ્ધપુર અંબાજી વગેરે અંગે પણ બન્યું છે.

**"અવધૂતો કી ગત ન્યારી હૈ"** તે આનું નામ.

❀

**આપણે ધ્યાન માટેની નહિ, ધ્યાનમાં બેસવાની યોગ્યતા પ્રાપ્ત કરવાની તૈયારી કરવાની છે.**

# (૩૩)

# "પૂ.શ્રી પ્રેમ અવધૂતજીઃ સ્વપ્ન દ્વારા સ્વીકૃતિ"

- શ્રી શિવકુમાર ગિરજાશંકર રાવલ
મહેસાણા.

જેની ચેતના વિરાટપુરુષ શ્રી રંગ ભગવાનમાં ધબકતી હોય, જેના ધબકારામાં શ્રી રંગની છબી ઊભરાતી હોય તેમના વિશે મારી અલ્પમતિ શું લખી શકે? જો કંઈક પણ ઉચિત લખાવે તો શ્રી રંગદેવ જ લખાવી શકે અને જો કંઈ પણ લેખિની ઝીલી શકે તો તે પણ શ્રી રંગની જ કૃપા ગણવી રહી.

શિવ-શક્તિના ઉપાસક પરિવારમાંથી આવનારને તા. ૬-૨-૧૯૮૦ની રાત્રિના "ગુરુદેવ દત્ત" કહી પૂ.માજીએ, નારેશ્વરના લીમડા નીચે સ્વપ્નમાં દષ્ટાંત ન આપ્યું હોત તો અત્રિનંદન, રુકમાનંદન અને શાંતિનંદનના વિગ્રહધારી લીલારૂપોની કદીએ ભાળ મળી હોત ખરી? આ વાત પૂ.શ્રી પ્રેમ અવધૂતજીને લીંચના પ્રથમ પરિચય દરમિયાન કહી ત્યારે તેમણે અહીં મીટરનો કાંટો રાખ્યો છે, તે ફેરવવાનો! તેવી સાહજિક શૈલીમાં નિર્ભેળ ઉત્તર આપ્યો.

ગામડાના ખેત-ધીરાણના વ્યવસાયમાં શ્રી અંબારામભાઈ પટેલ રે. ભાસરીયાના પરિચયે પૂ.બાપજીના અનુગ્રહિત લીંચના બચુભાઈ વિશે ભાળ મળી. એ જ પ્રકારે લીંચના જ ફરજના સમય દરમિયાન શ્રી દેવચંદભાઈ પટેલે (મુખી) તા. ૧૩-૫-૧૯૮૦ના સાંજના ૪.૦૦ વાગ્યે તેમનું પ્રથમ અને પવિત્ર કૃપાનું ઉદય સમું દર્શન કરાવ્યું!!

પૂ.શ્રીની સહજ, સ્વયં શ્રીદત્તના જેવી નિરાડંબર શૈલીએ ૨-૩ માસના પરિચય સુધી તેમના વિરાટપણાને કળાવા જ ન દીધું! પછીના એક સ્વપ્નમાં શ્રીફળ આપતાં દર્શન થયું. મેં પૂછ્યું, "અપવિત્ર સ્થિતિમાં છું, લેવાય?" એ જ સરળ ઉત્તર. "કંઈ વાંધો નહીં, લેવાય."

વધુ એક સ્વપ્ન દર્શન થયું. ગિરિશૈલ ઉપર ટોચે, (કપાટ જેવા) સપાટ વક્ષઃસ્થળ ઉપર સફેદ વસ્ત્રધારી પૂ.શ્રી પ્રેમ અવધૂતજી બેઠા છે. મારા આગંતુકના નિજ કુટુંબના કુશળ પૂછે છે.

દેવ કૃપાનો સાગર છે. પાત્ર કેવડું છે? જોયા વિના વરસ્યે જ જાય છે. થોડાં વર્ષોના (૬ વર્ષ) કૃપાસાગરમાં સ્નાન પછી પૂ.શ્રી રંગ ભગવાન મારું મન જોવા સ્વપ્ન આપે છે. તમે લીંચ જાઓ છો પણ બચુભાઈ ઠીક; ખાસ કાંઈ નહીં!!! હવે? પૂ.બાપજી રૂબરૂ તો કોઈની તાકાત છે? જવાબ કરવાની? પરંતુ આ સ્વપ્ન હતુંને? તેથી મેં મારા મનને, મારી જાતને, મારા

---

**સાધના એ દર્શન માટેનું સાધન છે, પ્રદર્શન માટેનું નહિ.**

અંતરાત્માને તરત જ પૂછ્યું બહાર રહી કસોટી કરનાર એ જ ભગવાને અંતર્યામી સ્વરૂપે મને આત્મપ્રતીતિ કરાવી કે, "મેં જે ગુરુમહારાજના ખોળે માથું મૂક્યું છે તે બરાબર છે."

આમ મારા જેવા રસ્તાના પથ્થર પર શ્રી રંગપ્રેમે સ્વપ્નમાં દૃષ્ટાંતો દ્વારા અને પ્રત્યક્ષપણે અનન્ય કૃપા કરી. તેમનાં પુનિત ચરણો મારા મસ્તક પર મૂક્યાં. પૂ.માજીએ લીમડા નીચે સ્વપ્નમાં દર્શન આપ્યું. તેમના કૃપાસાગરમાં સ્નાન કરાવ્યું; નામ સુધારસનું પાન કરાવ્યું. વગેરે વગેરે કેટ કેટલા અનંત ઉપકારોને યાદ કરું? નારેશ્વરના લીમડાએ કટુતા ત્યજી છે તેમ ભગવાન મને પણ અનુગ્રહિત કરે તેવી પ્રાર્થના સ્ફુરે છે.

મેં પૂ.શ્રીને પૂછેલું, આટલા ટૂંકા ગાળામાં કેટલા અવતાર વિગ્રહો? પ.પૂ. સ્વામી મહારાજ, પૂ.બાપજી અને હવે તમે *પ્રેમ વિગ્રહ સ્વરૂપ? પૂ.શ્રી નિરુત્તર જ રહ્યા!!

૧૯૯૦ના બોદાલી મુકામે પૂ.શ્રી સાથે સહજ વાતમાં મારાથી બોલાઈ જવાયું તમારી ચેતના પૂ.બાપજીમાં સંપૂર્ણ પણે લય પામેલી છે. એક બાળક માના ખોળામાં સૂતું હોય તેમ. જ્યારે તમે જગત સાથે વ્યવહાર કરો છે ત્યારે જ જાણે ગુરુ'મા'ના ખોળામાંથી જાગો છો.

આ જ મુકામ દરમિયાન મને પ્રતીતિ થઈ કે સંગમ નીચે જે શ્રી નૃસિંહસરસ્વતી ભગવાન લીલાઓ કરતા તે જ આ મારા ગુરુમહારાજ સ્વયં છે! તેમને જે અલ્પ બુદ્ધિ વડે, નીકટતાનાં સંબોધનોથી સંબોધીએ છીએ, ઓળખીએ છીએ તે મર્યાદાપૂર્ણ અને અપૂરતું છે.

અંતમાં મારી અનુભૂતિ લખવાનું મન થઈ આવે છે કે આવતીકાલનો ઈતિહાસ આ એક વ્યક્તિરૂપધારી પરમાત્મપુરુષના નામથી સમગ્ર ઉત્તર ગુજરાતને ઓળખશે.

ભગવાન શ્રી રંગના પ્રાણપ્રિય અને પનોતાપુત્ર "શ્રીબચુભાઈ"નું આ પુનિત પ્રેમ વિગ્રહધારી પ્રેમ સ્વરૂપ, ગોકુલના શ્યામસુંદર, મુરલી મનોહરની જેમ દત્તભક્તોને અનુગ્રહિત અને મોહિત કરતું રહે. પ્રેમ પુલકિત હાસ્ય વેરતું રહે. એ જ પૂ.શ્રી માજી અને પૂ.શ્રી રંગ ભગવાનને પ્રાર્થું છું.

સ્મરણિકામાં લખાણ આપવાના નિમિત્તે શ્રી ગુરુ ભગવાનનું સ્મરણ અને લેખન દ્વારા અંતઃકરણ પવિત્ર કરવાનો અવસર મળ્યો તે માટે ધન્યતા અનુભવું છું.

પૂ.શ્રી રંગ ભગવાનને પ.પૂ. સ્વામી મહારાજની લીલાઓનું ગાન "આ મેરુને મોહથી આંગળીથી ખોદી નાંખવાનો પ્રયત્ન" જ લાગતું હોય ત્યાં આ રાંકડા રાવલનું વળી શું ગજું?

❁

---

*સાક્ષાત્ પ્રેમનો અવતાર.

# (૩૪)

# ગુરોરાજ્ઞા અવિચારણીયમ્

- સૌ. શ્રી પન્નાબહેન ઈન્દુભાઈ દવે
અમદાવાદ.

પ.પૂ. પ્રેમ અવૂધતજીના પરદેશ પ્રવાસમાં હું પણ જોડાઈ હતી. ૫૯મી જન્મજયંતી નિમિત્તેના અમેરિકાના આ પ્રવાસમાં પૂ. પ્રેમ અવધૂતજીની સગવડતા સાચવવાની જવાબદારી મારી હતી. પણ અનુભવે એમ સમજાયું કે અમને સાચવવાની જવાબદારી પૂ. પ્રેમ અવધૂતજીએ ઉપાડી હતી.

ચાલુ વિમાને એમને વધુ તકલીફ પડે એ સ્વાભાવિક હતું છતાં તેઓશ્રી તો અમોને વધુ તકલીફ ન પડે તેની વેતરણમાં હતા. દૂધ મળે તો ભલે અને ના મળે તોપણ ભલે. દૂધનો સમય થાય તોપણ પૂછીએ ત્યારે જ અનુકૂળતા મુજબ લે. પૂછીએ તો એવું કહે કે બેઠાં બેઠાં કેટલું પચે? આમ કહીને નિર્મળ હાસ્ય વેરતા.

અમેરિકામાં પહોંચ્યા પછી પૂજ્યશ્રીની હાજરીને કારણે સારું લાગતું હતું. થોડા દિવસ બાદ નાયગ્રા જવાનો કાર્યક્રમ ઘડાયો. પૂજ્યશ્રીને તકલીફ ન પડવી જોઈએ એવી મારી ભાવના. એટલે રોજના જેવું જ ભોજન આપવાનું વિચાર્યું. ખીચડી કરવા માટે કૂકર અને ગૅસ સિલિંડર લીધાં. પૂ. પ્રેમ અવધૂતજીએ કહ્યું કે, “પન્ના! મને ખાખરા, મમરા, દૂધ, ફ્રૂટ વગેરે ચાલશે. આ બધી માથાકૂટ કરવાની કાંઈ જરૂર નથી.” છતાં મારી ભાવના એવી કે આપણે હોટલમાં બધું જમીએ અને પૂ.ભાઈને સૂકું જમવાનું આપવાનું? એ ભાવનાવશ એમની ના પર કૂકર અને ગૅસ સિલિંડર લીધાં.

નાયગ્રા ધોધ જોયો. પૂ.શ્રીએ ધોધનાં દર્શન કરી નાયગ્રા ધોધને નમું એવું કાવ્ય રચ્યું. નાયગ્રાના કિનારે ખીચડી બનાવવાનું નક્કી કર્યું કારણ કે પછી દૂર દૂર જવાનું હતું અને ત્યાં ખીચડી બનાવવાનું ફાવે તેમ ન હતું. પૂ.ભાઈને એક ઝાડ નીચે આસન આપ્યું અને કહ્યું કે ખીચડી મૂકીએ છીએ, તે દરમિયાન તમે ફ્રૂટસ્ વગેરે લો. પૂ.ભાઈએ પાછી ના કહી. એમણે કહ્યું કે પન્ના! તું ખીચડી મૂકવાનું રહેવા દે. મને ખાખરા, મમરા, દૂધથી ચાલશે. “મેં બહાનું બતાવ્યું કે અમારે જ ખીચડી ખાવી છે એટલે તમારે માટે નહિ પણ અમારે માટે ખીચડી તૈયાર કરવાની જ છે.

> **લઈ કાંઈ પણ દેવ સહુ પૂરે ઈચ્છા જાણ,**
> **વિણ દાને રીઝ્યો પ્રભુ, ગુરુકૃપા એ માન. (અ. ૯૬, દો. ૧૨)**

ગુરુની ઈચ્છા અને આજ્ઞાની વિરુદ્ધ જઈને ખીચડી તો મૂકી પણ થોડી જ વારમાં ગૅસ સિલિંડર સાથે સળગ્યો અને આગ લાગી. પાણી પાસે હતું એટલું સારું હતું. આગ બુઝાઈ તો ગઈ પણ એમ લાગ્યું કે પૂ.બાપજીની કૃપાથી શૂળીનું વિઘ્ન સોયથી ગયું. અમે બચી ગયાં.

આગલી રાતે પણ ગુરુની આજ્ઞાનું પાલન ન કરવાનું પરિણામ જોયું હતું. મૉટેલમાં હતાં ત્યારે સવારની સાથે લીધેલી વસ્તુ ગરમ કરીને પૂ.શ્રીને આપું એવી ઈચ્છા હતી. એમણે તો કહ્યું કે ઠંડું જે હોય તે ખાઈશું. પણ મેં તો ગરમ કરવા ગૅસ સળગાવ્યો. ત્યાં જ ભયસૂચક બેલ વાગ્યો. મૅનેજરને ખબર પડી કે રૂમમાં કાંઈ સળગાવ્યું છે. તરત ગૅસ બંધ કર્યો અને આખરે ઠંડું જ ખાધું.

વાર્યા ન વળે તે હાર્યા વળે એવું થયું અને ત્યારથી નક્કી કર્યું કે ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કદાપિ નહિ કરવું. કોઈપણ જાતની આનાકાની વગર, વિચાર કર્યા વગર એનું પાલન કરવું.

શાસ્ત્રકારો સાચું કહે છે કેઃ ગુરોરાજ્ઞા અવિચારણીયમ્.

# (૩૫)
# પૂ. પ્રેમ અવધૂતજી : પ્રવાસનાં મીઠાં સંભારણાં

- ડૉ. શ્રી ઈન્દુભાઈ દવે
અમદાવાદ.

મારા મોટાભાઈ દિનેશભાઈના શુભ સંકલ્પના બળે મારે પૂ. પ્રેમ અવધૂતજી સાથે યુ.એસ.એ. જવાનું આવ્યું. મારી સાથે મારાં ધર્મપત્ની સૌ. પન્ના પણ આવનાર હતી. ૫૯મી જન્મજયંતી ઊજવવાનું સદ્ભાગ્ય અમારા કુટુંબને મળવાનું હતું અને પરદેશમાં પૂ. પ્રેમ અવધૂતજીના પ્રથમ પદાર્પણ થવાના હતા.

વિઝા લેવા મુંબઈ ગયા ત્યારે કોન્સ્યુલેટ ઑફિસમાં દરેકને વિઝાની ના પડાતી જોઈ શ્રદ્ધા ડગી ગઈ. તેમાં ભારતના સાધુ પ્રત્યે કદાચ આદરભાવ ઓછા પણ હોય કારણ કે સાધુઓનું પરદેશમાં વર્તન સાધુતાભર્યું ઓછું હોય છે. વિઝા ના મળે તો અમે જોરશોરથી પરદેશ ગમનની કરેલી જાહેરાતનું શું? આબરૂના કાંકરા થવાનો, નાનમ લાગવાનો પણ ભય.

ગુરુમહારાજનું સ્મરણ કર્યું. એની ઈચ્છાને વશ જઈ રહેલા પૂ. પ્રેમ અવધૂતજી તો નચિંત હતા. ઈન્ટર્વ્યૂ થયો અને અમને વિઝા મળ્યો. આનંદ આનંદ વ્યાપી ગયો.

મુંબઈથી અમેરિકા વિમાન દ્વારા જઈએ તોપણ અનેક પ્રકારની તકલીફ તો પડે જ. આપણને મુશ્કેલી ઓછી પડે પણ પૂ. પ્રેમ અવધૂતજીનું શું? એમને જમવાની તકલીફ પડશે એનું શું? લાંબી મુસાફરી હોવાથી અનેક પ્રશ્નો થવાના. પણ સદા પ્રસન્ન ચિત્તે રહેતાં પૂ. પ્રેમ અવધૂતજીએ અમારી મૂંઝવણ દૂર કરી.

અમેરિકામાં પણ વાતાવરણ જુદું, રહેણીકરણી જુદી, રીતભાત જુદી. આમ છતાં દત્તાત્રેયના એક ગુરુ પાણીની જેમ સમરસ થઈ ગયા. પોતાના કારણે કોઈને તકલીફ ન પડવી જોઈએ એ એમનો મુદ્રાલેખ. **'પરનો વિચાર કરે તેને જ પરબ્રહ્મ મળે'** એ સૂત્ર આચરણમાં મૂકીને ઉપદેશ આપ્યો.

પોતે સંત તરીકે આવ્યા છે એમ નહિ પણ કુટુંબના વડીલ તરીકે જ વર્તે. હું શિસ્તનો કડક આગ્રહી હોવા છતાં પણ મારા પક્ષે ભૂલ, ખામી કે દોષો રહ્યા જ હશે. આમ છતાં એમણે એમનું મન નાનું કર્યું નથી કે ખાટું કર્યું નથી. બધી વાતને અંતે એમ જ કહે કે "મારા ગુરુમહારાજને ગમે તેવો વ્યવહાર, જીવનચર્યા અને આચરણ કરવાં એ મારી ફરજ છે."

આચરણ દ્વારા ઉપદેશનો ગુરુમહારાજનો સિદ્ધાંત એમણે અક્ષુણણ રીતે પાળી બતાવ્યો અને તે દ્વારા મને માર્ગદર્શન આપી મારી ગુરુમહારાજ પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધાને દઢ બનાવી.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતીએ એમનાં ચરણકમળમાં શીશ ઝુકાવી પ્રભુનું સ્મરણ કરું અને ગુરુમહારાજને પ્રાર્થું કે અમારાં સુખશાંતિને કાજે પણ તું એમને નિરામય ચિરાયુ આપ.

**નિયતિએ નિર્માણ કરેલ પોતાનાં કર્મ-ફરજ છોડી માત્ર ભગવત્ જાપનો ઉચ્ચાર કરનાર પ્રભુનો દ્રેષ્ટા છે.**

# (૩૬)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ શ્રદ્ધા-ભક્તિના પોષક

- શ્રી મફતલાલ અ. ઠક્કર
સિદ્ધપુર.

જે વ્યક્તિને સંતપુરુષનાં દર્શન સેવાનો લાભ પ્રાપ્ત થાય તે વ્યક્તિ ધન્ય બની જાય છે તેમ જ બીજાને પણ ધન્ય બનાવી જાય છે. પ્રાતઃસ્મરણીય પ.પૂ. ગુરુમહારાજ શ્રી રંગ અવધૂતજીના આ જીવન પોતાની જાતને સેવક તરીકે ઓળખાવનાર લીંચ નિવાસી પૂજ્ય બચુભાઈ-પ્રેમ અવધૂતજીના નિરામય જીવનના સંપર્કથી મારામાં જ ભક્તિ અને શ્રદ્ધાનું બીજ રોપાયેલું છે તે ધીમે ધીમે દૃઢ બની વિશાળ ભક્તિવૃક્ષ તરીકે વિકાસ પામ્યું છે. પ્રેમ અવધૂતજીનો પ્રથમ પરિચય જ્યારે પરમ પૂજ્ય રંગ અવધૂતજી ૧૯૬૭માં લીંચ મુકામે પધારેલ ત્યારે તેમનાં દર્શન વખતે પ્રાપ્ત થયો હતો. ત્યાર પછી તો પૂ. પ્રેમ અવધૂતજીનો સંપર્ક સેવાની મધુર સરવાણી જેમ વધતો જ ગયો. પ્રેમ અવધૂતજીના સંપર્કને કારણે મને જે સંતપ્રસાદીની અનુભૂતિ થઈ છે તે બધા પ્રસંગો મારાથી વર્ણવી શકાય તેમ નથી. તે તો માત્ર માણવાની ગમે એવી સ્મરણીય બાબત છે.

સિદ્ધપુર પરિવારના શ્રી જ્યોતીન્દ્રભાઈ ત્રિવેદીને ત્યાં ૧૫-૮-૧૯૮૬ને શુક્રવારે ઔદુંબરના સ્થાપન વિધિ વખતે પૂ. પ્રેમ અવધૂતજીને આમંત્રણ આપવાનો લાભ ભાઈ શ્રી ત્રિવેદી સાથે મને પણ મળેલ. આમંત્રણ પાઠવી સિદ્ધપુર આવી ગયા તે જ દિવસે રાત્રે શ્રદ્ધા, ભક્તિ અને સેવાનો જે લાભ ગુરુપૂજનથી મળે છે તેની અનુભૂતિ પ્રેમ અવધૂતજીએ મને સ્વપ્ન મારફતે સહજ કરાવી.

અવધૂત કુટિરમાં સાયંપ્રાર્થના પતાવી હું પૂ. પ્રેમ અવધૂતજીની સાથે ચાલતો ઘરે આવી રહ્યો હતો. રસ્તામાં પૂ. પ્રેમ અવધૂતજીની દિવ્યવાણીનો લાભ સતત મળતો હતો. ચોમાસાની ઋતુ હતી. વરસાદનાં પાણીથી રસ્તો કાદવ કીચડથી ભરાયેલો હતો. રસ્તાની બંને બાજુએ પાણીથી ભરાયેલા ખાડાઓ હતા. હું તો પૂજ્ય બચુભાઈની દિવ્યવાણીમાં ખોવાયેલો હતો. રસ્તામાં હું ક્યાં ચાલું છું તેનું ભાન ન હતું. અચાનક પાણીથી ભરાયેલા એક ખાડામાં મારો પગ લપસી પડ્યો. હું જાગૃત થયો ત્યારે ભાન થયું કે આ તો માત્ર એક સ્વપ્ન હતું. છતાં પરમ પૂજ્ય બાપજી, સર્વવ્યાપી અણુએ અણુમાં વ્યાપેલા છે તેની અનુભૂતિ કરાવી. સ્વપ્નમાં પણ પોતાના ભક્તને પડવા દેતા નથી. પૂજ્ય બચુભાઈ મને હંમેશાં કહેતા કે બધુ જ બાપજીને સમર્પિત કરી દો.

**અલ્પ ધર્મ પણ આચરશો તો અનલ્પ થશો.**

પછી આપણી બધી ચિંતા કરવા માટે તે બેઠો છે. આ મારા જીવનનો અદ્‌ભુત, ન વર્ણવી શકાય કે કલ્પી ન શકાય તેવો અનુભવ છે. ત્યારથી હું સતત પ્રેમ અવધૂતજીની હૂંફ, પ્રેમ અને લાગણીનો ચારેબાજુથી અનુભવ કરી રહ્યો છું. લોહચુંબકની જેમ તેમની તરફ ખેંચાતો રહ્યો છું.

રંગકૃપાનું કેવું ફળ પ્રાપ્ત થાય છે તેનો મારો બીજો અનુભવ પણ પ્રેરણાદાયી છે. વ્યવસાયે હું પેટ્રોલ કેરોસીનનો વેપારી છું. સિદ્ધપુર સ્થિત એક પેટ્રોલપંપ મેં વેચાણ દ્વારા રાખેલ છે. આ પેટ્રોલપંપની ડીલરશીપ જે નામે ચાલતી હતી તે નામ પ્રેમ અવધૂતજીની આજ્ઞા અનુસાર અવધૂત પેટ્રોલિયમ રાખવાનું નક્કી કર્યું. ડીલરશીપનું નામ બદલવાની વિધિ અટપટી અને મુશ્કેલ હતી, મારા પહેલાં ઘણા ડીલરોએ ડીલરશીપનું નામ બદલવા પ્રયત્ન કર્યા હતા. તેમને અનુભવ સુખદ ન હતો. મને તો બાપજીમાં પૂરી શ્રદ્ધા હતી. ખૂબ જ ટૂંકાગાળામાં મારો પેટ્રોલપંપ અવધૂત પેટ્રોલપંપ બની ગયો. મારા માટે આ એક સુખદ અનુભવ હતો.

પરમ પૂજ્ય પ્રેમ અવધૂતજીની ૫૫મી જન્મજયંતી વિજાપુર તાલુકાના આજોલ ગામે ઊજવાયેલ. તે આનંદ સાગરમાં નાહવા માટે હું પણ ઉપસ્થિત હતો. અચાનક મારા મનમાં પ્રેમ અવધૂતજીની જન્મજયંતી મારા ઘરે ઊજવવાનો વિચાર સ્ફુર્યો. મેં પૂજ્ય બચુભાઈ સમક્ષ આગામી ૫૬મી જન્મજયંતી ઊજવવાની માંગણી કરી પરંતુ અગમ્ય કારણોસર મને તે સેવાની તક પ્રાપ્ત ન થઈ. મારે સતત ચાર વર્ષ સુધી રાહ જોવી પડી અને ૬૦મી જન્મજયંતી ઊજવવાની સોનેરી તક પ્રાપ્ત થઈ. પૂજ્ય પ્રેમ અવધૂતજીની જન્મજયંતી ભાદરવા સુદ એકમ ઊજવાય છે તે દિવસે અંગ્રેજી મહિના પ્રમાણે મારી જન્મ તારીખ પણ આવતી હતી. કેવો અદ્‌ભુત યોગ હતો? બાપજીની જન્મજયંતી સાથે મારો પણ જન્મદિવસ ઊજવાઈ ગયો.

૬૦મી જન્મજયંતી નિમિત્તે ૬૦ સપ્તાહ પારાયણ રાખેલાં. પરિવારના મિત્રોના સાથ સહકાર અને પૂજ્ય બાપજીની અસીમ કૃપાથી સપ્તાહ પારાયણનો કાર્યક્રમ આનંદ ઉલ્લાસથી પૂર્ણ થઈ ગયો. સપ્તાહ પારાયણની પૂર્ણાહુતિ પછી પ્રેમ અવધૂતજીની જન્મજયંતીનો પ્રસંગ અંબાજી મુકામે ચૌધરીની ધર્મશાળામાં સંપન્ન થયેલ. ચોમાસાની ઋતુના કારણે આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. વરસાદ હમણાં આવશે એવી સતત ભીતિ સેવાઈ રહી હતી. અમે પ્રેમ અવધૂતજીને આ બાબતથી વાકેફ કર્યા ત્યારે તેમણે અડગ શ્રદ્ધાથી કહ્યું કંઈ જ થવાનું નથી. તમે ચિંતા કરશો નહિ. બસ પછી તો અમારા સૌનો ઉત્સાહ અનેરો વધી ગયો. ઘનઘોર વાદળો હોવા છતાં વરસાદનું ટીપું પણ વરસી શક્યું નહિ. સમગ્ર ભક્તવૃંદે અસીમ ઉત્સાહથી પ્રસંગ પૂર્ણ કર્યો. બધા પોતાના ઘરે પહોંચ્યા પછી વરસાદની હેલી થઈ.

> **કલિતારક ગુરુગાન છે, રમ્ય, રુચિર, રસાળ,**
> **નિશ્ચય મનનો હોય તો કાઢે પાછો કાળ. (અ. ૧, દો. ૯૯)**

આખા સપ્તાહનો પ્રસંગ અને અંબાજી મુકામે જન્મજયંતી પ્રસંગ નિર્વિઘ્ને પૂરો થયો તેનું રહસ્ય બાપજીના પગ પરની આંગળી પર બાંધેલા પાટા દ્વારા છતું થયું ત્યારે અમારા સૌની આંખોમાં આનંદના આંસુ આવી ગયા. બાપજીએ આખા પ્રસંગની કઠિનાઈ પોતાના પગની આંગળી પર ઝીલી લીધી હતી. સંતોનું જીવન કેવું છે? ભક્તોની પીડા પોતે હસતે મુખે સહન કરી લે છે.

૬૦મી જન્મજયંતીના આ પ્રસંગ દરમિયાન પૂ. પ્રેમ અવધૂતજીના પ્રેમમાં સતત નાહવાનું મને જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેનું વર્ણન કરવા હું લાચાર છું. હર હંમેશ જન્મો જન્મ પ.પૂ. બાપજી તેમ જ પ્રેમ અવધૂતજીના આશીર્વાદ અને ભક્તિ મારા કુટુંબને સતત મળતા રહે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરી વિરમું છું.

❀

# (૩૭)

# શ્રી રુકમાઈ મંડળ અને શ્રી પ્રેમ અવધૂતજી

- શ્રી નંદલાલ ટી. શ્રોફ
મુંબઈ.

ભાલોદના બળવંતની વાત તેમાં જ જાણ,
સેવાધર્મ સુગૂઢ ત્યાં એમ શીખવ્યો માન. (શ્રીગુ.લી. અ. ૧૪૮, દો. ૯૦)

પૂ.શ્રીએ દત્ત ભગવાનની પ્રાર્થના કરતાં ગાયું છે કેઃ-

કાષ્ઠ થઈ પાવડી પાવની તુજ બનું, મૃદ્ બની કેશ કાળા પખાળું;
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા અંગ પર જો ધરે તું કૃપાળુ.

મૃગ થઈ વ્યાધથી દેહ વીંધાવું આ, અજિન થઈ બેસવા કામ લાગું;
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું, દરસ વિણ આન નવ કાંઈ માગું!

ભક્ત તો ભગવાનનું નિત્ય દર્શન માગે-પછી એને માટે એણે કાષ્ઠ, માટી, પશુ બનવું પડે તોપણ વાંધો નહિ; અરે આ નાશવંત શરીરની ભસ્મ પણ જો ભગવાનના ઉપયોગમાં આવતી હોય તો તેની તૈયારી પણ રાખવી પડે એવો ગૂઢ બોધ આ પ્રાર્થનામાં છે.

જ્યારે શ્રી પ્રેમ અવધૂતજી-બચુભાઈના સંબંધમાં વિચાર કરીએ છીએ ત્યારે આ જ ભાવના જાગે છે. એમની સેવા સૌરભની વાતો અવધૂત પરિવારને જાણીતી છે. એ સેવામૂર્તિએ ઉપરના શ્રીગુ.લી.ના દોહરામાં સૂચવાયેલ ભાલોદના શ્રી બળવંતની વાતની માફક જ સેવાધર્મની ગૂઢ વાતો આચરી છે. જેમ પ.પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે બદરીકેદારની યાત્રા પ્રસંગે રસ્તે સાથે થયેલ સાથીની સેવા કરી, એનાં મળ મૂત્રાદિ ધોયાં, એના સોમલ ઝેરનો ઉપાય કર્યો, એનાં સગાં-વહાલાં આવે ત્યાં સુધી રાહ જોઈ વગેરે દ્વારા સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય યોગીઓને પણ અગમ્ય (પણ સ્વામી મહારાજને સુગમ્ય) એવો સેવાધર્મ બજાવ્યો. એ જ રીતે શ્રી બચુભાઈએ પૂ.શ્રીની નાની મોટી સેવા દ્વારા પૂ.શ્રીના અંતઃકરણના આશીર્વાદો પ્રાપ્ત કરી લીધા છે અને એ જ સુવાસ દ્વારા એ પરિવારના હૃદયને મઘમઘાવી મૂકે છે.

શ્રી રુકમાઈ મંડળ, મુંબઈ (કાંદિવલી)ને એક અલભ્ય લાભ એ મળ્યો છે કે એ મંડળ પૂ.શ્રીના સુપ્રીમ કોર્ટ્સમાં પૂ.માજી રુકમાબાઈના નામથી પૂ.શ્રીની વિચારધારા ફેલાવવાનું નિમિત્ત બને છે. અને પૂ.માજીને ત્યાં કયો દીકરો ન આવે? અહીં સ્વ. દીનાનાથ પંડિતજી,

શ્રી બાલ અવધૂતજી, શ્રી નર્મદાનંદજી જેવી વિશિષ્ટ વ્યક્તિઓ પધારી છે તેમાં શ્રી પ્રેમ અવધૂતજી અને માનનીય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ પણ પૂ.માજીની ચરણવંદના કરતાં પૂ.શ્રીની આ મુંબઈના પરાં સ્થિત ભાવિકોએ અર્ચેલી મઢૂલીની મુલાકાતથી આનંદ અનુભવ્યો છે.

મંડળના પંચાબ્દી મહોત્સવ નિમિત્તે ભાગવત જ્ઞાનશિરોમણિ એવા પૂ. શાસ્ત્રીજીએ ભાગવતની કથા સંભળાવી છે; તો શ્રી પ્રેમ અવધૂતજીએ ઘણીવાર પધારી શોભાયાત્રાને પોતાની પદયાત્રાથી વિભૂષિત કરી અનેરો આનંદ કરાવ્યો છે. એટલું જ નહીં તેમણે પોતાની નમ્રતા દ્વારા પૂ.શ્રીને એ રીતે મૂકવંદન કર્યાં છે. તેથી જ શ્રી રુકમાઈ મંડળના ભાવુક ભક્તોનાં મન એ ભાવથી પરિપ્લાવિત થઈ સતત શ્રી પ્રેમમય બની રહે છે. તેઓ પણ એ ભાવ જોઈને ભાવની ભાખરીનો પ્રસાદ લેવા જ્યારે જ્યારે સાદ પડે ત્યારે સાનુકૂળ પ્રતિસાદ આપી મંડળની પડખે ઊભા રહી હૂંફ આપે છે. એ જ એમની મહાનતા છે જે નમ્રતામાં છુપાયેલી રહે છે. એમની મુંબઈમાં પધરામણી થતાં પૂ.શ્રી પધારતા હોય એવો આનંદ સર્વત્ર વ્યાપે છે અને ઘણાના ઘણા પ્રશ્નો ઊકલી જાય છે અને તે દ્વારા પૂ.શ્રીનો જય જયકાર ગાજી રહે છે.

એવા પૂ.શ્રીના પનોતા શિષ્યની ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે આ સ્મરણિકામાં મારા જેવાને લખવાનું આમંત્રણ આપી, સમિતિએ યત્કિંચિત્ ગુરુ ગુણગાન ગાવાનું નિમિત્ત આપ્યું છે તે બદલ આભાર માનું છું અને વિરમતાં પહેલાં ઈચ્છું કે ભગવાન રંગાવધૂતના શ્રી બચુભાઈ પર એવા આશીર્વાદ ઊતરો કે એ ઉત્તરોત્તર પ્રગતિના પંથે રહે, લાંબું નિરામય આયુષ્ય ભોગવે અને રંગ ભક્તોને આનંદ કરાવ્યા કરે!!! અને યુગોના યુગો વહી જશે તોપણ પૂ.શ્રી સાથે એમની સેવા સુવાસ જડાયેલી રહો!!!

(૩૮)

## પૂ.શ્રી પ્રેમ અવધૂતજીઃ "લેવું નહિ પણ આપવું" સિદ્ધાંતના સંત

- શ્રી નંદલાલ મહેતા
વિલેપાર્લે, મુંબઈ.

૧૯૮૭માં મારી ષષ્ટિપૂર્તિ ઉજવણી નિમિત્તે શ્રીગુરુલીલામૃતની સપ્તાહ યોજવાની વિચારણા થઈ ત્યાં સુધી પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનો મને જરાપણ પરિચય ન હતો. ૬૦ વર્ષ પૂરાં થયાં ત્યારે તેની ઉજવણી શ્રીગુરુલીલામૃતની સપ્તાહ કથા દ્વારા ધાર્મિક કાર્યક્રમથી ઊજવવી એમ નક્કી કર્યું. વ્યાસપીઠ પર પરિવારના વિદ્વાન કથાકાર પ્રા. ડૉ. અરુણોદય જાનીની વરણી થઈ.

ડૉ. જાની સાહેબે સૂચન કર્યું કે નારેશ્વરથી યજ્ઞ માટે સર્વદમનભાઈ તથા ટ્રસ્ટીઓમાંથી શ્રી જયંતીલાલ આચાર્ય, ડૉ. શ્રી. ધીરુભાઈ જોષી અને શ્રી જયદેવભાઈ ભટ્ટ વગેરે આવવાના છે તો લીંચ પૂ. પ્રેમ અવધૂતજીને પણ આમંત્રણ આપીએ. મેં સૂચનનો સહર્ષ સ્વીકાર કર્યો અને આમંત્રણ ગયું.

પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચય વિના કેવળ પત્ર દ્વારા થયેલી વિનંતીને માન આપીને, પૂ.શ્રી ગુરુમહારાજના પરિવારનો કાર્યક્રમ છે એવા સાત્ત્વિક ભાવથી, અગવડ સગવડને ન ગણકારતાં પધાર્યા અને પ્રસંગને દીપાવ્યો.

આખા હૉલમાં એમનો વિશિષ્ટ પ્રભાવ પડતો હતો. એમની હાજરીથી ભક્તોમાં ભક્તિનું અજબનું મોજું ઊભરાતું હતું. વાતાવરણ ભક્તિમય બની જતું હતું. તપસ્વી, ત્યાગી અને ઋષિ જેવા લાગતા હતા. પૂ.શ્રી પ્રેમ અવધૂતજીએ નિવાસ દરમિયાન કોઈ ભેટ, ધન આદિ તો ન લીધાં પણ છેલ્લે અમારા તરફથી થયેલ સત્કાર કવરને પણ પરત કર્યું! હૃદયના અતિ આગ્રહ પછી માત્ર શાલનો સ્વીકાર કર્યો.

સાચા સંત કેવા હોય એ જાણવું હોય તો પૂ. પ્રેમ અવધૂતજીનાં દર્શન કરો એવું હું કહી શકું. નિરભિમાની, મિતભાષી, મિષ્ટભાષી, ત્યાગી અને તપસ્વી સંતનાં દર્શન પૂ. પ્રેમ અવધૂતજીમાં થયાં. પૂ.શ્રી રંગ અવધૂતજીની સ્થૂળ ઉપસ્થિતિ ન હોવા છતાં તેમનાં દર્શનથી બાપજીનાં દર્શન થતાં હોય તેવું લાગતું હતું. લેવાની કોઈ અપેક્ષા નહિ અને આપવાની વાત સતત કર્યા કરવી એવો ગુરુદત્તનો સિદ્ધાંત અહીં મને એમના આચારમાં જોવા મળ્યો. મારા જન્મદિને મને પણ શાલની પ્રસાદી આપી ત્યારે હું ગદ્‌ગદિત થઈ ગયેલો.

**ગુરુ વિણ યોગી સિદ્ધ ના પામે કોઈ જ્ઞાન,**
**જ્ઞાન પામતાં દૂર શું ઈશ્વર? કહે સુજાણ. (અ. ૩, દો. ૧૨૮)**

વજ્રેશ્વરીના મુકામ દરમિયાન અનાયાસે પૂ.શ્રી રંગ અવધૂતજી પચીસ વર્ષ પહેલાં જ્યાં રહેલા તે સ્થળે અતિ આદરપૂર્વક પ્રાર્થના આદિ ગોઠવાયાં. વજ્રેશ્વરીમાં યોજાયેલ શિબિરમાં પધારીને બધાને વ્રજનો આનંદ આપેલો તે ભુલાય એમ નથી. પૂ.શ્રીના મિશન માટે તેઓશ્રી અમેરિકા જવાના હતા ત્યારે મને તેમનું સાંનિધ્ય મળેલું. તેમની સાદાઈ, તપ, મૌન, ત્યાગ વગેરે ગુણોનું પ્રત્યક્ષ દર્શન થયું હતું. સાંનિધ્યમાત્રથી અનુપમ શાંતિ પ્રદાન કરનાર પૂ.શ્રી પ્રેમ અવધૂતજી અત્યંત સરળતા પૂર્વક જે જે ભક્તો પધરામણીની ઈચ્છા કરે તેને સંતોષ આપતા હતા. એમનામાં આડંબર, દંભ કે અન્યના દોષ જોવાની કે એની ટીકા કરવાની તો વૃત્તિ જ નથી.

એકવાર રંગજયંતી લીંચમાં ઊજવવાની તક મળી. અવધૂત કુટિર, નારેશ્વર દર્શન તથા શાંત અને પવિત્ર વાતાવરણ જોઈ દિવ્ય આનંદ થયો. પ્રેમમય અને હૃદયના ભાવથી ભરેલી જે મહેમાનગતિ માણવા મળી તે તો ચિરસ્મરણીય જ રહેશે.

મારા ઘરે એક રાત મુકામ કરેલો ત્યારે મને તો કોઈ ટેન્શન મળે જ નહિ. પારકાંનો પહેલો વિચાર કરવાની એમની વૃત્તિને કારણે જ એમની ૬૦મી જન્મજયંતીએ આ લેખ દ્વારા એમને અર્ઘ્ય આપવાનું ઉચિત માન્યું. એમને નિરામય ચિરાયુ મળે એવી ગુરુમહારાજનાં ચરણે પ્રાર્થના અને પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનાં ચરણોમાં અનેકાનેક વંદના.....

✿

# (૩૯)
# "પંચામૃતમ્"

## (૧)
## સ્વપ્ન દર્શન દ્વારા શાંતિ

- શ્રી નીતિનભાઈ ઠાકોર
અમદાવાદ.

અમદાવાદથી સુરત બદલી થઈ ત્યારે વસમી વિદાયની અકળાવનારી પરિસ્થિતિ ઊભી થઈ. ઘરના પરિવારથી છૂટા પડવાનું દુઃખ તો હતું જ પણ સાથે શ્રી કુલીનભાઈ, શ્રી ઈશ્વરભાઈ વગેરેથી છૂટા પડવાનું દુઃખ પણ વધારામાં હતું. પરંતુ આપત્તિમાં પણ આશીર્વાદ(**Blessing in disguise**)નો ભગવાન મને અનુભવ કરાવવાના હશે એનો મને ખ્યાલ ન હતો.

વડોદરાથી સુરત અવરજવર કરવાનું નક્કી થયું. સુરત નોકરીએ જોડાયો અને થોડા જ સમયમાં પૂ. પ્રેમ અવધૂતજીનો વડોદરા, સુરત, બોદાલી વગેરેનો પ્રવાસ ગોઠવાયો. બને તેટલી સેવા કરવાનું મુ. કુલીનભાઈએ મને સોંપ્યું. જેમ જેમ દિવસો જતા ગયા, પૂ. પ્રેમ અવધૂતજીની નજીક સેવામાં રહેવાનું મળતું ગયું તેમ તેમ લાગવા માંડ્યું કે મારી થયેલી બદલી એ ગુરુમહારાજની કૃપાનું જ ફળ છે. આજે મને કુલીનભાઈના શબ્દો યાદ આવે છે કે સુરત જિલ્લામાં ભગવાન તમને ઘાટલોડિયા પરિવારમાંથી પ્રતિનિધિ તરીકે મોકલે છે. તમારા સ્વભાવને આ પ્રદેશ ખૂબ જ અનુકૂળ છે. આજે સુરત, બોદાલી, પલસોદના ભક્તો સાથે કુટુંબ જેવો ઘરોબો કેળવાઈ જવાથી આજે સુરત જવાનું દુઃખ વીસરાઈ ચૂક્યું છે. પૂ. પ્રેમ અવધૂતજી એક એવી કારુણ્યમૂર્તિ છે, સરળતાની અને સેવાની વિભૂતિ છે કે તેમના સાંનિધ્યથી મને સતત એવું લાગવા માંડ્યું છે કે પૂ.શ્રીના મારા પર આશીર્વાદ તો છે જ પણ સૂક્ષ્મ રીતે મારી સાથે છે અને તેની પ્રતીતિ ગુરુમહારાજે મને ૨૯મી ઑગસ્ટે કરાવી.

ભાદરવા સુદ નોમ એ તિથિ પ્રમાણેનો મારો જન્મદિવસ. તારીખ પ્રમાણે ૧લી સપ્ટેમ્બરના રોજ મારી વર્ષગાંઠ. વર્ષગાંઠ હોય એટલે નારેશ્વરનું સ્મરણ થાય. ગુરુમહારાજનાં દર્શન કરવાની ઈચ્છા થાય અને એ જ રીતે પૂ. પ્રેમ અવધૂતજીનું પણ સ્મરણ થાય. ઑફિસ ચાલુ હોવાથી નારેશ્વર કે લીંચ જવાનું શક્ય ન હતું. પણ ગુરુમહારાજની કૃપાથી ભાદરવા સુદ નોમની વહેલી પ્રભાતે સ્વપ્ન પડ્યું. પ્રાતઃકાળે લગભગ ૫.૩૦ વાગ્યે પૂ. પ્રેમ અવધૂતજીએ સ્વપ્નમાં દર્શન

આપ્યા. સત્સંગ ચાલતો હતો અને હું પૂ.શ્રી પ્રેમ અવધૂતજીની સેવામાં હતો. સ્વપ્નમાં અવર્ણનીય આનંદ માણતો હતો ત્યાં જ આંખ ઊઘડી ગઈ. નારેશ્વર કે લીંચ નહિ જઈ શકું એ દુઃખને ગુરુમહારાજે દૂર કર્યું. તરત જ લીંચ પત્ર લખી મેં વર્ણન કર્યું. દર શનિ-રવિ મારે રજા હોવાથી શુક્રવારે મારે અમદાવાદ જવું એમ વિચાર્યું. પણ માનવીનું ધાર્યું ક્યાં થાય છે? ધાર્યું તો ગુરુમહારાજનું જ થાય છે. શુક્રવારે સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં બેઠો. નારેશ્વર જવું એવી ભાવના. અમદાવાદથી સુરતનો પાસ કઢાવેલો હોવાથી ટિકિટનો તો પ્રશ્ન જ નહિ. ગાડીમાં જ એક મિત્ર અને તેની મમ્મીનો સંગાથ થયો. ગુરુમહારાજે તેમના દ્વારા અમદાવાદ જવાનો આગ્રહ કરાવ્યો અને મને પણ કોઈ અગમ્ય પરિબળ ખેંચતું હોય તેમ - હું અમદાવાદ આવ્યો. નારેશ્વર ન જઈ શક્યો તેનું દુઃખ ન થાય એટલા માટે જ જાણે કે ગુરુમહારાજે કાર્યક્રમ ગોઠવ્યો હતો. ઘરે જતાં જ સમાચાર મળ્યા કે મુ. કુલીનભાઈનો ફોન હતો કે પૂ. પ્રેમ અવધૂતજી શનિવારે રાત્રે એમના ઘરે આવે છે અને રવિવારે એમની હાજરીમાં ૪ થી ૬ ધૂન છે. મારા આનંદનો તો પાર જ ના રહ્યો. તિથિ પ્રમાણે સૂક્ષ્મરૂપે સ્વપ્નમાં અને તારીખ પ્રમાણે સ્થૂળદેહે દર્શન આપી મારા જન્મદિનને સફળ કર્યો.

પૂ. પ્રેમ અવધૂતજી તરફ મારી પ્રીતિ વધે એ માટે ગુરુમહારાજે કરેલી આ અગમ્ય લીલા નથી તો શું છે?

## (૨)

## વર્તન દ્વારા પરિવર્તન

- શ્રી અસીત ન. ભગત
સાન્તાક્રુઝ, મુંબઈ.

સુખી કુટુંબનું નાનું અને પુત્ર સંતાન હોવાથી મારી ચિંતા માતા સવિશેષ કરે એ સ્વાભાવિક ગણાય. તેમાં પાછી જુવાની અને હાથમાં વાહન પછી તો વાત જ ક્યાં રહી? ગાડી ધીમી ચલાવવાની રોજ ટકોર થતી. જુવાનિયાને તો ટક ટક લાગે. કહેનાર કહ્યા કરે અને હું મારી ગતિએ વાહન ચલાવ્યા કરું. મારાં માતા-પિતાની ચિંતા દૂર કરવા જાણે ભગવાને વિચાર્યું ને.....

કાંદિવલી, મુંબઈના રુકમામ્બા મંડળમાં મુ. સુશીલાબહેન, ઊર્મિલાબહેન તેમ જ શ્રોફકાકાના મુખે પૂ. પ્રેમ અવધૂતજી વિશે ઘણું સાંભળેલું. ખાસ કરીને તેમની નમ્રતાની, સાદાઈની અને સરળતાની વાતો. આમ તો સાચા સંતોમાં આ બધું હોય જ પણ આજકાલ જે જેવા મળે છે તે કાંઈ જુદું જ છે. સાદાઈને બદલે ઠાઠ-માઠનો ઠઠારો, નમ્રતાને બદલે ઉગ્રતા અને સરળતાને

બદલે હેરાનગતિવાળું વર્તન વધુ જોવા મળે એટલે જુવાનિયાઓને આ દાંભિક ધાર્મિકતા પર ભારે ચીડ.

પૂ. પ્રેમ અવધૂતજી વિશે સાંભળેલી પ્રશંસાને કારણે દર્શનની ઈચ્છા જાગી અને ત્યાં જ એ ઈચ્છા પૂરી થવાનો પ્રસંગ આવ્યો. રુકમામ્બા મંડળના આમંત્રણને માન આપીને પૂ. પ્રેમ અવધૂતજી મુંબઈ પધાર્યા અને એમની વાહન સેવાની જવાબદારી મને સોંપાઈ. હું મારા વાહન સાથે હાજર થઈ ગયો એની પાછળ એમનાં સાંનિધ્યનો લાભ મળે એ આશય ખરો જ.

પધરામણી હોય કે કેનેરી કેવ્ઝ જોવા જવાનું હોય, વજ્રેશ્વરી જવાનું હોય કે મંદિરે જવાનું હોય બધે જ મને સેવાનો લાભ મળતો. સાંજે ભજન કીર્તનમાં પૂ. પ્રેમ અવધૂતજી ગુરુમહારાજની જૂની વાતો કરે એટલે આનંદ આવે. તેમની સેવામાં રહેલા શ્રી કુલીનભાઈ અને શ્રી સુરેશભાઈ સાથે આત્મીયતા થઈ ગઈ.

ગાડી ચલાવતી વખતે પૂ.શ્રી પ્રેમ અવધૂતજીને આંચકા ન લાગે એવી ઈચ્છા જાગી એટલે આપોઆપ ગતિ ઘટાડવી જ રહી. એમની અમી ભરેલી દૃષ્ટિ, સાત્ત્વિક સ્મિત અને પ્રેમાળ વાર્તાલાપને કારણે મારા પર એમનું એવું વશીકરણ થયું કે તેઓ જ મારા પ્રથમ Controller બની ગયા. બોલ્યા વિના, કહ્યા વિના પરિવર્તન કર્યું.

આમ તો ગાડી શરૂ થાય એટલે જ કેસેટ શરૂ થાય અને ગીત સંગીતમાં ગાડી ગતિ પકડે. પરંતુ પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના સાંનિધ્યમાં થતી દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરાની ધૂને એવું કામણ કર્યું કે હવે તો કેસેટની જરૂર જણાતી જ નથી. જીવનમંત્ર મળી ગયો અને મીઠી હલકે ગાતાં એવો તો આનંદ મળે કે જાણે સ્વર્ગીય સુખના સમુદ્રમાં ડૂબી ગયા.

પૂ. પ્રેમ અવધૂતજીની સેવા અને સત્સંગનો લહાવો માણ્યા પછી જ્યારે વિદાયવેળા આવી ત્યારે આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહેવા લાગ્યા. ચોધાર આંસુએ રડી લીધું. (જાણે બાપજીને આંખોમાં ના ભરી લીધા હોય!) પૂ. પ્રેમ અવધૂતજીએ મને રડતો જોઈને પૂછ્યું "શું જોઈએ છે તને? શા માટે આટલું રડે છે?" મેં જવાબ આપ્યો કે મારે કશું જ જોઈતું નથી. બધું જ છે પણ આંસુ અટકતાં નથી. ત્યારે એમણે પ્રત્યુત્તર આપ્યો, "દાઢીવાલે કે પીછે ઈતને દીવાને ના બનો." તમે નહિ માનો પણ કાંદિવલીથી મુંબઈ સેન્ટ્રલ સુધી ગાડી ચલાવતાં ચલાવતાં ધૂન સિવાય કશું જ બોલી શક્યો નહિ. આજે તો પત્ર દ્વારા અને પ્રત્યક્ષ મિલનથી મળતી પ્રેરણા અને હૂંફ એવી છે કે અમને જાણે પ્રેમ અવધૂતજીમાં સાક્ષાત્ "રંગ બાપજી" જ મળી ગયા. કેવળ પ્રેમાળ દૃષ્ટિ દ્વારા પોતાના શુદ્ધ વર્તન દ્વારા જીવનમાં પરિવર્તન લાવનાર એ વિભૂતિનાં ચરણોમાં પ્રણામ.

---

**સમય પર ધ્યાન રાખી, વ્યર્થ જતો સમય બચાવી લો.**

---

## (૩)

## પૂ. પ્રેમ અવધૂતજીઃ રણમાં મીઠી વીરડી

- શ્રી કિશોરભાઈ જાની
અમદાવાદ.

જગતનો વ્યવહાર જ એવો છે કે એના ત્રિવિધ તાપમાં જીવડો શેકાવાનો જ. આધિ, વ્યાધિ અને ઉપાધિથી ત્રાસેલા જીવ માટે સાચા સંત એ રણની મીઠી વીરડી સમાન છે. પણ આજે સાચા સંત મળે છે જ ક્યાં? ભગવાનની અસીમકૃપા થાય ત્યારે એવા સંત મળે.

ભગવાનની એવી જ અસીમકૃપા મારા પર થઈ અને મને પૂ. પ્રેમ અવધૂતજી મળ્યા. હું સામાન્ય માણસ. પરંતુ એક મિત્ર દ્વારા લીંચના પૂ. પ્રેમ અવધૂતજી વિશે સાંભળ્યું અને ભગવાનની કૃપાથી બે-એક વર્ષ પહેલાં પ્રથમવાર લીંચ દર્શને ગયો. આંખો અને મન ઠરી ગયાં. ખૂબ જ આત્મીયતાથી વાતો થઈ. હું પહેલીવાર જ આવું છું એવું લાગ્યું જ નહિ. જાણે વર્ષો જૂનો સંબંધ હોય એમ જ લાગ્યું.

મારા જીવનની મૂંઝવણો શાંતિથી સાંભળી. મારી બેબીના અભ્યાસની થોડી ચિંતા હતી. બેબીને એમણે મંત્ર આપ્યો અને આજે એના અભ્યાસમાં સારો એવો સુધારો હું જોઉં છું. મને પણ આપેલા મંત્રની હું નિયમિત માળા કરું છું અને તેનાથી મને ખૂબ શાંતિ મળે છે. જીવનના તપેલાને અને ત્રાસેલાને "રણમાં મીઠી વીરડી" સમા પૂ. પ્રેમ અવધૂતજી મળે એ એનું અહોભાગ્ય ગણાય.

એમને ભગવાન નિરામય ચિરાયુ બક્ષે એવી ગુરુમહારાજને પ્રાર્થના.

## (૪)

## ભાગ્ય વિધાતા

- શ્રી ખોડિદાસ ઈ. વાળંદ
અમદાવાદ.

વિદ્વાનો દ્વારા પૂ. પ્રેમ અવધૂતજીને અર્ઘ્ય અપાતા હોય ત્યારે મારા જેવા અબુધ શું અર્ઘ્ય આપે? પણ આવા પર્વના પ્રસંગે મારા જેવો શાંત પણ કેવી રીતે રહી શકે? રામચંદ્રજી પુલ

બાંધતા હતા ત્યારે ખિસકોલીએ પણ એની રીતે મદદ તો કરી જ હતીને! જો હું આજે અર્ઘ્ય ન આપું તો નગુણો ગણાઉં.

હું મૂળ લીંચ ગામનો વતની પણ આજે અમદાવાદમાં રાયપુરમાં ઘર બનાવ્યું છે અને સુખ-શાંતિથી રહું છું એ પૂ. પ્રેમ અવધૂતજીના અંતરના આશીર્વાદના પ્રતાપે.

ગામડાનો ગરીબ વાળંદ. મારી મૂંઝવણ એકવાર પૂ. પ્રેમ અવધૂતજી આગળ રજૂ થઈ ગઈ. એમણે કહ્યું કે તું અમદાવાદ જા, ત્યાં સુખી થઈશ. સંતવચનમાં વિશ્વાસ રાખી મેં અમદાવાદને મારી કર્મભૂમિ બનાવી. એમના અંતરના આશીર્વાદ ફળ્યા અને આજે હું સુખી છું.

જ્યારે જ્યારે લીંચ જઉં છું ત્યારે એમનાં દર્શને અચૂક જઉં છું. મારા જીવનનું ભાગ્ય પલટાવનાર એ સંતશ્રીને અનેકાનેક પ્રણામ કરીને અર્ઘ્ય આપું છું.

## (૫)

## "ત્વમેવ સર્વં મમ દેવ દેવ"

- શ્રી સુભાષ જોષી
વડોદરા.

જીવન પ્રવાહમાં જ્યારે ભગવત્કૃપાની અદૃશ્ય પવનની લહેર આ શરીરરૂપી નૌકાને મસ્તીભર્યો સુંદર પ્રવાસ કરાવે ત્યારે તેની અનુભૂતિ માત્ર ગુરુકૃપા દ્વારા જ શક્ય બની શકે.

હરિકૃપા તબ જાનીયો જબ દે મનુજ અવતાર,
ગુરુકૃપા તબ જાનીયો જબ છોડાવે સંસાર.

સંસાર છોડાવવાનો સ્થૂળ અર્થ નહિ પણ સૂક્ષ્મ અર્થ લેવાનો છે. 'સંસારમાં સરસો રહે ને મન મારી પાસ' જીવવાની ચાવી તો સદ્ગુરુ પાસેથી જ મળી શકે. આવા સદ્ગુરુ પ્રભુકૃપા થાય ત્યારે સામેથી મળે છે.

આવી જ કોઈ ધન્યપળે મને 'ગુરુ' મળી ગયા. પૂજ્યશ્રી પ્રેમ અવધૂતના 'પ્રેમ'ના અઢી અક્ષર ઘણું બધું કહી જાય છે. આચાર દ્વારા ઉપદેશનો જ ગુરુમહારાજ શ્રી રંગ અવધૂતજીનો જીવનમંત્ર પૂ. પ્રેમ અવધૂતજીએ પણ જીવનમાં પચાવ્યો છે. માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુભક્તિ અને આજે પણ અતિથિના સ્વાગત દ્વારા થતી અતિથિ ભક્તિ દ્વારા તેમણે હિંદુધર્મના ચારે દેવોનું પૂજન કર્યું છે. એ ચાર દેવ છે.

**પ્રસન્ન સાક્ષાત્ ગુરુ જિહાં, શું દુર્લભ જગમાંહ્ય?**
**અમૃત પોતે રીઝતાં, રહે રોગ ક્યાં કાય! (અ. ૭૦, દો. ૨૦૩)**

માતૃદેવો ભવ
પિતૃદેવો ભવ
આચાર્યદેવો ભવ
અતિથિદેવો ભવ

મારા જીવનમાં પૂ. પ્રેમ અવધૂતજી સાથેનો છ સાત વર્ષનો પ્રેમ સત્સંગ એવો દિવ્ય છે કે હું એમનો પ્રેમી (Lover) બની ગયો છું. સાદાઈ, સરળતા, પ્રેમ, નિરહંપણું વગેરે તમને એમના જેવા બીજે ક્યાંય જોવા નહિ મળે. કહેવાનું કહે પણ ખરા, ટકોર કરે પણ ખરા છતાં એ બધું એવી રીતે કે સંભાળનાર સુધરે છતાં એને ખોટું ન લાગે. કોઈની ટીકા ટિપ્પણીનો દોષ તો જોવા મળે જ નહિ.

મારા જીવનમાં તો એ મારા મિત્ર, તત્ત્વવેત્તા અને પથદર્શક (Friend, Philosopher and Guide) બધું જ છે. આમ પણ સદ્ગુરુ તો મા, બાપ, બંધુ, ભગિની બધું છે જ ને!

પ્રભુ એમને નિરામય ચિરાયુ આપો એવી પ્રાર્થના કર્યા બાદ પૂ.શ્રી પ્રેમ અવધૂતજીને સાઠમી જન્મજયંતીએ અર્ઘ્ય આપતા હું તો એટલું જ કહીશ કેઃ

**"ત્વમેવ સર્વં મમ દેવ દેવ!"**

❀

**રોજ રાતે સૂતી વખતે પ્રાર્થના કરો.**

# (૪૦)

# પ્રેમ અવધૂતજી સાથેનું પ્રથમ મિલન

- શ્રી અમૃતભાઈ ર. જોષી
અમદાવાદ.

"સદ્ગુરુમાં ભાવ રાખીને દુનિયામાં જે ઝુકાવે છે,
સદ્ગુરુ પ્રેમવશ બની દોડી શિષ્યની પાસ આવે છે.
અધૂરાં કામ શિષ્યોનાં પલકમાં જઈ પતાવે છે,
શિષ્યો સદ્ગુરુને હૃદયના પ્રેમે નચાવે છે."

પ્રેમનો મહિમા ન્યારો છે. સાત્ત્વિક અને નિર્વ્યાજ પ્રેમ અને પ્રેમ અવધૂતજી બંનેના સંદર્ભમાં આ વિધાન સાચું છે.

મારા નજીકના એક મિત્રને ત્યાં પૂ. પ્રેમ અવધૂતજી પધારવાના છે તેવી મને જાણ થતાં હું દર્શન કરવા ગયો. દર્શન કર્યા બાદ બેઠો હતો ત્યાં જાણવા મળ્યું કે મારી સોસાયટીમાં એક ભાઈને ત્યાં પધરામણી થવાની હતી. મને થયું કે હું મારા ઘરે પધરામણી કરાવું અને તેઓશ્રી આવે તો કેવું સારું? આવેલા વિચારને વિનંતીના રૂપમાં રજૂ કર્યો. મારા હૃદયના ભાવને ઓળખીને એમણે તરત જ વિનંતી સ્વીકારી લીધી અને આવવાની હા પાડી. પધરામણીની બધી જ તૈયારી કરવાની બાકી હતી એટલે હું તો હાંફળો ફાંફળો ઘરે આવ્યો અને ધર્મપત્નીને વાત કરી એટલે એ તો ભાવ વિભોર થઈ ગઈ, "જાણે શબરીના ઘરે રામ પધારવાના ન હોય?"

પૂ. પ્રેમ અવધૂતજીએ મારા ઘરે મધ્યાહ્ને બાર વાગ્યે પગલાં પાડી મારું ઘર પાવન કર્યું.

પ્રેમ અવધૂતજીનું લાડનું નામ બચુ છે. 'બચુ'નો અર્થ 'નાનો' થાય છે. તેઓ ખરેખર બચુ છે. તેમની સાદાઈ, સરળતા, નમ્રતા, નિરભિમાનિતા અને એક બાળક જેવો ચકોર સ્વભાવ જોઈ મારું મન આનંદ સાગરમાં હિળોલા લેવા લાગ્યું. સંતની આટલી બધી આત્મીયતા ભરી મેં પહેલી પધરામણી જોઈ. શિસ્તનો આગ્રહ ખરો પણ એમાંથી કોઈ 'ટેન્શન' નહિ જન્મે. ગુરુમહારાજના સિદ્ધાંતોનું અણિશુદ્ધ પાલનનો આગ્રહ ખરો, પણ એમાં જડતા નહિ પ્રવેશવા દે.

પૂ. પ્રેમ અવધૂતજીનાં પ્રથમવાર દર્શનમાં મને તેઓ પૂ. બાપજી રંગ અવધૂતજીનો 'પ્રશાંતતા' ફોટો છે તેવા જ દેખાયેલા. ખરેખર, અવધૂતજીનાં સ્વજન સમાન પ્યારાઓ તેમના

જેવા જ હોય છે તેવી મને પ્રતીતિ થઈ ત્યારે અવધૂતી આનંદના ભજનની પેલી પંક્તિ યાદ આવી ગઈઃ-

"સંત ચરણમાં મસ્તક મૂકી નિત્ય હરિનું ધર ધ્યાન,
જાણ નિરામય આતમ ઓથે સદ્‌ગુરુ ખોલે સાન,
જાણે તે નાચે આનંદે બીજા ખત્તા ખાય."

પહેલી જ પધરામણીએ એમણે મારું મન હરી લીધું, ચિત્તડું ચોરી લીધું. આજે પણ જ્યારે જ્યારે હું તેમને મળું છું ત્યારે એમના તરફ ઊંચો પૂજ્યભાવ હૃદયમાં હોવા છતાં એક નજીકના સ્વજનને મળતો હોઉં એવી નિખાલસતા અનુભવું છું. દર્શને જઉં એટલે બધાની ખબર અંતર પૂછે છે. પ્રેમ અવધૂતજી પોતાના પ્રેમના પ્રવાહ દ્વારા દર્શને આવનાર ભક્તના મનનો મેલ ધોઈ નાંખે છે. મારા જીવનમાં પણ એમના મિલન પછી મારા મનનો કચરો ધોવાતાં આજ દિન સુધી મને તેમનો ઘણો જ સથવારો થઈ પડ્યો છે. તેઓશ્રી અમદાવાદમાં પધારવાના છે એવી માહિતી મળતાં જ દર્શનની ઉત્કંઠા તીવ્ર બને છે. લોહચુંબક લોખંડને આકર્ષે તેમ પૂ. પ્રેમ અવધૂતજીનો પ્રેમ મને આકર્ષે છે.

"પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો,
ઢોંગથી ઢૂંકડો દૂર નાસે."

આ પંક્તિ વાંચી હતી, અનુભવી ન હતી તે પૂ. પ્રેમ અવધૂતજીના પ્રથમ મિલનથી અનુભવી. મારા હૃદય સિંહાસને બિરાજેલા પૂ. પ્રેમ અવધૂતજીની સાઠમી જન્મજયંતીએ એમનાં ચરણમાં અનેકાનેક વંદના.

**ગુરુ ચરણે તીર્થો સહુ, ગુરુ વિણ દેવ ન આન,**
**'ચરણં પવિત્રં' શ્રુતિ કહે આ પ્રત્યક્ષ પ્રમાણ. (અ. ૯૫, દો. ૧૯)**

# (૪૧)

# ના પર દૈવત માતથી

- સૌ. ગીતાબહેન અંબાલાલ પટેલ
ઉનાવા. (હાલ ઈંગ્લેંડ).

માતાપિતા એ પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવ છે. માતાથી બીજો કોઈ દેવ નથી. ન માતુઃ પર દૈવતમ્ માનનારા પૂ.શ્રી અવધૂતજી મહાન માતૃભક્ત હતા એટલે સ્વાભાવિક રીતે જ તેમના સાચા ભક્તો પણ માતૃભક્તિનો આદર્શ ઝીલવાના જ.

પૂ. બચુભાઈ(પ્રેમ અવધૂતજી)એ ગુરુમહારાજની સેવા કરતાં કરતાં માતાપિતાની સેવાનો પરમ આદર્શ જીવનમાં આચરી બતાવ્યો. આચરણમાં મુકાયા વિનાનું જ્ઞાન વાંઝિયું છે, નકામું છે.

## ઉત્તર ગુજરાતનું મિનિ નારેશ્વર-લીંચ કેવું છે?

અવધૂત કુટિરમાં પ્રવેશી સો એક ડગલાં જતાં જ ખેતરમાં જૂની ગુફાનાં દર્શન થાય છે. આ ગુફામાં પૂ.શ્રીના વરદ હસ્તે પધરાવેલું દત્તયંત્ર છે. પૂ.શ્રી પોતે એ ગુફામાં જઈને બેસતા પણ ખરા. પૂ.શ્રીના વરદ હસ્તે પધરાવાયેલા દત્તયંત્રનાં દર્શન કરવાથી સાત્ત્વિક આનંદ પ્રાપ્ત થાય છે.

બીજી નવી કુટિરમાં પાદુકાજીનાં દર્શન છે. ભેટ્યા દેવ જાતા વાટે, લીધા રાખી મેં શિર સાટે એ અવધૂતજી આનંદના ભજનની પંક્તિ ચરિતાર્થ થતી જોવા મળે છે. પૂજ્યશ્રી આફ્રિકા જવાના હતા. લીંચથી અમદાવાદ થઈ વિમાન મારફત પૂ.શ્રી જવાના હતા ત્યારે આસો વદ ૧ની રાત્રે જાગરણ કરીને અમદાવાદના શ્રી ચંદુભાઈ રાવળનાં ધર્મપત્ની શ્રીમતી અવંતિકાબહેને રાતોરાત પાદુકા તૈયાર કરાવી. પૂ.શ્રી ઘોડાગાડીમાં વિમાનઘર જતા હતા ત્યારે શાહિબાગ ક્રૉસિંગ બંધ હોવાથી ઘોડાગાડી ઊભી રહી અને તરત જ તેમણે સ્કૂટર પરથી ઊતરી પૂ.શ્રીને પાદુકા અર્પણ કરી. પૂ.શ્રીની સાથે મુ. બચુભાઈ હતા. પૂ.શ્રીએ પાદુકાજી લીધી અને થોડીવાર પછી બચુભાઈને આપી દીધી. પૂ. પ્રેમ અવધૂતજીને તો દેવ વાટમાં જ ભેટી ગયા. માગ્યા વિના સામેથી મળ્યા. આ પાદુકાજી નવી કુટિરમાં જ રહે છે. એને કુટિરની બહાર લઈ જવાતી નથી. ખૂબ જ દર્શનીય પાદુકાજી છે. બાપજીનું હૃદય કહી શકાય એવી આ પાદુકાજી છે.

મુંબઈના ખ્યાતનામ ડૉક્ટર ભોંસલેજીએ પૂ.શ્રીને એકવાર પૂછ્યું "બાપજી! તમારી સ્થૂળ દેહે ઉપસ્થિતિ નહિ હોય ત્યારે મનની શાંતિ મેળવવા ક્યાં જવું?" પૂ.શ્રીએ તરત જ જવાબ આપ્યો કે "મારા બ્રહ્મલીન થયા પછી શાંતિ મેળવવી હોય અને મારાં દર્શન કરવા હોય તો લીંચ અવધૂત કુટિરે જજો."

---

**અધ્યાત્મને પામેલો પુરુષ તો જગતમાં તરે છે, ઊડે છે, આકાશ અને બ્રહ્માંડોને આંબે છે.**

---

**ગુરુવર ત્રિમૂર્તિ એ નકી, લીલા માનુષ વેષ,**
**ટળે વિઘ્ન દર્શન થકી, જાય જન્મનાં ક્લેશ! (અ. ૧૩૭, દો. ૯૯)**

પૂ.શ્રીએ મુ. બચુભાઈને (પૂ.શ્રી પ્રેમ અવધૂતજીને) માગ્યા વિના પ્રસન્નતાનાં પ્રતીકરૂપ ઘણી અમૂલ્ય વસ્તુ આપી એનું કારણ એમની અનન્ય સેવા હતી. પૂ.શ્રીએ દક્ષિણાવર્ત ધવલ મોટો શંખ આપ્યો. ધનતેરસે પૂ. પ્રેમ અવધૂતજી એની જ પૂજા કરે છે. આજે પણ એમના નિવાસ સ્થાને એનાં દર્શન થાય છે. પૂ.શ્રીએ પોતાના વાળ અને હાથ-પગના નખ પૂ. પ્રેમ અવધૂતજીને સામે ચાલીને સાચવવાની સંમતિ આપી. કોઈએ માગ્યા છતાં ન આપ્યા હોય એવી આ વસ્તુઓ અહીં સામે ચાલીને મળી. આજે આ વસ્તુઓનાં દર્શન ઓમ્કાર સ્વરૂપે લીંચના સ્મૃતિ સંગ્રહમાં થઈ શકે છે. કુટિરની પૂર્વ દિશામાં વટવૃક્ષ જેવા ઔદુંબર ભગવાન છે. ૧૫મી જાન્યુઆરી ૧૯૬૫ના રોજ પૂ.શ્રીએ સ્વહસ્તે ઔદુંબર ભગવાનને જળસિંચન કરેલું. ઔદુંબર ભગવાનનાં દર્શન કરીને આગળ વધીએ એટલે પૂ. પ્રેમ અવધૂતજીના પિતા કૃપાશંકર અને માતા શાંતાબહેનની સ્મૃતિમાં વાવેલા અશ્વત્થ (પીપળો) અને તુલસીજીનાં દર્શન થાય છે. બંનેના અગ્નિસંસ્કાર આ ખેતરમાં જ થયેલા.

પૂ. પ્રેમ અવધૂતજીની પિતૃભક્તિના પ્રતીક સમું આ સ્થાન દિવ્ય છે. પીપળાનું થડ ઉપર જતાં બે વિભાગમાં વહેંચાય છે. જે અદ્‌ભુત છે. ‘માતૃદેવો ભવ’ અને ‘પિતૃદેવો ભવ’ લખેલા બોર્ડ ત્યાં મૂકેલા છે. પૂ.શ્રીની અને પૂ.શ્રીના માતાજીની સેવા ફક્ત મુ. બચુભાઈએ જ નથી કરી. એમનાં માતાપિતાએ પણ સેવાધર્મ બજાવ્યો છે. મુ. શાંતાબહેને પૂ.માજીની છેલ્લે સુધી એકનિષ્ઠ સેવા કરી તેથી જ કદાચ પૂ.બાપજી મુ. બચુભાઈ ઉપર થવા જોઈએ એનાથી પણ વધુ પ્રસન્ન થયા છે.

પૂ. પ્રેમ અવધૂતજીની માતૃ-પિતૃભક્તિ આદરણીય છે. નારેશ્વરમાં બોધિવૃક્ષ સમો ઝૂકેલો લીમડો છે, તો લીંચમાં ઝૂકી પડેલો આંબો છે. જે આંબાની નીચે પૂ.શ્રી બેસતા તે આંબો ઝૂકી પડ્યો છે. નવી કુટિર ઉપર ‘નારેશ્વર દર્શન’ ખૂબ જ કલાત્મક અને ભાવના યુક્ત છે. લીંચમાં જ નારેશ્વર દર્શન થાય એટલે ભક્તોને એકીસાથે બે તીર્થધામ યાત્રાનો લાભ મળે. નાની નાની, ઝીણી ઝીણી વિગતોને કલાત્મક રીતે ગોઠવી છે.

લીંચમાં પૂ.શ્રીએ કુલ્લે બાવન દિવસનો મુકામ કર્યો છે. “ગુરુ ગુરુ કરતા શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ” તેવું જ મુ. બચુભાઈમાં થયું છે. સેવાની અનન્ય સૂઝને કારણે, કેવળ ગુરુના ચિંતનને કારણે અને વિશિષ્ટ પ્રકારના સમર્પિત ભાવને કારણે જ પૂ.શ્રીએ પ્રસન્ન થઈને “આપ સમાન કરે શિષ્યન કો”ના ન્યાયે મુ. બચુભાઈને પ્રેમ અવધૂતજીની કોટીમાં મૂકી દીધા છે.

પૂ. પ્રેમ અવધૂતજીએ પોતાની માતાની કરેલી સેવા અને એમની બાએ કરેલી પૂ. રુકમામ્બાની સેવા ‘માતૃ મહિમા’નું જ ગાન કરે છે.

---

**સમય એ પ્રભુએ આપણને આપેલી દિવ્ય ભેટ છે.**

---

**સર્વ શંકા તેહની થાય નિર્મૂળ જાણ,**
**સત્વર ગુરુકૃપા થકી, થાએ આત્મજ્ઞાન. (અ. ૧૪૭, દો. ૧૧૨)**

-ઃમાતૃ મહિમાઃ- (શ્રીગુરુલીલામૃતમાંથી) અમૃતબિંદુઓઃ-

૧. એક ઘડી સ્તનપાનનું દેવું માથે જેહ,
આપું ત્રિભુવન દાનમાં, તોયે મટે ન એહ. (અ. ૨૪/૨૭)

૨. શું બોલું બીજું પ્રભુ? માતા જીવન જાણ,
ગમે ન મુજને એ વિના, માતા કેવળ પ્રાણ. (અ. ૨૫/૨૭)

૩. એક ઘડી સ્તનપાનનું વળે ન ઋણ પણ જ્યાંય,
કેમ માતૃઋણથી અહીં થાય મુક્ત સુત ત્યાંય. (અ. ૬૦/૮૪)

૪. સેવાથી માબાપની અધિક પુણ્ય ના ક્યાંય,
કોટિ યજ્ઞ યાગાદિનું પુણ્ય ન ગણત્રીમાંહ્ય. (અ. ૬૧/૧૪૦)

૫. અખિલ વિશ્વ પણ દાનમાં દેતાં એ ઉપકાર,
વળે ન માતપિતાતણો કલ્પે પણ નિર્ધાર. (અ. ૬૨/૧૪૦)

✿

**ધર્મને જો આપણે આચરણમાં મૂકીએ તો જ એનું ફળ મળે.**

> **ભજે જેહ જે ભાવથી, તેને તેવું ફળ,**
> **આપે નિઃસંશય અહીં જાણ એહ ગુરુવર. (અ. ૧૪૭, દો. ૧૧૭)**

# (૪૨)
# દુર્લભ કછું નાહિ, કૃપા કરત જબ એહિ

- ડૉ.શ્રી દીપકભાઈ નારાયણભાઈ પટેલ
ન્યૂયોર્ક.

ભગવાન સદ્‌ગુરુ શ્રી રંગાવધૂત મહારાજની લીલાનું વર્ણન કરીને હું મારી જીભ અને હાથને પવિત્ર કરી રહ્યો છું. ભારતમાંથી અમેરિકામાં વસવાટ કર્યો એ દરમિયાન ગુરુમહારાજે જે લીલા કરી તેનું વર્ણન કરતાં હર્ષના અશ્રુબિંદુઓ પાપણે તોરણ બનીને લટકે છે.

ગયા વર્ષે એટલે કે સને ૧૯૮૯ના ઑગસ્ટમાં મારા મિત્ર ડૉ. રમેશ પટેલનો ફોન આવ્યો કે શ્રી દિનેશભાઈ દવેના આમંત્રણને માન આપીને લીંચના પૂ.શ્રી બચુભાઈ (પૂ.શ્રી પ્રેમ અવધૂતજી) આવ્યા છે અને શ્રી દિનેશભાઈ પૂ. પ્રેમ અવધૂતજીની ૫૯મી જન્મજયંતીનો ઉત્સવ ઊજવનાર છે. પૂ. બચુભાઈ ન્યૂર્યોક આવ્યા છે અને તને ખૂબ જ યાદ કરે છે.

શરૂઆતથી જ પૂ. બચુભાઈને મારા પર ખૂબ જ પ્રેમભાવ હતો. નારેશ્વરમાં અમે સાથે કરેલી સેવાની સ્મૃતિ મન પર છવાઈ ગઈ.

પૂ. બચુભાઈને લેવા માટે મારી મોટી કાર લઈને ગયો. મારા ઘરે અને સ્ટોરે તેઓશ્રી પધારવાના હતા. મારા માથાની પાટાપિંડી જોઈને ડૉ. ઇન્દુભાઈ દવેનાં ધર્મપત્ની સૌ. પન્નાબહેન તો દંગ થઈ ગયાં, અવાક થઈ ગયાં. મેં બધી વાત વિગતે કહી.

ન્યૂયોર્કમાં મોકાની જગ્યા પર “શ્રી રંગ અવધૂત સ્ટોર” નામનો હું સ્ટોર ચલાવતો હતો. સ્ટોર ધીમે ધીમે જામતો જતો હતો પરંતુ જોડેના સ્ટોર્સમાં લાગેલી આગને કારણે મને ૪ લાખ ડૉલરનું નુકસાન થયું, જેની સામે વીમો ફક્ત ૮૫ હજાર ડૉલરનો હતો. ગુરુમહારાજ પ્રત્યેની શ્રદ્ધાના બળે જ ટકી શક્યો. પરંતુ આપત્તિ જ્યારે આવે છે ત્યારે લશ્કર લઈને જ આવે છેને!

‘શ્રી રંગ અવધૂત સ્ટોર’ ચોવીસ કલાક ચાલે છે. એક મધ્યરાત્રીએ બે અમેરિકન લૂંટારા ડૉલર કેશ લેવા આવ્યા. મેં સામનો કર્યો તો એમણે ઇંટ વડે માથા પર ગંભીર ઈજા કરી, મારું માથું છૂંદી કાઢ્યું. હું બેભાન થતાં કેશ લઈને ભાગી ગયા.

---

**ગુરુમહારાજના ભરોસે નાવ છોડો ને પછી જુઓ મજા. ડૂબે તો યે તેને ચિંતા ને તરે તો યે તેને ચિંતા.**

ભાનમાં આવતાં ગુરુમહારાજ સામે જોયું. વિવિધ ભાવો ઊભરાતા હતા. ગુરુમહારાજને વિનય ક્રોધમાં કહ્યું પણ ખરું કે મારી આ સ્થિતિ કરી? ખસતો ખસતો ફોન પાસે જઈ ધર્મપત્ની જ્યોતિને ફોન કર્યો. ગુરુમહારાજનું શરણું અને ઍટમબૉમ્બ દત્તબાવનીના પ્રતાપે હું મોતના મુખમાંથી બચ્યો.

પછી તો પૂ.શ્રી બચુભાઈ સાથે મારા જીવનનું આખું પ્રકરણ જ ઉકેલી બેઠો. શ્રી રંગ ભક્તિના સંસ્કારો મને ગર્ભથી જ મળેલા છે. ઘરમાં ભજન, પારાયણ અને નારેશ્વર જઈ સેવા કરવાના સંસ્કારોથી મારું ધાર્મિક જીવનનું ઘડતર થયું છે. તા. ૧૭-૮-૧૯૬૮ના રોજ ગુરુમહારાજ મારા ઘરે પધારેલા. મેં બાપજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા ત્યારે એમણે મને અંતરના આશીર્વાદ અને પ્રસાદ આપ્યા અને કહ્યું કે ખૂબ ભણો. ભણવું હોય તો કેમ ન ભણાય? આત્મવિશ્વાસ હોવો જોઈએ. બાપજીના અંતરાશિષથી નેશનલ સ્કોલર થયો. M.B.B.S. થયો એટલે અમેરિકા જવાનો યોગ આવ્યો.

અમેરિકાની ડૉક્ટરી પ્રથમ પરીક્ષા E.C.F.M.G. અને અંતિમ પરીક્ષા Flex ખૂબ જ અઘરી પરીક્ષાઓ છે. તેમાં સૂર્ય-શનિ પીડાકારક ગ્રહો સામા પડેલા. નજીવા માર્કે વારંવાર નાપાસ થવાતું. પાંચમી ટ્રાયલે પણ પાસ ન થયો ત્યારે અત્યંત દુઃખ થયું. ગુરુમહારાજનું સ્મરણ કરતાં કરતાં મેડિકલ બોર્ડમાં ગયો. પેપર્સની ફેર ચકાસણી માંગી ત્યારે સરવાળામાં રહેલી ભૂલ પકડાઈ અને હું પાસ જાહેર થયો.

મારે ગાયનેક વિભાગમાં જવું હતું પરંતુ એમાં રેસીડેંસી ના મળી એટલે ૧ાા વર્ષ રેડિયોલોજીમાં ભણી ગાયનેકમાં ગયો. મીચીગન હૉસ્પિટલમાં ગાયનેકની રેસીડેંસી મળી પણ આ હૉસ્પિટલે ગાયનેક વિભાગ બંધ કર્યો તેથી એક વર્ષનું પણ અનુભવનું સર્ટિફિકેટ ના મળ્યું. નિરાશા વ્યાપી જાય એવું થયું.

ગાયનેકની રેસિડેંસી માટે અરજી પર અરજી કર્યે જ જતો હતો. હજારો અરજી કરી બેઠો પણ નિષ્ફળતા સિવાય કશું જ નહિ.

મેં આર્તનાદ કર્યો અને બાધા રાખી કે "અમેરિકાની સારી હૉસ્પિટલમાં ગાયનેકની રેસિડેંસી મળશે તો શ્રીગુરુલીલામૃતના ૧૦૮ પારાયણ પાંચ વર્ષમાં કરીશ." દયાળુ ગુરુમહારાજે આર્તવાણી સાંભળી. ચટાનુગાની સારી આયંગર હૉસ્પિટલમાં મને ગાયનેકમાં રેસિડેંસી મળી. બાધા ફળી બાધાની પૂર્ણતારૂપે મેં પારાયણ શરૂ કર્યા. પણ થોડા જ પારાયણ કરી શક્યો અને હવે તેની પૂર્ણતા પિતાજી કરી રહ્યા છે. હજુ પ્રારબ્ધ પીછો છોડતું ન હતું. નસીબ બે ડગલાં આગળ ને

આગળ. અહીં દોઢ (૧ા) વર્ષનો અનુભવ થયો પણ સર્ટિફિકેટ ન આપ્યું. આજ સુધીનું કરેલું બધું પાણીમાં ગયું. એકમાત્ર ગુરુમહારાજના ભરોસે અને હિંમતે નિરાશામાં પણ આશાનું કિરણ શોધતો રહ્યો.

નોકરીની રઝળપાટ શરૂ થઈ. જોબ ન મળી પણ "કરોડપતિ" બનાય એવી એજન્સી પૂ.બાપજીની કૃપાથી મળી ગઈ. ૬ માસ એજન્સી ધમધોકાર ચાલી. લાગ્યું કે કરોડપતિ થઈ જઈશું. કરોડપતિ બનું એ પહેલાં જ કાયદાનું જ્ઞાન ન હોવાથી મુશ્કેલી આવી અને એજન્સી બંધ થઈ.

આ બધાને અંતે ન્યૂયોર્કમાં શ્રી રંગ અવધૂત સ્ટોર્સ ખોલ્યો, ત્યાં વળી રામકહાણી વધુ ઘેરી બની અને લૂંટારુંના હાથે મોતના દ્વારે જઈ પાછો આવ્યો.

વલ્લભ વિદ્યાનગરમાં સને ૧૯૫૯માં ઈલેક્ટ્રિક કરંટ લાગેલો ત્યારે ગુરુમહારાજે મને ઉગારી લીધેલો તેનું પુનરાવર્તન અમેરિકામાં થયું. ન્યૂયોર્કમાં મને થયેલી ઈજા ભારતમાં રહેતા માતાપિતાને જણાવી ન હતી. આવું જાણવાથી તેઓ વધુ ચિંતિત બને. પરંતુ કુકરવાડાના એક ભાઈએ આ વાત જણાવી તેથી બધા જ ચિંતા કરવા લાગ્યા અને બાપજીને પ્રાર્થના કરવા લાગ્યા.

ભૂતકાળમાં મારા ઉદાર સ્વભાવને કારણે થયેલાં સત્કર્મોના ફળરૂપે, મારાં માતાપિતા તેમ જ અન્ય સંબંધીએ કોઈની આંતરડી ઠારી હશે તેના ફળ સ્વરૂપે હું ફરી સાજો થઈ ઘરે આવ્યો. ગુરુમહારાજને કરેલી બધાની અંતઃકરણપૂર્વકની પ્રાર્થના ફળી. હું ફરી પાછો સ્ટોર પર જવા લાગ્યો અને ત્યાં જ રણમાં મીઠી વીરડી સમાન પૂ. બચુભાઈની પધરામણી થઈ.

આજે મારા આનંદનો પાર ન હતો. આજે મારા બાપજી શ્રી બચુભાઈના સ્વરૂપે મારે ત્યાં પધાર્યા હતા. આંધીમાં અટવાયેલા અને દુઃખના દરિયામાં ડૂબતા વહાણને ઉગારનાર નાવિક મળ્યા જેટલી શાંતિ થઈ. ગુરુમહારાજના હૃદય સમાન પૂ. બચુભાઈએ મારું ઘર અને સ્ટોર્સ પાવન કર્યા. જ્યોતિનું તેમ જ મારી પુત્રી મદાલસાનું હૈયું પણ આનંદના હિલોળે ચડ્યું હતું.

પૂ. બચુભાઈએ આશીર્વાદ આપ્યા, આશ્વાસન અને હિંમત આપ્યાં અને કહ્યું કે "દીપકભાઈ હિંમત હારશો નહિ, નિત્ય નિયમ છોડશો નહિ, ભગવાન બધું સારું કરશે. ગુરુમહારાજ આપણી સાથે છેને!"

સંતોનાં પગલે સોનાનો સૂરજ ઊગશે એવી આશા બંધાઈ. દુઃખમાં જીવન ઘડાય છે એ સાચું પણ દુઃખની પરંપરા ચાલુ રહે તો માનવી નિરાશ થઈ જાય એ પણ એટલું જ સાચું છે.

ડૉક્ટર ન થવાયું અને વેપારી બનવું પડ્યું એનો મને ભારે રંજ હતો. ડૉક્ટર બનવા માટેની બધી આશા પર પાણી ફરી વળ્યું હતું. ફ્લેક્ષની પરીક્ષા પાસ કરી શક્યો નહિ. આ પરીક્ષા પસાર કર્યા વિના ડૉક્ટર થઈ શકાય નહિ આવું જાણવા છતાં ડૉક્ટર થવાના મારા પ્રયત્નો ચાલુ હતા. આ પ્રયત્નો કરવાનું માર્ગદર્શન અને ચાલકબળ પણ ગુરુમહારાજ જ હશેને!

ન્યૂયોર્કની એક હૉસ્પિટલે મારો ૪ વર્ષ જૂનો અનુભવ ધ્યાનમાં લઈને મને ઈન્ટર્વ્યૂમાં બોલાવ્યો. બાપજીની અસીમકૃપાથી હૉસ્પિટલના સત્તાવાળાએ મારી ઊંચા પગારથી નિમણૂક કરી.

દુઃખનું ઘોર અંધારું ઓસરવા લાગ્યું. સુખની ઉષાનું અજવાળું થવા માંડ્યું. અવળું સવળું થતું જણાયું. મારા જીવનમાં બાપજીએ કરેલો આ મહાન ચમત્કાર છે.

કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્‌ની શક્તિ ધરાવતા ગુરુમહારાજે અંતે મને રાજી રાખવા વેપારીમાંથી ડૉક્ટર બનાવ્યો. મને ગાયનેકોલોજિસ્ટ તરીકેની નોકરી અપાવી દીધી.

મારો આત્મવિશ્વાસ દૃઢ બનાવવા કદાચ ગુરુમહારાજે આ બધી લીલા કરી હશે. પૂ. બચુભાઈના આગમન પછી મારા જીવન નાવને મંજિલની દિશા મળી એ વાતનું સ્મરણ કરીને આજે તેમની ૬૦મી જન્મજયંતીએ ગુરુમહારાજને પ્રાર્થના કરું છું કે તેમને લાંબું અને સ્વાસ્થ્યપ્રદ આયુષ્ય આપો.

❁

# (૪૩)

## અંતર-મનના જાણકાર

- મંજુલાબહેન ટી. ભટ્ટ
નવસારી.

પ.પૂ. શ્રી પ્રેમ અવધૂત બાપજી પ્રતિ કેમ ખેંચાણ થયું એ હૃદય જ અનુભવી શકે. વ્યક્ત ન કરી શકે. વળી મારી તો લેખિત શક્તિ પણ નહીં; હૃદયના ભાવ આગળ તે વામણી લાગે છતાં પ્રયત્ન કર્યો છે.

પરમ પૂજ્યશ્રી બાપજી માટે કર્ણોપકર્ણ સાંભળ્યું હતું કે લીંચ એક મિનિ નારેશ્વર છે. ત્યાં અવધૂત બાપજીના નિકટના સેવક રહે છે. એમના પર બાપજીની અસીમ કૃપા છે. આવી વાતો સાંભળતાં મન વિચારી રહે કે ક્યાં નવસારીનું આટ ગામ અને ક્યાં મહેસાણાનું લીંચ ગામ! શી રીતે સંસારની રોજિંદી પળોજણમાંથી છુટાય અને લીંચ સુધી દર્શન માટે જવાય. લીંચ તો બહુ દૂર!

પરંતુ આ ટેલિફોન લીંચ સુધી પહોંચી ગયો હોય એમ લાગ્યું. ૧૯૮૫ની સાલમાં એરુ ગામે ડૉ. પ્રમોદભાઈને ત્યાં બાપજી પધાર્યા. આટથી એરુ ત્રણ કિલોમિટર છે. શ્રીગુરુલીલામૃતના સપ્તાહ પારાયણ દરમ્યાન આઠ દિવસ બાપજીના સાંનિધ્યનો પૂરો લાભ આ પામર જીવોને મળ્યો અને હૈયું છલકાઈ ઊઠ્યું કે આપણી યોગ્યતા કરતાં પણ ઘણી વધારે કૃપા પૂજ્યશ્રીએ કરી. ક્યારે લીંચ જવાશે ને ક્યારે દર્શન થશે! આ તો સંત સામે ચાલી પાપીને પાવન કરવા પધાર્યા.

આમ આ પહેલી અનુભૂતિ એમનાં દર્શનથી થઈ. ઘણાં બધાં ભક્ત ભાઈબહેનોનું માનવું છે કે આપણા હૈયાનો પોકાર સાંભળીને જ સંતે આટલી તકલીફ વેઠી આટલું બધું દૂર આવવાનું આમંત્રણ સ્વીકાર્યું.

ત્યાર બાદ તો એઓશ્રી જ્યારે પણ નવસારી, જલાલપુર કે એરુ પધારે ત્યારે દર્શનનો લોભ રોકી શકાતો નહિ અને ત્યારે હજુ તો વિચાર્યું હોય કે બાપજી પાસે માર્ગદર્શન લઈશું તે પહેલાં એઓશ્રી પોતાના વાર્તાલાપમાં દૃષ્ટાંત સહિત જ અથવા તો આપણને પૂછેલા પ્રશ્નો દ્વારા મનનું સમાધાન કરી જ દે.

લગભગ ૧૯૮૭ના વર્ષમાં અમારા નજીકના સંબંધમાં શુભ પ્રસંગ આવતો હતો. પરંતુ અમારા બંનેની માનસિક પરિસ્થિતિ કૌટુંબિક કારણોને લીધે ખૂબ જ તંગ હતી. પ્રસંગ ઉકેલવામાં નજીકના જ સંબંધીઓની થોડી મડાગાંઠ હતી. સહારો કોઈનો ન મળે; જાકારો તો બધેથી જ!

પ્રસંગ પૂરો કરી આપવાની જવાબદારી અમારા બંનેના શિરે જ. અમારા બે વચ્ચે પણ પરિસ્થિતિ એટલી જ ખરાબ. કોઈ અંગત સગાંને પણ વાત ન કરી શકાય. ન એકબીજા સાથે વાત કરી શકાય. આ બધામાં મારી પોતાની પરિસ્થિતિ એકદમ વિકટ- કદાચ આવેશમાં કંઈ પગલું લઈ લેવાય એ બીકે છાતી પર ભીંસ અનુભવાય. હમણાં ઍટેક આવશે એટલું બધું દુઃખે. એકાંત મળતાં રડી પણ પડાય. જપ પણ ન થાય. ચિત્ત વ્યગ્ર થઈ જાય. શું કરું ને શું નહિ?

એક દિવસ સવારમાં મળસકે મનમાં વિચાર આવ્યા કર્યો કે હવે શું કરું? હવે તો કોઈક આગળ વેદના ઠાલવવી જ પડે જેથી હૈયા પરથી ભાર ઓછો થાય. જપ પણ જેમ તેમ જ થાય. એવામાં પ્રકાશ થયો કે સંતો આગળ કરેલી વાત કોઈ દિવસ બહાર જતી નથી. ગુપ્ત જ રહે છે. તો પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીનું શરણું લઉં. એમને પત્ર દ્વારા પૂરેપૂરી વિગત લખી દઉં, જેથી કોઈકને વાત કર્યાનો સહારો મળે અને બોજો હલકો થાય.

બસ, જપ દરમ્યાન આ વિચાર આવ્યો. જપ કરીને ઊઠું છું તો ડૉ. પ્રમોદભાઈની ચિઠ્ઠી આવી કે પૂ. પ્રેમ અવધૂતજી નવસારી દિનકરભાઈ નાયકને ત્યાં પધાર્યા છે. રાત રોકાઈ બીજે દિવસે નવ વાગ્યે એરુ આવશે. હૈયું હાથમાં ન રહ્યું. સવારની બસમાં જ નવસારી પહોંચી ગઈ. સવારની પ્રાર્થના શરૂ થનાર હતી ત્યાં જ દૂરથી વંદન કરી ધીમેથી બેસી ગઈ. બાપજી તો આંખ બંધ કરી ધ્યાનમગ્ન હતા.

પ્રાર્થના પૂરી થઈ. બાપજી કહેઃ મંજુબહેન, ભજન ગાવ. મેં તો કોઈ પણ દિવસ ઘરે પણ મોટેથી ભજન ગાયેલું નહિ; ટેવ પણ નહિ એટલે જેવા રાગે આવડ્યું તેવા રાગથી 'જ્યોતસે જ્યોત જગાઓ' ભજન ગાયું. બાપજીની આજ્ઞા માન્ય રાખવા માટે તે દિવસે પહેલ વહેલું બીજાની હાજરીમાં ગાઈ શકાયું.

બધા વારાફરતી પ્રણામ કરી જવા લાગ્યા. હું બેસી રહી હતી. ત્યાં તો પૂજ્યશ્રી બાપજીએ પૂછ્યુંઃ મંજુબહેન, આત્મા સાથે કેમ છે? બસ, ખલાસ! હું તો કંઈ જ ન બોલી શકી અને કદાચ અતિશયોક્તિ ગણાશે પરંતુ મારી ૪૫ વર્ષની ઉંમરમાં હું આટલું બધું ધ્રૂસકે ધ્રૂસકે પહેલવહેલી ખૂબ જ રડી. (અત્યારે પણ બાપજીના શબ્દોનો રણકાર કાનમાં ગૂંજે છે. આ લખતી વખતે મારું હૈયું ભરાઈ આવ્યું છે અને આંખમાંથી આંસુ જઈ રહ્યા છે.) સેવામાં રહેતા બાપજીના ભક્તો- પ્રવીણભાઈ વગેરે સમજ્યા કે મંજુબહેનને બાપજીને કંઈ પૂછવું છે, કહેવું છે એટલે બહાર બાજુના કમરામાં જતા રહ્યા.

પણ ફક્ત એક જ પ્રશ્ને 'મંજુબહેન, આત્મા સાથે કેમ છે?' પૂછી બાપજીએ મનનો, હૈયાનો સઘળો ભાર ઉતારી દીધો હતો. માથા પરથી હજારો મણનો બોજો ઊતરી ગયો હોય એમ મને લાગ્યું. મને લાગ્યું કે મારી બધી વાતો જાણે કે બાપજી જાણે છે. રુદન દ્વારા ફૂલથીયે હળવા

**પરમાત્માનું સંચાલન એટલું બધું અગમ્ય છે કે તમને જ્યાં સાચી ભૂખ ઊઘડી એટલે તરત જ તમને એ વસ્તુ મેળવી આપે.**

બની જવાયું. પછી એ મનોગામી સંતને વાણી દ્વારા શું ફરિયાદ કરવાની હોય? તરત જ હળવી ફૂલ બની ગઈ અને ત્યાર બાદ એરુ પણ બાપજીની પાછળ પહોંચી ગઈ અને પૂજ્ય બાપજીનાં દર્શન, સત્સંગનો લાભ પુલકિત હૃદયથી લીધો. જાણે આવનારી મુસીબતોનો સામનો કરવા માટે બાપજીએ અદૃષ્ટ શક્તિ આપી. મુશ્કેલી 'મુશ્કેલી' લાગી જ નહિ. પ્રસંગ નિર્વિઘ્ને પૂર્ણ થયો. અને ત્યારે ભાન થયું કે પૂજ્ય બાપજીએ કેવી સરળતાથી, સહજતાથી કાર્ય કરાવી દીધું.

આવી રીતે ઘણા પ્રસંગો બન્યા, જેનાથી અમારો પરિવાર બાપજી પાછળ ગાંડો ઘેલો છે. ઉપરોક્ત પ્રસંગ અમારા ઘરના તેમ જ એમણે પણ મેં આજે લખ્યો ત્યારે જ જાણ્યો છે. અને એઓ પણ વાંચતાં વાંચતાં ખૂબ જ રડ્યાં છે. છોકરીઓ તો ગભરાઈ ગઈ કે પપ્પાને શું થયું! મેં કહ્યું કે એ તમને નહીં સમજાય.

અમારા મિત્રવર્તુળોમાં પણ ઘણી બધી અનુભૂતિ થઈ છે. એક ભાઈનો મિલકતનો મોટો પ્રશ્ન બાપજીના શરણે જવાથી હલ થઈ ગયો હતો.

સંતપ્રસાદીનો એકાદ અનુભવ જ બસ હોય છે. પણ બાપજીએ મને કરાવેલી અનુભૂતિ વાંચી જ્યારે એમનું હૈયું ભરાઈ આવ્યું ત્યારે આ બીજો પ્રસંગ પણ લખ્યા વગર રહી શકતી નથી.

અમારી મોટી દીકરીનો લગ્નપ્રસંગ અમે ખૂબ જ સાદાઈથી ઊજવવાનું નક્કી કર્યું. ખૂબ જ સાદાઈમાં હોવાથી નજીકનાં કુટુંબીજનોને બોલાવવા વિચાર્યું. પ્રસંગ સાદાઈથી કરવાની વાત કરીએ રૂઢિચુસ્ત માનસને જચ્યું નહિ. સંપૂર્ણ અસહકાર. આ પરિસ્થિતિમાં કોઈ કુટુંબીજન સાથ કે હિંમત આપવા ન આવ્યું. સામાજિક દૃષ્ટિએ (અમારી નહીં, પૂજ્યશ્રી બાપજીના શરણમાં રહ્યા પછી પડતી કેવી રીતે કહેવાય?) પડતાંનો હાથ કોણ ઝાલે? એ ન્યાયે મનોમન પૂ. પ્રેમ અવધૂતજીને શરણે ગયાં.

લગ્ન દિવસ અખાત્રીજનો હતો. પ્રેરણા થઈ કે માતા ગાયત્રીના મંદિરમાં જાવ. (નવસારી સ્ટેશન પર નજીક જ છે.) આશ્ચર્ય! માતા ગાયત્રી દેવીના મંદિરના હૉલનું અખાત્રીજના દિવસે બુકિંગ મળે જ નહીં. હૉલ ખાલી! મૅનેજરે બધી રીતે સહકારી આપી મદદરૂપ થવા તૈયારી બતાવી અને ખરેખર ફક્ત આઠ દિવસના ટૂંકા ગાળામાં નિર્વિઘ્ને ગુરુકૃપાથી દીકરીનાં લગ્નનું કામ અત્યંત સાદાઈથી પૂર્ણ થયું. ત્યારે તમે જ કહો કે બાપજીનું ઘેલું ન લાગે તો બીજું શું થાય?

આ પ્રસંગ પત્યા પછી પણ કુટુંબીઓના વર્તન સંબંધી મનમાં ખૂંચ ખટકો રહી ગયો હતો. બાપજી આગળ વરાળ ઠાલવું ઠાલવું કરતી હતી ત્યાં તો લગ્ન થયાના ૧૦ દિવસમાં બાપજી એરુ પધાર્યા. આનંદનો અતિરેક થયો. નવદંપતીને બોલાવી લીધાં. તેમને પણ દર્શનનો લાભ અને સત્સંગનો લાભ મળ્યો.

---

**પોતાની 'મા'ને બચ્ચું જ્યારે ધાવવા લાગે, એના ખોળામાં પોઢી જાય ત્યારે એનું બધું જ વિરમી જાય.**

---

દર્શન કર્યા બાદ અમારા જમાઈ શ્રી મહેશકુમારે વાત કરી. આજથી ઘણાં વર્ષો પરની વાત મને યાદ આવે છે. એ દૃશ્ય તાદૃશ મેં પ્રેમ અવધૂતજીમાં નિહાળ્યું છે. રંગ અવધૂત બાપજી મરોલી પધાર્યા હતા ત્યારે મારી સ્વ. મમ્મીને પણ અચાનક જ પૂજ્યશ્રી રંગ અવધૂતજીનાં દર્શન અને સત્સંગનો લાભ મળ્યો હતો. ત્યારે હું નાનો હતો અને પૂજ્યશ્રી રંગ અવધૂતજીનું જે ચિત્ર માનસ પર અંકિત હતું તે આજ મને પ્રેમ અવધૂતજીમાં નિહાળવા મળ્યું છે. ખરેખર હું ધન્ય બની ગયો. એઓ તો તરત જ ઘરે જઈ પોતાના પિતાશ્રી અને બહેનને પણ પૂજ્યશ્રીનાં દર્શન કરાવવા મારે ઘરે એરુ લઈ આવ્યા. લો હવે એમને તો પૂજ્યશ્રી પ્રેમ અવધૂતજીના 'પ્ર'ની પણ ખબર નહીં, છતાં કેટલા બધા ઘેલા થઈ ગયા!

રાતે ગામનાં ભાઈબહેનો સાથે ભજન-આરતી કરી રહ્યા બાદ પૂજ્યશ્રી બાપજીએ એવો સરસ વાતોમાં ને વાતોમાં બોધ આપી દીધો કે મારા મનની બધી ગડમથલ વગર કહ્યે દૂર થઈ ગઈ. મને થયું કે દોડીને બાપજીના પગ પકડી, માથું મૂકી ખૂબ રડું. પણ સામાજિક શિષ્ટાચાર આડે આવ્યો અને પૂજ્ય બાપજી જ્યારે પોતાના મુકામે ગયા ત્યારે મોકળા મને ઉપરની વાતો લખી જણાવી. બાપજીને કહ્યું કે તમે તો વગર કહ્યે મારા મનની અશાંતિ બુઝાવી દીધી. ખરેખર, બાપજી મનની વાતો જાણી જાય છે. મને યાદ છે ત્યાં સુધી મેં બાપજી સાથે આ બધી વાતો કરી ત્યારે મુ. કુલીનભાઈ પણ હતા.

છેલ્લે ૬૦મી પ્રેમજયંતી વખતે પણ થયું એવું કે બે-ત્રણ માસ અગાઉ કુદરતી આપત્તિ આવી. સાથોસાથ સામાજિક, સાંસારિક જવાબદારીઓ ઘેરી વળી હતી. આમ, ૬૦મી જન્મજયંતીનો લાભ ના મળ્યો, ના લેવાયો. જેથી ખૂબ જ રંજ થયો. બાપજીને પત્ર લખવા વિચારતી હતી ત્યાં 'સેવાસૌરભ' મળ્યું. ઘણું આશ્વાસન મળ્યું. જાણે બાપજી કહેતા હોય કે વાંચીને આમાંથી, એના દ્વારા આવેલા ફેંસલાને હસતાં હસતાં સ્વીકારો. લીંચ સુધી પત્ર લખવાની જરૂર નથી.

અનુસંધાન રૂપે પણ ઘણી બધી અનુભૂતિ રહી ગઈ છે, જેવી કે મનમાં થતું કે લીંચ ક્યારે જવાશે? તો એ સગવડ પણ આજોલમાં ઊજવાયેલી જન્મજયંતી વખતે પ્રાપ્ત થઈ અને અમો લીંચ જઈ ત્યાંથી પછી આજોલ ગયા હતા. આમ જે અનુભૂતિઓ થઈ એ અનુભવવાની હોય છે, વર્ણવવાની હોતી નથી, પરંતુ અહીં 'સ્મરણિકા'માં અર્ઘ્ય આપવાનો લોભ છોડી ન શકાયો. બાકી લખવાની ટેવ ન હોવાથી માનું છું કે પૂજ્યશ્રી બાપજીની કૃપા વડે જ આ લખી શકાયું.

પૂ. પ્રેમ અવધૂતજીને ગુરુમહારાજ દીર્ઘાયુ બક્ષો એવી પ્રાર્થના.

## (૪૪)

## પ.પૂ. પ્રેમ અવધૂતજી : એક ઝાંખી

- શ્રી નવીનભાઈ વી. પુરોહિત
અમદાવાદ.

આઠ માસની વયથી જ લીંચમાં પ.પૂ. પ્રેમ અવધૂતજીના સાંનિધ્યમાં રહેવાનો યોગ થયેલો. મારાં સદ્‌ગત માતાજી સોમીબહેન જે પ્રેમ અવધૂતજીનાં બહેન થાય તે મારી નાની ઉંમરમાં જ અમો ભાઈ-બહેનને મૂકી ગુજરી ગયેલાં. તે વખતે મારી ઉંમર ૮ (આઠ) માસની હતી અને મારી બહેન કોકિલાની ઉંમર ૨ (બે) વર્ષની હતી. કોકિલાબહેન તો જન્મથી જ લીંચ રહેતા હતા. ત્યાર બાદ મારાં નાના પૂ. કૃપાશંકરબાપા તથા નાની પૂ. શાંતાબા તથા મારાં સ્વ. માતાજી તથા મારા પૂ. મામા શ્રી પ્રેમ અવધૂતજીની ઈચ્છા મુજબ અમારે લીંચ એટલે કે મોસાળમાં રહેવાનું થયું. મારી આઠ માસની વયથી S.S.C.નો અભ્યાસ કર્યો ત્યાં સુધી હું લીંચમાં રહેલો.

મારા નાના પૂ. કૃપાશંકર જેને અમે બાપા કહેતા તથા પૂ. નાની શાંતાબા- જેને અમે બા જ કહેતા તેઓ બંને ધર્મપરાયણ હતાં. પૂ.બાપા શિવ અને શક્તિના ઉપાસક હતા. જ્યારે પૂ.બા કૃષ્ણ કનૈયાના ઉપાસક હતાં. બા એકાદશીનું વ્રત કરતાં હતાં. એકાદશીના વ્રતની ઉજવણી વખતે તેઓને કૃષ્ણ કનૈયાનાં દર્શનનો આભાસ થયેલો તેમ તેઓ કહેતાં. નિર્જળા એકાદશીના વ્રત ઉજવણીના દિવસે સાંજના ભેંસો દોહતી વખતે કૃષ્ણ કનૈયો તેમને બાલસ્વરૂપે દેખાયો તેવો આભાસ થયો પરંતુ તે પકડવા જાય તે પહેલાં અદશ્ય. બાને ભગવદ્‌ગીતા તેમ જ ભાગવત પુરાણનો બહોળો અભ્યાસ હતો.

પૂ. પ્રેમ અવધૂતજીએ બાપજીનાં પ્રથમ દર્શન ૧૯૫૦માં નારેશ્વરમાં કરેલા ત્યારથી તેઓ બાપજીના પરિચયમાં આવ્યા. પૂ.બાપજી ૧૯૫૭માં પ્રથમ વાર લીંચ આવ્યા. ત્યાર બાદ અમારું ઘર પ.પૂ.બાપજી એટલે પ.પૂ. રંગ અવધૂત ગુરુમહારાજના પરિચયમાં આવ્યું. પૂ.બાપજીના પરિચયમાં આવ્યા બાદ અમારું આખું ઘર દત્તભક્તિમાં રંગાયું. પૂ.બાએ શ્રીગુરુલીલામૃત ગ્રંથના ૧૦૮ પારાયણ પૂરાં કરેલાં. પછી પણ પારાયણ તો ચાલુ જ હતા. આશરે કુલ ૨૯૦ જેટલા પારાયણ થયા હશે. જ્યારે પૂ.બાપા પણ દત્તબાવનીના રોજ બાવન પાઠ કરતા અને ગુરુવારે ૧૦૪ પાઠ કરતાં. પૂ.બાપજીએ અમારા ગામ લીંચમાં ચાર વખત મુકામ કરેલો. તેમાં અમારા ખેતર અવધૂત કુટીરમાં ૧૯૬૨, ૧૯૬૫ અને ૧૯૬૭ કુલ ૫૨ (બાવન) દિવસનો મુકામ કરેલો. તેમના મુકામ વખતના ચમત્કારો-માનવ મહેરામણ વગેરે વિષેની વાતો અહીંયાં અસ્થાને છે.

**જ્યારે ઈચ્છે શ્રીહરિ દેવા અપૂર્વ ફળ-**
**કર્મોનું, ત્યારે કરે લીલા આવી અકળ. (અ. ૫, દો. ૧૩૩)**

મારા મામા એટલે પૂ.શ્રી પ્રેમ અવધૂતજીએ છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરેલા. ત્યાર બાદ સંસ્કૃત પાઠશાળામાં સંસ્કૃતનો અભ્યાસ કરેલો અને ઘેર બેઠાં અંગ્રેજી વિષયનો સારો એવો અભ્યાસ કરેલો. આજે તેઓ અંગ્રેજી ભાષાના વિષયમાં સારું એવું પ્રભુત્વ ધરાવે છે. ઘરમાં પહેલેથી જ ધાર્મિક સંસ્કારોનું સિંચન થયેલું હતું. તેઓ નાના હતા ત્યારે પણ ઉપવાસ-મૌન-સેવા વગેરેનો અભ્યાસ રાખતા. તેમની સખામંડળી સાથે ગામના કૂવાની આજુબાજુ અને ગામમાં પણ સફાઈ કરાવતા. ઘેર આવતા દરેક સંતપુરુષ, સાધુ-મહાત્માઓની યોગ્ય સેવા કરતા અને આશીર્વાદ મેળવતા. આમ, તેઓએ સેવાધર્મનો ભેખ તો પહેલેથી જ ધારણ કરેલો હતો. તેમનું હુલામણું નામ બચુભાઈ છે. તેમનું મૂળ નામ પ્રેમશંકર અને રંગ પરિવારમાં હવે પ્રેમ અવધૂતજી તરીકે ઓળખાય છે.

યુવાનીમાં નવરાત્રીમાં માતાજીની માંડવી આગળ લીંચમાં ચાચર ચોકમાં તેઓ નાટકો પણ ભજવતા. ગામડાની પ્રજા નાટકોમાંથી કંઈક બોધપાઠ મેળવી શકે તેવી તેમની ભાવના રહેતી. નાટકોમાં તેમની ભૂમિકા મુખ્ય પાત્રની રહેતી અને તેઓ તેમના દરેક પાત્રના અભિનય વખતે તેમાં પ્રાણ પૂરતા (જીવંત અભિનય કરતા). રામરાજ્ય નાટકમાં રામનો અભિનય, પૃથ્વીરાજ ચૌહાણમાં પૃથ્વીરાજનો અભિનય, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર-તારામતીમાં હરિશ્ચંદ્ર તરીકેનો અભિનય તેમ જ જાલંધરમાં જાલંધર તરીકેનો અભિનય. કાળો લિબાસ પહેરીને કરેલો અભિનય તો હજુ પણ મને યાદ છે. અને આજે લીંચમાં જેઓએ જોયેલ હશે તે બધાને પણ યાદ હશે જ. તેમના પાત્રવાળા નાટકો જોવા માટે આજુબાજુના ગામના લોકો પણ આવતા અને મોડી રાત સુધી સળંગ બેસી રહેતા.

પૃથ્વીરાજ ચૌહાણ નાટકના એક પ્રસંગમાં તેમની એટલે કે પૃથ્વીરાજની આંખોમાં ધગધગતા સળિયા નાંખીને આંખો ફોડવાનો પ્રસંગ હજુ પણ મને યાદ છે. ત્યારે હું રડતો. મને એમ કે આ લોકો મારા મામાને મારી નાંખશે. જ્યારે સત્યવાદી રાજા હરિશ્ચંદ્રના પાત્રમાં ઝાડુ વાળવાવાળાનો અભિનય તો યાદ રહી જાય તેવો હતો. ત્યારે તેમને કંઠે ગવાતું ભજનઃ

"જીવનમાં ચડતી પડતી આવે
જીવલડા શા માટે દુભાય!!
પડેલું મેઘતણું જે નીર
જઈ સાગરમાં સમાય"

હજુ પણ મારા કાનમાં ગૂંજે છે.

તેમને પહેલાં ગામમાં પાન-બીડીની દુકાન હતી અને ઉત્તરાયણ વખતે પતંગ-દોરીનો ઋતુ પ્રમાણેનો (Seasonal) ધંધો કરતા. ગામમાં તેમની દોરીની બોલબાલા રહેતી. તેઓ જાતે

દોરી રંગતા અને પતંગ પણ ઉડાડતા. તેઓ મોટો પાવલો પતંગ ઉડાડતા અને આકાશમાં ઊડતા દરેક પતંગને કાપીને નીચે ઉતારતા. આમ તેઓની દોરી-પતંગ માટેની આગવી કળા હતી.

ગામમાં અમારું ઘર-કુટુંબ અજાતશત્રુ તરીકે ઓળખાતું અને આજે પણ ઓળખાય છે અને સારું એવું માનપાન પણ ધરાવે છે. ગરીબ-પરિવારોને આર્થિક મદદ કરવી, યોગ્ય ગરીબ વ્યક્તિઓને દવાઓ વિના મૂલ્યે આપવી, માંદા માણસની યોગ્ય સંભાળ રાખવી એ ક્રમ આજે પણ જળવાઈ રહ્યો છે.

લીંચમાં ઠાકોર કોમની વસ્તી વધુ છે. પ્રજા ગરીબ હોવાથી દારૂ, જુગાર, ચોરી, લૂંટ વગેરેનાં દૂષણો પણ હોય એ સ્વાભાવિક છે. તેઓએ શક્ય તેટલા પરિવારોને સન્માર્ગે વાળેલ છે, દોરેલ છે. આજે પણ લોકો તેમની આમન્યા જાળવે છે. તેઓ ઘરેથી ખેતરે જતાં-આવતાં હોય અને જો રસ્તામાં કોઈ મળે તો તેના ખબર-અંતર પૂછે અને જરૂર પડે યોગ્ય માર્ગદર્શન પણ આપે. ગામનો કોઈ દારૂડિયો જો દૂરથી જોઈ ગયો હોય તો બાપુ આવે છે તે જોઈને તેનો રસ્તો બદલીને બીજે વળી જાય. તેમની સામે કોઈ ધૂમ્રપાન કરી શકે જ નહીં. રાત્રિના ગમે તેટલા વાગ્યે તમો જગુદણ સ્ટેશન કે રોડ પર ઊતરો અને લીંચમાં મહારાજના ઘરે જવું છે તેમ તમે કહો તો તમને કોઈ હેરાન પણ ન કરે. આવી છે આ ઘરની આમન્યા.

તેમનામાં એકનિષ્ઠ ભક્તિ, નાનામાં નાના કામમાં પણ ચોકસાઈનો આગ્રહ અને દૃઢ મનોબળ, આત્મસંયમ-સહનશક્તિ-સહિષ્ણુતા અને કાર્યકુશળતા વગેરે અનેક ગુણો છે. તેમાં કાર્યદક્ષતા અને ચોકસાઈ એક આગવું પાસું છે. દરેક ગુણનું વિશ્લેષણ આ નાના લેખમાં શક્ય નથી પરંતુ તેમનામાં અજબની સહનશક્તિ-સહિષ્ણુતા-દૃઢ મનોબળ-આત્મસંયમ છે. તેના બે-ત્રણ પ્રસંગો મને યાદ છે. જે નીચે મુજબ છે.

લીંચમાં દિવાળી પછીના દિવસે એટલે કે બેસતા વર્ષના દિવસે સાંજના ૮ થી ૧૦ ગામના બધા માણસો મળવા માટે આવે અને ચા-નાસ્તો કરીને વીખરાઈ જાય. આ ક્રમ આજે પણ ચાલુ છે. આજથી આશરે દશેક વર્ષ પહેલાંની વાત છે. એક દિવાળી પર તેમની તબિયત થોડીક બગડેલી પરંતુ આત્મવિશ્વાસ, દૃઢ મનોબળ હોવાથી ઘરમાં કોઈને ખ્યાલ આવેલો નહીં. બેસતા વર્ષના દિવસે સાંજના બધા મળવા આવવાનો ક્રમ ચાલુ હતો અને તેઓ કોઈને પણ અણસાર ન આવે તે રીતે બાથરૂમમાં ગયા. થોડીક વાર પછી તેઓ પાછા આવી ગયા અને તેમના બેસવાને સ્થાને બેસી પણ ગયા. ગંભીર ગણાય એવી માંદગીને તેમણે હળવાશથી લઈ લીધી. હું ગભરાયો, પણ નસીબસંજોગે કશું થયું નહીં અને ઘેર જ આરામ થઈ ગયો. ખૂબ જ ગંભીર કહેવાય એવી માંદગીનો કોઈને પણ ખ્યાલ આવવા ન દીધો.

> **મુમુર્ષુને ના રુચે ઔષધ જેમ લગાર,**
> **દૈવ કોપતાં ના રુચે, તેમ બોધ લવભાર. (અ. ૬, દો. ૨૯)**

બીજો પ્રસંગ છે મુંબઈનો. ૧૯૮૫ના જાન્યુઆરી માસમાં તેમની સાથે સેવામાં મારે મુંબઈ જવાનું થયું. અમારી બંનેની પ્રથમ હવાઈ મુસાફરી હતી. મુંબઈમાં જયંતીભાઈ જોશીને ત્યાં મુકામ. મુંબઈ ગયા પછી તેમની તબિયત એકાએક ખરાબ થઈ ગઈ. તાવ-શરદી-ઉધરસ વગેરે પીછો ન છોડે. ત્યાં 'દિગંબરા'ની ધૂનનો કાર્યક્રમ રાખેલો. તે દિવસે તો તેમને લગભગ ૧૦૪ ડિગ્રી જેટલો તાવ હતો. મેં એમને કહ્યું કે "મામા, તમો આરામ કરો. છેલ્લે ધૂનમાં આવજો." છતાં ન માન્યા. તેઓ ધૂનમાં સતત પાંચ કલાક જેવું બેઠા. પ્રવચન પણ કર્યું અને દરેકને મળ્યા પણ કોઈને ખ્યાલ પણ આવવા દીધો નહીં કે તબિયત નાજુક છે. તેઓ તો આજે પણ કહે છે કે મારા ગુરુમહારાજનું કામ પહેલું, પછી મારું શરીર.

ત્રીજો પ્રસંગ ૧૯૮૮ની સાલનો છે. આજથી લગભગ બે વર્ષ પહેલાંનો. મહેસાણા ભરતભાઈનો ફોન પર સંપર્ક થતાં તેઓએ કહ્યું કે બાપુજીની તબિયત સારી નથી અને તમે આવીને સમજાવો. અમદાવાદ તેમને સારી સારવાર મળે તેવું કરવાનું છે. હું તરત જ લીંચ ગયો. તેમનું શરીર જોયું તો હું પણ દંગ થઈ ગયો. તેમનું આટલું વ્યાધિગ્રસ્ત શરીર તો મેં ક્યારેય જોયું જ ન હતું. એક મિનિટે એક ઉધરસ આવે અને તેમનું આખું શરીર કમરમાંથી બેવડ વળી જાય અને તેમનાં આંતરડાં અધ્ધર થઈ જાય અને અનહદ હેરાન થાય. કદાચ તેમની અત્યાર સુધીની માંદગીમાં આ પ્રથમ ભયંકર માંદગી હશે. આ માંદગીનો ઘર સિવાય કોઈને પણ ખ્યાલ ન આવે. તે દિવસે અમદાવાદથી ઘાટલોડિયા પરિવારના શ્રી અંબાલાલભાઈ તથા શ્રી ઈશ્વરભાઈના પુત્ર કમલેશ મળવા માટે આવ્યા. શ્રી કુલીનભાઈની પુત્રી ચિ. હેતલના દીકરા 'હીર'ની ગંભીર હાલતના સંદર્ભમાં આશીર્વાદ લેવા આવ્યા હતા. તેઓ વ્યાધિગ્રસ્ત શરીરે પણ પોતાના દરરોજના રૂમમાંથી બહારના રૂમમાં આવીને બેઠા. અને તેઓ ગયા એટલે પાછા તેમના રૂમમાં આરામમાં ગયા. છતાં બહારની વ્યક્તિને જરા પણ અણસાર ન આવવા દીધો કે તેઓ બીમાર છે. અને આજે પણ તેઓને સામાન્ય બીમારી હોય તો કોઈને પણ ખ્યાલ ન આવવા દે. ઘરનાંને પણ નહિ. આવું છે તેમનું દૃઢ મનોબળ-આત્મસંયમ-સહનશક્તિ-સહિષ્ણુતા- જે ગણો તે.

વધુ તો હું શું લખી શકું? મને તો એમનું સાંનિધ્ય ખૂબ જ નજીકથી સાંપડે છે. કોઈ પણ સામાજિક, આર્થિક કે માનસિક મુશ્કેલીઓ આવે છે, ત્યારે તેમની પાસે દોડું છું અને આનંદ અનુભવું છું. મને તો ખુશી એટલા માટે છે કે આ મહાન વિભૂતિનાં ચરણોમાં બેસવાનો- તેમની સેવા કરવાનો-સાથે રહેવાનો અવસર પ્રાપ્ત થયો છે અને આજે પણ રહ્યો છે. એક દિવ્ય વિભૂતિના ભાણાભાઈ બનવાનો મને આનંદ છે. એને મારાં અહોભાગ્ય જ ગણું છું. આ વર્ષે જયારે આપણે તેમની ૬૦મી જયંતી ઊજવી રહ્યા છીએ ત્યારે હું ભગવાન રંગ અવધૂત ગુરુમહારાજને પ્રાર્થના કરું છું કે તેઓ પૂ. પ્રેમ અવધૂતને દીર્ઘાયુષી બનાવે અને આપણને યોગ્ય માર્ગદર્શન આપતા રહે.

---

**પ્રેમ વિના બધું જ નકામું છે.**

---

## (૪૫)

## પ. પૂ. પ્રેમ અવધૂતજી : પિતા સ્વરૂપે

- શ્રી વિભૂતિ એસ. વ્યાસ
સિદ્ધપુર.

'પ્રેમ' શબ્દ એટલો બધો વિશાળ છે કે જેને વર્ણવવા માટે શ્રી ગણેશની કલમ અને મા શારદાની શાહી બંને ઓછી પડે, તો મારા જેવા પામર જીવની શી તાકાત? પણ પ્રાતઃસ્મરણીય પ.પૂ. ભગવાન શ્રી રંગાવધૂતજી મને લખવાની, કહેવાની કાંઈ પ્રેરણા અર્પે એવી એમનાં ચરણકમળમાં હૃદયની વંદના!

લગભગ ઈ.સ. ૧૯૮૦માં સૌ પ્રથમ હું મારી સખી સાથે જ્યારે લીંચ ગયેલી, ત્યારે તેના અને પ.પૂ. પ્રેમ અવધૂતજીના કહેવાથી મેં ભજન ગાયું, "એવો દિ દેખાડ વ્હાલા, એવો દિ ઉગાડ." એ ભજન ગાતી હતી ત્યારે મને લેશમાત્ર પણ ખબર ન હતી કે જે ભજનનાં રચયિતા છે, તેમનાં જ ધામમાં, તેમનું જ ભજન હું ગાઈ રહી છું. ભજન થતાં જ પ.પૂ. બાપુજીએ કહ્યું કે, "બેટા, આ ભજન કોનું બનાવેલું છે?" ત્યારે મેં જવાબ આપ્યો, બાપુજી મને ખબર નથી. ત્યારે તેમણે મને કહ્યું કે "તું જે જગ્યાએ, જે ભગવાનના ધામમાં બેઠી છું, તે જ પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજનું લખેલું આ ભજન છે." આ સાંભળી મારા આશ્ચર્યનો તો પાર જ ન રહ્યો. મારા ગાયેલા ભજનમાં ઘણી જ ભૂલો હતી. જેમ કે "રૂપે રૂપે તું અરૂપી અંગ એ નિર્ધાર" એવું હું ગાતી હતી. તો તેમણે મને "રૂપ રૂપે" અને "રંગ એ નિર્ધાર" એ શબ્દો સુધારી અવધૂતી આનંદની પ્રસાદી આપી. ત્યારથી લીંચ અને પૂ.બાપુજી સાથેનો મારો સંબંધ ચાલુ થયો.

પ.પૂ. પ્રેમ અવધૂતજીએ મને તેમની નિર્મળ અને પ્રભાવશાળી વાણીમાં "બાપજી"નો ખૂબ જ સરળ અર્થ સમજાવ્યો. "બાપ એટલે પિતા" અને "જી એટલે માતા". કાઠિયાવાડમાં માને જી કહેવામાં આવે છે એમ કહી એ અર્થ બરાબર મારા હૃદયમાં સચોટ રીતે મઢાઈ જાય એવી રીતે સમજાવેલો અને ત્યારથી પૂ.બાપજીને ખરા અર્થમાં હું સમજી. પછી તો પૂજનમાં કે અન્ય કોઈ કાર્યક્રમોમાં મને તેમના સાંનિધ્યનો લાભ મળવા લાગ્યો.

તેમના પિતૃવાત્સલ્યની શી વાત કરું? હું જ્યારે જ્યારે તેમની પાસે ગઈ હોઉં ત્યારે ત્યારે એમની પિતૃપ્રેમથી નીતરતી આંખોનાં અમીઝરણામાં મને નાહવાનું જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે વર્ણવવા હું અસમર્થ છું. એમનાં મુખારવિંદમાં બેટા વિભુ! સિવાય બીજો અન્ય શબ્દ મેં ક્યારેય સાંભળ્યો નથી.

> **હૃદય સિંહાસન કર્યું, સુખે બિરાજો નાથ!**
> **સ્નાન કરાવું પ્રેમથી, એજ વારિ અવદાત. (અ. ૭, દો. ૨૪)**

ઈ.સ. ૧૯૮૫માં સિદ્ધપુરમાં મારા ઘરમાં મને વિચાર આવ્યો કે મને પાદુકાપૂજનમાં બેસવાનું મળે તો કેવું સારું? પણ પૂજનમાં બેસું તો તે માટે શું જોઈએ ને શું નહીં? તેની જરા પણ સમજ ન હતી. હું આ વાત પૂ.બાપુજીને કેવી રીતે કરું? વગેરે અનેક પ્રશ્નો વિચારતી હતી અને એ જ દિવસે બપોરે પ.પૂ. પ્રેમ અવધૂતજી મારી સમક્ષ પત્રસ્વરૂપે પ્રગટ થયા, અને કહ્યું કે, બેટા વિભુ! પૂજનમાં તારે બે હાથ અને ત્રીજું મસ્તક સિવાય કશું જ લાવવાનું નથી. બાપના ઘરે આવવા માટે પૂછવાનું હોય? આ ઘર પોતાનું સમજીને વિના સંકોચ આવી જવું. બસ પછી તો મારા આનંદનું પૂછવું જ શું? ખરેખર! તે વખતે પરમ કૃપાળુ પરમાત્મા માટે વપરાતો અંતર્યામી શબ્દનો ખરો અર્થ મને સમજાયો. તે વખતના પૂજનમાં મેં બે હાથ, ત્રીજું મસ્તક અને હૃદયનો ભાવ સિવાય કશું જ મૂક્યું નથી. અરે! પ્રસાદ પણ નહીં.

પ.પૂ. બાપુજીનો (પ્રેમ અવધૂતજી) અમારા જેવી દીકરીઓ ઉપર ખૂબ જ ભાવ છે. કોઈ પણ દીકરી વિના સંકોચે તેમની પાસે પોતાનું હૃદય ખુલ્લું કરતાં અચકાતી નથી તેમ હું દૃઢ વિશ્વાસથી, છાતી ઠોકીને કહી શકું તેમ છું. દરેક દીકરીઓ ભારે હૈયે તેમની પાસે જાય, પણ હળવે હૈયે, શાંત મને પાછી ફરે છે. કદાચ આવી રીતે તો ખુદ પોતાનાં માબાપ પાસે પણ હૃદયની વાત કહી શકતી નહીં હોય! આથી વિશેષ હું શું લખું? વળી એક દીકરીને પોતાના બાપ વિષે કોઈ લખવાનું કહે તો આકાશના તારા ગણવા જેવું કામ ગણાય છતાં પણ મારો આ એક નાનકડો પ્રયાસ છે. જેમાં કાંઈ જ અસત્ય નથી.

સંગીતમાં (ભજન) હ્રસ્વ, દીર્ઘ, સ્પષ્ટ ઉચ્ચાર, હૃદયનો ભાવ જેવા અનેક શબ્દો સચોટ અને ભારપૂર્વક સમજાવતાં. મારા પ.પૂ. બાપુએ જ મને સાચું ગુજરાતીનું અને સંગીતનું જ્ઞાન આપ્યું છે કે જે હું જીવનમાં ક્યારેય શીખી ન હતી. આમ હું જેમ જેમ તેમના સમાગમમાં આવવા લાગી તેમ તેમ હૃદયની વાણીની અનુભૂતિ થતી ગઈ. અને ત્યાર બાદ મારી જિહ્વા એકદમ શુદ્ધ થવા લાગી. અને તે વખતે ગવાતાં ભજન બહુ જ મીઠાં અને રસમય થવા લાગ્યાં ત્યારે મને સમજાયું કે જ્યારે સંકીર્તન બહુ જ ઘેરી જિહ્વાથી થવા લાગે છે ત્યારે વાણી અત્યંત મધુર થઈ જાય છે. તે વખતે હું પોતે ગાતી નથી પરંતુ કોઈ દિવ્ય શક્તિ જ ગાય છે. ખરેખર સંકીર્તનનું બહુ જ મહત્ત્વ છે. તેનાથી જ ગુરુના હૃદય સુધી પહોંચી શકાય છે.

પ.પૂ. પ્રેમ અવધૂતજીના પ્રેમની સુવાસનો વ્યાપ એટલો બધો વિશાળ છે કે એમનાં કુટુંબનાં દરેકે દરેક સભ્યોમાં એ જ પ્રેમનાં દર્શન થાય છે. જે સેવા સ્વરૂપે બહાર પ્રગટે છે. આપણે તો ત્યાં જઈએ એટલે બસ આ પ્રેમના મહાસાગરમાં સ્નાન જ કરવાનું હોય! તમારી જેટલી શક્તિ હોય તેટલી શક્તિ વડે તમે તે પ્રેમ મેળવવા ભાગ્યશાળી બનો અને એ જ તમારું અહોભાગ્ય!

---

**આપણે જીવમાંથી શિવ, આત્મમાંથી પરમાત્મા, વ્યક્તિચૈતન્યમાંથી વિશ્વચેતનામાં ભળવું છે.**

---

> **ભોગ રોગનું મૂળ છે, ભોગમૂળ અવિચાર,**
> **યૌવન, ધન, સત્તામદે થાય નષ્ટ વિચાર. (અ. ૭, દો. ૫૦)**

"જેનું આંતરિક જીવન સમૃદ્ધ હોય એ જ પોતાના બહારના જીવનમાં સાદાઈ રાખી શકે છે." એ ઉક્તિ પ.પૂ. બાપુજીના જીવનમાં બરાબર વણાયેલી છે. પૂ.બાપુજીના પ્રેમાળ હૃદયમાં ક્યારેય ખોટા દંભ કે આડંબરને સ્થાન મળ્યું નથી. એમની સાથે અવારનવાર સંપર્કમાં આવવાથી મને સમજાયું છે કે ગુરુસેવામાં ગુરુને પોતાની જાત સમર્પિત કરી દેવી અને આપણાં સુખ-દુઃખને ગુરુપ્રસાદરૂપ માની લેવાં અને ગુરુએ જે આદેશ આપ્યો હોય તેનું અક્ષરશઃ પાલન કરવું; અને જેણે ગુરુના વચનમાં પોતાનું મન ધોઈ નાંખ્યું અર્થાત્ તે પ્રમાણે આચરણ કર્યું તેણે જ સાચી ગુરુસેવા કરી કહેવાય.

જીવનની દરેક પળે, દરેક ક્ષણે મારા જેવી અનેક દીકરીઓની અહર્નિશ સાર-સંભાળ લેનાર, રાખનાર એવા મારા પૂ.બાપુજી નીરોગી દીર્ઘાયુ પામો એવી પ.પૂ. ભગવાન શ્રી રંગાવધૂતજીનાં ચરણારવિંદમાં વિભુની અંતરની પ્રાર્થના!! જન્મોજન્માંતર મારા જેવી અનેક દીકરીઓનો હાથ પકડી પાર ઉતારે એ જ પૂ.બાપુજીને નમ્ર પ્રાર્થના, અંતરની અભિલાષા.

## (૪૬)

## પ.પૂ. પ્રેમ અવધૂતજી : સેવાનું મૂર્ત સ્વરૂપ

- શ્રી વસંતલાલ અં. પટેલ
સુરત (આંગડિયા).

"ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે
બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે
સંત સેવા વિના વાટ નવ એ જડે
માન મૂક્યા વિના ભાન ના'વે"

પ.પૂ.શ્રી રંગ અવધૂત બાપજી રચિત આ પ્રભાતિયું સંતસેવા દ્વારા જ બ્રહ્મપ્રાપ્તિ થઈ શકે એનું માર્ગદર્શન આપે છે. બ્રહ્મને જાણવા અને પામવા મથતા સાધકોને ગુરુમહારાજ 'સંતસેવા'નો સાદો, સીધો, સરળ અને છતાં સચોટ રસ્તો બતાવે છે. આ સેવાના રસ્તે જઈને પૂ. પ્રેમ અવધૂતજીએ પોતાનું જીવન તો સાર્થક કર્યું જ છે પણ બીજાના જીવનમાં પણ સેવા સૌરભ દ્વારા પરિવર્તન આણ્યાં છે.

પૂ. અવધૂતજીના ખૂબ જ વિશાળ પરિવારમાં આપણને 'આપણા' લાગે, એવા પ્રેમાળ પૂ. પ્રેમ અવધૂતજી, સેવાની સાધના દ્વારા જ આગળ વધ્યા છે. આ **રંગ કિંકરે** સેવાના આદર્શનો મર્મ પોતાના જીવનમાં સમજીને આચરી બતાવ્યો છે.

એમનો પ્રેમાળ સ્વભાવ, એમની હાજરીની હૂંફ અને આંખ દ્વારા મળતો મીઠો આવકાર એ જ એમની સફળતા સૂચવે છે.

સેવાની કર્મભૂમિ નારેશ્વર અને જન્મભૂમિ લીંચ. એમણે તો બંનેનો સમન્વય સાધી બધું એકાકાર કરી દીધું. **નારેશ્વરને લીંચ લઈ આવ્યા** અને ગુરુમહારાજનાં આશીર્વચનોથી લીંચમાં 'અવધૂત કુટીર'ની રચના થઈ અને લીંચને ઉત્તર ગુજરાતનું નારેશ્વર બનાવી દીધું. મૂળ પાયામાં સેવાનું જ સિંચન.

'ભિલામા'ના પ્રસંગમાં (નારેશ્વરના નાદમાં તેમ જ ગાંધીનગર દ્વારા પ્રકાશિત સ્મરણિકામાં આવેલો લેખ) તેમની અનન્ય ગુરુનિષ્ઠા અને ગુરુસેવા જ દેખાય છે.

ગુરુમહારાજને ગમે તેવું કરવાની સાત્ત્વિક વૃત્તિમાં સેવાના આદર્શને ઝબોળીને એમણે સાધનાનું જે પોત તૈયાર કર્યું તે અદ્વિતીય બની ગયું. મુ. જગજીવનરામ માસ્તરકાકાને પૂછીને, મંજૂરી લઈને 'જાજરા'ની સેવાથી એમણે સાધનાનો એકડો ઘૂંટ્યો. આપણે પણ એમણે આચરીને બતાવેલા માર્ગ પર ચાલીને જવાનું સ્વીકારીએ તો ઘણું બધું પામીશું જ.

**સિનેમા, નાટક, વ્યવહારમાં વિશ્વચૈતન્ય તરફની ગતિ પ્રવાહિત થતી ન હોવાથી મનનું નિયંત્રણ થતું નથી.**

**સ્મરણ માત્રે જે હરે કષ્ટ સકળ તત્કાળ,**
**દર્શન આપી ભક્તને, એવો કોણ દયાળ? (અ. ૮, દો. ૧૧૫)**

લીંચ એ 'મિનિ નારેશ્વર' છે એવું તો ખુદ ગુરુમહારાજે જ કહ્યું છે. 'લીંચ જાણ મિનિ નારેશ્વર, એવું બોલ્યા રંગ ગુરુવર' એ પ્રેમચાલીસાની પંક્તિ લીંચ વિશેનો પૂ.શ્રીનો ભાવ દર્શાવે છે. ગુરુમહારાજની નાની નાની સેવા અતિ સૂક્ષ્મતાથી કરવાથી એવી સ્થિતિ ઊભી થઈ કે જેમાં પૂ.શ્રીને પાણીની તરસ લાગી હોય તો પોતે એ વેદના અનુભવે અને તેથી બાપજીને પૂછે કે 'બાપજી! પાણી પીવું છે?' અને બાપજી 'હા' જ કહે.

પ્રથમ દર્શને જ પૂ.શ્રીને 'પરબ્રહ્મ' સ્વરૂપે જ જોયા તે છેવટ સુધી એમને ભગવાનથી સહેજ પણ ઓછા કલ્પ્યા જ નથી એટલે ગુરુમહારાજને જ સાધ્ય બનાવી સાધનાને શુદ્ધ અને સાત્ત્વિક રાખી.

ગુરુમહારાજ પ્રત્યેનો અતૂટ પ્રેમ જોવા મળે છે. ગુરુમહારાજના દેહવિલય બાદના પ્રસંગમાં. પૂ.બાપજી સાબરમતી થઈ જયપુર ગયા અને ત્યાંથી હરિદ્વાર થઈ બ્રહ્મલીન થયા. સાબરમતીથી જતાં 'હું લીંચ આવીશ' એવો વાયદો કરેલો અને પછી ન આવ્યા તેથી જ દુઃખ થયું. 'જૂઠું કેમ બોલ્યા? મને છેતર્યો કેમ?' બસ! આ જ રટણા. અન્નનો ત્યાગ કરી દીધો. વિનય ક્રોધ કરવાનો અધિકાર મેળવ્યો હોય એવો શુદ્ધ પ્રેમ. અઢાર દિવસ એ પ્રેમ-યુદ્ધ ચાલ્યું. અંતે બાળહઠની જીત થઈ. રાતે અઢી વાગ્યે પૂ.શ્રીએ દષ્ટાંત આપી ગુરુલીલામૃતના ૧૨૨મા અધ્યાયનો ૧૨૨મો દોહરો વાંચવા કહ્યું. તરત જ ઊઠી, હાથ-પગ ધોઈ, ગુરુમહારાજનું સ્મરણ કરી, જોયું તો દોહરો હતોઃ

"કારણ કે જનદષ્ટિથી ત્યાગે સિદ્ધ શરીર,
તોયે સર્વાંતર વિષે રહે નિત્ય એ ધીર."

'મા'ના જતા રહેવાથી નાનું બાળક કેવું નોધારું બની જાય એની અનુભૂતિ એમણે કરી. 'ગુરુ માવલી' એવું જીવી બતાવ્યું. મા-દીકરાનો સંબંધ સ્થાપીને એમણે શું સિદ્ધ કર્યું છે તેનું દર્શન કરાવ્યું.

વિશ્વના કોઈ પણ ખૂણામાં બેઠેલા આપણે ખૂબ જ શાંત મને ફક્ત બાપજીને યાદ કરીએ તો એ તો સ્મર્તૃગામી છે. એટલે વીજળી ઝડપે હાજર થાય છે. શરત એટલી જ કે તમે એને સરળતાથી યાદ કરતા રહો.

'શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્'ને જીવનમાં વણી લેવાનું બાપજીએ કહ્યું છે તેની પાછળ સતર્કતા છે. આવા સતત સ્મરણ દ્વારા જ જીવનનું લક્ષ્ય સિદ્ધ કરી શકાય છે. પૂ. પ્રેમ અવધૂતજીએ એમના વર્તન દ્વારા આ વસ્તુ આપણને બતાવી છે.

પૂ. પ્રેમ અવધૂતજી ૬૦મા વર્ષમાં પ્રવેશે છે ત્યારે ગુરુમહારાજને અંતરથી પ્રાર્થના કરું કે એમને ચિરાયુ અને નિરામય રાખે. એમના પ્રેમભર્યા આશીર્વાદથી અમારા જીવનમાં પણ સેવા સૌરભ મહેકે એવી આકાંક્ષાનો ભાવઅર્ઘ્ય ચઢાવી દઉં.

---

**છીએ તેના કરતાં વધુ સારા થવા પૂજનમાં આવવાનું છે.**

---

**જ્ઞાનસસ્ત્ર ખોલ્યું અહા! લે બડભાગી લાભ,**
**હતભાગી ખૂણે રડે, દેખી મિથ્યા ખ્વાબ.** (અ. ૮, દો. ૧૩૩)

# (૪૭)

# સિદ્ધપુર : દત્તભક્તિનું મોસાળ

- શ્રી જ્યોતીન્દ્ર ત્રિવેદી
સિદ્ધપુર.

સિદ્ધપુર એટલે ભગવાન કપિલની જન્મભૂમિ, મહર્ષિ કર્દમની તપોભૂમિ અને દેવહૂતિ માની કર્મભૂમિ. દેવહૂતિ માતાએ પોતાની પુત્રી અનસૂયાને અત્રિઋષિ સાથે પરણાવી અને તેમને ત્યાં ભગવાન દત્તાત્રેય પ્રગટ્યા એટલે ભગવાન કપિલ એ દત્તપ્રભુના 'મામા' થાય અને સિદ્ધપુર એ દત્તપ્રભુનું 'મોસાળ' થાય. સિદ્ધપુરમાં આને કારણે જ દત્તભક્તિનો પ્રવાહ અખંડ ચાલે છે.

આજથી બરોબર ૧૦૦ વર્ષ પૂર્વે એટલે કે સંવત ૧૯૪૬માં એટલે કે ઈ.સ. ૧૮૯૦માં પ.પૂ. વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજે સિદ્ધપુરમાં મુકામ કરેલો. પૂ. પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતી નિમિત્તે શ્રી મફતભાઈ ઠક્કરને ત્યાં શ્રાવણ વદ આઠમથી શ્રીગુરુલીલામૃતના ૬૦ પારાયણની શરૂઆત થઈ તે દિવસે જ આ સો વર્ષ પૂરાં થયાં હતાં. કેવો યોગાનુયોગ!

પૂ. સ્વામીમહારાજે નદી કિનારે હાટકેશ્વર મહાદેવમાં મુકામ રાખ્યો હતો. આજે પણ સ્વામીમહારાજ દ્વારા શરૂ થયેલ 'અખંડ નામ સંકીર્તન' એક અઠવાડિયા સુધી ચાલે છે.

સને ૧૯૫૭માં દત્તાવતારી પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ પધાર્યા. માગસર સુદ ૧૩ ને ગુરુવારે ગંગાવાડીમાં ગુરુમહારાજે મુકામ કર્યો. સિદ્ધપુરમાં ચાર દિવસનો મુકામ કર્યો. દત્તજયંતી ધામધૂમથી ઊજવી અને 'સિદ્ધપુર' ગોકુળિયું બની ગયું.

પૂ.શ્રીને સિદ્ધપુર લાવવાનો જશ મુ. કેશવલાલ વૈદ્યરાજને ફાળે જાય છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સરસંઘચાલક પૂ. ગોલવેલકરજી અને ભગવાન રંગાવધૂતજીનું ગંગાવાડીમાં મિલન યોજાયું. રાષ્ટ્રીય સંત અને નારેશ્વરના સંતનું આ મિલન અદ્‌ભુત હતું.

બીજે દિવસે પૂ.શ્રી દેવશંકરબાપાને મળવા માટે અરવડેશ્વર મહાદેવ ગયા. આમરણ સિદ્ધપુરની સરસ્વતી નદીને પેલે પાર જ રહેવાની પ્રતિજ્ઞાધારી, ગાયત્રીના મહાન ઉપાસક અને સરળતાની મૂર્તિ સમા પૂ. દેવશંકરબાપાનું પૂ.શ્રી સાથેનું એ અતિ દિવ્ય મિલન હતું. જોનાર ધન્ય થઈ જાય એવું મિલન હતું.

પૂ.શ્રી સિદ્ધપુર આવ્યા ત્યારથી અવધૂત પરિવારની શરૂઆત થઈ. પરિવારના આદ્ય સ્થાપક વૈદ્યરાજ શ્રી કેશવલાલના અવસાન બાદ પરિવારનું સુકાન મુ.શ્રી કેશવલાલ રાવળે સંભાળ્યું.

---

**પરમાત્માએ આપણા શરીરરૂપી યંત્રમાં એવા ચક્રો અને નાડીકેન્દ્રો મૂક્યાં છે કે જેવી ભાવના કરો તેવો ભાવ પ્રવાહિત થાય છે.**

---

**શ્રવણે ભવભય સહુ ટળે, મનને ભ્રાંતિ જાય,**
**નિદિધ્યાસને જીવ તે સ્વયં ઈશ થઈ જાય! (અ. ૧૦૬, દો. ૧૦૮)**

વૈદ્યરાજે વાવેલા બીજને ખાતર તથા પાણી પાઈને મુ. કેશવલાલ રાવળે એક વૃક્ષ ઉગાડ્યું અને તેને ફળ આવવા માંડ્યા. રંગજયંતી, દત્તજયંતી, ગુરુપૂર્ણિમા જેવા ઉત્સવો તેઓના માર્ગદર્શન હેઠળ ભારે ધામધૂમથી ઊજવાવા માંડ્યા. તેઓશ્રીના હાથે આઠ દત્તયાગ અને શ્રીગુરુલીલામૃતના ચાર સમૂહ પારાયણ યોજાયાં.

ઉત્સવની વહેલી સવારે તેઓ પ્રભાતફેરી કાઢતા. ગળે હાર્મોનિયમ બાંધી 'દિગંબરા દિગંબરા'ની ધૂન મીઠી હલકથી ગવડાવતા. લોકોને ઉત્સવની જાણ થતી અને આખા ગામમાં ઉત્સવનું વાતાવરણ છવાઈ જતું.

કાર્યક્રમોના આયોજનની સાથે સાથે બીજી હરોળ પણ તૈયાર કરી. જેનામાં જેવી શક્તિ હોય તે પ્રમાણે સંસ્કારનું સિંચન કરી નવી પેઢીને તૈયાર કરી. એના પરિણામે પરિવારના મુગટના યશકલગીરૂપ શ્રી મફતલાલ અ. ઠક્કર આજે પૂ. પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતી ઊજવવા નિમિત્તરૂપ બન્યા. શ્રીગુરુલીલામૃતના ૬૦થી વધુ સપ્તાહ પારાયણ થયા અને અંબાજીમાં ધામધૂમથી જન્મજયંતી ઊજવાઈ. અંબાજીમાં પૂ.શ્રી રંગ અવધૂતજીની જન્મજયંતી ઊજવાયાનું આ રજતજયંતી વર્ષ હતું. આ પારાયણાર્થીના અનુભવો પણ સાંભળવા જેવા છે જે પૈકીનો એક અનુભવ રજૂ કરું છું.

શ્રી અમૃતભાઈ દેવચંદભાઈ પ્રજાપતિની ઊંઝાથી બદલી થઈ તેથી સિદ્ધપુર આવ્યા હતા અને પારાયણમાં જોડાયા હતા. તા. ૨૪-૮-૧૯૯૦ ને શુક્રવારે સાંજે પાંચ વાગ્યે સિદ્ધપુરમાં અચાનક ભયાનક વાવાઝોડું આવ્યું. આ વાવાઝોડામાં કાળાભટ્ટના મહાડ પાસેનો લાઈટનો થાંભલો કડડડ ભૂસ થઈને નીચે પડ્યો. શ્રી અમૃતભાઈનો સુપુત્ર ચિ. કમલેશ ત્યાં રમતો હતો તેના ઉપર લાઈટનો થાંભલો વાયર સાથે પડ્યો અને વાયર ગૂંચળાની માફક કમલેશ પર વીંટળાઈ ગયો. મહોલ્લાવાળોઓએ લાકડીના પ્રહારથી વાયરને છૂટા પાડ્યા. કમલેશને બેભાન હાલતમાં હૉસ્પિટલ લઈ ગયા. બંને હાથ પગ લાઈટના વાયરથી દાઝી ગયા હતા. લાઈટના વાયર વીંટળાઈ વળવાથી શું થાય એની તો આપણને ખબર છે પણ ગુરુમહારાજની કૃપાથી કમલેશભાઈને ન તો લકવાની અસર થઈ કે ન કોઈ માનસિક વિકૃતિ આવી. ભગવાનની કૃપા કરવાની રીત અલૌકિક હોય છે. જેને રામ રાખે તેને કોણ ચાખે? લેખમાં પણ મેખ મારવાની સત્તા ગુરુમહારાજને છે.

'લખ્યા લલાટે લેખ જે, ભલે હોય વિપરીત,
ગુર્વાંઘ્રિ સ્પર્શે નહિ, થાય શુભદ આ રીત.' (શ્રીગુ.લી. ૯૯/૧૧૮)

જોનારાને તો એમ જ હતું કે ચિ. કમલેશ નહિ બચે પરંતુ દત્તભગવાને એની પૂરી સંભાળ લીધી. ચિ. કમલેશ બાળકોને ભેગા કરીને આજે દત્તબાવની તથા વંદના ગવડાવે છે.

દત્તપ્રભુ પોતાના મોસાળમાં કોઈ પણ બાળકને બચાવવા દોડી જાય જ એ શ્રદ્ધા સાવા સાચી છે.

પૂ. પ્રેમ અવધૂતજી લાંબું અને સ્વસ્થ આયુષ્ય પામો એવી દત્તપ્રભુને તથા ગુરુમહારાજને હૃદયની પ્રાર્થના.

---

**પૂજનમાં એક પછી એક એમ દસે દ્વાર ખૂલે છે અને બધાં જ ચક્રો અને નાડીકેન્દ્રોમાંથી આનંદ ઉભરાય છે.**

> **ચાલ્યો આવે ધર્મ જે, કરવો બંધ ન તેમ,**
> **થાય પાપ એથી બહુ, આવે વિપત્તિ એમ.** (અ. ૧૦૭, દો. ૩૩)

## (૪૮)

## પૂ. પ્રેમ અવધૂતજી : જલાબાપા દ્વારા પ્રાપ્તિ

- એક બહેન

હું જલારામ બાપાને માનું છું. એક ઉનાળાની સવારે જલારામ બાપાની સેવા કરતી હતી ત્યાં મનમાં એવો વિચાર આવ્યો કે ઉનાળાના દિવસોમાં બાપાને ગરમી લાગતી હશે તો ચંદન લગાવું કે જેથી ઠંડક લાગે પણ પાછું થયું કે એ ક્યાં દિગંબર છે કે હું ચંદન લગાવું?

ત્રણ-ચાર દિવસ આ એક જ વિચાર આવ્યા કર્યો અને તેથી બબડી પણ ઊઠતી. એક દિવસ બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગ્યાના સુમારે કાને અવાજ આવ્યો, “જા, લીંચ જઈને લગાવી આવ.” મનમાં મીઠી મૂંઝવણ થઈ કે આ વાત લીંચ જઈને બાપજીને કેવી રીતે કહેવી? અને એમને કઈ રીતે ચંદન લગાડાય?

ગડમથલમાં એક દિવસ ગયો. ત્યાં સ્વપ્નમાં એક ભક્ત ચાંદીની થાળીમાં ચંદન ઘસીને લાવેલા તે ચંદન તેમણે પૂ. પ્રેમ અવધૂતજીના આખા શરીરે લગાવી દીધું. હું તો ઊભી ઊભી જોતી જ રહી. બાપજીએ મને કહ્યું, “તું કેમ જોયા કરે છે? તારે નથી લગાવવું? તું પણ લગાવી દેને!” મેં કહ્યું કે બાપજી હું ચંદન લાવી નથી. તો બાપજીએ મને કહ્યું, “નથી લાવી, તો જા, જઈને લઈ આવ.” અને હું ચંદન લેવા દોડી ત્યાં આંખ ખૂલી ગઈ અને સ્વપ્ન ઊડી ગયું.

આ સ્વપ્નદર્શન તા. ૯-૪-૧૯૮૫ના રોજનું. તા. ૧૦-૪-૧૯૮૫ના રોજ બાપજીને ચંદનનો લેપ લગાડવા લીંચ ગયાં અને બપોરના સ્નાન વખતે પ્રેમથી ચંદન લગાડ્યું. મારી ઈચ્છા સંતોષાયાનો આનંદ થયો. પ્રસાદમાં બાપજીએ મને શ્રીફળ આપતાં કહ્યું કે “કાલે ગુરુવાર છે તો બાપાના મંદિરે આ શ્રીફળ મૂકી દેજો.” ગુરુવારે બાપાના મંદિરે શ્રીફળ મૂકી દીધું, આરતી કરી અને ચાલતા જ ઘરે આવ્યા. સત્સંગ કરીને રાત્રે સૂઈ ગયા.

તા. ૧૨-૪-૧૯૮૫ના રોજ ફરી પાછું સ્વપ્ન પડ્યું. સ્વપ્નમાં જ અવાજ સંભળાયો તે આ મુજબ હતોઃ-

‘ચંદનના સિંહાસન ઉપર બ્રહ્મને પધરાવ!’

આ સંકેતમાં સમજ ન પડી એટલે ફરી અવાજ આવ્યોઃ-

‘ગાંડી! તું લીંચથી જે ચંદન પ્રસાદ લાવી છે તે.’

---

**આપણા હૃદયમાં બેઠેલા પરમાત્માનું હૃદય દ્વાર ખૂલે એટલે તેનો ઝબકારો થાય છે.**

---

આ વખતે પણ સમજ ન પડી. ત્રીજીવાર અવાજ આવ્યોઃ-

"ચંદનનું સિંહાસન એટલે ડબ્બીમાં ચંદન પધરાવ અને તું જે ચંદન-પ્રસાદી લાવી છે તેમાં બે વાળ હશે તેનો 'ૐ' બનાવીને ચંદન પર મૂક" એમ કહીને સ્વપ્નમાં મોટો 'ૐ' દેખાડ્યો.

હવે બન્યું હતું એવું કે પૂ. પ્રેમ અવધૂતજી બાપજીને ચંદન લગાડ્યા પછી એમના શરીર પરથી ખરેલું ચંદન ભેગું કરીને પ્રસાદીમાં લાવી હતી. સવારે પૂજા કર્યા બાદ જોયું તો ચંદન પ્રસાદીમાં વાળ હતા. સ્વપ્નની વાતની સાર્થકતા ધ્યાનમાં આવી. પણ બે વાળનો કઈ રીતે 'ૐ' થાય? એટલે બધું રહેવા દીધું. કરાવનારો બધું સમજાવશે અને કરાવશે એ શ્રદ્ધાથી તે દિવસે કાંઈ ન કર્યું. જે દિવસે બાપા પ્રેરણા કરે તે દિવસે જોયું જશે.

ભગવદ્ ભજન-સેવામાં દિવસો જતા હતા ત્યાં એક દિવસ પ્રેરણા થઈ અને ચંદન-પ્રસાદીમાં જોયું તો અંદર ઘણા વાળ હતા. 'ૐ' થઈ શકે એમ હતું. હૈયામાં આનંદ માતો ન હતો.

'દિગંબરા'ની ધૂન સાથે વાળમાંથી ૐ (બ્રહ્મ) બનાવ્યો. પણ પધરામણી કેવી રીતે કરવી તે માટે બાપાના માર્ગદર્શનની રાહ જોવા લાગી.

એક દિવસ બ્રાહ્મ મુહૂર્તમાં (ચાર વાગ્યે) બાપાએ કહ્યું. આજે બ્રહ્મને પધરાવ અને દશ હજાર જાપ કરવાનું સૂચવ્યું. પૂનમનો યોગ હતો એટલે આનંદ થયો પણ દશ હજાર જાપ કરવાના તે શું? શાના જાપ?

શંકાનું સમાધાન આપ્યું કે જે દિવસે તું ચંદન લગાવવા ગઈ હતી તે દિવસે અવધૂત કુટિરે જાપ કર્યા હતા કે નહિ? અવધૂત કુટિરે દસ દત્તનામ સંકીર્તન કરેલાં તે યાદ આવ્યું. હું જે ભૂલી ગઈ તે દેવ ભૂલ્યા ન હતા.

મનમાં એવી ભાવના જાગી કે જો આજે ૐ(બ્રહ્મ)ને પધરાવવાની બાપાની મરજી હોય તો મને ક્યાંકથી પણ ગુલાબની પાંખડી મેળવી આપે. ભક્ત અને ભગવાન વચ્ચે આવું તો ચાલ્યા જ કરતું હોય છેને!

અનામત આંદોલનના તોફાનને કારણે દુકાનો બંધ હતી. ઘરમાંથી નીકળાય તેમ ન હતું. પતિદેવને વિનંતી કરી કે ગમે ત્યાંથી ગુલાબની પાંખડી લઈ આવો તો આજે જ બ્રહ્મને પધરાવીએ. આનાકાની પછી પતિદેવ નીકળ્યા તો ફૂલની એક દુકાન અધખુલ્લી હતી. દુકાનની સાફસૂફી કરીને તે બંધ કરવાની જ તૈયારીમાં હતો અને પૂછયું તો એણે કહ્યું કે ફૂલ નથી, જોઈએ તો ગુલાબની પાંખડી આપું.

**શ્રદ્ધા વિણ ફળ ના મળે, હોય શ્રદ્ધા નિશ્ચળ,**
**તો જ કૃપાળુ દેવ એ કરે કૃપા સત્વર. (અ. ૧૧૧, દો. ૪૪)**

ભગવાન ઈચ્છે અને જે કાર્ય થાય તેની દિવ્યતા કંઈ ઓર હોય છે. બાપાની મરજી હતી તો બધું આવી મળ્યું. એક ડબ્બીમાં ચંદન પધરાવી, વાળનો 'ૐ' પધરાવી ગુલાબની પાંદડી ચઢાવતાં ચઢાવતાં દસ દત્તનામ સંકીર્તન કર્યા જેથી દત્તના ૧૦,૦૦૦ જાપ થયા. જોગાનુજોગ છેલ્લા સંકીર્તનના છેલ્લા ચરણે જ ગુલાબની પાંદડી પૂરી થઈ. આવું થાય એટલે ભગવાન આ કાર્યનો સ્વીકાર કરે છે એવો વિશ્વાસ બેસી જાય.

પ્રાણપ્રતિષ્ઠા કરી હોય તેવો આનંદ થયો. હવે તો વાર તહેવારે દત્તનામ સંકીર્તનથી પુષ્પ-પાંદડી ચઢાવીને કે દૂધનો અભિષેક કરીને આનંદ લૂંટીએ છીએ.

જલાબાપા દ્વારા જ મને પૂ. પ્રેમ અવધૂત બાપજી મળ્યા. પ.પૂ. રંગ અવધૂત મહારાજની અસીમકૃપાથી આજે દત્તભક્તિમાં રાચીએ છીએ. ૬૦મી પ્રેમજયંતી પ્રસંગે હૃદયનો ભાવ અને અર્ઘ્ય એ જ કે **ઘણું જીવો પ્રેમ અવધૂતજી!**

અદ્‌ભુત લીલા શ્રીરંગ અવધૂતની,
બ્રહ્મા, મહેશ ને શ્રી અચ્યુતની.
બાપા કૃપાથી ૐ દેખાયો,
બ્રહ્મમાર્ગનો પંથ જ પાયો.

✿

**ગુરુમહારાજે મારી કોઈ નાનકડી સેવાનો સ્વીકાર કર્યો એ મારે મન મોટું સદ્‌ભાગ્ય છે.**

# (૪૯)

# પૂ.શ્રી પ્રેમ અવધૂતજીઃ નોધારાના આધાર

- સૌ. સુધાબહેન જયપ્રકાશ દવે
કલોલ.

પ.પૂ.શ્રી રંગ અવધૂત ગુરુમહારાજનાં ચરણકમળમાં લાખો દંડવત્ પ્રણામ કરીને લેખની શરૂઆત કરું તે યોગ્ય જ ગણાશે. સમર્થ સદ્‌ગુરુની કૃપાથી જ હું કાંઈ લખી શકીશ. પોતાનાં ચરણસ્પર્શથી જંગલને મંગલ કરનાર, વનને નંદનવન કરનાર પ.પૂ. સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજનાં પ્રથમ દર્શન મેં સને ૧૯૬૫ના મે માસમાં નારેશ્વરમાં કર્યાં હતાં. પૂજ્યશ્રીની એક દૃષ્ટિનો લાભ મળ્યો હતો.

પૂજ્યશ્રીને સને ૧૯૬૭માં લીંચ પધાર્યા ત્યારે પણ દર્શન કરવા ગઈ હતી પરંતુ પુષ્કળ માનવ મેદનીને કારણે ગુરુમહારાજ ગુફામાં જઈ બેઠા અને દર્શનની ઈચ્છા અધૂરી રહ્યાનું ઘણું દુઃખ થયું. પરંતુ ત્યારે ક્યાં ખબર હતી કે એ અધૂરી ઈચ્છા ગુરુમહારાજે બીજી રીતે પૂરી કરી, મનનું દુઃખ હરી લેવાના હતા!

ગુરુમહારાજે ૧૯૬૮માં શરીર છોડ્યું. પછી ૧૭ વર્ષે એટલે કે પહેલાં અને છેલ્લાં દર્શન કર્યાં હતાં તેના ૨૦ વર્ષે પૂ.શ્રીના પરમસેવક, પ્રેમ સ્વરૂપ પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનાં દર્શન થયાં.

૧૯૮૫ના મે માસમાં (પ્રથમ રંગ દર્શન ૧૯૬૫ના મે માસમાં) મારા ઘરે પૂ. પ્રેમ અવધૂતજીનો મુકામ થયો. લીંચમાં બાપજીનાં દર્શન કરી શકી ન હતી તેનું દુઃખ ગુરુમહારાજે જાણ્યું અને તેથી જ એ કરુણાના સાગરે એ દુઃખને દૂર કરવા આ યોજના ઘડી. આનંદ આનંદ થઈ ગયો.

લાભ પાંચમને દિવસે ગુરુમહારાજની પાદુકાનું પૂજન રાખેલું ત્યારે પૂ. પ્રેમ અવધૂતજીએ દર્શનનો આનંદ આપેલો. શિવરાત્રી ઉપર આઠ બટુકોને પૂ. પ્રેમ અવધૂતજીએ લીંચમાં યજ્ઞોપવીત આપી. ગુરુકૃપાથી એમાં મારો પણ એક પુત્ર હતો. મને તો એમ જ થયું કે ગુરુમહારાજ પોતે જ પ્રેમ સ્વરૂપે મારી કાળજી લઈ રહ્યા છે.

૧૯૮૬માં કિડ્‌નીની તકલીફ ઊભી થઈ. મારી તબિયત બગડી. પૂ.બાપજીનું સ્મરણ અને દવા બંને ચાલુ હતાં. રોગ મચક આપતો ન હતો. મારી દીકરીનાં લગ્ન પણ લીંચ મુકામે જ

ભગવાને કરાવ્યાં. પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના આશીર્વાદ સાથે પુત્રી વિદાય થઈ. લીંચથી ઘરે આવી ત્યારે કિડ્નીનો દુખાવો વધી ગયો હતો. શ્રીગુરુલીલામૃતના પારાયણ અને ધૂન ચાલુ રાખ્યા.

પારાયણ બાદ એક રાત્રે ખૂબ જ દુખાવો ઊપડ્યો. સાથે પુષ્કળ પેશાબ પણ થયો. આંખે અંધારા આવ્યા. અર્ધ બેભાન અવસ્થામાં પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનાં દર્શન થયાં. દર્શનથી આનંદ અને શાંતિ મળ્યાં. સ્વપ્ન પૂરું થયું અને બીજા જ દિવસથી તમામ પીડા બંધ થઈ ગઈ. આ પીડા કેવી રીતે બંધ થઈ ગઈ તે તો ગુરુમહારાજ જ જાણે.

આજે તો માબાપ વિનાની મને માતપિતાનો પ્રેમ, હૂંફ અને માર્ગદર્શન બધું જ પૂ.શ્રી પ્રેમ અવધૂતજી પાસેથી જ મળે છે. ૬૦મી પ્રેમ જયંતીએ ભગવાનને મારી પ્રાર્થના કે પૂ.શ્રી પ્રેમ અવધૂત બાપજીને નિરામય ચિરાયુ બક્ષો. આ જ મારો ભાવના અર્ઘ્ય એમનાં ચરણોમાં સાદર રજૂ કરી વિરમું છું.

❀

શુદ્ધ ભાવના જેહની તેને પ્રત્યક્ષ એહ,
આજે પણ કલિમાં અહીં ઈશ્વર નિઃસંદેહ. (અ. ૧૩૦, દો. ૧૫૭)

# (૫૦)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ અગોચર શક્તિના દાતા

- શ્રી અંબાલાલ એન. પટેલ
અમદાવાદ.

પશ્ચિમના એક દાર્શનિકે કહ્યું છે એમ જીવનનું સત્ય કે સત્ત્વ, જીવન જેનાથી ટકે છે એ પ્રેમનું બળ કે પુણ્ય, આપણી આજુબાજુ જ વેરાયેલું પડ્યું હોય છે. સવાલ માત્ર એટલો જ હોય છે કે આપણા ચક્ષુ એને જોઈ, નાણી શકે છે કે નહિ? એટલે એ પુણ્યસ્રોત જેને જડે છે એને સંસાર વચ્ચેય પ્રાપ્ત થાય છે ને જેને પ્રાપ્ત થતો નથી એને જંગલોમાં ઘોર તપસ્યા પછી પણ ખોળ્યો ન લાધે. અત્યારે હું એવા એક સંતની વાત કરવા માગું છું જેમના પુણ્ય આશીર્વાદ સ્રોતથી, એક ફૂલ-કળીને સૂર્યના તેજથી નવજીવન પ્રાપ્ત થાય એમ, એક નવજાત શિશુને નવી જિંદગી પ્રાપ્ત થઈ.

વાત એમ બની કે ૧૯૮૮ના ઑક્ટોબર માસમાં શ્રી કુલીનભાઈ ઉપાધ્યાયની દીકરી ચિ. હેતલે પુત્રને જન્મ આપ્યો. ચિ. હેતલને વડોદરાની એલેમ્બિક હૉસ્પિટલમાં ડિલિવરી પ્રસંગે દાખલ કરેલી, પૂર્ણ સમયથી વહેલી ડિલિવરી (Pre-mature delivery) થઈ. ચિ. હીરની સ્થિતિ ખૂબ જ ગંભીર.

પણ કહેવાય છે કે વિજ્ઞાન જ્યારે નાકામયાબ નીવડે છે ત્યારે પરમાત્માના પરમ શ્રદ્ધાનાં કિરણ એમની વિશિષ્ટ જ્યોતિથી, હતાશાના અંધકારને ભેદીને માનવ-જીવનને નવજીવન આપતા હોય છે. જ્યાં બુદ્ધિનું તંત્ર ન પહોંચે ત્યાં શ્રદ્ધાનાં કિરણ પહોંચે છે!

પરમાત્માની એ અવિચળ પ્રભાનું વહન કરનારા સંતો આજે પણ આપણી આજુબાજુ જ મોજૂદ હોય છે એની પ્રતીતિ અમને એ વેળા થઈ.

હું વડોદરા ગયો હતો. ચિ. હેતલના સમાચાર જાણ્યા. ભાણાની તબિયત વિશે જાણ્યું. ગંભીરતા તો ખૂબ જ. જીવન મરણ વચ્ચે નવજાત શિશુ ઝોલા ખાતું હતું. એ સમાચાર લઈ હું અને ઈશ્વરભાઈ ને કમલેશ લીંચ પહોંચ્યા. લીંચમાં પૂ. રંગ અવધૂતના કૃપાપાત્ર શ્રી પ્રેમ અવધૂતજીનાં દર્શન કર્યાં.

---

**આનંદસ્વરૂપ (ગુરુમહારાજ) તમને આનંદ આપવા અને આનંદસ્વરૂપ બનાવવા માટે અહીંયાં આવ્યો છે.**

---

> **માત પિતા પ્રત્યક્ષ છે દેવ ભૂતલે આંહ્ય,**
> **વેદ શાસ્ત્ર એવું કથે, શંકા લેશ ન ત્યાંય. (અ. ૧૪૦, દો. ૬૫)**

એમનાં દર્શન કરી એમને પ્રણામ કર્યા. એમણે સૌના ક્ષેમ-કુશળ વિશે પૂછ્યું. પછી અમે ચિ. હેતલની **Pre-mature delivery** વિશે વાત કરી. હીરની ગંભીર માંદગી જણાવી અને આશીર્વાદની યાચના કરી. પ્રેમ અવધૂતજી આંખો બંધ કરી ઊંડા ધ્યાનમાં મગ્ન થયા. બે-એક મિનિટ ધ્યાનમાં રહી અમને કહ્યું, ચિંતા ન કરો. ગુરુમહારાજ બધું સારું કરશે. દેહથી હું અહીં છું પણ મારો આત્મા ત્યાં છે. ચહેરા ઉપર જુદા જ પ્રકારની તેજની પ્રભા પથરાઈ રહી હતી. જ્યારે આંખો ખોલી ત્યારે અલૌકિક તેજ વર્તાતું હતું.

અહીં અમે લીંચમાં પૂ. પ્રેમ અવધૂતજી સાથે બેઠા હતા ત્યારે વડોદરાની હૉસ્પિટલમાં ચિ. હીરને બ્રેઈન હેમરેજ થયું હતું. ડૉક્ટરે કહી દીધું કે બાળક એક થી દોઢ કલાકનો મહેમાન છે. કોઈ દવા કામ કરતી નથી. ભાદરવા વદ ચૌદસ-અમાસના દિવસો એટલે પૂ.શ્રીની દેહવિલય તિથિ. ધીરે ધીરે તબિયત નિયંત્રણ હેઠળ આવવા લાગી. ખુદ ડૉક્ટરે પણ કબૂલ્યું કે કોઈ અગોચર શક્તિનો પ્રતાપ જ બાળકને નવજીવન આપી રહેલ છે. "આને ભગવાન જીવાડવા માંગે છે તો આપણે પ્રયત્ન કરીએ" એવું ડૉક્ટરે કહ્યું. ગુરુમહારાજ પોતાની પુણ્યતિથિએ કોઈનું અકલ્યાણ થવા દે ખરા?

પૃથ્વી માત્ર ગુરુત્વાકર્ષણ બળથી જ ટકે છે એ જેમ વૈજ્ઞાનિક સત્ય છે એમ પૃથ્વી પરના જીવ પરસ્પરના ઋણાનુબંધ તેમ જ આવી કોઈ અગોચર શક્તિના પ્રેરક આશીર્વાદનું બળ લઈને જ વસતા હોય છે એની અમને પ્રતીતિ થઈ.

અગોચર શક્તિના ધારક એવા એ સંતને અમે ઊંડા મૌનથી, નતમસ્તકે નમન કરી રહ્યા!

❀

# (૫૧)

# ગુરુર્ ભક્તસ્ય સર્વસ્વમ્

- શ્રી સર્વદમન વિ. દેસાઈ
લીલોડ (નારેશ્વર).

ગુરુમહારાજની સેવા સેવકના આધિ, વ્યાધિ અને ઉપાધિ હરી લે છે. ગુરુસેવાથી સેવકને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. સેવક પોતાના ગુરુની તન, મન અને ધનથી સેવા કરે તો ગુરુમહારાજ એનું યોગક્ષેમ વહન કરે છે.

ગુરુસેવા જેવું ત્રિભુવનમહીં સાધન નથી,
ગુરુસેવા જેવું પ્રગટ પ્રભુ આરાધન નથી,
ગુરુસેવા જેવું ફલદ વ્રત ઉદ્યાપન નથી,
ગુરુસેવા જેવું ઈતર હૃદયાશ્વાસન નથી.

મારા પિતાજી (વિશ્વનાથ) અને મુ. બચુકાકા (પૂ. પ્રેમ અવધૂતજી) બાપજીની સેવામાં ઘણીવાર સાથે હોય. ગુરુમહારાજની સેવાની લગન અને ગુરુમહારાજ પ્રત્યેનો અનન્ય શરણભાવ એવાં કે સેવાનું કાર્ય બાપજીને રાજી કરી દે.

મારી બા (કાંતાબહેન) પૂ. માજીની સેવામાં હતાં અને મારા પિતાશ્રી પૂ.બાપજીની સેવામાં હતા. નારેશ્વર સેવાર્થે આવે એટલે બીજુ બધું ભૂલીને આવે. અમે લીલોડ રહીએ એટલે નારેશ્વર પ્રમાણમાં ઘણું નજીક. મારા મોસાળમાં મારા આજાને ત્યાં બધા તાવમાં સપડાયા હતા. આજા પરસોત્તમદાસ પોરમાં રહે. બધા જ માંદગીના બિછાને પડેલા એટલે સેવા કોણ કરે? આવી પરિસ્થિતિમાં મારા આજાએ વિચાર્યું કે બબલી (મારી બાનું હુલામણું નામ)ને તેડાવીએ. પોરથી ધનુકાકાને સંદેશો લઈને લીલોડ મોકલ્યા કે બધા માંદા છે એટલે બબલીને મોકલો. ધનુકાકા લીલોડ આવ્યા એટલે ખબર પડી કે મારાં બા-બાપુજી બંને નારેશ્વર છે એટલે તેઓ નારેશ્વર આવ્યા.

સામાન્ય રીતે ધનુકાકાએ મારાં બા-બાપુજીને પહેલા સંદેશો આપવો જોઈએ કે જેથી તેઓ પૂ.બાપજીને વાત કરવી કે કેમ અને કરવી તો શું વાત કરવી. એ પરિસ્થિતિ પ્રમાણે વિચારી શકે. પરંતુ આને બદલે ધનુકાકાએ તો પૂ.શ્રી લીમડા નીચે ખુરશી પર બેઠા હતા ત્યાં જઈ દર્શન કરીને

બાપજીને જ સીધી વાત કરી કે મને પોરથી પરસોત્તમદાસે બબલીને તેડવા મોકલ્યો છે કારણ કે ત્યાં બધાને તાવ આવે છે.

પૂ.શ્રીએ તો એમની અવધૂતી શૈલીમાં જવાબ આપ્યો કે "તેડવા આવ્યા છો તો તેડી જાવ." મારાં બા પૂ.માજીની ભિક્ષા બનાવતાં હતાં એટલે ત્યાં ધનુકાકા જઈ શક્યા નહિ. પૂ.બાપજી પૂ.માજીની રૂમમાં ભિક્ષા કરવા આવ્યા એટલે ભિક્ષા લેતી વખતે એમણે મારી બાને કહ્યું કે "પોર બધાને તાવ આવે છે અને તને તેડવા માણસ આવ્યો છે એટલે તારે જવું પડશેને?"

મારાં બા વિચારમાં પડી ગયાં પણ પૂ.બાપજી પ્રત્યેની સેવા-નિષ્ઠાને કારણે બોલી ઊઠ્યાઃ "માજીને આવાં મૂકીને મારાથી પોર કેવી રીતે જવાય? ત્યાં તો સારું થઈ જશે." આ જવાબથી પૂ.બાપજી ખૂબ ખુશ થઈ ગયા અને એકદમ ઊભા થઈ ગયા. માજીની રૂમમાં જાળી પાસે આવી, બે હાથે બારશાખ પકડીને, જાણે કે હક્કથી કહેતા હોય તેમ ધનુકાકાને કહેવા લાગ્યા કે જા, દાસને કહેજે કે કાંતા અમારી છે પોર નહિ આવે. આ નહિ આવે શબ્દો બાપજી બોલ્યા તેમાં તો પોર બધાનો તાવ ઊતરી ગયો.

ધનુકાકા એકલા જ પાછા ફર્યા, પણ પોરમાં આવીને જોયું તો ઘરમાં બધા જ માણસો હરતાં ફરતાં થઈ ગયા હતા. ધનુકાકાએ મારા નાનાને બધી વાત કરી ત્યારે મારા નાનાએ એને મીઠો ઠપકો આપતાં કહ્યું કે તું પણ મૂર્ખો જ છે ને! બબલી પૂ.માજી અને પૂ.બાપજીની સેવામાં હોય તો તે છોડીને પોર કેવી રીતે આવે? અને આપણાથી પણ એવી વાત થાય કે? તારે તો વાત કર્યા સિવાય જ આવી રહેવું જોઈએને!

મારા નાના પણ બાપજીના અનન્ય ભક્ત હતા. પૂ.બાપજીની જન્મજયંતી ઊજવવા અંબાજી ગયેલા તે વખતે તેમનો મુકામ બંગલામાં હતો. મારા દાદાની ગમ્મત કરતાં બાપજીએ કહ્યું જુઓ દાસ! તમે દર વરસે માતાજીનાં દર્શન માટે અંબાજી આવો છોને! આજે હું આવ્યો છું. કેવું છે? દાદા તો અહોભાવથી બાપજી તરફ ઢળી પડ્યા.

થોડા દિવસ પસાર થયા અને એક દિવસ મારાં બા પૂ.બાપજીને ભિક્ષા કરાવતાં હતાં. કોઈ દિવસ નહિ ને તે દિવસે પૂ.બાપજીએ મારાં બા પાસે કાંઈ માગ્યું, પણ પોરમાં બધાને કેમ હશે એના વિચારમાં ડૂબેલાં મારાં બાએ સાંભળ્યું નહિ. બાપજીએ તરત જ કહ્યું કે મન પોર ગયું છે કેમ? અને બા એકદમ ચોંકી પડી. હેં બાપજી! શું કહ્યું? પૂ.બાપજી કહે કંઈ નહિ હા, પણ એ લોકોને કેમ છે? પેલો ગયો પછી કંઈ સમાચાર નથી. જો કાંતા! તું ચિંતા ન કરીશ. આપણે વિશુ(વિશ્વનાથ)ને બધાની ખબર લેવા પોર મોકલીએ. બાએ કહ્યું ના બાપજી, એવું કંઈ નથી.

> અંતઃસુખ છોડી જનો, મારે ફાંફાં બ્હાર,
> આત્મા માની દેહને, દુઃખી થાય ગમાર. (અ.૯/દો.૨૬)

પૂ.બાપજી કહે ના, પણ એ તો થોડી ચિંતા તો થાય જ ને! પિતાજીને પોર ખબર કાઢવા મોકલ્યા તો ત્યાં તો બધા હરતાં ફરતાં થઈ ગયેલાં. મારા પિતાજીએ બધાને કહ્યું કે "તબિયતના સમાચાર જણાવતો એક કાગળ તો લખવો જોઈએને! એક કાગળ પણ ના લખાય?" બાપજીની લાગણીની વાતો બધાને કરી ત્યારે બધા આનંદ અને અહોભાવની લાગણી અનુભવવા લાગ્યા.

અનન્ય ભાવે શરણ લેનારની બધી સંભાળ ગુરુમહારાજ લેતા જ હોય છે.

જો જાકી શરણ લીએ તાકી રાખે લાજ,
ઊલટ જલે મછલી ચલે, બહત જાત ગજરાત.

પાણીના ધસમસતા પ્રવાહમાં હાથી તણાઈ જાય છે ત્યારે માછલી ઊલટા પ્રવાહે પણ જઈ શકે છે. એનું કારણ શું? તો એનું કારણ એક જ કે માછલીએ પાણીનું અનન્ય ભાવે શરણું લીધું છે જ્યારે હાથીએ નથી લીધું. પાણીની બહાર માછલી જીવી શક્તી નથી. પાણી એ જ માછલીનું જીવન છે, હાથી માટે એવું નથી. જો સેવક પોતાના સંસારના વ્યવહારની ચિંતા છોડીને બાપજીની અનન્ય ભાવે સેવા કરે તો બાકીનું બધું બાપજી સંભાળી લે છે.

પૂ. પ્રેમ અવધૂતજીએ પણ પ.પૂ. બાપજીની અનન્ય સેવા કરી છે. સને ૧૯૫૦માં સંવત ૨૦૦૬ના ચૈત્ર સુદ પાંચમના રોજ પૂ. બચુભાઈ પહેલીવાર પૂ.બાપજીનાં દર્શને આવેલા ત્યારે મારી બાએ તેમને પણ ભિક્ષા કરાવેલી. એમની ઉપસ્થિતિમાં ઘણા પાદુકાપૂજન અને દત્તયાગ મેં કરાવ્યા છે ત્યારે મને પણ એમનું સાંનિધ્ય સાંપડ્યું છે. મુ. બચુકાકા-પૂ. પ્રેમ અવધૂતજીના ષષ્ટિ પ્રવેશ વર્ષમાં મારો ભાવ અર્ઘ્ય ચઢાવતાં ગુરુમહારાજને પ્રાર્થું કે તેઓ એમને નિરામય ચિરાયુ બક્ષે.

❁

# (૫૨)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ મારા આરાધ્ય દેવ

- શ્રી જીતેન્દ્રભાઈ જાની
કલોલ.

મનુષ્યત્વં, મુમુક્ષુત્વં, મહાપુરુષસંશ્રયઃ આ ત્રણ ભગવાનની કૃપા થાય તો જ મળે છે. ભગવદ્કૃપા, ગુરુકૃપા અને આત્મકૃપાનો ત્રિવેણી સંગમ દરેકના જીવનમાં થતો નથી. ગુરુમહારાજ પૂ.શ્રી રંગ અવધૂત મહારાજની કૃપાથી મારા જીવનમાં એવી ધન્યપળ આવી કે જેથી આત્મકૃપા પામવાના પંથે ચાલવાનું મને બળ મળ્યું અને એનું ચાલકબળ બન્યા પૂ. પ્રેમ અવધૂતજી.

પ.પૂ. પ્રેમસ્વરૂપ સદ્ગુરુ શ્રી પ્રેમ અવધૂતજીનાં પ્રથમ દર્શન ૧૯૬૭માં લીંચમાં કરેલાં. સમર્થ સદ્ગુરુ ભગવાન રંગાવધૂતજી લીંચ પધારેલા અને ત્યાંથી આફ્રિકા જવાના હતા. સિદ્ધપુર પાસેના કહોડા ગામે હું રહેતો હતો અને કૉલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો.

ભર યુવાનીમાં સંતનાં દર્શને જવાની ઈચ્છા થાય એ પણ ભગવદ્કૃપા જને! લીંચ જોયેલું નહિ છતાં દર્શન કરવાની તમન્ના હતી તેથી લીંચ પહોંચી ગયો. ભાદરવો-આસોના દિવસોમાં નહિ ઝાઝી ઠંડી કે નહિ ઝાઝી ગરમી. બપોરે બાર વાગ્યે અવધૂત કુટિર, લીંચ જઈ પહોંચ્યો.

પૂ.બાપજી આરામમાં હતા. કુટિરે સેવામાં રહેલા ભાઈ સિવાય બીજું કોઈ મળે નહિ. સેવામાં રહેનાર ભાઈએ પૂછયું કે કેમ આવ્યા છો? મેં જવાબ આપ્યો કેઃ બાપજીનાં દર્શન કરવા આવ્યો છું. ત્યારે એ સેવકે કહ્યું કે બાપજી બહુ દૂરથી આવ્યા છે એટલે શારીરિક થાક પુષ્કળ છે અને તબિયત થોડી અસ્વસ્થ છે એટલે આરામમાં છે. તમે થોડીવાર બેસો. લીંચ આવવા માટે સવારે વહેલો ઊઠેલો એટલે કુટિરના એક આંબાના વૃક્ષ નીચે બેઠો અને બેઠાં બેઠાં જ ઊંઘી ગયો. અવધૂત કુટિરના દિવ્ય વાતાવરણની નિંદર પણ મીઠી જ હોયને! કેટલોક સમય ઊંઘી રહ્યો ત્યાં એ સેવકભાઈએ મને જગાડ્યો અને કેળાનો પ્રસાદ આપ્યો. પ્રસાદ આરોગીને ફરી પાછી ઊંઘ આવી ગઈ. જાણે ઊંઘવા માટે જ ન આવ્યો હોઉં! થોડીવાર પછી મને પાછો જગાડ્યો અને એ સેવાર્થી ભાઈએ કહ્યું કે નડિયાદથી દર્શન માટે ભક્તો આવ્યા છે. તમે પણ તેમની સાથે દર્શન કરવા જઈ આવો.

દેવ અને દેવ પુરુષનાં દર્શન કરવા જઈએ ત્યારે ખાલી હાથે ન જવું જોઈએ એનું સ્મરણ થયું, પણ હવે શું? ખાલી જ હાથે આવ્યો હતો એટલે ઉપાય પણ શું? જોકે હાથ ખાલી હતા પણ હૈયું તો ભાવનાથી ભરેલું હતું જ. બાપજીનાં દર્શન કર્યા અને ચરણમાં હૃદયનો ભાવ મૂક્યો.

ગુરુમહારાજ તો અંતર્યામી છે અને પાછા દીનબંધુ પણ ખરા. મારા દોષો તો જોયા જ નહિ. મને પ્રસાદમાં સફરજન આપ્યું. આ પ્રસંગ મારા જીવનમાં ખૂબ જ મહત્ત્વનો બની ગયો. જાણે તે દિવસથી લીંચ સાથેના અતૂટ સંબંધની ગાંઠ ગુરુમહારાજે બાંધી દીધી.

પ્રથમવાર લીંચ ગયો અને કુટિરમાં પ્રવેશ્યો ત્યારે એ પ્રથમ દર્શનને બ્રહ્માનાં દર્શન ગણું છું. આંબા નીચે બેસી નિદ્રાવશ થયો ત્યારે જગાડીને કેળાનો પ્રસાદ આપ્યો તેને વિષ્ણુનાં દર્શન ગણું છું અને ફરી ઊંઘી જતાં ઊઠાડીને નડિયાદના ભક્તો સાથે જઈ દર્શન કર્યા તેને હું શિવ સ્વરૂપનાં દર્શન ગણું છું.

ઉનાળામાં ઊડેલી તુલસીની માંજરનો ખ્યાલ ચોમાસામાં જ્યારે તુલસીના છોડ ઊગી નીકળે છે ત્યારે જ આવે છે, તેમ ગુરુમહારાજે કરેલી કૃપાનો, લીંચ સાથે બાંધી દીધેલ સંબંધનો ખ્યાલ એમના દેહવિલય પછી ૧૭-૧૮ વર્ષે આવ્યો.

નોકરી માટે સિદ્ધપુર પાસેનું કહોડા ગામ છોડી કલોલ આવવાનું થયું અને એક ધન્યપળે લીંચ સાથેનો નાતો ફરી પાછો બંધાયો.

પૂ.બાપુજી સાથેનું મિલન સર્વ દુઃખનું વિસ્મરણ કરાવે છે અને સુખના સાગરમાં સ્નાન કરાવે છે. આજે પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ સ્થૂળ દેહે નથી છતાં હું તો જ્યારે પ્રેમ અવધૂતજીનાં દર્શન કરું છું ત્યારે દત્તગુરુ અને રંગગુરુ બંનેનાં દર્શન કરતો હોઉં એવો ભાવ અનુભવું છું.

મારા જીવનના નાનામોટા પ્રસંગોનું સ્મરણ થતાં જ મારું હૃદય ગાઈ ઊઠે છેઃ-

પ્રેમ-રંગ-દત્ત એક નૂર
સ્થૂળ દેહભિન્ન, પણ એકરૂપ
ગુરુદેવ દત્તકેરો એક સૂર
પ્રેમ રંગ દત્ત એક નૂર.
ગુરુલીલા સઘળે ભરપૂર,
આદિ અંતતણું નહિ મૂળ.
ભક્તોને હાજરા હજૂર,
પલભર પણ રહે ના એ દૂર.
થઈ જા તું પ્રેમમાં ચકચૂર
પ્રેમ રંગ દત્ત એક નૂર.

પૂ.બાપુજી(પ્રેમ અવધૂતજી)ની ૬૦મી જન્મજયંતી નિમિત્તે આ જયંતીની ગુરુમહારાજને પ્રાર્થના કે પ્રભુ! એમને લાંબું અને નીરોગી આયુષ્ય આપો.

---

**પ્રેમ પાપીઓને પણ સુધારી શકે છે.**

---

# (૫૩)
# "તીર્થી કરોતિ તીર્થાણી"

- શ્રી ઈશ્વરભાઈ પટેલ
અમદાવાદ.

"તીર્થી કરોતિ ચરણસ્તવ તત્સમગ્રં,
નિરાદિ યત્ સ્પૃશતિ તે ચરણારવિંદમ્,
તસ્માદર્થે સુરનદી નદ સિંધુ સંઘઃ
સ્પૃષ્ટસ્ત્વયા ભવતુ ભૂતલ તીર્થરાજઃ"

ભગવાન રંગાવધૂતની માનસપૂજામાં "તીર્થોદક સ્નાન"ના ઉપચાર માટે મુ. મણિશંકર શાસ્ત્રીએ રચેલો આ શ્લોક ખૂબ જ સૂચક છે.

બાપજી જેવા દેવ પુરુષ તો જ્યાં ચરણ મૂકે ત્યાં તીર્થ ખડું થઈ જાય. સાત ગામની સ્મશાન ભૂમિવાળું નારેશ્વર આજે નંદનવન બની ગયું તે કેવળ ગુરુમહારાજનાં ચરણસ્પર્શના પ્રભાવે જ.

નારેશ્વર પછી મિનિ-નારેશ્વરની રચના કરવા માટે ગુરુમહારાજે લીંચની ધરતી પસંદ કરી. અવધૂત કુટિર, લીંચની ઉત્તર-દક્ષિણે પણ સ્મશાન ભૂમિ જ આવેલી છે. બાપજીની લીંચ અંગેની પધરામણીની વિગતો રસપ્રદ છે.

પૂ.બાપજી લીંચમાં કુલ ચાર વાર પધાર્યા અને કુલ બાવન દિવસનો મુકામ કર્યો.

સૌ પ્રથમ પધરામણી ૧૯૫૭ની સાલમાં સંવત ૨૦૧૪માં થઈ. પૂ. પ્રેમ અવધૂતજીના ભોગીમામાએ કરેલી વિનંતીના ફળ સ્વરૂપે બાપજી વીસનગરથી લીંચ આવ્યા. ભોગીભાઈના ખેતરમાં બાંધેલી ઘાસની કુટિરમાં ચાર રાત્રિ મુકામ થયો. બાપજી વીસનગરથી સંવત ૨૦૧૪ના માગસર વદ ૭ને શુક્રવારે લીંચ પધાર્યા અને માગસર વદ ૧૦ને સોમવારે સરખેજ જવા નીકળ્યા.

પાંચ વર્ષનાં વહાણાં વાયાં અને ૧૯૬૨માં સંવત ૨૦૧૯માં મુ. બચુભાઈ (પ્રેમ અવધૂતજી)ના આમંત્રણને માન આપીને બાપજી પધાર્યા. બાપજી કારતક વદ ૧૩ને દિવસે સત્તાધારથી આવ્યા અને માગસર સુદ ૫ના રોજ નડિયાદ જવા નીકળ્યા. આ વખતે લીંચમાં ૭

રાત્રીનો મુકામ થયો. આ મુકામ મુ. બચુભાઈએ બાંધેલી ગુફાવાળી નાની કુટિરમાં થયો. આ કુટિર તે જ આજની જૂની અવૂધત કુટિર.

પૂ.બાપજીને લીંચ ગમી ગયું. સાત્ત્વિકતા અને સૂક્ષ્મતા સભર સારવાર અને સગવડ મળે, શિસ્તનું વાતાવરણ રહે છતાં જનતા જનાર્દન સાથે સજ્જનતાભર્યો વહેવાર પણ ચાલુ રહે.

બે વર્ષ બાદ ૧૯૬૪, ૧૯૬૫માં સંવત ૨૦૨૧માં ફરી પાછા અવધૂતજીએ મુકામ કર્યો. પુષ્કરથી બાપજી લીંચ પધાર્યા હતા. ગુરુમહારાજ પુષ્કરથી માગસર વદ ૯ને તા. ૨૭-૧૨-૧૯૬૪ના રોજ લીંચ પધાર્યા અને પોષસુદ ૧૨ને તા. ૧૫-૧-૧૯૬૫ના રોજ રાણપુર જવા નીકળ્યા. ઓગણીસ (૧૯) રાત્રિનો મુકામ થયો. મકરસંક્રાંતિ પર્વ લીંચની ધરતી પર ઊજવ્યો. પૂ. ગુરુમહારાજના હાથમાં પતંગ-દોરી સોંપીને બચુભાઈ ફિરકી પકડીને ઊભા રહ્યા- “જીવનદોરી તુજને સોંપી, નિશ્ચિંત જગમાં ફરું”નો ભાવ અનુભવતા.

સને ૧૯૬૭માં છેલ્લો મુકામ થયો. ૧૯૬૭ એટલે સંવત ૨૦૨૩ના ભાદરવા વદ ૯થી આસો વદ ૨ સુધી રોકાયા. કુલ્લે બાવીસ (૨૨) રાત્રિનો મુકામ રહ્યો. પૂ.બાપજીને વધુ સગવડ મળે એ હેતુથી આજની મોટી કુટિર ફક્ત બે જ મહિનામાં તૈયાર કરી હતી. પૂ.બાપજી આ વખતે બ્રહ્માવર્તથી આવ્યા હતા. મોરટક્કા માજીની ઉત્તરક્રિયા પતાવીને બ્રહ્માવર્તથી નૈમિષારણ્ય ગયા હતા. ત્યાંથી લીંચ આવ્યા હતા. સેવામાં ડૉ. રતિલાલ પંડ્યા હતા. ટ્રેનમાં લીંચ આવતા હતા ત્યારે જ મુ. રતિકાકાએ પૂછેલું કે “બાપજી! તમારું આયુષ્ય માર્કંડઋષિ જેટલું થાય. તેમ છતાં તમે ગમે ત્યારે તો દેહ મૂકશો જ ને! તો તમે દેહ ક્યાં મૂકશો?” હિંમતથી પુછાયેલા પ્રશ્નનો અવધૂતજીએ નિખાલસભાવે ઉત્તર આપ્યો “જો ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ.” બાપજીના હૃદયમાં લીંચે કેવું સ્થાન મેળવ્યું હતું તેનો ખ્યાલ આ જવાબ પરથી આવે છે.

બાવીસ રાત્રિના મુકામ બાદ બાપજી આફ્રિકા જવા માટે લીંચથી નીકળ્યા. અમદાવાદ ઍરપૉર્ટ પર જતાં શાહિબાગ ક્રૉસિંગ બંધ હોવાથી ઘોડાગાડી ઊભી રહી. અમદાવાદના શ્રી ચંદુભાઈ રાવલનાં ધર્મ પત્ની શ્રીમતી અવંતિકાબહેને રાતોરાત તૈયાર કરાવેલી ચંદનની પાદુકા ક્રૉસિંગ આગળ જ બાપજીને સમર્પિત થઈ. પૂ.બાપજીએ થોડીવાર પાદુકા હાથમાં રાખી મુ. બચુભાઈ (પ્રેમ અવધૂતજી)ને આપી. આજે નવી અવધૂત કુટિરમાં એ પાદુકાનાં દર્શન થાય છે. પૂ. પ્રેમ અવધૂતજીને તો “ભેટ્યા દેવ જાતા વાટે” જેવું થયું.

> **થાય સફળ તોએ કદિ, વિષય દુઃખનું મૂળ,**
> **ક્ષણભંગુર પરતંત્ર એ, કરે વિરસ વ્યાકુળ. (અ.૯/દો.૩૫)**

આમ ચાર વારની મુલાકાતમાં બાવન (૫૨) રાત્રિનો મુકામ થયો.

| મુકામ | સાલ | સંવત | તિથિ | કેટલી રાત્રી? | ક્યાંથી આવ્યાં? | ક્યાં ગયા? |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૭ | ૨૦૧૪ | માગસર વદ ૭ થી માગસર વદ ૧૦ | ૩ | વીસનગર | સરખેજ |
| દ્વિતીય | ૧૯૬૨ | ૨૦૧૯ | કારતક વદ ૧૩ થી માગસર વદ ૫ | ૮ | સત્તાધાર | નડિયાદ |
| તૃતિય | ૧૯૬૪-૧૯૬૫ | ૨૦૨૨ | માગસર વદ ૯ થી પોષ સુદ ૧૨ | ૧૯ | અજમેર | રાણપુર |
| ચતુર્થ | ૧૯૬૭ | ૨૦૨૩ | ભાદરવા વદ ૯ થી આસો વદ ૨ | ૨૨ | બ્રહ્માવર્ત | આફ્રિકા |

બાપજીના મુકામની વિગતોમાંથી ત્રણ વાતો ધ્યાનમાં આવશે. સૌ પ્રથમ તો મુલાકાત વચ્ચેનો સમયગાળો ઘટતો જાય છે. ૧૯૫૭ પછી ૧૯૬૨ એટલે પાંચ વર્ષે મુકામ થયો. પછી બધા જ મુકામ બબ્બે વર્ષને અંતે થયા. બીજું રાત્રિ રોકાણના દિવસો વધતા જાય છે. પહેલો મુકામ ત્રણ રાત્રિનો, પછી આઠ રાત્રિનો, પછી ઓગણીસ રાત્રિનો અને છેલ્લે બાવીસ રાત્રિનો. ત્રીજું મુકામ ભાદરવો, આસો, કારતક અને માગસર એમ સળંગ માસમાં જ થયો. યોગાનુયોગ પણ કેવો? ભાદરવામાં પૂ.પ્રેમ અવધૂતજીની જન્મજયંતી, આસોમાં શ્રીપાદવલ્લભની પુણ્યતિથિ, કારતકમાં પૂ. રંગ અવધૂત મહારાજની જન્મજયંતી અને માગસરમાં દત્ત ભગવાનની જન્મજયંતી.

પૂ. પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતી નિમિત્તે ગુરુમહારાજને પ્રાર્થના કે પૂ. પ્રેમ અવધૂતજીને નિરામય દીર્ઘાયુ બક્ષો.

❁

# (૫૪)
# રંગ રાખે તેને કોણ ચાખે?

- શ્રી કનુભાઈ કે. ત્રિવેદી
મહેસાણા.

પ.પૂ. રંગ અવધૂત મહારાજનાં પ્રથમ દર્શનનો યોગ ૧૯૬૫માં લીંચમાં સાંપડ્યો. દર્શન માત્રે જ મારાં તમામ પાતકો દૂર થઈ ગયાં. લીંચમાં માધ્યમિક શાળાના શિક્ષક તરીકે નોકરી કરતો હતો અને રહેવાનું શ્રી બચુભાઈ(પ્રેમ અવધૂત)ની પડોશમાં હોવાથી રંગરાજની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો.

મહેમદાવાદ તાલુકાના રૂદણ ગામની સ્કૂલમાં આચાર્ય તરીકે જવાનું થયું તેથી લીંચ છોડ્યું. લીંચની ભૂમિ છોડી પણ લીંચની કુટિર અને તેના અધિષ્ઠાતા દેવ ગુરુમહારાજ સાથેનો સંબંધ છૂટ્યો ન હતો અને આ સંબંધને વધુ ગાઢ બનાવે એવો પ્રસંગ હવે બનવાનો હતો.

મારો મોટો પુત્ર રાજુ એ ગુરુમહારાજની જ પ્રસાદી છે. તે ભણવામાં ખૂબ જ હોશિયાર હતો.

સાતમા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારે તેના હરીફ મિત્રોના મનમાં રાજુના પર ઍસિડ નાંખવાનો એક ખરાબ વિચાર આવ્યો અને તે માટે યોગ્ય તકની રાહ જોતા હતા.

શાળાનો સમય સવારનો. જે દિવસે શાળામાં ફંકશન હતું તે દિવસે જ પરોઢિયે જ ચાર વાગ્યે બાપજીએ મને સ્વપ્નમાં પ્રસાદ આપ્યો. મેં મારાં ધર્મપત્નીને વાત કરી અને ખૂબ જ આનંદ થયો. શાળાનું ફંકશન પૂરું થયા પછી મહેમાન મારે ઘરે જ જમવાના હતા. કાર્યક્રમની ધમાલમાં હું વ્યસ્ત હતો ત્યારે રાજુના હરીફ મિત્રો રાજુને આંધળો કરવાના ઈરાદાથી રાજુ પર ઍસિડ ફેંકવાની યોજનામાં વ્યસ્ત હતા. પણ માણસ ધારે છે કંઈ અને ભગવાન કરે છે કંઈ એ ન્યાયે એમની આખી યોજના જ ઊંધી વળી ગઈ. એ વાતની તો હું જ્યારે ઘરે ગયો ત્યારે મારી પત્નીએ રડતાં રડતાં કહી ત્યારે જ ખબર પડી.

કાર્યક્રમ પૂરો થાય પછી શાળા છૂટે એટલે રાજુ પર ઍસિડ નાંખવો એવી યોજના વિચારેલી પરંતુ ગમે તે કારણસર ઍસિડની બાટલી છોકરાના ખિસ્સામાં જ ફૂટી ગઈ. ઍસિડ ઢોળાયો અને તે છોકરો જ દાઝી ગયો, બધી યોજના ખૂલ્લી પડી ગઈ.

પરોઢિયે પ્રસાદી આપીને જ રાજુના રક્ષણની આલબેલ ગુરુમહારાજે પોકારી દીધેલી પણ એની સમજણ તો મને ઘણી મોડી પડી. આજે તો રાજુ રૂદણમાં ડૉક્ટર રાજુ તરીકે અવધૂત ક્લિનિક (દવાખાનું) ચલાવે છે. 'જેને રંગ રાખે તેને કોણ ચાખે?' એ ઉક્તિ અનુભવી.

> ભયશંકાથી  ના  કદિ, આવે  નિદ્રા  એમ,
> અનવસ્થિત મન જેહનું, સદા અસુખી તેમ. (અ.૯/દો.૩૮)

# (૫૫)

# સેવા સૌરભઃ એક અવલોકન

- પ્રા. ડૉ. ઉમાબહેન દેશપાંડે
વડોદરા.

પરમ પૂજનીય શ્રી પ્રેમ અવધૂતજીના મુખારવિંદમાંથી સહજ ભાવે સરી પડેલા અક્ષર મૌક્તિકોનો સંગ્રહ એટલે **'સેવા સૌરભ'** ગ્રંથ-જેમાં તેઓશ્રીએ કરેલી સેવા-ગુરુભક્તિની સુવાસ તો છે જ, પણ  સાથે સાથે સદ્‌ગુરુ બાપજીના અમૃતમય વ્યક્તિત્વનું સર્વતોભદ્ર મનોજ્ઞ દર્શન અને એમના પ્રિયભક્ત શ્રી પ્રેમ અવધૂતજીના મંગલમય અને મનનીય વચનામૃતોનો સુભગ સમન્વય જોવા મળે છે.

આપણે આ પુસ્તકનું સારી રીતે વાંચન કરીએ તો ખબર પડે કે ભગવાન નારદમુનિએ ભક્તિની વ્યાખ્યા પરમ પ્રેમરૂપા કેમ કરી છે અને તેને કર્મ, જ્ઞાન તથા યોગથી પણ શ્રેષ્ઠ કેમ કહેલી છે.

પ્રભુ દત્તાત્રેય અને ભક્ત પ્રહ્‌લાદની જેમ રંગ અવધૂત અને પ્રેમ અવધૂતની બેલડીનું અદ્‌ભુત અને રોમાંચક ચિત્રણ અલૌકિક વાતાવરણમાં આપણા અંતઃકરણને ઊર્ધ્વગામી ઉન્નયન તરફ દોરી જાય છે.

રંગ અવધૂત બાપજીને પામીને તો પ્રેમ અવધૂતજી બાપજીમય થયા છે, તદ્રૂપ બન્યા છે. ભક્તિ સૂત્રમાં નારદે કહ્યું છે- તત્પ્રાપ્ય તદેવાવલોકતિ તદેવ શ્રુણોતિ, તદેવ ચિન્તયતિ । તે પ્રમાણે પોતાના ગુરુદેવને જ ક્ષણે ક્ષણે જોનારા, સાંભળનારા અને એમનું જ સ્મરણ-ચિંતન કરનારા પ્રેમ અવધૂતજીની સુધામય વાણી ઉત્તુંગ હિમાલયમાંથી ઉદ્‌ભવતી ભાગીરથીની જેમ નિર્મળ, પરિશુદ્ધ અને મધુરી હોય જ ને!

પોતાની પૂર્ણ 'મા'-સ્વાનંદ સમ્રાટ સદ્‌ગુરુની સંપૂર્ણ નિરપેક્ષતા, ખંત અને ચીવટથી નાની મોટી સુવિધા માટે સૂક્ષ્મતાથી સુંદર કૃતિ કરનાર, ભાવપૂર્વક કાળજીથી શુશ્રૂષા કરનાર અને એમના સદાચરણને પોતાના જીવનમાં ઉતારનાર શ્રદ્ધેય પ્રેમ અવધૂતજીમાં સદ્‌ભક્ત, સંનિષ્ઠ ઉપાસક, સુવિચારી તત્ત્વજ્ઞ અને મહાત્મા સંતનું અલૌકિક સંમિશ્રણ જોવા મળે છે. તેઓ પોતાને ફક્ત સમર્થ ઘરનું બચ્ચું, શ્વાન માનીને ગુરુમાઉલીનો સાચો બાળક બનવાની એકમાત્ર અભીપ્સા સેવે છે. નિર્દંભી, નિરહંકારી અને નિઃસ્પૃહી એવા ગુરુભક્તનું આ યુગમાં કદાચ આ એક જ મૂર્તિમંત ઉદાહરણ હશે!

સેવા, ઉપાસના, પૂજાની આદર્શ પદ્ધતિ એમણે કરેલી સુગમતાથી, સરળતાથી વર્ણવેલી છે. (પૃ. ૧૫, ૧૦, ૨૧-૨૯)

---

**પ્રેમનો બદલો પ્રેમ જ હોઇ શકે.**

---

> **શ્રેય સર્વનું સર્વદા, ઈચ્છું અખંડ જાણ,**
> **આત્મરૂપ ગણી બધા, કરું ન કદિ અપમાન. (અ.૯/દો.૫૮)**

આપણા સારા વિચાર અને આચારથી જ આપણે ભગવદીય સમગ્રતા અને સંવાદિતા જાળવી શકીએ તેનું સચોટ વિવેચન તેઓશ્રીએ સરસ રીતે કરેલું છે. (પૃ. ૪૦-૪૩)

સાથે જ માનવ જીવનમાંના એકમાત્ર પુરુષાર્થ ધર્મની સમજૂતી પણ સમર્થક ઉદાહરણો આપીને રસપ્રદ રીતે રજૂ કરી છે. (પૃ. ૫૧-૫૮)

શ્રીગુરુલીલામૃતનું હાર્દ સમજાવતાં જ્યારે પોતે શ્રીદત્તના જન્મના મૂળમાં રહેલી ત્રણે દેવીઓના વિધેયાત્મક (Positive) વલણનું દર્શન કરાવે છે ત્યારે તેમની નિર્વ્યાજ, ચિંતનશીલ અને વિદગ્ધ વિદ્વત્તાનો સુપેરે પરિચય થાય છે. (પૃ. ૬૪-૬૫)

આપણા સહુ માટે આ સેવા સૌરભ અમૂલ્ય જીવનપોથી છે જે આપણને જીવનના કોઈપણ ક્ષેત્રમાં, અવસ્થામાં અને કાર્યમાં સંપૂર્ણ, શ્રેયસ્કર માર્ગદર્શન આપી શકે છે.

રત્નમંજૂષાની જેમ આ પુસ્તિકામાં પણ સ્થળે સ્થળે મહામૂલાં અને તેજસ્વી સુભાષિતનો ભંડાર ભરેલો છે.

આવો આપણે એમાંથી થોડાં વચનામૃતોનું મનન કરીએઃ-

(૧) ગુરુ એ પૂર્ણ 'મા' છે બસ! આ 'મા'ને મેળવો.
(૨) જેમ દીવાથી દીવો પ્રગટ થાય છે તેમ આવા દેવ પુરુષો જ, આવા ગુરુદેવો જ આપણને મૂળ ઠામે પહોંચાડી દે.
(૩) પ્રેમ વિના બધું જ નકામું છે.
(૪) આપણા આર્ષદ્રષ્ટા ઋષિમુનિઓ, આચાર્ય ભગવંતો આપણને આ કથાના પહેલાં "ક" અને "થા"માં જ આખા જીવનનો થાક ઉતારી દે છે.
(૫) વારંવાર બદલાતી ઉપાસના ફળદાયી નીવડતી નથી. એક જ દેવની ઉપાસના ફળે છે.
(૬) મારો ગુરુમહારાજ એ મારું સાધન પણ છે અને મારી સિદ્ધિ ને સાધ્ય પણ છે.
(૭) આપણી પરંપરામાં ઉપાસનાની જેવી સ્વતંત્રતા છે, તેવી સ્વતંત્રતા ક્યાંયે નથી.
(૮) નીતિ, નિયમ ને સદાચારને જો દેશવટો આપીએ તો સ્વપ્ને પણ સુખ કે શાંતિ નહિ મળે.
(૯) તમારાં જ ખરાબ સંકલ્પો ને કર્મો તમને જ દુઃખદાયી થશે.
(૧૦) વાણી, પાણી, અન્ન અથવા પરમાત્માની સંપત્તિનો દુરુપયોગ ન કરશો.
(૧૧) માનવતાની અને ધર્મની માબાપ અને ઘરથી શરૂઆત કરવાની છે.
(૧૨) બાપજી તો કલ્પવૃક્ષ છે. તેની આગળ બેસીને જે સંકલ્પ કરો તે સિદ્ધ થાય જ. સંકલ્પ કરતાં આવડવું જોઈએ.
(૧૩) ભક્તનો સાચો ભાવ અને શ્રદ્ધા તેમ જ દેવની કૃપા બંને એક થાય તો જ ફ્લેશ થાય, ઝબકારો થાય.

---

**પ્રેમની સાચી ભાષા પુષ્પ છે.**

---

# (૫૬)

# પૂ. પ્રેમ અવધૂતજીઃ ગુરુભક્તિનું પ્રતીક

- શ્રી ભૂધરભાઈ પટેલ
સુરત.

૧૯૪૯ના જુલાઈમાં પ્રથવાર નારેશ્વર જવાનું થયું. હું અને મારા સાત સહાધ્યાયીઓ અમારા શિક્ષક અંબાલાલ દામોદર પંડ્યાના કહેવાથી સૌ પ્રથમ ગુરુમહારાજનાં દર્શને ગયા. બરાબર બાર વર્ષ પછી પાછા નારેશ્વર ગયેલા પૈકી લીંચના સ્વ. શ્રી ભોગીલાલ દત્તરામ રાવળ તથા પૂ. બચુભાઈ -(પ્રેમ અવધૂતજી)એ પ.પૂ. રંગ અવધૂત બાપજીને લીંચ પધારવાનું આમંત્રણ આપ્યું.

પ.પૂ. બાપજીને લીંચમાં લાવવાનું ભગીરથ કાર્ય શ્રી ભોગીભાઈ અને શ્રી બચુભાઈએ કર્યું અને લીંચને તીર્થધામ બનાવ્યું. પૂ.બાપજી લીંચમાં કુલ ચાર વાર પધાર્યા. સર્વને સાથે રાખીને પૂ. પ્રેમ અવધૂતજીએ પૂ.બાપજીની સેવાનો લાભ લીધો અને બધાને લાભ આપ્યો પણ ખરો.

પૂ.બચુભાઈ(પ્રેમ અવધૂતજી)ને કેવી વ્રતી-પ્રબળ ઈચ્છા થઈ હશે કે પૂ.શ્રી ગુરુમહારાજ લીંચ પધાર્યા અને પૂ.બચુભાઈએ બાંધેલી મેંથરાવાળી નાની રૂમમાં મુકામ કર્યો. પૂ.શ્રીની બચુભાઈએ અનન્ય ભાવે સેવા-શુશ્રૂષા કરી. પૂ. બચુભાઈના ખેતરમાં પ.પૂ. બાપજી ત્રણવાર પધાર્યા. જેટલીવાર બાપજી લીંચમાં પધાર્યા એટલીવાર પૂ. બચુભાઈ સેવા માટે રાત દિવસ ખડેપગે તૈયાર રહ્યા છે. કેવળ ગુરુમહારાજની સેવાની પ્રવૃત્તિવાળું ત્યારનું જીવન સહુએ નિહાળ્યું છે.

સને ૧૯૬૨ અને ૧૯૬૪-૬૫ના મુકામ દરમિયાન ભોંયરાવાળી ઓરડીમાં પડતી અગવડો મનમાં રાખીને ૧૯૬૭ના મુકામ વખતે મોટી કુટિર તૈયાર કરી વધુમાં વધુ સગવડો મળે એવી વ્યવસ્થા કરી.

પૂ.શ્રીની આંખ પર લાઈટનો પ્રકાશ ન આવે છતાં રૂમમાં પ્રકાશ રહે એ રીતે લાઈટની ગોઠવણ કરી. પૂ.શ્રી ખૂબ જ ખુશ થયા. બાપજીના આરામના સમય દરમિયાન કોઈ દર્શને આવે અને એ દર્શનાર્થી રોકાઈ શકે એમ ન હોય અથવા દર્શન કર્યા પછી જ પાણી પીવાની કે ખાવાની બાધા હોય તો પૂ.શ્રીને ખલેલ ન પહોંચે એ રીતે દર્શન કરવાની વ્યવસ્થા કરી હતી. આજે પણ આ સગવડ જોનાર દંગ થઈ જાય છે.

**બહિર્વૃત્તિ છોડીને, થાવું અંતર્નિષ્ઠ,**
**શાંતિ અક્ષય તો મળે, મરે સમૂળાં ક્લિષ્ટ. (અ.૯/દો.૬૩)**

અવધૂત કુટિરની આજુબાજુ સારો એવો બગીચો વિકસાવ્યો છે. માતાપિતાની સ્મૃતિમાં પીપળો અને તુલસી, પૂ.શ્રીના હાથે જેને પાણી પાવામાં આવ્યું હતું તે ઔદુંબરનું વૃક્ષ, બીલી, કરણ, હજારી ગોટા વગેરેથી બગીચો શોભી રહે છે. ઝૂકી પડેલો આંબો એ પૂ.શ્રીની બેઠકનું પરિણામ છે અને નારેશ્વરના ઝૂકી પડેલા લીમડાની યાદ અપાવે છે.

આજે પણ જેઓ બહારગામથી દર્શને કરવા આવે છે તેમનો સુંદર આતિથ્ય સત્કાર કરે છે. જાગૃતભાવે એમની જમવાની અને અન્ય બાબતની સુવિધા કરાવે છે. હૃદયના ભાવભર્યા, આનંદમિશ્રિત શુભાશિષો અને શુભઆશીર્વાદ પામનાર ખરેખર ભાગ્યશાળી છે.

પૂ. પ્રેમ અવધૂતજી મારાથી પચીસ વર્ષે નાના છે છતાં તેમનામાં પ.પૂ. રંગ ગુરુદેવ બાપજીની કૃપાના કારણે દિવ્યતાનો અનેરો વાસ જીવંત થયો છે. આજે એમનામાં ગુરુ પ્રત્યેની પૂર્ણ, અતિપૂર્ણ નિષ્ઠા-શ્રદ્ધા દષ્ટિગોચર થાય છે.

ભક્તોના આમંત્રણને સ્વીકારી, ગુરુમહારાજના મિશનનું કાર્ય આગળ ધપાવે છે. દેવકાર્ય કરી રહેલા પ્રેમ અવધૂતજીનાં ચરણોમાં હૃદયપૂર્વકના મારા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ. ભક્તજનોને રંગ ભક્તિ-ભજન વધારવાનો લાભ મળો. એમના ૬૦મા જન્મજયંતી દિને નિર્મળ ભાવનો અર્ઘ્ય આપું છું.

❀

## (૫૭)

# પૂ. પ્રેમ અવધૂતજી : મારા ગુરુ માવલી

- શ્રી દિનેશ શાહ
અમદાવાદ.

માણસ જ્યારે દુઃખી થાય છે ત્યારે જ તેની પ્રભુ પ્રત્યેની ભક્તિમાં વધારો થાય છે. એવું જ કાંઈક મારા જીવનમાં બનેલું જેને રજૂ કરવાનો મારો પ્રયત્ન છે. જીવનના કપરા સમયમાં મારી મુલાકાત શ્રી રંગ અવધૂત પરિવાર અમદાવાદના પ્રમુખ શ્રી રતિલાલ કે. શાહ સાથે થયેલી. અને તેઓશ્રી સાથે નારેશ્વર જવાનું પણ બનેલું. નારેશ્વરથી આવ્યા બાદ પ.પૂ.શ્રી રંગ અવધૂતજીનો મારા જીવનમાં રંગ લાગી ગયેલો. બસ તે જ દિવસથી મારું મન ગુરુમહારાજમાં લાગી ગયેલું. વળી પૂ.બાપજીની કૃપાથી મારી પત્ની કુસુમ પણ મારી સાથે પૂ.બાપજીની સેવા નિષ્ઠાપૂર્વક કરવા લાગી અને વર્ષમાં એકવાર શ્રીગુરુલીલામૃતનું પારાયણ પણ કરવા લાગી. અમો પતિપત્ની બંને પૂ.બાપજીના પાદુકાપૂજન કે ભજનકીર્તન અમદાવાદમાં જ્યાં જ્યાં થતાં ત્યાં ત્યાં અચૂક પહોંચી જતાં.

૧૯૮૧માં અમારે આવા જ પ્રસંગે આપણા પરિવારના જાણીતા ભક્ત શ્રી ઈન્દ્રવદનભાઈ સી. શાહને ત્યાં જવાનો પ્રસંગ બનેલો. તેઓશ્રીને ત્યાં લીંચવાળા પૂ.શ્રી બચુભાઈનો ત્રણ દિવસનો પ્રોગ્રામ હતો. તે સમય દરમ્યાન અમો પણ ત્યાં જતાં-આવતાં હતાં. છેલ્લા દિવસે પૂ.શ્રી બચુભાઈને લીંચ જવાનું હતું તે દિવસે ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈને ત્યાંથી જે ભાઈની મોટરકાર તેઓશ્રીને લીંચ મૂકવા માટે જવાની હતી તે કોઈ અનિવાર્ય સંજોગોને કારણે છેલ્લા સમયે ના પાડી ગયેલા. તેથી ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈ ખૂબ ચિંતામાં પડી ગયેલા અને મોટરકારની વ્યવસ્થા કરવા માટે દોડાદોડી કરતા હતા. પણ તેઓશ્રીને સફળતા મળવામાં ઢીલ થતી હતી. બરાબર તે જ સમયે શ્રી ઈન્દ્રવદનભાઈને હું મળ્યો અને મોટરકારની વ્યવસ્થા કરવા માટે તૈયારી બતાવી. તેઓ ખૂબ રાજી થઈ ગયેલા અને મારો ખૂબ આભાર માન્યો.

તે જ દિવસે રાત્રે મને અને મારી પત્નીને પૂ.બાપજીનાં સ્વપ્નદર્શન થયેલા. તે સ્વપ્નદર્શનમાં પૂ.બાપજી અમારે ઘરે આવેલા અને અમારે ત્યાં ભિક્ષા પણ આરોગી અને થોડો આરામ કરી પછી વિદાય લીધી. આમ તો અમોએ પૂ.બાપજીનાં દર્શન કરેલા નહિ પરંતુ સ્વપ્નદર્શનથી આનંદ મળેલો.

> **રંગે પટ રંગાય છે, સંગે લાગે રંગ,**
> **માટે નિઃસંગી થવું, કરવો વા સત્સંગ. (અ.૯/દો.૧૦૦)**

બીજે દિવસે સવારે હું ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈને ત્યાં પૂ.શ્રી બચુભાઈને લીંચ મૂકવા જવા માટે મારા મિત્રની મોટરકાર લઈ ગયેલો ત્યારે ભાઈશ્રી ઈન્દ્રવદનભાઈએ સૂચના આપી કે પૂ.શ્રી બચુભાઈને બે-ત્રણ જગ્યાએ લઈ જવાના છે અને ત્યાંથી તમારા નિવાસસ્થાને લઈ જઈ, ભિક્ષા કરાવવી અને થોડો આરામ કરાવી તેઓશ્રીની સૂચના પ્રમાણે લીંચ મૂકવા જશો.

સ્વપ્નદર્શનની વાત જાણે સાચી પડી અને હું પૂ.શ્રી બચુભાઈને બે-ત્રણ જગ્યાએ લઈ ગયેલો અને છેલ્લા મારા ઘરે આવ્યા. તેમની સાથે મુ. સુમનકાકા તથા છગુજી પણ આવેલા. પૂ.શ્રી બચુભાઈએ મુ. સુમનકાકાને સૂચના આપી કે અહીંયાં પંચોપચાર રીતે પાદુકાપૂજન કરો અને તે પહેલવહેલું પૂ.બાપજીની લીંચની પાદુકાનું પૂજન કર્યું. ત્યાર બાદ પૂ.શ્રી બચુભાઈએ અમારા ગરીબ ઘરની ભિક્ષા લીધી અને થોડો સમય મારા ઘરે આરામ પણ કરેલો. ત્યાર બાદ હું અને મારી પત્ની કુસુમ પૂ.શ્રી બચુભાઈને લીંચ મૂકવા જવા માટે ઊપડેલા.

પૂ.શ્રી બચુભાઈ સાથે રસ્તામાં કાંઈ ખાસ વાતચીત નહિ થયેલી. અમારી પૂ.શ્રી બચુભાઈ સાથે પહેલી મુલાકાત હતી. અમો એકબીજાને પહેલાં કદી મળેલા જ નહિ. પૂ.બાપજીના ભજનકીર્તન કરતાં અમો લીંચ આવી ગયેલા. લીંચમાં પહેલી વાર આવવાનું બન્યું. પૂ.શ્રી બચુભાઈના નિવાસસ્થાને ગયેલા. ત્યાં ભોજનપ્રસાદ કરી અમો ખેતરમાં જ્યાં પૂ.બાપજીની કુટીર છે ત્યાં ગયેલા. ત્યાં દત્તબાવની વગેરે કરી અમદાવાદ આવવા રવાના થયેલા.

પૂ.શ્રી બચુભાઈ પણ અમારી સાથે કુટીરે આવેલા અને લીંચના બસસ્ટૅન્ડ ઉપર ઊતરી ગયેલા. તેઓશ્રી સાથે ત્રણ-ચાર દિવસના સહેવાસ પછી છૂટા પડવાનું મન થતું ન હતું અને તે મારા માટે ઘણું દુઃખદ હતું.

પૂ.શ્રી બચુભાઈ બસસ્ટૅન્ડ પર ઊતરી ગયેલા અને અમોને વિદાય આપવા માટે જ્યારે આવજો કરતા હતા તે સ્વરૂપનું હું શું વર્ણન કરું? આજે પણ હું જ્યારે જ્યારે તે દશ્ય યાદ કરું છું ત્યારે ત્યારે મારી આંખો અશ્રુઓથી ભરાઈ જાય છે. તે સમયે કે જ્યારે પૂ.શ્રી બચુભાઈ અમોને આવજો કરતા હતા ત્યારે અમોએ તેઓશ્રીના શરીરમાં પૂ.બાપજીના શરીરનાં દર્શન કરેલાં. અમોને રાત્રે જે સ્વપ્નદર્શન થયેલાં બરાબર તેવાં જ દર્શન અમોને તે સમયે થયેલાં. પૂ.શ્રી બચુભાઈના શરીરમાં પૂ.બાપજીનો અવતાર જોયેલો. ત્યારે હું ખૂબ રડેલો. તે દિવસે એક દીકરી પોતાના માતાપિતાનું ઘર છોડીને જતી હોય અને તે કરુણ રૂદન કરે તેવું જ મારું બનેલું. એક મા કે બાપ પોતાની દીકરીને જેટલા વહાલથી ભેટી ભેટીને વિદાય કરે બસ તે જ પ્રમાણે પૂ.શ્રી બચુભાઈએ મને તેઓશ્રીની છાતી સરસો ચાંપી મને આશ્વાસન આપતા મારું રડવાનું

---

કારણ પૂછવા લાગેલા. ત્યારે મને તેઓશ્રીએ કહેલું કે રડીશ નહીં. તું તારાં તમામ દુઃખ લીંચમાં મૂકીને જા અને પૂ.ગુરુમહારાજનું બને તેટલું વધારે સ્મરણ કરવાનો પ્રયત્ન કર.

બસ તે જ દિવસથી મારાં દુઃખ દૂર થવાં લાગ્યાં. પૂ.શ્રી બચુભાઈ અમોને વારંવાર પત્રો લખતા અને અમારા સમાચાર જાણતા. મારી પત્નીનું નામ કુસુમ છે તેને હંમેશાં કહેતા કે કુસુમ તો ખિલવા માટે છે. તે તો કોઈ દિવસ કરમાય નહિ. અને સાચે જ તે શબ્દો સાચા પડેલા. આજે હું અને મારી પત્ની ખૂબ આનંદમાં રહીએ છીએ. અમારા ગુરુમહારાજ કહો કે ભગવાન કહો કે પૂ.શ્રી રંગ અવધૂતજી કહો, માતાજી કહો જે કાંઈ કહો તે અમારે માટે તો પૂ.શ્રી બચુભાઈ પ.પૂ. પ્રેમ અવધૂતજીના સ્વરૂપે છે.

તેઓશ્રીના આશીર્વાદથી હું અમદાવાદમાં 'પ્રેમરંગ ટ્રાવેલ્સ'થી ધંધો કરું છું. તેઓના આશીર્વાદથી મારી પોતાની બે ગાડીઓ પણ છે. પૂ.શ્રી પ્રેમ અવધૂતજીના પ્રસંગો લખવા બેસું તો પુસ્તક લખાઈ જાય તેટલા અનુભવો મારા જીવનમાં અમોએ અનુભવેલ છે.

પૂ.શ્રી પ્રેમ અવધૂતજીની ૬૦મી પ્રેમજયંતીએ એમનાં ચરણમાં અનેકાનેક વંદના કરી ભગવાનને પ્રાર્થું કે પ્રભુ એમને નિરામય ચિરાયુ બક્ષે.

✿

## (૫૮)

# લીંચ : સેવાનું અમરફળ
# (લીંચનો ઈતિહાસ)

- શ્રી ભીખાભાઈ પ્રજાપતિ
લીંચ.

ઘણાં વર્ષો પહેલાની વાત છે. લીંચમાં કૃપાશંકર રાવળના પિતાશ્રી નથુરામ અને શ્રી ભૂરાભાઈ વ્યાસનાં કુટુંબો રહેતાં હતાં. શ્રી નથુરામ એટલે પૂ. પ્રેમ અવધૂતજીના દાદા.

ભૂરાભાઈ વ્યાસનાં પત્નીનું નામ મેનાબા અને તેમના નાના ભાઈ મોહનલાલ વ્યાસનાં પત્નીનું નામ મણિબા.

પૂ. બચુભાઈના પિતાશ્રી કૃપાશંકર પર ભગવાનની એવી અવકૃપા કે અગિયાર વર્ષની કુમળી વચે માતાપિતાનું શિરછત્ર ગુમાવ્યું. એકના એક દીકરા એટલે નહિ ભાઈ કે નહિ બહેન, નહિ કાકા મળે કે નહિ કાકી. આવી કપરી સ્થિતિમાં શ્રી ભૂરાભાઈ વ્યાસ પાલક પિતા બન્યા અને મેનાબા પાલક માતા બન્યાં. પરંતુ ઉછેર્યા એવા વહાલથી ને પ્રેમથી કે એ પાલક પિતા સગાં માતાપિતા બની ગયાં. કોઈને કહીએ તો જ ખબર પડે કે આ કૃપાશંકરના પાલક માતાપિતા છે. અને શરૂઆતમાં તો સ્વીકારવા જ તૈયાર ના થાય. ખુદ પૂ. બચુભાઈને છ વર્ષની ઉંમરે નિશાળમાં બેસાડ્યા ત્યારે ખબર પડી કે ભૂરાશંકર એમના સગાં દાદા નથી. એમના સગાં દાદા તો નથુરામ છે.

ભૂરાશંકરને સંતાન ન હતું. કૃપાશંકરભાઈને ખૂબ પ્રેમ અને હૂંફ આપીને ઉછેર્યા. જ્યારે છેલ્લે બીમાર પડ્યા ત્યારે કૃપાશંકરભાઈએ, શાંતાબહેને તથા તેમની દીકરી સોમીબહેને ભૂરાશંકરભાઈની રાત-દિવસ ખડે પગે સેવા કરી. એક પિતૃભક્ત પુત્ર, સંનિષ્ઠ સંતાન, સગો દીકરો જેવી સેવા કરે તેનાથી પણ અધિક સેવા ફક્ત કૃપાશંકરભાઈએ જ નહિ પણ સમગ્ર કુટુંબે કરી. તે વખતે બચુભાઈની ઉંમર ફક્ત ૧૦ વર્ષની હતી.

મુ. કૃપાશંકરભાઈની સેવાથી પ્રસન્ન થઈને શ્રી ભૂરાભાઈએ એમની બધી જ મિલકતનું 'વીલ' કૃપાશંકરભાઈની તરફેણમાં કરવા વિચાર્યું પરંતુ કૃપાશંકરભાઈએ સ્પષ્ટ ના કહી. એમણે કહ્યું કે મેં કાંઈ મિલકત લેવા માટે સેવા નથી કરી. મારે એક પુત્ર અને એક પુત્રી છે. અને મારી

પાસે જે છે તે પૂરતું છે. મારે તમારું કાંઈ લેવું નથી. આપનારે આપવું છે પણ લેનાર નથી એ કેવું દશ્ય?

મુ. ભૂરાશંકરભાઈ હોશિયાર હતા. શ્રી કૃપાશંકરભાઈની હનુમાનના જેવી સેવાવૃત્તિને તેઓ ઓળખી ગયા હતા. બદલામાં કશું લેશે નહિ એમ લાગવાથી એમણે યુક્તિ કરી. કુટિરવાળું ખેતર જે સાડાનવ વીંઘા (૯ા)નું હતું. એમાંથી સાડા ચાર (૪ા) વીંઘા ખેતર ગિરો મૂકી રૂ. ૫૦૦નું દેવું કર્યું હતું. એટલે બાકીનું પાંચ (૫) વીંઘા ખેતર બિનગિરો હતું. મુ. ભૂરાશંકરભાઈએ કહ્યું કે પાંચ વીંઘાનું ખેતર હું બચુને જનોઈમાં (હાથ ગરણામાં-ચાંલ્લો) આપું છું અને બાકીનું ખેતર જે ગિરો છે તે તું દેવું ચૂકવીને લઈ લેજે એટલે તને મફત આપ્યું છે તેવું નહિ લાગે. પ્રેમભર્યા અતિ આગ્રહપૂર્વકના દબાણ સામે કૃપાશંકર શું બોલે?

આમ પાલકપિતાની અથાગ સેવાના ફળરૂપે મળેલી જમીનમાં જ અવઘૂત કુટીરની રચના થઈ અને પૂ.બાપજી પણ ત્યાં પધાર્યા. કેવો યોગાનુયોગ! સેવાના અમરફળરૂપે મળેલી જમીન ઉપર જ ગુરુમહારાજની પધરામણી થઈ, કુટીર બંધાઈ અને પૂ. બચુભાઈએ સેવા દ્વારા જ ગુરુમહારાજને રિઝવ્યા અને રિઝવ્યા તે પણ કેવા? કે ખુદ ગુરુમહારાજે એ ભૂમિને 'મિનિ નારેશ્વર' 'નાનું નારેશ્વર' એવું નામ આપ્યું અને ઉત્તરોત્તર આ ધામ એક દિવ્યોત્તમ ધામ થશે એવા આશીર્વાદ પણ આપેલા. અમરવાણી વદેલા.

મુ. કૃપાશંકરભાઈની મિલકત પ્રત્યેની નિઃસ્પૃહતા કેવી? મુ. ભૂરાશંકર વ્યાસની બીજી મિલકતો વેચી દઈ ગામમાં ધર્મશાળા બંધાવી, ધર્મકાર્યમાં રકમ વાપરી તથા વ્યાસની બીજી મિલકત ભાણાઓને વહેંચી આપી.

બચુભાઈને પિતાની સેવાવૃત્તિ, કોઈનું નહિ લેવાની વૃત્તિ વગેરે વારસામાં મળ્યા અને ભગવાન રંગાવઘૂતજીના સંગથી આ વૃત્તિને એવી વિકસાવી કે આજે મુ. બચુભાઈ શ્રી રંગ પરિવારમાં પૂ. પ્રેમ અવઘૂતજી તરીકે પરિચિત થયા.

આ કુટીરવાળા ખેતરમાં જ્યારે કૂવો કે કંઈ પણ પીયત સાધન ન હતું ત્યારે વહેલી સવારે મુ. બચુભાઈ ફરવા જતા તો તે વખતે ત્યાં દિવ્યનાદ રેલાવતા વાજિંત્રો સંભળાતા. એક દિવસ તે અવાજ સાંભળવા મફતલાલ પ્રજાપતિને લઈ ગયેલા. આ ભાઈ આજે પણ કુટીરે ઉત્સવમાં તથા બીજા દિવસોએ પણ માનદ સેવા આપે છે. તે વખતે સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આ ખેતર 'દિવ્યધામ લીંચ' થઈ જશે, રંગ પરિવારનું એક યાત્રાધામ બની જશે.

---

**પ્રેમનું મૂર્ત સ્વરૂપ એટલે 'મા'.**

---

**કર્મ ન છોડે એહને, ઈશ્વર કર્માતીત!**
**વિધિ નિષેધ ગણે નહીં, વર્તે ધર્માતીત. (અ.૯/દો.૧૨૨)**

'ત્રીજું તે ધામ ગામ લીંચનું રે, રંગ ગોકુળિયું જાણ,
આનંદ ઓચ્છવ ત્યાં નિત્યનો, એવું રંગનું વરદાન રે...'

સેવાના ઋણને કારણે ભગવાન રામચંદ્ર હનુમાનની સામે જોઈ શકતા ન હતા એવું રામાયણમાં વાંચેલું અને તે દ્વારા સેવાનું મહત્ત્વ સમજાયેલું પરંતુ અહીં તો સેવાભાવને ચરિતાર્થ થતો જોયો.

"ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ" એવી ગુરુમહારાજની ઇચ્છાથી બીજું મોટું પ્રમાણપત્ર લીંચ માટે શું હોઈ શકે?

"ગુરુ સેવા પત્રતિ લહે, તે જાણે સહુ વેદ
મંત્ર, તંત્ર, કિંકર સહુ, ન રહે કાંઈ ખેદ"

અવધૂત કુટીર, લીંચના પાયામાં પણ આ સેવા જ છેને! સાચે જ લીંચ એ સેવાનું અમરફળ છે જ.

❁

**પ્રેમ એ જાદુઈ ચિરાગ છે.**

## (૫૯)

# પૂ. પ્રેમ અવધૂતજી : મારા મનમંદિરના દેવ

- શ્રી છેલભાઈ રાવળ
અમદાવાદ.

પ્રાતઃસ્મરણીય શ્રી દત્તાવતાર પ.પૂ. શ્રી રંગ અવધૂત બાપજી સ્વરૂપ પ.પૂ. શ્રી પ્રેમ અવધૂત બાપજીની ૬૦મી જયંતી અનેરા ઉત્સાહ સાથે ભક્ત સમુદાય ઊજવી રહ્યો છે ત્યારે મારા અંગત અનુભવોની થોડી સ્મૃતિકણિકાઓ પૂજ્યશ્રીનાં પવિત્ર ચરણોમાં અર્પણ કરી ધન્યતા અનુભવું છું.

લગભગ ૧૯૬૪-૧૯૬૫માં પ.પૂ. શ્રી રંગ અવધૂત બાપજીનાં પ્રથમ દર્શન કરેલાં. ત્યાર બાદ પૂ.બાપજી લીંચ પધારેલા ત્યારે બે-ત્રણ વખત લીંચ જવાના પ્રસંગો બનેલા તે વખતે પ.પૂ. શ્રી પ્રેમ અવધૂતજીનો ખાસ પરિચય ન હતો. પૂ.બાપજીના એક અત્યંત માનીતા શિષ્ય શ્રી બચુભાઈ લીંચમાં છે તેવું જાણવા મળેલું. બાદમાં પ.પૂ. શ્રી રંગ અવધૂત બાપજીએ લીલા પૂર્ણ કરી નશ્વર દેહ છોડી દીધો. પછી લીંચ જવાનું થયેલું નહિ. ત્યાર પછી લગભગ ૧૯૭૯-૧૯૮૦માં મારા પરમ સ્નેહી શ્રી ઈન્દ્રવદનભાઈ શાહ અને બીજા મિત્રો સાથે પૂ.શ્રી પ્રેમ અવધૂત બાપજીનાં દર્શને જવાનું થયું. સવારની વહેલી ગાડીમાં નીકળી લગભગ ૯.૦૦ વાગ્યે લીંચ પહોંચ્યા. હાથ મોઢું ધોઈ પૂજ્યશ્રીનાં દર્શન માટે તેઓશ્રીના રૂમમાં ગયા. પ્રણામ કરવા મસ્તક નમાવતાં તેઓશ્રીની સામે જોયું. એક ઝણઝણાટી શરીરમાં વ્યાપી ગઈ. મને તેઓશ્રીમાં પ.પૂ.શ્રી રંગ અવધૂત બાપજીનાં સ્પષ્ટ દર્શન થયાં. ભાવવિભોર બની, હર્ષના આંસુ સાથે તેઓશ્રી સામે તાકી જ રહ્યો. શ્રી ઈન્દ્રવદનભાઈએ મારી ઓળખાણ તેઓશ્રીને આપી. પરંતુ અમારી તો જન્મોજન્મની ઓળખાણ હતી. બસ ત્યારથી પૂજ્યશ્રીને પ.પૂ. રંગ અવધૂત બાપજી સ્વરૂપે જ જોઉં છું. તેઓશ્રીનો મારા પર અત્યંત પ્રેમભાવ છે જે શબ્દોમાં વર્ણવવો અશક્ય છે.

પછી તો વારંવાર લીંચમાં, અમદાવાદમાં, સઈજમાં, કલોલમાં પૂજ્યશ્રીના સંપર્કમાં આવવાનું થયું. ઘણા બધા સારા અનુભવો થયા. જીવનમાં ડગલે ને પગલે તેઓશ્રીના આશીર્વાદ અનુભવાય છે. પૂજ્યશ્રીનો મારા જેવા એક નાચીઝ સેવક પર અત્યંત નિર્ભેળ પ્રેમ જોઈ હૃદય દ્રવિત બની જાય છે. કોઈ સ્નેહી અમદાવાદથી પૂજ્યશ્રીનાં દર્શને લીંચ જાય ત્યારે મારા સમાચાર અચૂક પૂછવાના જ. અવારનવાર પત્રથી પણ કુશળ પૂછવાના અને રૂબરૂ મળું ત્યારે કુટુંબના

દરેક સભ્યના વિગતવાર સમાચાર પૂછવાના. તેઓશ્રીના મારા માટેના શુભ ભાવો પ્રગટ થતા જોઉં છું ત્યારે હર્ષનાં આંસુ સાથે મસ્તક તેઓશ્રીનાં પવિત્ર ચરણોમાં ઝૂકી પડે છે. થોડા અનુભવો યાદ આવે છે.

એકવાર તેઓશ્રી અમદાવાદ પધારેલા ત્યારે મારે ત્યાં પધારી આખું ઘર- ઉપરના માળ સુધ્ધાં ફરીને પાવન કરેલું. ઘરનાં બધાંને વારાફરતી મળી કુશળ પૂછી આશીર્વાદ આપી અમોને ધન્ય બનાવેલા. બાદ એક વખત હું બહારગામ હતો અને પૂજ્યશ્રીને અમદાવાદ પધારવાનું થયું. એક-બે ભક્તોને ત્યાં પધરામણી કર્યા પછી તેઓશ્રીએ મારે ત્યાં પધારવાની સ્વયં ઈચ્છા બતાવી. કોઈકે કહ્યું કે "છેલભાઈ તો બહારગામ ગયા છે, ઘેર નથી" ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું, "મારે છેલભાઈના ઘેર જવું છે. ઘર તો અહીં જ છેને!" અને પોતે સ્વયં ઈચ્છાથી મારે ત્યાં પધારી ઘરનાં સર્વના કુશળ પૂછી આશીર્વાદ આપી ગયેલા. ઘેર આવીને મને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે હું પ્રેમના ઊભરામાં ધ્રુસકે ધ્રુસકે રડી પડેલો. પ્રેમની સાક્ષાત્ મૂર્તિ એવા પૂ. શ્રી પ્રેમ અવધૂત બાપજીનો મારા માટે આવો પ્રેમ છે.

પૂજ્યશ્રી જ્યારે પણ અમદાવાદપધારે ત્યારે મને અચૂક સમાચાર મોકલે અને દર્શન કરી આશીર્વાદ મેળવવાની તક આપે. એકવાર પૂ.શ્રી અચાનક અમદાવાદ આવીને બીજા ભક્તોને દર્શન આપી લીંચ રવાના થયા. મને સમાચાર પહોંચ્યા નહીં. બાદમાં ખબર પડી ત્યારે રાતના એકલો એકલો નિરાશ બની પૂજ્યશ્રીનાં દર્શન ચૂક્યાનો અફસોસ કરતો કરતો ઊંઘી ગયો. દુનિયા માને કે ન માને પરંતુ તે જ રાતે સ્વપ્નમાં પૂજ્યશ્રીએ દર્શન આપીને મને કહ્યું, "છેલભાઈ, શું હું હંમેશાં તમારી સાથે નથી? આવાં દુન્યવી દર્શન માટે અફસોસ શું કામ કરો છો? આપણે હંમેશાં સાથે જ છીએ. ચિંતા કરશો નહિ." આંખ ખૂલ્યા પછી આ દશ્ય યાદ કરીને હૃદય અત્યંત દ્રવી ઊઠ્યું. પછી સ્થૂળ દર્શનની બહુ તાલાવેલી રાખી નથી.

એકવાર લીંચના ઉત્સવમાં ભાગ લેવા થોડા ભક્તો શ્રી દિનેશભાઈની મેટાડોરમાં સવારના લીંચ જવા ઊપડ્યા. શ્રી દિનેશભાઈ પોતે જ ગાડી ચલાવતા હતા. ઝુલાસણથી આગળ હાઈવે પરથી કાચા પણ ટૂંકા રસ્તે લીંચ વહેલા પહોંચવા ગાડી ચલાવી. થોડું અંતર ગયા પછી રેતીના લીધે ગાડીએ પલટી ખાધી અને ડ્રાઈવર તરફની બાજુ આડી પડી ગઈ. બધાં ગભરાઈ ઊઠ્યાં. હું શ્રી દિનેશભાઈની બાજુમાં જ હતો. ધીમેથી ઉપરના સળિયા પકડી બારી વાટે ગાડીમાંથી બહાર આવ્યો. ગાડીનાં બધાંને ધીમે ધીમે ઉપર થઈને બહાર લાવી દીધાં. કોઈને જરા પણ ઈજા થઈ ન હતી. હવે ગાડી આડી પડી હતી તેને ઊભી કરવાનો પ્રશ્ન રહ્યો. બધાએ સાથે મળી "જય શ્રી ગુરુદેવ દત્ત" બોલી એક જ પ્રયત્ન કર્યો અને ગાડી ઊભી થઈ ગઈ. શ્રી દિનેશભાઈએ

એક જ પ્રયત્ન કર્યો અને ગાડી ચાલુ થઈ ગઈ. આટલો મોટો અકસ્માત અને તેમાં કોઈને કંઈ વાગ્યું નહિ. પેટ્રોલ નીકળી જવું, આગ લાગવી વગેરે સામાન્ય બાબતોમાંથી બચી ગયા અને બરાબર વખતસર લીંચ પૂજ્યશ્રીનાં ચરણોમાં પ્રણામ કરવા પહોંચી ગયા. ત્યાં અકસ્માતની વાત કરી ત્યારે ત્યાંના ભક્તોએ જણાવ્યું કે જ્યારે ગાડી આડી પડી ત્યારે પૂજ્યશ્રી આંખો મીંચીને ગાઢ વિચારમાં ગંભીર બની ગયેલા અને કહેલું કે થોડા ભક્તો હમણાં લીંચ આવી રહ્યા છે. હું તો આને ચમત્કાર જ ગણું છું.

પૂજ્યશ્રીનાં દર્શન માટે લીંચ તો ગમે તેમ કરીને પહોંચી જઈએ પણ વળતાં જગુદણ ચાર રસ્તાથી સાધન મળવું મુશ્કેલ હોય છે. પરંતુ મારો અનુભવ જુદો જ છે. પૂજ્યશ્રીની રજા લઈ જગુદણ ચાર રસ્તા આગળ આવતાં તૂર્તજ લોકલ બસ કે જીપ એવું સાધન મળી જ જાય છે અને કોઈ જાતની તકલીફ પડતી નથી.

મારા કુટુંબ પ્રત્યે પૂજ્યશ્રીનો ખૂબ જ સ્નેહભાવ છે. મારી પુત્રીઓ પૂજ્યશ્રીના આશીર્વાદથી-અત્યંત પ્રેમભર્યા આશીર્વાદથી પોતાના ઘરમાં સુખી છે. તેમનાં સ્વાસ્થ્ય માટે પણ પૂજ્યશ્રીના આશીર્વાદ સારું કામ કરી રહ્યા છે.

અંતમાં પરમ પૂજ્ય શ્રી પ્રેમ અવધૂત બાપજીની ૬૦મી પ્રેમજયંતી પ્રસંગે જગન્નિયંતા કૃપાળુ પરમાત્મા અને શ્રી દત્તાવતાર પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત બાપજીનાં પવિત્ર ચરણોમાં પ્રાર્થના કે અમારા પ્રેમસભર શ્રી પ્રેમ અવધૂત બાપજીને સુંદર સ્વાસ્થ્ય સાથેનું દીર્ઘ આયુષ્ય આપે અને ભક્તવૃંદને તેઓશ્રીની ૧૦૦મી પ્રેમજયંતી તેઓશ્રીના પ્રેમાળ સાંનિધ્યમાં ઊજવવા ભાગ્યશાળી બનાવે.

❀

> હરે ચિત્ત દર્શન થકી, કનક કાન્તા જાણ;
> પડે ન મોહે તે નકી પશુ મુક્ત વા માન! (અ.૧૧/દો.૬૨)

# (૬૦)

# સબસે ઊંચી પ્રેમસગાઈ

- શ્રી ઈન્દ્રવદન વ્યાસ
અમદાવાદ.

ભગવાન રંગ અવધૂતજીના ગઢ સમું ઉમલ્લા એ મારું મૂળ વતન એટલે બાપજી પ્રત્યેનો અહોભાવ પહેલેથી જ અને તેમાં પૂ. પ્રેમ અવધૂતજી સાથે નાતો બંધાયો એટલે જીવનવહેણ વધુ વ્યવસ્થિત બન્યું.

"ઢાઈ અક્ષર પ્રેમ કે પઢે સો પંડિત હોય" એ પંક્તિ વાંચેલી પણ એનો અર્થ સાચા પરિપ્રેક્ષ્યમાં ત્યારે સમજાયેલો નહિ. પરંતુ પૂ. પ્રેમ અવધૂતજીના સાંનિધ્યથી સ્પષ્ટ થયો.

પૂ. પ્રેમ અવધૂતજીનો પૂ.બાપજી સાથેનો નાતો સેવાભાવથી દઢ થયેલો પણ મૂળમાં તો અનન્ય પ્રેમ જ અને તે પણ શુદ્ધ અને નિર્વ્યાજ પ્રેમ. 'પ્રેમ ગલી અતિ સાંકડી' એ ન્યાયે એકના પ્રવેશ પછી બીજાનો પ્રવેશ શક્ય જ નથી. પૂ. પ્રેમ અવધૂતજીએ પોતાના જીવનમાં ગુરુનું સ્થાન એવું અનન્ય અને અલૌકિક બનાવ્યું કે બીજા કોઈનો પ્રવેશ શક્ય જ ન બન્યો અને ગોપીના જેવા આવા અનન્ય પ્રેમથી જ બાપજી એમના પર અંતરથી પ્રસન્ન થયા. પરિણામે શું થયું?

લીંચ 'મિનિ નારેશ્વર' બન્યું. પૂ.શ્રીએ આશીર્વાદ આપ્યા કે આ ધામ ઉત્તરોત્તર દિવ્ય ધામ બનશે. એમણે પક્ષપાતભરી કહેવાય એવી વાત કરી કે 'જો ગુજરાતમાં દેહ છોડીશ તો લીંચમાં છોડીશ.' આવી વાણી બોલતા પહેલાં પણ ગુરુમહારાજની અંતર-પ્રસન્નતા તો અનેક વાર વ્યક્ત થઈ હતી. એક-બે પ્રસંગો નોંધું.

૧૯૬૪-૧૯૬૫માં પૂ.બાપજી દ્વારકામાં જન્મજયંતી ઊજવી સતાધારથી લીંચ આવ્યા. દ્વારકાથી આવેલા એટલે મનોરાજ્યમાં બોડાણાનું સ્મરણ ખરું. ભગવાન દ્વારકાધીશ પ્રત્યેનો બોડાણાનો અનન્ય પ્રેમ યાદ કરતાં પૂ. બચુભાઈને બાપજીએ કહ્યું કે "તું પણ બોડાણાની જેમ મંતર મારને! એટલે મારે અહીંથી બીજે ક્યાંયે જવું ન પડે." અંતરના ઊંડાણમાંથી આવેલી આ વાણી સાંભળીને તો પૂ. બચુભાઈ રાજીના રેડ થઈ ગયા.

લીંચના મુકામ વખતે પૂ.બાપજી એકવાર આરામમાં હતા. પૂ. બચુભાઈ સેવામાં હતા. પૂ.બાપજીએ એકદમ પૂછ્યું કે અહીંથી નારેશ્વર કેટલું થાય? પૂ. બચુભાઈએ કહ્યું કે લગભગ ૨૦૦

માઈલ જેટલું. પૂ. બાપજીએ કહ્યું, "એમ! આટલું બધું દૂર?" અને થોડી વાર શાંત રહ્યા પછી એટલું જ બોલ્યા કે "આ બધા સંબંધો અગાઉથી ચાલ્યા આવતા હોય છે."

પૂ. પ્રેમ અવધૂતજી પ્રત્યેની મારી શ્રદ્ધા કે નિષ્ઠા બહુ ઊંચી છે એમ તો હું કેવી રીતે કહી શકું? પરંતુ એમની મારા પ્રત્યેની જે પ્રેમદષ્ટિ છે, એમણે મારા પર જે પ્રેમવર્ષા કરી છે તે એવી અદ્ભુત અને અલૌકિક છે કે એ 'પ્રેમની' 'પ્રેમસગાઈ' આગળ બીજી બધી વસ્તુ મામૂલી જણાય છે. એમની કૃપાના બે પ્રસંગો નોંધું અને એનાથી એમની કૃપાનો ખ્યાલ આવશે.

એમના નાના પુત્ર રાધેશ્યામનાં લગ્નપ્રસંગે મારી ગાડી લીંચ જઈ શકશે? એવું કુલીનભાઈએ પૂછ્યું. મેં કહ્યું કે આવું પુછાય જ નહિ. આ ગાડી લીંચની જ છે. ગાડી અચૂક જશે. અને મને અનુકૂળ નહિ હોય તો ચલાવનારની વ્યવસ્થા કરીશું. મારો આ જવાબ પૂ. પ્રેમ અવધૂતજી સુધી ગયો હશે. એમણે ગાડી તો ન મંગાવી પણ મુ. કુલીનભાઈને પત્રમાં લખ્યું કે વ્યાસજીની ગાડી લીંચ આવી ગઈ એમ માન્યું. આનું જે ફળ મળવું જોઈએ તે ફળ ભગવાન તેમને આપશે. અને પરિણામે જે દિવસે રાધેશ્યામનાં લગ્ન થયાં તે જ દિવસે મારી પુત્રી બીનાના વિવાહ થયા. પુત્રીનાં લગ્નની ચિંતા કરું એ પહેલાં જ એ ચિંતા દૂર થઈ ગઈ. લગ્ન વખતે પણ અનાયાસે પૂ. પ્રેમ અવધૂતજી પાદુકાપૂજનમાં આવ્યા હતા એટલે નવદંપતી ત્યાં જઈને પગે લાગીને પછી જ વડોદરા ગયા. એમના આશીર્વાદથી સાસરે ગયેલી બીના ખૂબ જ સુખી છે. બીજો પ્રસંગ આવો છે.

હૃદયનો ભાવ શુદ્ધ હોય અને પ્રેમ નિષ્કામ હોય તો આપણી ભાવના ગુરુમહારાજ પૂરી કરે છે એનો અનુભવ લખતાં હૈયું આનંદથી ઊભરાઈ જાય છે.

પૂ. પ્રેમ અવધૂતજીની ૬૦મી જન્મજયંતીની ઉજવણી શરૂ થાય એ પહેલાં એમને ગુરુમહારાજનાં દર્શનાર્થે નારેશ્વર લઈ જવાની ઈચ્છા મુ. કુલીનભાઈએ વ્યક્ત કરી અને એ લહાવો ઘાટલોડિયા પરિવારને મળવો જ જોઈએ એવું પણ પૂ. પ્રેમ અવધૂતજીને જણાવ્યું.

પૂ. પ્રેમ અવધૂતજીએ તો આખી વાત પર જ પડદો પાડી દીધો. એમણે કહ્યું કે મેં તો મે માસમાં જ પૂ.બાપજીનાં દર્શન કર્યા તે વખતે જ બધું પતાવી દીધું હતું. એટલે હવે ખોટો ખર્ચ કરવાની શી જરૂર છે? આમ છતાં કુલીનભાઈનો પ્રેમાગ્રહ ચાલુ રહ્યો એટલે છેલ્લે એવું સમાધાન થયું કે પૂ. પ્રેમ અવધૂતજી નારેશ્વર જશે ખરા પણ શ્રી મફતભાઈ ઠક્કરની જીપમાં જશે. એ વાત રડતા હૈયે અમે સ્વીકારી. અમારી ઈચ્છા અધૂરી રહી.

**જતા સાસરે નવવધૂ, થાય જેમ વિહ્વળ;**
**થયો ભૂપતિ તેમ એ, થયા ચરણ વિકળ. (અ.૧૨/દો.૨૫)**

પૂ. પ્રેમ અવધૂતજી સાંજે જીપમાં કુલીનભાઈના ઘરે આવ્યા. બીજે દિવસે સવારે નારેશ્વર જવાનું હતું, પણ 'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે' તે વાક્ય યાદ આવે એવું થયું. મફતભાઈના દીકરા આમંત્રણ પત્રિકાઓ વહેંચવા રાત્રે નીકળ્યા ત્યાં 'વાડજ' આગળ પોલીસે એમની જીપ હાઈજેક કરી. બીજે દિવસે રસ્તા રોકો આંદોલનને પહોંચી વળવા માટે આવી ઘણી જીપો પોલીસે લઈ લીધી હતી.

જીપ પાછી મેળવવા ખૂબ દોડાદોડી કરી પણ કશું જ ન થયું અને છેવટે મારી ગાડીમાં જ નારેશ્વર જવાનું ગુરુમહારાજે ગોઠવ્યું. એ સિવાય આનો કોઈ ઉપાય જ ન રહ્યો. ગુરુમહારાજની કેવી કૃપા!

મારી સામાજિક, આધ્યાત્મિક કે અન્ય કોઈ પણ મુશ્કેલીનો ઉકેલ લાવનારી ગુરુચાવી (Master Key) એ પૂ. પ્રેમ અવધૂતજી જ છે. મારા ઘરે એમની પધરામણી થાય એટલે ઘરમાં આનંદનો મહાસાગર રેલાય.

ગુરુમહારાજને પણ આ સંબંધ મંજૂર છે એની સાબિતી આ વર્ષે જ મળી. પૂ. શ્રી પ્રેમ અવધૂતજીની ૬૦મી પ્રેમજયંતીનું વર્ષ શરૂ થયું એ પહેલાં શ્રીગુરુલીલામૃતનું સપ્તાહ પારાયણ પૂરું થયું, ત્યાં જ ગુરુમહારાજે પ્રેરણા કરી કે પૂ. પ્રેમ અવધૂતજીની ઉપસ્થિતિમાં ઉમલ્લામાં ઘાટલોડિયાનું પાદુકાપૂજન કરાવ અને નવચંડી કરાવ. એમની ૬૦મી જન્મજયંતીના ઉત્સવના ભાગરૂપ ઉમલ્લામાં ખૂબ જ સરસ કાર્યક્રમ થઈ ગયો. પિતૃઋણ અદા થયાનો પણ સંતોષ થયો.

'સબસે ઊંચી પ્રેમસગાઈ' એ પંક્તિ મારા જીવનમાં ચરિતાર્થ થઈ ગઈ.

ભગવાન રંગાવધૂતજીનાં ચરણમાં પ્રાર્થના કે પૂ. પ્રેમ અવધૂતજીને નિરામય ચિરાયુ બક્ષો. પૂ. પ્રેમ અવધૂતજીનાં ચરણે આ ભાવઅર્ઘ્યથી વિશેષ શું ચઢાવું?

# પરિશિષ્ટ

# (૧)

## ચાણસ્મામાં પ્રેમજયંતી નિમિત્તે વિવિધ કાર્યક્રમો

- શ્રીમતી તારાબહેન સુરેશભાઈ ભાવસાર
ચાણસ્મા.

જ્યારે પંચાવનમી પ્રેમજયંતી આજોલ ઊજવાઈ ત્યારે જ ૬૦મી પ્રેમજયંતી ઊજવવા સંકલ્પ થયેલો અને પૂ. પ્રેમ અવધૂતજી પાસે રજૂ કરેલો. પરંતુ પૂ. પ્રેમ અવધૂતજીએ કહેલું કે જે સમયે જે થાય તે ખરું. ગુરુમહારાજની મરજી હશે તેમ થશે.

૬૦મી પ્રેમજયંતી આવી એટલે ફરી ઈચ્છા દર્શાવી. આર્થિક ખર્ચ વધુ થાય તે ઠીક નથી એવું એમણે વારંવાર સમજાવ્યું છતાં અમારા પ્રેમાગ્રહને વશ નીચેની શરતે સંમતિ મળી.

ગુરુમહારાજની ૯૩મી જન્મજયંતી ઊજવ્યા પછીના દિવસે કાર્યક્રમની શરૂઆત, ઉજવણીમાં મોટું અને ખોટું ખર્ચ ન કરવું, દેવકાર્ય વધુમાં વધુ થાય તથા સમાજમાં આબાલવૃદ્ધ સર્વ અપેક્ષિતોને ઉપયોગી થવાય તે રીતે કાર્યક્રમ ગોઠવવો.

ગુરુમહારાજની કૃપાથી પૂ. પ્રેમ અવધૂતજીએ લીલી ઝંડી આપી એટલે જે ઉત્સવની પાંચ વર્ષથી રાહ જોવાતી હતી તે શુભમંગલ ઘડી આવી પહોંચી.

કાર્યક્રમની શરૂઆત કારતક સુદ ૯ ને રવિવાર, તા. ૨૮ ઑક્ટોબર, ૧૯૯૦ના રોજ થઈ. પૂર્વ સંધ્યાએ પૂ.શ્રી કેવલાનંદજી મહારાજ નારેશ્વરથી પધાર્યા હતા એટલે જ શુભ શરૂઆત થઈ હતી.

રવિવારે સવારે મહેશભાઈ શાસ્ત્રી અને નીતિનભાઈ ઠાકોરે પૂ.શ્રી રંગ અવધૂતજીની પાદુકાનું પૂજન કરાવ્યું. શ્રી રંગજયંતી નિમિત્તેનું પાદુકાપૂજન હર્ષોલ્લાસના વાતાવરણમાં થયું. લીંચથી પૂ. પ્રેમ અવધૂતજી સવારે ૮:૧૫ વાગ્યે આવી પહોંચ્યા. ચાણસ્મા ગામના ઊગમણા દરવાજા આગળ બધા સ્વાગત માટે ભેગા થયા. પૂ. પ્રેમ અવધૂતજી અને પૂ. કેવલાનંદજીનું સંતમિલન અલૌકિક હતું. સામૈયું કરવા બહેનો ગઈ હતી. ગરબા ગાતી બહેનો અને ધૂન-ભજન ગાતા ભાઈઓ સાથે બંને સંતો મુકામ પર આવ્યા. ત્યાં ભજનમંડળીનાં ભજનોની રમઝટ જામી. પૂ. પ્રેમ અવધૂતજીને **૯૩મી શ્રી રંગજયંતી** અને **૬૦મી પ્રેમજયંતી** એવા હાર તથા 'શ્રીદત્ત' અને 'શ્રીરંગ' નામના મુગટ પહેરાવવામાં આવ્યા. પૂ. પ્રેમ અવધૂતજીએ આ હાર-મુગટ પૂ.શ્રી કેવલાનંદજીને પહેરાવી દીધા. તેઓશ્રી ખૂબ જ ભાવવિભોર બની ગયા હતા.

> **વિદ્યુચ્ચલ લક્ષ્મી બધી, જીવન ક્ષણભંગુર**
> **જ્યાંનું ત્યાં રહે સગું, આખરકાળે દૂર. (અ.૧૨/દો.૭૦)**

માથા ઉપર તાંબાના ઘડા અને તે ઉપર વાવેલા જવારાના રામપાત્ર મૂકી બહેનો શોભાયાત્રામાં શહેનાઈ અને ઢોલ તથા દિગંબરાની ધૂનની રમઝટ સાથે સૌ પિંપળેશ્વર મહાદેવ આવી પહોંચ્યા.

પાદુકાપૂજનની આરતી અને પૂર્ણાહુતિ બાદ શ્રી કેવલાનંદજીએ મંગલદીપ પ્રગટાવી ઉત્સવનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ચાણસ્માના બ્રહ્મસમાજના શ્રી બાબુભાઈ મહેતાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

હર્ષ અને ઉલ્લાસના વાતાવરણમાં પૂ.શ્રીના કૃપાપાત્ર શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાયે વ્યાસપીઠ પર પોતાનું સ્થાન ગ્રહણ કર્યું. મુ. ગોવિંદભાઈએ પોતાની આગવી શૈલીમાં શ્રી ગ્રંથરાજનું અને ગણપતિપૂજનનું મહત્ત્વ સમજાવ્યું. બીજી બાજુ શ્રી ગુરુચરિત્ર, શ્રીમદ્ ભાગવત અને શ્રીરામચરિત માનસ જેવા ગ્રંથોના પારાયણ શરૂ થયાં.

શ્રીગુરુલીલામૃતની કથામાં લોકો રસ તરબોળ થવા લાગ્યા. રાત્રે વિભૂતિબહેનનાં ભજન થયાં.

તા. ૨૯ ને સોમવારે કથાપ્રસંગમાં શ્રી દત્ત ભગવાનનો જન્મ થયો અને જન્મોત્સવ ઊજવાયો. ફટાકડા, ઢોલનગારા અને ગુલાલથી વાતાવરણ મંગલમય બની ચૂક્યું હતું. રાત્રે રાસ-ગરબાની રમઝટ રહી.

તા. ૩૦ ને મંગળવારે રસ્તા રોકો આંદોલન હોવા છતાં કથાના રસમાં કોઈ વિક્ષેપ ન પડ્યો. ભક્તજનોની અવરજવર ચાલુ જ રહી. તા. ૩૧ પણ કથાના વાતાવરણમાં પૂરી થઈ.

તા. ૧લી નવેમ્બર ને ગુરુવારે ચાર વેદ, દ્વિસાહસ્રી, દત્તપુરાણ, વિષ્ણુસહસ્રનામ, વાસુદેવ સપ્તશતિ, રંગહૃદયમ્, દત્તબાવની, અવધૂતી આનંદ વગેરેનાં અનુષ્ઠાનો થયાં.

તા. ૨જી નવેમ્બરે કથા પ્રસંગે પ.પૂ. શ્રી સ્વામીમહારાજનો જન્મોત્સવ ઊજવાયો. ઢોલ નગારાં અને ફટાકડા સાથે ગુલાલથી વાતાવરણ રંગીલું બની ગયું હતું. તે સમયે ૧૨૫ દીપની માંડવી પ્રગટાવવામાં આવી.

૧૯૬૨માં પૂ.શ્રી લીંચ પધારેલા ત્યારે તેમની હાજરીમાં પૂ. પ્રેમ અવધૂતજીએ નવરાત્રીમાં નીકળતી માતાજીની માંડવી કાઢી હતી એવી જ માંડવી પૂ. પ્રેમ અવધૂતજીની હાજરીમાં નીકળી એટલે ઘણાંને ભૂતકાળનું સ્મરણ તાજું થઈ ગયું.

આજે દેવદિવાળી હતી તેથી માંડવીના દીવાથી વાતાવરણ ઝગમગી ઊઠ્યું. રાત્રે પૂ. પ્રેમ અવધૂતજી અને પૂ. કેવલાનંદજીના ઉતારાની જગ્યાએ ગરબા થયા. અનહદ આનંદ માણવા મળ્યો. બંને સંતોએ બધાને પેંડાની પ્રસાદી આપી. બીજી બાજુ કથાના સ્થળે ભજન ભાસ્કર મુ.શ્રી સુમનકાકાનાં ભજનો ચાલુ હતાં.

---

**પ્રેમ વગર આપી શકાય પણ આપ્યા વગર પ્રેમ ના થઈ શકે.**

---

> **કોની સ્ત્રી કોના સુતો? કોનો આ પરિવાર?**
> **કોનાં કિંકર દાસીઓ? ક્ષણિક રાજ્યભંડાર! (અ.૧૨/દો.૭૧)**

તા. ૩જી ઑક્ટોબર ને શનિવારે સવારે ગુરુલીલામૃત કથાની સમાપ્તિ થઈ અને દત્તયાગનો પ્રારંભ થયો. પિંપળેશ્વર મહાદેવ ઉપર રુદ્રાભિષેક થયો. નારેશ્વરનું બ્રહ્મવૃંદ અને દત્તયાગના આચાર્ય શ્રી ચંદુભાઈ (તિલકવાડાવાળા)ની હાજરીમાં ધાર્મિક વાતાવરણ આનંદપ્રદ બની રહ્યું.

રાત્રે કવિ સંમેલન હતું પણ પરિસ્થિતિવશ ઘણા કવિભક્તો આવી શક્યા ન હતા. તેથી મુ.શ્રી કુલીનભાઈનાં ભજન થયાં. સાથે સુરતના કથાકાર સુભાષભાઈ તથા શ્રી યોગેશ શાહીવાલાએ પણ પોતાનું યોગદાન કર્યું. ભજન ભાસ્કર મુ. સુમનકાકા તો ખરા જ.

તા. ૪થી નવેમ્બરને રવિવારે પૂર્ણાહુતિ હતી. આ નિમિત્તે સવારથી જ પાદુકાપૂજનનો કાર્યક્રમ શરૂ થઈ ચૂક્યો હતો. બીજી બાજુ સોમવારે આઠ વાગ્યે સ્વામી શ્રી સચ્ચિદાનંદજી મહારાજના આશ્રમમાં ગૌપૂજન તથા ગાયોને ઘાસ નાખવામાં આવ્યું, ગોપાલવેશમાં પૂ. પ્રેમ અવધૂતજી શોભતા હતા. આશ્રમથી પિંપળેશ્વર મહાદેવ ગયા. ત્યાં બાળમંદિરના ૩૦૦ બાળકોને સ્લેટ-પેન અને નાસ્તો વહેંચાયો. ગરીબોમાં ૬૦ મણ અનાજ અને ૬૦ વસ્ત્રોની વિતરણ વિધિ થઈ.

પાદુકાપૂજન અને વિતરણ વિધિ બાદ ગઈ કાલના કવિસંમેલનને આવરી લેતો સત્કાર સમારંભ શરૂ થયો. મુ. ગોવિંદકાકાથી શરૂઆત થઈ. ભજન ભાસ્કર મુ. સુમનકાકા, મુ. કુલીનભાઈ તથા અન્ય કવિઓની રચના રજૂ થઈ. લોક ભાવવિભોર બની ગયા.

ત્યાર બાદ પૂ. પ્રેમ અવધૂતજીને નિરામય ચિરાયુ પ્રાપ્ત થાય એવી શુભેચ્છા પાઠવતાં પ્રવચનો થયાં. તિલકવાડાના ચંદ્રશંકરભાઈ, અમદાવાદના દત્તાત્રેય નંદુરબારકર, શ્રી રતિભાઈ શાહ વગેરેએ શુભેચ્છા વ્યક્ત કરી.

પ્રેમજયંતી નિમિત્તેના ઉત્સવ અને ભક્તોની ભાવનાનો પ્રત્યુત્તર વાળતાં પૂ. પ્રેમ અવધૂતજીએ જણાવ્યું કે મારા ગુરુમહારાજની મેં સેવા કરી એમ કહેવાને બદલે એમણે મારી સેવાનો સ્વીકાર કર્યો એમ કહેવું બધું વાજબી છે. સેવાભાવથી સભર સર્વતો ભદ્રની ભાવના વિશે મંગલ પ્રવચન કર્યું.

જુદા જુદા ભક્તોએ વિવિધ જાતના હાર અને અલ્ફી વડે પૂ. પ્રેમ અવધૂતજીનું અભિવાદન કર્યું. કોડીઓની અલ્ફી, કોડીઓની ટોપી, ચોકલેટ, કાજુ, દ્રાક્ષ, ગરમ ઊનના તારમાંથી બનાવેલ ફૂલના હાર, રુદ્રાક્ષ મણકાની માળા તેમ જ અલગ અલગ મુગટ પૂ. પ્રેમ અવધૂતજીને પહેરાવ્યા હતા. તેમાં એક મુગટ તો બિનઉપયોગી બની ગયેલ કેપ્સ્યુલ- દવાની ગોળીઓમાંથી બનાવેલ હતો. (Best out of waste) ધૂળમાંથી સોનું!!

કાર્યક્રમના અંતે ચાણસ્માના બ્રહ્મસમાજના અગ્રણી શ્રી કનુભાઈ વ્યાસે ભાવ-ભાષામાં પોતાની લાગણી વ્યક્ત કરી હતી. પોતાના હૈયાના ઉમળકાને વ્યક્ત કરતા તેઓ ગદ્‌ગદિત થઈ ગયા હતા.

---

**પ્રેમ ગુણોનો ગુણાકાર અને દોષોનો ભાગાકાર કરે છે.**

---

બ્રહ્મવૃંદનો અને અન્ય ભક્તજનોનો પૂ. પ્રેમ અવધૂતજીના હાથે સત્કાર થયો હતો. કાર્યક્રમનું સંચાલન મુ.શ્રી કુલીનભાઈએ કર્યું હતું.

આ કાર્યક્રમ દરમ્યાન રોજ સવારે ૫ઃ૩૦ વાગ્યે પ્રભાતફેરી નીકળતી હતી. રોજ નવી નવી રંગોળી પૂરવાની જવાબદારી સુરતના પ્રા. શ્રીમતી નલિનીબહેન દેસાઈએ ઉપાડી લીધી હતી અને કથામંડપની શોભા વધારી હતી. કુ. દીપ્તિ પંડ્યાએ જુદી જુદી આરતીઓ બનાવી હતી જે આકર્ષક હતી. પૂ.શ્રી કેવલાનંદજીએ નવ દિવસનું રોકાણ કરીને આનંદની લહાણ કરાવી હતી. રોજ ઉષઃપ્રાર્થના અને પાદુકાપૂજન થતાં હતાં. આ જવાબદારી વડોદરાના મહેશભાઈ તથા અમદાવાદના શ્રી નીતિનભાઈ ઠાકોરે ઉપાડી હતી.

૬૦મી પ્રેમજયંતી નિમિત્તે કુલ ૧૫૨ પારાયણ થયાં જેમાં સિદ્ધપુરમાં સમૂહ પારાયણ દ્વારા ૬૬ અને વ્યક્તિગત પોતાના ઘરે ૮૬ પારાયણો થયાં હતાં. તેમાં પરદેશના ભક્તોએ પણ પારાયણ કર્યા છે. હજી વ્યક્તિગત પારાયણો તો અહીં ને પરદેશમાં ચાલુ છે જ.

ગુજરાતમાં અજંપાભરી સ્થિતિ હોવા છતાં નારેશ્વર, સિનોર, તિલકવાડા, સુરત, બોદાલી, નવસારી, હોન્ડ, વડોદરા, વલસાડ, અમદાવાદ, સિદ્ધપુર એમ વિવિધ સ્થળેથી ભક્તો આવ્યા હતા. મુ. જયંતીકાકા, મુ. ધીરુભાઈ, ડૉ. રતિકાકા વગેરે ન આવી શક્યા એનો વસવસો રહી ગયો.

ગુરુમહારાજના કાર્યમાં ગુરુભક્તો આવે એટલે આભાર કોણ માને અને કોનો માને? ચાણસ્મામાં યોજાયેલ કાર્યક્રમને સફળ બનાવવા માટે નામી-અનામી બધા જ ભક્તોના અમે ઋણી છીએ. આમ છતાંઃ

૧. ચાણસ્માના યુવકમંડળે અને મુરબ્બીઓએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવી અમને ઉપકૃત કર્યા છે.

૨. સુરતના નલિનીબહેન, સિદ્ધપુરના વિભૂતિબહેન અને અમદાવાદનાં દીપ્તિબહેનના ઋણી છીએ.

૩. આજોલથી આવેલા ભક્તમંડળે આપેલ સહકારનું સ્મરણ કરી લઈએ.

> **ઓતપ્રોત સઘળે ભર્યું, વસ્ત્રે સૂતર જેમ;**
> **તેમ  વિશ્વ ત્વદુદરમાં, મા લે કેડો એમ. (અ.૧૨/દો.૯૪)**

# (૨)

## સેવા સૌરભ : ઋષિવાણી

- શ્રી નારાયણ એચ. ભટ્ટ
નિવૃત્ત ન્યાયાધીશ,
ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.

"સેવા સૌરભ" સદ્‌ભાગ્યે મારા હાથમાં આવતાં, તેનું પઠન-મનન કરતાં આનંદની લહેરખી શરીરમાં ઉત્પન્ન થઈ.

વેદાંતમાં એક દષ્ટાંત આવે છે.

કીટકો ભ્રમરીં ધ્યાનમ્ ભ્રમરત્વાય કલ્પતે ।

ભયને કારણે પણ ભમરીનું સતત ધ્યાન કરતો કીડો આખરે સ્વયં ભમરી બની જાય છે. ઉપાસક અને ઉપાસ્યની અંતે પરિણમતી એકરૂપતાનું આ સચોટ દષ્ટાંત છે. પ્રેમ અવધૂતજી (મુ. બચુભાઈ) ગુરુમય બની ગયા છે અને તેથી સકારણ પૂ. રંગ અવધૂતજીનો ભક્ત સમુદાય તેમને તેમનાં સ્થાને હોય તેમ ગણે છે. શ્રીગુરુલીલામૃતના ઉપાસનાકાંડના અધ્યાય ૧૦૬નો બીજો દોહરો આ વાત સ્પષ્ટ કરે છે.

"કૃષ્ણ કૃષ્ણ કરતાં થઈ ગોપી કૃષ્ણ સ્વરૂપ
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ"

પ્રારંભમાં સાધકને માટે કોઈ ભૌતિક આધાર જરૂરી છે અને તેથી જ ગુરુ અને ગુરુના પ્રતિનિધિ આ આધાર સહજ રીતે, સરળ રીતે પૂરો પાડે છે.

ઈશ્વરની અનુભૂતિના અનેક માર્ગ હિંદુધર્મમાં બતાવ્યા છે. પરંતુ સૌથી સરળ માર્ગ 'સેવા અને સ્મરણ'નો છે. આ માટે નથી તત્ત્વનાં ચૂંથણાં ચૂંથવાની જરૂર, કે નથી કોઈ લાંબા વિધિવિધાનની આવશ્યકતા. જરૂર છે માત્ર સપ્રેમ, સમર્પણમય સેવાની. પૂ. પ્રેમ અવધૂતજીના આ પુસ્તકનો એક વાક્યમાં સાર કહેવો હોય તો તે આ વાક્યમાં સમાઈ જાય છે.

વેદાંતમાં કહ્યું છે, 'યેન જ્ઞાતેન સર્વમિદં જ્ઞાતં ભવતિ ।' કોઈ પ્રકાંડ પંડિત પણ ન લખી શકે તેવું ગૂઢ, અનેક મુખી જ્ઞાન તેઓએ હૃદયમાં આવતી ઊંડી સરવાણી સ્વરૂપે આપણને પીરસ્યું છે.

---

**દૂધમાં ખટાશ ભળે તો દહીં થાય, પ્રેમમાં અશુદ્ધતા ભળે તો વાસના થાય.**

---

> સુખ તૃષ્ણાથી આખુવત્ , પેઠો ભવદર માંહ્ય,
> ઓચિંતો કરડચો અહા, કાળસર્પ ત્યાં હાય! (અ.૧૨/દો.૯૭)

ધર્મનું આદિ સ્વરૂપ અહીં જોવા મળે છે. આજે ધર્માચરણને નામે ઘણું ખોટું ચાલી રહ્યું છે. તેની તીવ્ર વેદના તેઓશ્રીના હૃદયમાંથી સરી પડી છે. "આપણા ધર્મના તો બધા જ પાયા ખખડી ગયા લાગે છે." (પાન ૩૬)

આટલાં બધાં પ્રવચનો, આટલી બધી કથાઓ, આટલાં બધાં પૂજનો થતાં હોવા છતાં આપણે કોઈ જુદી જ દિશામાં ગતિ કરી રહ્યા છીએ... ધર્મને આપણે દેશવટો દીધો છે... ધર્મને આવું કેવળ બાહ્યપૂજન સમજીને બેઠા છીએ... ના, ના એ તો મોટી ભૂલ છે." (પાન ૪૯)

"પ્રભુ તમારી પાસે સમય માગે છે. બચાવેલો સમય તેને આપો... પરંતુ સમય નથી તેવું ના કહેશો." (પાન ૩૧)

"અવધૂતને આચરવાની જરૂર છે, એને જીવવાની જરૂર છે." (પાન ૨૮)

આવા તો સેંકડો વિચાર મૈક્તિકો ઉદ્ધૃત કરી શકાય તેમ છે. ટૂંકમાં ઋષિદૃષ્ટિ-આર્ષદૃષ્ટિ વિકસી હોય તેના જ હૃદયના અને મનના ઊંડાણમાંથી આ રત્નો સહજભાવે ઊપસી આવે છે.

આ ગ્રંથ પુસ્તિકા ખરી રીતે તો એક પ્રકારની આત્મકથા જ છે. આત્મકથા લખનાર, મહદંશે ગુરુગ્રંથિથી પ્રેરાઈને જ બીજાનો ઉદ્ધાર થશે એવા ગર્ભિત અહંભાવથી પ્રેરાઈને જ આવા લેખો લખે છે. પરંતુ આ પુસ્તક તે સત્યનો વિરોધી અપવાદ થઈ રહ્યું છે.

પૂ. પ્રેમ અવધૂતજીની નમ્રતાની પરાકાષ્ઠા અહીં દેખાયા જ કરે છે. કોઈને ઉપદેશ દેવાનો છે, કોઈનો ઉદ્ધાર કરવાનો છે તેવા વિચારની તો ગંધ સરખી પણ આવતી નથી અને તેથી જ પરોક્ષ રીતે તેમાંથી ઉચ્ચ કોટિનો ઉપદેશ સરી આવે છે.

પોતે જે કંઈ છે તે ગુરુની સેવા અને તે દ્વારા ગુરુના અનુગ્રહને આભારી છે તે વાત આ ગ્રંથના પાને પાને, લીટીએ લીટીએ, શબ્દે શબ્દે દેખા દે છે.

"ગુરોસ્તુ મૌન વ્યાખ્યાન શિષ્યાસ્તુ છિન્ન સંશયાઃ ।" એ વાત પ.પૂ. રંગ અવધૂતજીના ઈહલોક જીવનથી આપણને ખૂબ સમજાવી છે. ગુરુકૃપા મેળવવાનો એકમાત્ર માર્ગ ગુરુસેવા અને જનસેવા છે તે વાત ઉપર ખૂબ વાજબી ભાર મૂકી પૂ. પ્રેમ અવધૂતજીએ સેવાની સિદ્ધિઓ બતાવી છે. નિઃસ્વાર્થ સેવા જ ઈશ્વરપૂજન બની જાય છે તે સમજાવી આપણી સૌની આંખ સાચી દિશા તરફ ખોલે છે.

આ પુસ્તકના ગુણાનુવાદ ગાવા માટે તો એક નાનકડી પુસ્તિકા જ જોઈએ પણ મારા થોડાક શબ્દોનાં સુમનસ (પુષ્પ) પૂ. પ્રેમ અવધૂતજીનાં ચરણે, પ્રસન્ન વદને, પ્રસન્ન ચિત્તે, સાભાર ધરીને હું વિરમું છું.

## (૩)

## સેવા સૌરભ : ગાગરમાં સાગર

- શ્રી જયંતીલાલ પી. પંડ્યા
ઉમલ્લા.

૬૦મી પ્રેમ જન્મજયંતી સમિતિ તરફથી પ્રકાશિત અને આપના વરદ હસ્તે મને પ્રાપ્ત થયેલ પુસ્તિકા "સેવા સૌરભ" વાંચી.

વિવિધ ધાર્મિક પ્રસંગોએ આપેલ આપનાં પ્રવચનો વાંચ્યાં. ગમ્યાં.

પરમ પૂજ્ય બ્રહ્મલીન રંગ અવધૂત મહારાજનાં સાંનિધ્યમાં સાચે જ આપના ઉપર ગુરુપ્રેમની વર્ષા થઈ છે. અને આપે પણ ગુરુઆજ્ઞાનું પાલન કરીને તેનો પ્રતિભાવ આપ્યો છે.

ગુજરાતમાં અને અન્ય પ્રાંતોમાં આપના અનેક ભક્તો છે. તેઓ ખૂબ જ ભક્તિભાવ અને હેતથી આપનામાં પૂ.શ્રી રંગ અવધૂત મહારાજનાં દર્શન કરે છે અને પોતાને ધન્ય માને છે.

નિરભિમાની, ત્યાગી, સાદા, સરળ, નિઃસ્પૃહી, પ્રેમાળ એવા આપ પૂ.શ્રીનાં જ ગુણગાન ગાવ છો. સર્વ કોઈને આપ ગુરુભક્તિને જ દઢ કરવા પ્રેરણા અને પ્રોત્સાહન આપો છો. આજે વ્યક્તિપૂજા વધી રહી છે ત્યારે આપ એનાથી અલિપ્ત રહો છો અને ગુરુપૂજા પ્રત્યે દરેકને રાહ ચીંધો છો એ આપનું નિરભિમાનીપણું બતાવે છે.

અનેક સાક્ષરો પોતાનાં પ્રવચનોમાં વિદ્વત્તાપૂર્ણ સંસ્કૃત ભાષાના શબ્દોના સાથિયા પૂરે છે, પરિણામે સામાન્ય ભક્ત એ સમજી શકતો નથી.

"સેવા સૌરભ"માંની આપની પવિત્ર વાણી લોકભોગ્ય- સરળ શૈલીમાં છે. જેથી પુસ્તક વાંચતાં જ આપના વિચારો સમજી શકાય છે.

આપે તો એક ઋષિ જેવું પરમ સાત્ત્વિક જીવન, પૂજ્ય બ્રહ્મલીન રંગ અવધૂતજીને ચરણે સમર્પિત કર્યું છે. એમની પૂજા-અર્ચના, સેવા એ જ આપને મન સર્વ કંઈ છે. એ હકીકત છે જે "સેવા સૌરભ"માં સંનિહિત છે.

પરમ કૃપાળુ પરમાત્મા પૂ. પ્રેમ અવધૂતજીને સુદીર્ઘ તંદુરસ્તી સભર આયુષ્ય આપે અને અમારા જેવા અદના માણસોને દીર્ઘકાળ સુધી માર્ગદર્શન મળતું રહે એ જ અભ્યર્થના! ગુરુદેવ દત્ત.

# (૪)

# ગુરુકૃપા હિ કેવલમ્

- શ્રી સુરેશ રાવલ
કાંદિવલી, મુંબઈ.

કાંદિવલીમાં આવેલા ગુરુમહારાજ શ્રી રંગ અવધૂતજીના મંદિરમાં ચાંદીનો મુગટ ચઢાવવા માટે પૂ.શ્રી પ્રેમ અવધૂતજી મુંબઈ આવ્યા ત્યારે મને તેમનાં પ્રથમ દર્શનનો લાભ મળ્યો અને પરિચયમાં આવવાની તક મળી. પછી આ પરિચયને ગાઢ બનાવવા માટે ગુરુમહારાજે એવા પ્રસંગો ગોઠવ્યા કે જેને હું કેવળ મારું સદ્‌નસીબ જ માનું છું. મારી પત્ની સૌ. ક્ષમા અને હું આજે પૂ. પ્રેમ અવધૂતજીમાં જ બાપજીને જોવા પ્રયત્ન કરીએ છીએ.

સને ૧૯૮૯માં મેં પાટણ ખાતે હોલસેલ દવાઓની એજન્સી રાખેલી તેથી હું અવારનવાર લીંચ પૂ.શ્રી પાસે સલાહ સૂચન માટે જતો હતો.

એ અરસામાં મારા પૂ. પિતાશ્રી જેઓ ઘણા વખતથી લકવાથી પીડાતા હતા તે એકવાર ચાલતાં ચાલતાં પડી ગયા અને થાપાનું હાડકું તૂટી ગયું.

પાટણ ડૉ. પટેલને ત્યાં હું પિતાશ્રીને લઈ ગયો ત્યારે ડૉ. પટેલે કહ્યું કે આ ઑપરેશન કરવા જેવું નથી, કારણ કે તેમનામાં કોઈ શક્તિ નથી અને ઑપરેશનથી વધુ બગડશે. એમ ને એમ ચલાવો. હું નિરાશ થઈ પિતાજીને ઘરે પાછો લઈ આવ્યો.

દિનપ્રતિદિન તેમની તબિયત લથડતી ગઈ. બધી જ ક્રિયાઓ ખાટલાવશ થતી હતી અને મારા પિતાશ્રી લાચારીભરી નજરે મને જોતા હતા અને કહેતા કે સુરેશ મને આ બધી રિબામણીમાંથી જલદી છોડાવ.

એ જ દિવસે રાત્રે પૂ.શ્રી યાદ આવ્યા અને હું બીજા દિવસે વહેલી બસમાં પહોંચ્યો. અને પૂ.શ્રીને મારા પિતાશ્રીની બધી જ હકીકતથી વાકેફ કર્યા કે મારા પિતાશ્રીની આ હાલત હું કે ઘરના કોઈ જોઈ શકતા નથી. હું રડી પડ્યો અને કહ્યું કે મારી નમ્ર વિનંતી સાંભળો અને મારા પિતાશ્રીને મોક્ષ અપાવો. પિતાશ્રીની આ રિબામણી મારાથી જોવાતી નથી. અને હું એમનાં ચરણમાં રડી પડ્યો. પૂ.શ્રીએ મને સાંત્વન આપ્યું કે પૂ.બાપજી બધું સારું કરશે. તું ફિકર કર્યા વગર ઘરે પહોંચ એમ કહીને મને પ્રસાદ આપ્યો. તે લઈને હું બપોરે બે વાગ્યે પાટણ પહોંચ્યો.

> **ક્ષણભંગુર લક્ષ્મી બધી, સિદ્ધિ ચંચળ તેમ;**
> **ના ઇચ્છે મન સર્વથા, થયું વિરક્ત એમ. (અ.૧૨/દો.૧૩૪)**

પાટણ મારા પિતાશ્રીએ બોલાવ્યો અને પૂછ્યું કે ક્યાં ગયો હતો? ત્યારે મેં કહ્યું કે પૂ.શ્રી પાસે આપશ્રીની વાત કહેવા અને મોક્ષ માટે લીંચ ગયો હતો ત્યારે પિતાશ્રીએ મને કહ્યું કે પ.પૂ.શ્રી મને મોક્ષ અપાવે તો સારું અને મેં પૂ.શ્રીએ આપેલ પ્રસાદ એમના મુખમાં આપ્યો.

ત્યાર પછી બપોરે ૩:૩૦ વાગ્યે તેમની તબિયત બગડી. ડૉ. લલિતભાઈ મોદીને બોલાવ્યા અને ડૉક્ટરે તપાસીને કહ્યું કે જેમને બોલાવવા હોય તેમને બોલાવી લો. હવે ત્રણ-ચાર કલાકના મહેમાન છે.

ત્યારે હું તેમની પાસે બેસીને સતત દિગંબરા દિગંબરાની ધૂન, દત્તબાવની બોલતો જ રહ્યો અને સાંજે સાત વાગ્યે મારા પૂ. પિતાશ્રીએ જીવનલીલા સંકેલી લીધી. હું પછી મનોમન પૂ.શ્રી પ્રેમ અવધૂતજીનું સ્મરણ કરતો હતો કે મને કેટલી બધી ઉપાધિમાંથી બચાવી લીધો. પ.પૂ. બાપજીનું પણ સ્મરણ કરતો કે તેં મારી ગરીબની વાત સાંભળી. ખરેખર! ગુરુકૃપા હિ કેવલમ્.

## (૫)

# પ્રેમકૃપા હિ કેવલમ્

- શ્રી કનુભાઈ કે. રાવલ
વટવા, અમદાવાદ.

દત્તજયંતી ઉત્સવ પર ભગવાન શ્રી રંગાવધૂતજીને સિદ્ધપુરમાં લાવવામાં મારા પિતાશ્રી કેશુભાઈ રાવલે મહત્ત્વનો ભાગ ભજવેલો. પૂ.શ્રીની કૃપાને કારણે સમગ્ર પરિવાર રંગભક્તિથી રંગાયેલો છે. પૂ.શ્રીના સ્થૂળ દેહના વિલય પછી જે ખાલીપો વરતાયો તે પૂરો કરવા માટે પૂ.શ્રીએ જ જાણે અમારો સંબંધ પૂ. પ્રેમ અવધૂતજી સાથે જોડી દીધો. અને એમના આશીર્વાદથી રંગભક્તિ વધુ દૃઢ બની છે. પૂ.શ્રી પ્રેમ અવધૂતજીની કૃપાથી ચમત્કાર કહી શકાય એવો બનાવ મારા પુત્ર ચેતનના જીવનમાં બની ગયો.

મારા પુત્ર ચેતનને સવારે ઊઠતાં ૫૦ થી ૬૦ જેટલી ઉપરાછાપરી છીંકો આવે. જુવાનીમાં જ આ તકલીફ થઈ તેથી ચિંતા થાય એ સ્વાભાવિક છે. ડૉક્ટરોને બતાવ્યું. 'સાયનસ'ની તકલીફ છે, ઑપરેશન કરાવવું પડશે વગેરે નિદાન થયું. મોટા મોટા ડૉક્ટરોને બતાવ્યું પણ નિદાન તો ઑપરેશન પર જ અટકે.

આ મૂંઝવણ અને ગડમથલભરી ચિંતાજનક દોડધામમાં જ ગુરુમહારાજે કૃપા કરી. પૂ. પ્રેમ અવધૂતજીનાં દર્શનનો લાભ મળ્યો એટલે મારી મૂંઝવણ રજૂ કરી. ચિ. ચેતન સાથે જ હતો. પૂ. પ્રેમ અવધૂતજી તો પ્રેમસભર અને દયાની મૂર્તિ છે. એમણે ચેતનને કહ્યું કે "દર ગુરુવારે દત્તબાવનીના બાવન પાઠ કરજે. બાપજી સારું કરી દેશે. ચિંતા ના કરીશ." આવું અભયવચન આપીને અમને શાંતિ આપી.

ચિ. ચેતને પણ શ્રદ્ધા-ભક્તિથી દર ગુરુવારે બાવન પાઠ કરવાના શરૂ કર્યા. બે જ માસમાં ચેતનની તકલીફ દૂર થઈ. આજે એ વ્યાધિનું નામનિશાન નથી. મોટી ઉપાધિમાંથી અમને ઉગારી લીધા. પૂ. શ્રી રંગ અવધૂત ગુરુમહારાજે પૂ. પ્રેમ અવધૂતજી દ્વારા કૃપાવર્ષા કરીને અમને લીંચ સાથેનું જોડાણ કરી આપ્યું. આજે તો હવે સારા-નરસા પ્રસંગે પૂ. પ્રેમ અવધૂતજીનું સાંનિધ્ય મળે છે એ અમારું સદ્ભાગ્ય છે. આનાથી બીજું જોઈએ પણ શું? જીવનનો એક જ મંત્ર બની ગયો કે "પ્રેમકૃપા હિ કેવલમ્".


❀

# સેવાના સુંવાળા બંધન, સ્વીકારે છે રુકમાનંદન


શ્રી બચુભાઈ સાથે પૂ.બાપજી


ભક્ત-ભગવાનની ગોઠડી
શ્રી બચુભાઈ સાથે પૂ.બાપજી


શ્રી બભન ગાયકવાડ અને શ્રી બચુભાઈ સાથે
પૂ.બાપજી, અવધૂત કુટિર, લીંચ


પૂ. કૃપાશંકરદાદા, પૂ. શાંતાબા,
શ્રી જગન્નાથમામા, શ્રી બચુભાઈ સાથે
પૂ.બાપજી, અવધૂત કુટિર, લીંચ

# આ લીંચ તે ડાકોર



ડૉ. રતિકાકા, ચિ. જગદીશભાઈ રાવલ,
શ્રી રણછોડભાઈ પ્રજાપતિ અને
શ્રી બચુભાઈ સાથે પ.પૂ. બાપજી



શ્રી બળદેવભાઈ, શ્રી હરગોવિંદ ભગત,
શ્રી ડાહ્યાભાઈ, શ્રી બચુભાઈ સાથે લીંચ કુટિરે
ગાયોને ઘાસ નીરતાં પૂ.બાપજી, મકરસંક્રાંતિ,
૧૯૬૫



ડૉ. રતિકાકા, શ્રી જગજીવન માસ્તર,
શ્રી બચુભાઈ સાથે પ.પૂ. બાપજી



ડૉ. રતિકાકા, ફૂલની ટૉપી પહેરલ
ચિ. જગદીશ રાવલ, શ્રી બચુભાઈ સાથે
પ.પૂ. બાપજી



પૂ. કૃપાશંકરદાદા, શ્રી જગન્નાથમામા,
શ્રી મૂળજીભાઈ, શ્રી બચુભાઈ સાથે મકરસંક્રાંતિ
પર દરિદ્રનારાયણોને અન્ન સંતર્પણ કરી પરત
ફરતા પ.પૂ. બાપજી



ડૉ. રતિકાકા, શ્રી બચુભાઈ સાથે
પ.પૂ. બાપજી

# (૧)

# સૂક્તાંજલિ

## (૫૮મી જન્મજયંતી પ્રસંગે)

રંગાવધૂત કૃપયા રંગપાદાબ્જ ભૃંગકાઃ ।
પ્રેમાવધૂતઃ પ્રેમાબ્ધિઃ સુખં જીવ્યાચ્છતં સમાઃ ॥

## ૬૦મી જન્મજયંતી પ્રસંગે

(૧) દેહોમિજો ગુરુવરાંઘ્રિ સુસેવનાય
દત્તેન ચાત્રિમુનયે ન્વિવ યેન દત્તઃ ।
કલેશેન કર્શિતતનું પરમં દયાલુ
પ્રેમાવધૂતમુનિરાજમહં નમામિ ॥

(૨) ષષ્ટિપ્રવેશ સમયે તવ રઙ્ગરાજં
સંપ્રાર્થયે ગુરુવરં શિરસા પ્રણમ્યા ।
રઙ્ગાવધૂત કૃપયા નનુ ત્વં લભસ્વ
પ્રેમાવધૂત! નિરુજં પુરુષાયુષં સ્વમ્ ॥

(૩) રંગાવધૂતગુરુરાજ સુશિષ્યમેનં
પ્રેમાવધૂતમહમઘ નમામિ મૂર્ધ્ના ।
શ્રીરઙ્ગરાજ કરુણા જલસિક્ત મૂર્ધા
સંજીવતાદ્ ભુવિ ભવાન્ શરદાં શતાનિ ॥

(ભાદ્ર શુ. ૧, ૨૦૪૬, અંબાજી)

## પ્રેમાવધૂત ધ્યાનમ્

કાન્તં કૃશં સુતપસા ગુરુસેવનેન
દાન્તં સુદીર્ઘસિત કૂર્ચ વિરાજમાનમ્ ।
શાન્તં સુદીપ્ત નયનં સુવિશાલ ભાલમ્
પ્રેમાવધૂત ગુરુવર્યમહં નમામિ ॥ ૧ ॥

સેવાયાં ગુરુરઙ્ગરાજ ચરણે નીતં સ્વકીયં વયો
બુદ્ધં સદ્‌ગુરુ માનસં સ્વમનસા ગુર્વર્પિતેનેહ દ્રાક્ ।
સિક્તા ભક્તજનાઃ સ્વનેત્ર કરુણા તોયેન યેનાન્વહં
તં વન્દે સ્મિત શોભિતાસ્ય કમલં પ્રેમાવધૂતં ગુરુમ્ ॥ ૨ ॥

(ભાદ્ર શુકલ ૧, તા. ૨૨-૮-૧૯૯૦, મંગળવાર)

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રઙ્ગાશયજ્ઞં સ્મિતયુત વદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબન્ધું શરણગતજન પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરેફમ્ ॥ ૩ ॥

(ભાદ્ર શુકલ ૧૪, તા. ૪-૯-૧૯૯૦, મંગળવાર)

**: અનુવાદ :**

ગુરુસેવાના સુંદર તપથી કૃશ છતાં દેખાવડા, ઈંદ્રિયોનું દમન કરનાર, લાંબી સફેદ દાઢી અને મૂંછથી શોભતાં, શાંત, તેજસ્વી નેત્રવાળા, વિશાળ લલાટવાળા, પ્રેમાવધૂત ગુરુમહારાજને હું નમસ્કાર કરું છું. ..... ૧.

શ્રી રંગાવધૂત ગુરુમહારાજની સેવામાં જેમણે પોતાની ઉંમર વીતાવી દીધી, ગુરુને અર્પિત કરેલા પોતાના મન વડે જે ગુરુના મનને જાણી લેતા, જેણે પોતાના ભક્તજનોને પોતાના નેત્રોમાંથી વહેતા કરુણાના જળથી સિંચ્યા છે અને જેમનું મુખ-કમળ સ્મિતથી શોભી રહ્યું છે એવા પ્રેમાવધૂત ગુરુને હું નમસ્કાર કરું છું. ..... ૨.

કમનીય (સુંદર), કરુણાથી ભરેલા, ગુરુના યુગલચરણની સેવા કરનાર, કામના (ઈચ્છા-ઈહ) વગરના (અથવા કામના વગર ગુરુનાં યુગલચરણની સેવા કરનાર), શાન્ત, રંગાવધૂતના આશય (૧. ચિત્તને ૨. ઈરાદાને) જાણનાર, સ્મિતથી યુક્ત વદનવાળા, સફેદ દાઢી-મૂંછવાળા, સુંદર હાસ્યવાળા, ઈંદ્રિયોનું દમન કરનારા, દીન (ગરીબ) અને આર્ત (દુઃખિયા)ના બંધુ (બેલી), શરણે આવેલા ભક્તજનોની પ્રાર્થના (ઈચ્છા) પૂરી કરનારા, ગુરુનાં હૃદયકમળમાં વસનારા દ્વિરેફ (ભમરો, પ્રેમશંકર) પ્રેમાવધૂતજીને હું વંદન કરું છું. ..... ૩.

- ડૉ. પ્રા. અરુણોદય ન. જાની
વડોદરા.

# (૨)

## પરમ પૂજ્ય શ્રી પ્રેમાવધૂતચરણકમલેષુ સૂક્તિકુસુમાંજલિઃ

નમઃ પ્રેમાવધૂતાય મનસા વચસા તથા।
કર્મણા ત્રીશરાસે[૧] હી નિત્યં સંવાદદાયિને ॥ ૧ ॥

વિસંવાદિ સૂરાણાં હિ વાદિત્રાણાં નિજૈઃ કરૈઃ।
સંવાદિસૂરનિષ્પત્ત્યૈ સફલં યતતે નમઃ ॥ ૨ ॥

સેવાતપઃ પ્રપૂતાય યમિને શમિને નમઃ।
ગુરુપ્રેમ્ણિ પ્રલીનાય પ્રેમબોધાય તે નમઃ ॥ ૩ ॥

આત્માનન્દે નિમગ્નાય દિવ્યાનન્દૈકદષ્ટયે।
નમોઽકશોકનાશાય પ્રેમદષ્ટિશલાકયા ॥ ૪ ॥

ગુરુકૃપાં વિના નાહં નાન્યદિચ્છામિકિન્ચન।
ગુરોરેવ ભવામ્યાહો દષ્ટિરેષાપુનાતુ નઃ ॥ ૫ ॥

લીંચ
તા. ૨૩-૨-૧૯૮૫
શનિવાર

- શ્રી સદ્‌ગુરુપાદસરોરુહાનુરાગૌ
રમણઃ શુક્લઃ।

---

૧. ત્રીશરાસે = દત્તપ્રભુના સંવાદી સંગીતમય રાસમાં.

## : અનુવાદ :

નમું પ્રેમાવધૂતને વાણીથી મનથી તથા
કર્મથી *દત્તરાસે જે નિત્ય સંવાદ અર્પતા. ૧.
વિસંવાદી સૂરોનાં તો વાજિંત્રોને સ્વહસ્તથી
સંવાદી સૂરને કાજે સફળ યત્નશીલને. ૨.
સેવા ને તપથી શુદ્ધ યમી ને શમીને સદા
ગુરુના પ્રેમમાં લીન પ્રેમતત્ત્વજ્ઞને નમું. ૩.
આત્માનન્દે જ જે મગ્ન દિવ્યાનંદ જ દષ્ટિમાં
પ્રેમદષ્ટિ-શલાકાથી દુઃખશોકઘ્નને નમું. ૪.
'ગુરુકૃપા' વિના ના હું, બીજું ના ઇચ્છું કશું!
ગુરુનો જ રહું નિત્ય, દષ્ટિ પાવન આ કરો. ૫.

---

* દત્તપ્રભુ-પરબ્રહ્મ-રસસ્વરૂપ (રસો વૈ સઃ ઇતિ શ્રુતેઃ) હોઈ (અને રસ એવ રાસઃ) ત્રણે ભુવનોમાં- સમગ્ર બ્રહ્માંડમાં ચાલતા તેમના સંવાદી સંગીતમય રાસમાં.

# (૩)

॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥
॥ શ્રી રઙ્ગઃ પ્રસન્નોઽસ્તુ ॥

પૂ.શ્રી પ્રેમાવધૂતમહારાજસ્ય ષટ્પઞ્ચાશત્તમે જન્મદિને તેષાં કરકમલયોઃ સપ્રણામં સપ્રેમ સૂક્તિસુમનસામઞ્જલિઃ સમર્પ્યતે ।

## । સૂક્તિસુમનસામંજલિ ।

અસ્તુ પ્રેમાવધૂતસ્ય સર્વજનહિતૈષણઃ
ષટ્પઞ્ચાશત્તમે વર્ષે પ્રવેશો મઙ્ગલપ્રદઃ ॥ ૧ ॥

ગજાનનં વિઘ્નવિનાશકં વિભું
દયાલુમેવાત્ર કૃપાપરં પ્રભુમ્ ।
તમોઽભિહન્તારમથાભિપ્રાર્થયે
શ્રીપ્રેમમૂર્તેઃ શુભસ્વાસ્થ્યલબ્ધયે ॥ ૨ ॥

ક્ષમાશીલાય શાન્તાય પરહિતપરાય વૈ ।
દાનપ્રિયાય દાન્તાય નમોઽસ્તુ પ્રેમમૂર્તયે ॥ ૩ ॥

'શરદસ્ત્વં શતં જીવં' હૃદેહં પ્રાર્થયામહે ।
ભગવન્તં ગુરું રઙ્ગં વિભું નારેશ્વરાધિપમ્ ॥ ૪ ॥

પ્રેમાવધૂત બ્રહ્મર્ષે તવ જન્મદિને શુભે ।
દર્શનાયાગતાન્ સર્વાન્ કૃપયા શાધિ પાહિ ચ ॥ ૫ ॥

ગુરુપાદાબ્જલીનાય ગુરુધ્યાનપરાય વૈ ।
ગુરુવાગ્વર્તિને નિત્યમવધૂતાય નમો નમઃ ॥ ૬ ॥

સમર્પકઃ
- શ્રી રમણલાલ જ. શુક્લઃ ।

ભૃગુવાસરઃ, લીંચગ્રામે.
તા. ૫-૯-૧૯૮૬

✿

# (૪)

## સૂક્તિસુમનાંસિ

પૂજ્યશ્રી પ્રેમાવધૂતસ્ય પઞ્ચપઞ્ચાશત્તમ જન્મદિનમહોત્સવપ્રસઙ્ગે પૂજ્યશ્રી ચરણકમલયોઃ
સૂક્તિસુમનાંસિ ।
(સ્રગ્ધરા છન્દ)

માતા સ્વાઙ્કે નિવેશ્ય લઘુવયસિ શિશું શ્રાવયામાસ નિત્યં
પ્રહ્લાદસ્યાથ ધ્રુવસ્ય પ્રભુચરણરતિ ખ્યાપયન્તીઃ કથાઃ સ્તાઃ ।
તં બાલં કૃષ્ણચન્દ્રં ધ્રુવમનુદિવસં સાદરોત્ફુલ્લદષ્ટયા
સ્મારં સ્મારં ચ સિદ્ધિં શિશુરપિ હૃદયે નિશ્ચિકાયેશપ્રાપ્ત્યૈ ॥ ૧ ॥

પુત્રસ્યૈકાન્તવૃત્તેરનુદિનચરિતં વીક્ષમાણેન પિત્રા
માત્રા ચૈતદ્ વિચાર્ય ‘સ્વકુલતતિકૃતે શીઘ્રમેવાસ્ય યોજ્યઃ ।
સંસ્કારો લગ્નનામા સુકુલપિતૃગૃહે જાતયા કન્યયા હિ
નો ચેદેષ પ્રગન્તા’ પરિણયસુવિધિઃ કારિતઃ શીઘ્રમેવ ॥ ૨ ॥

સંગદ્ધો લગ્નબંધનાત્ પ્રભુવિરહતયા તપ્તસ્વાન્તઃ સદા હિ
દૈવાજ્જાતઃ સુસઙ્ગો ભવભયહરણે શક્તિમદ્ભિર્યતીન્દ્રૈઃ ।
શ્રીરઙ્ગૈસ્તૃપ્તસ્વાન્તઃ ગુરુચરણરતઃ કતૃમેવ પ્રવૃત્તઃ
સેવાં રઙગસ્ય નિત્યં ગુરુસુખજનયે નિષ્ઠયા શ્રદ્ધયાચ ॥ ૩ ॥

(અનુષ્ટુપ છંદ)

ગુરુકંજપદે લગ્નો ગૃહત્યાગં વિચારયન્ ।
વારિતો ગુરુદેવેન ગૃહે સ્થાતું ચ બોધિતઃ ॥ ૪ ॥

ગૃહસ્થેન સ્વકર્તવ્યં ન ત્યાજ્યં ધર્મમિચ્છતા ।
કિં ત્વનાસક્તભાવેન સંપાદ્યં હિ તતો જયઃ ॥ ૫ ॥

સ્વયં વિચાર્ય ગુર્વર્થં કૃતયા સેવયા ગુરુઃ ।
પ્રહૃષ્ટો ભવતે સર્વં યદ્ધેયં પ્રદદૌ સ્વયમ્ ॥ ૬ ॥

સેવાદર્શોઽવધૂતેન પ્રેમાપ્લાવિત ચેતસા ।
સ્થાપિતો બોધયત્યેવ સેવયા કિં ન સાધ્યતે ॥ ૭ ॥

ગૃહસ્થોઽપિ સપુત્રોઽપિ નિઃસઙ્ગોઽસૌ શમી દમી ।
અતિથીનાં સદાતિથ્યં કુર્વંસ્તુષ્યતિ હૃષ્યતિ ॥ ૮ ॥

ગૃહસ્થધર્મરક્ષાર્થં સાહાય્યં કર્તુમુદ્યતાઃ ।
સાધ્વી પત્ની સુતાશ્ચૈતે સાનન્દં હિ સપત્નીકાઃ ॥ ૯ ॥

પ્રેમ્ણા પ્રેમાવધૂતસ્ય જન્મદિનમહોત્સવઃ ।
પઞ્ચપઞ્ચાશવાર્ષિકો યોજિતસ્તુ મહોદયૈઃ ॥
આજોલગ્રામવાસ્તવ્યૈ ર્ભૂયાદ્ધિ સર્વમઙ્ગલઃ ॥ ૧૦ ॥

આયોજકૈસ્તથાન્યૈશ્ચ ભક્તૈરત્ર સમાગતૈઃ ।
પ્રણમ્ય ભક્તિભાવેન પ્રાર્થ્યતે દત્તપાદયોઃ ॥
પૂજ્યપ્રેમાવધૂતોઽસૌ જીવતુ શરદાં શતમ્ ॥ ૧૧ ॥

ઋષેઃ પ્રેમાવધૂતસ્ય પાદપદ્મે સમર્પ્યતે ।
સૂક્તિસુમનસાં માલા કૃપયા સ્વીકરોતુ તામ્ ॥ ૧૨ ॥

આજોલગ્રામેઃ
દિનાંકઃ ૧૫-૯-૧૯૮૫

સમર્પકાઃ
- સૂક્તિ રચયિતા રમણભાઈ શુક્લ
અમદાવાદસ્ય- અવધૂતાધ્યાત્મકેન્દ્રસભ્યાઞ્ચ ।
પંચપંચાશતત્તમે

**: અનુવાદ :**

## પૂ.શ્રી પ્રેમાવધૂતજીના પંચાવનમા જન્મદિન-મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીનાં ચરણકમળમાં *સૂક્તિ-પુષ્પમાળા

માતા બાલ્યવયમાં રહેલા પોતાના બાળકને પોતાના ખોળામાં બેસાડીને દરરોજ પરમાત્માનાં ચરણકમળમાં પ્રીતિ વધારે તેવી બાળભક્ત પ્રહ્લાદની તેમ જ બાળભક્ત ધ્રુવની કથાઓ સંભળાવતી હતી. આથી બાળક (શ્રી બચુભાઈ) તે શ્રીકૃષ્ણભક્ત બાળ ધ્રુવને અહર્નિશ તેના પ્રત્યે આદરપૂર્વક

* સંસ્કૃતભાષામાં ગૂંથેલી સૂક્તિ-પુષ્પ-માળાનું આ ભાષાંતર પૂજ્ય શ્રી પ્રેમાવધૂતજીનાં ચરણે સપ્રેમ પ્રણામપૂર્વક અર્પણ કરું છું.- રમણભાઈ શુક્લ, અમદાવાદ.

વિકસિત નજરથી જોતાં અને તેની સિદ્ધિ (ઈશ્વરપ્રાપ્તિ)ને સતત યાદ કરતાં, અને આમ તેમણે પણ પરમાત્માની પ્રાપ્તિ માટે પોતાના હૃદયમાં દૃઢ સંકલ્પ કર્યો. ...૧.

એકાંતપ્રિય પુત્રની દિનચર્યા જોઈ રહેલાં માતાપિતાએ વિચાર્યું, "પોતાનો વંશવેલો ચાલુ રાખવા માટે સારા કુળનાં માતાપિતાને ઘેર જન્મેલી કન્યા સાથે આનો લગ્નસંસ્કાર કરી દેવો જોઈએ, નહિ તો આ કાયમ માટે ચાલ્યો જશે." આમ વિચારી માતાપિતાએ તેમનાં જલદી લગ્ન કરાવી નાખ્યાં. ...૨.

લગ્નબંધનથી બંધાતા અને પ્રભુવિરહને કારણે ખરેખર સદાય અંતરમાં સંતપ્ત રહેતા શ્રી બચુભાઈને દૈવયોગે જન્મમરણનો ભય ટાળવા સમર્થ યતિવર પૂજ્યશ્રી રંગાવધૂત ગુરુમહારાજનો સુભગ ભેટો થઈ ગયો. અને તે સાથે જ તેમનું અંતર સંતૃપ્ત થયું- શાંતિ અનુભવી રહ્યું! અને ત્યારથી જ ગુરુચરણકમળના અનન્ય પ્રેમી બન્યા! તેઓ પૂજ્ય શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની સુખસગવડ માટે નિષ્ઠા અને શ્રદ્ધાપૂર્વક નિત્ય સેવા કરવામાં લાગી ગયા. ...૩.

શ્રી બચુભાઈ શ્રી સદ્‌ગુરુ ચરણકમળમાં જોડાઈ જતાં ગૃહત્યાગનો (મનમાં) વિચાર કરતા હતા ત્યાં જ શ્રી સદ્‌ગુરુ પૂજ્ય રંગાવધૂતજીએ તેમને વાર્યા અને ગૃહસ્થ બની રહેવાનો બોધ આપ્યો. ...૪.

"ધર્મનું આચરણ કરવા ઇચ્છતા ગૃહસ્થે પોતાનું કર્તવ્ય ન ત્યજવું; પણ અનાસક્ત ભાવે તે પાર પાડવું ખરેખર! તેથી જય (પરમાત્મા) પ્રાપ્ત થાય છે." ...૫.

'ગુરુને શું જરૂરી છે' એમ પોતે જ (અગાઉથી) વિચારીને કરવામાં આવતી સેવાથી ખૂબ પ્રસન્નચિત્ત સદ્‌ગુરુમહારાજે પોતે જ આપને (શ્રી બચુભાઈને) (વણમાગ્યે) આપવું જરૂરી એવું બધું જ આપી દીધું! ...૬.

પ્રેમ (સાગર)માં હિલોળા લેતા ચિત્તવાળા અવધૂતે (શ્રી પ્રેમાવધૂતજીએ) સ્થાપેલો સેવાનો આદર્શ બોધ આપે છે કે 'સેવાથી શું સિદ્ધ કરી શકાતું નથી?' ...૭.

જેમણે વૃત્તિઓનું શમન કર્યું છે અને ઇન્દ્રિયોનું દમન કર્યું છે એવા (શમી અને દમી) પૂજ્ય શ્રી પ્રેમાવધૂતજી ગૃહસ્થ હોવા છતાં અને પુત્રપરિવાર હોવા છતાં નિઃસંગ છે. અને સદા તેઓ અતિથિઓનો સત્કાર કરતાં ખુશ થાય છે, આનંદ અનુભવે છે. ...૮.

સાધુચરિત પતિવ્રતા પત્ની અને સપત્નીક પુત્રો ખરેખર! તેમના ગૃહસ્થધર્મની રક્ષા માટેના કાર્યમાં મદદ કરવા સહર્ષ તૈયાર હોય છે. ...૯.

શ્રી પ્રેમાવધૂતજીનો પંચાવનમાં જન્મદિન-મહોત્સવ આજોલ ગામના રહેવાસી ભાગ્યશાળી લોકોએ યોજ્યો છે, જે ખરેખર! સર્વ કોઈને માટે મંગલકારી થાય. ...૧૦.

આ મહોત્સવના આયોજકો તેમ જ અહીં આવેલા અન્ય ગુરુભક્તો ભક્તિભાવપૂર્વક

શ્રી દત્તભગવાનનાં ચરણકમળોમાં પ્રાર્થના કરે છે કે 'આ પૂજ્ય શ્રી પ્રેમાવધૂતજી સો વરસનું દીર્ઘાયુષ્ય ભોગવો. ...૧૧.

આ સૂક્તિ-પુષ્પમાળા ઋષિ (કાન્ત દ્રષ્ટા) પ્રેમાવધૂતજીનાં ચરણકમળમાં અમે અર્પણ કરીએ છીએ. તે આપ (પૂજ્ય પ્રેમ અવધૂતજી) કૃપા કરી સ્વીકારો. ...૧૨.

આજોલ ગામ<br>
તા. ૧૫-૯-૧૯૮૫<br>
રવિવાર

સમર્પકો :-<br>
- સૂક્તિ રચયિતા : રમણભાઈ શુક્લ<br>
અને<br>
શ્રી અવધૂત-અધ્યાત્મકેંદ્ર, અમદાવાદના સભ્યો

# (૫)

## પરમ પુણ્યે પરમ ધન્યે મહાશિવરાત્રિ દિને પૂજ્યપિતુઃ કૃપાશઙ્કરસ્ય પુણ્યતિથિદિને ભાવશ્રદ્ધાઞ્જલિઃ -

ન માતુઃ પિતુશ્ચૈવ દૈવતં પરમુચ્યતે ।
અતઃ પિતૃભ્યાં પૂજ્યાભ્યાં ભૂયો ભૂયો નમો નમઃ ॥ ૧ ॥

પ્રેમાવધૂત જનક-કૃપાશઙ્કર બ્રહ્મણઃ ।
પુણ્યાતિપુણ્યદિવસઃ ધન્યઃ શિવકૃપાપ્રદઃ ॥ ૨ ॥

શિવરાત્રિર્મહારાત્રિસ્તમોહન્ત્રી સદૈવ હિ ।
ભક્તાનાં શિવનિષ્ઠાનાં હૃત્પદ્મવિકાસિની ॥ ૩ ॥

કૃપયા શઙ્કરસ્યાયં પુત્રઃ પ્રેમ્ણા કરોતિ શમ્ ।
લોકાનાં સ્નેહયુક્તાનાં ભક્તિભાવાર્દ્ર ચેતસામ્ ॥ ૪ ॥

પિતા તુ શઙ્કરો નિત્યં માતા ચ પાર્વતી સ્વયમ્ ।
પિત્રોરુપાસકો નિત્યં પ્રેમાવધૂતઃ પ્રસીદતુ ॥ ૫ ॥

પિત્રોઃ પ્રેમાવધૂતસ્ય પાદપદ્મે સમર્પ્યતે ।
ભક્તિશ્રદ્ધાયુતોઽયં હિ શ્રદ્ધાઞ્જલિઃ પુનાતુ નઃ ॥ ૬ ॥

લિમ્ચગ્રામે
દિનાંકઃ ૨૬-૨-૧૯૮૭
ગુરુવાસરઃ

સમર્પકઃ
- ગુરુણાં વરાંવદઃ
- શ્રી રમણલાલ જ. શુક્લઃ ।

# (૬)

# પ.પૂ. શ્રી પ્રેમાવધૂત મહારાજસ્યૈકોનષષ્ટિતમે જન્મજયન્તીદિને સૂક્તિકુસુમાઞ્જલિઃ

પ્રેમમૂર્તે [1]નંદમૂર્તે ભવ્યમૂર્તે કૃપાનિધે ।
પ્રેમાવધૂત બ્રહ્મર્ષે રઙ્ગચિત્ત નમોઽસ્તુ તે ॥ ૧ ॥

ઈન્દુભાઈ દવેભ્રાતા સમાહૂતો ગતો નનુ ।
વિદેશં માસપર્યન્તં સરલો બાલવત્સદા ॥ ૨ ॥

ગત્વા વિદેશાન્ વિવિધપ્રદેશાન્ અમેરિકાદ્યાંસ્ત્વમગસ્તમાસે ।
દત્તપ્રભોર્ભક્તિ પસારકાર્યે ભવ્યં સુસંપાદ્ય સમાગતોઽસિ ॥ ૩ ॥

શ્રીદિનેશ ગૃહે ભવ્યો રમ્યો જન્મમહોત્સવઃ ।
વિદેશેઽપિ સુસંપન્નઃ સર્વમઙ્ગલકારકઃ ॥ ૪ ॥

તિથિમનુ વિદેશે તુ ભાદ્રપ્રતિપદિ નનુ ।
તારિકાયાં ત્રયોદશ્યાં દેશે જન્મમહોત્સવઃ ॥ ૫ ॥

કોનષષ્ટિતમે[2] વર્ષે પ્રવેશો ભક્તોઽધ્વવૈ ।
મહોત્સવઃ સુભાષસ્ય ગૃહેઽસ્તિ સર્વમઙ્ગલઃ ॥ ૬ ॥

પ્રસન્નવદનેનૈવ સમદષ્ટયા હિ પશ્યસિ ।
દર્શકાન્ યાસિ દષ્ટવૈવ સૌમ્યમૂર્તે સદા હદા ॥ ૭ ॥

લોકકલ્યાણકર્તા હિ ત્યક્ત સર્વૈષણો ભવાન્ ।
દત્તભક્તિ પ્રસારાર્થં જીવતુ શરદાં શતમ્ ॥ ૮ ॥

પ૯મી પ્રેમ જયંતી
તાઃ ૧૩-૯-૧૯૮૯
બુધવાસરઃ

ભવતાં શંવદઃ
- શ્રી રમણભાઈ જ. શુક્લ
અહમદાબાદ.

---

૧. નંદમૂર્તે = આનંદમૂર્તે. ૨. કોનષષ્ટિતમે = એક-ઉન-ષષ્ટિતમે-એકોનષષ્ટિ = સાઠમાં એક ઓછા = ઓગણસાઠમાં.

## (૭)

# સૂક્તિ સુમનાંસિ (શાર્દૂલવિક્રીડિત)

પ્રેમ્ણા પ્રેમનિધિઃ સદા વિજયતે પ્રેમાવધૂતઃ પરં
માયાબદ્ધજનં વિનમ્રહૃદયં મુક્તિપથ દર્શયન્ ।
વત્સં માતૃસમીપતઃ પ્રતિદિનં વાત્સલ્યપ્રાપ્તિર્યથા
હિતોઽપ્ય ન્યજનાત્તથૈવ લભતે પ્રેમાવધૂતે રતઃ ॥ ૧ ॥
વિશ્વેઽસ્મિન્ કલિકાલદૂષિતપ્રભાઃ પ્રાયો જના દુર્બલાઃ
જન્માદ્યન્તવિધૌ પરં ચ તમસઃ પારં પ્રભું વીક્ષિતુમ્ ।
યસ્યાનુગ્રહમાત્રતો હિ સહજં શાનં ગુરોઃ પ્રાપ્તવાન્
તેનાસૌ ગુરુ રઙ્ગદત્તચરણં પ્રેમ્ણા બ્રુતે સેવિતુમ્ ॥ ૨ ॥

(અનુષ્ટુપ)

પઞ્ચવિંશતિવર્ષેભ્યઃ પૂર્વ રઙ્ગસ્ય સદ્ગુરોઃ ।
અમ્બાજી જગદમ્બાયાઃ સ્થાને જન્મમહોત્સવઃ ॥ ૩ ॥

યોગાનુયોગતસ્તત્ર ભવ્યો જન્મમહોત્સવઃ ।
ષષ્ટિતમોઽવધૂતસ્ય પ્રેમમૂર્તેઃ સુયોજિતઃ ॥ ૪ ॥

વાસુદેવો ગુરુર્યત્ર સિદ્ધપુર ઉવાસ હ ।
તત્રાધુના સુસંપન્નઃ ષષ્ટિપારાયણો વિધિઃ ॥ ૫ ॥

પ્રાર્થયામો વયં દત્તં પ્રેમ્ણા હૃદયપૂર્વકમ્ ।
દત્તભક્તિપ્રસારાર્થં જીવતુ શરદાં શતમ્ ॥ ૬ ॥

**શ્રી જગદમ્બાયાઃ અમ્બાજીમાતુઃ સ્થાને પૂજ્યશ્રી પ્રેમાવધૂતસ્ય ષષ્ટિતમે જન્મમહોત્સવે**

૬૦મી પ્રેમ જયંતી, અમ્બાજી
તા. ૧૧-૮-૧૯૯૦
ભાદ્રપદસ્ય શુક્લે
પક્ષે પ્રતિપદ્

સમર્પકઃ
- શ્રી રમણભાઈ જ. શુક્લ
અન્યે ચ
ગુરુચરણાનુરાગિણઃ ।

# (૮)

## પ્રેમાવધૂતં સતતં નતાસ્મિ

### (ઉપજાતિ)

રંગાવધૂતસ્ય યઃ સાધુભક્તઃ
સત્કાર્ય વૃન્દસ્ય પ્રવર્તકોઽયમ્ ।
જીયાચ્ચિરં મઙ્ગલકાર્યકર્તા
પ્રેમાવધૂતં સતતં નતાઽસ્મિ ॥૨॥

વસંત પઞ્ચમી — - શ્રીમતી ઉમાદેવી દેશપાંડે
તા. ૧૦-૨-૧૯૮૯ — વટપત્તનમ્.

# (૯)

## શ્રી પ્રેમષટ્કમ્

સ્વરૂપં મઙ્ગલં યસ્ય વિકારરહિતં શુભમ્ ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૧ ॥
શ્રીરઙ્ગ સદ્ગુરોર્નિત્યં સ્મરણં યસ્ય માનસે ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૨ ॥
જ્ઞાતં યેન પરં તત્ત્વં સદ્ગુરોર્મુક્તિદાયકમ્ ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૩ ॥
પરાર્થેજીવનં યસ્ય સત્કાર્યમ્ ઈશપ્રેરિતમ્ ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૪ ॥
સરસ્વતી તથા લક્ષ્મીઃ સુવિધે યસ્ય પાવતી ।
અવધૂતં સદા વન્દે પ્રેમરૂપં સદાત્મકમ્ ॥ ૫ ॥
અભીષ્ટં પ્રાપ્નુયાન્નિત્યં જીવેત્સઃ શરદાં શતમ્ ।
કલ્યાણં મઙ્ગલં ભૂયાદ્ શ્રીરંગસ્ય કૃપાફલાત્ ॥ ૬ ॥

તા. ૧૦-૮-૯૦ — - શ્રીમતી ઉમાદેવી દેશપાંડે
વટોદરમ્.

# (૧૦)
# પ્રેમચાલીસા
## (સ્તોત્ર)

એક અખંડ અનંત જે, સત્, ચિત્, આનંદરૂપ,
પરબ્રહ્મ, પરમાત્મા, પ્રગટે જગ રંગરૂપ.
રંગ-સ્મરણ-સેવાતણી ધૂણી ધખાવી એમ,
ચરણમહીં વંદન કરું, ગુરુવર **શ્રીરંગ-પ્રેમ**.

જય શ્રીરંગને શીશ નમાવી, પ્રેમચાલીસા પ્રેમે ગાવી.
રંગગુરુ-સેવક-ગુણ ગાથા, ગાતાં મળશે તનમન શાતા.
નામે લઘુતા[1] ગુરુતા કામે, દેહ ધર્યો એણે લીંચ ગામે.
તાત કૃપાશંકર સંસ્કારી, માતા [2]શાંતિ સુખ દેનારી.
રંગની આંખો જોવા કાજે, ગયા ભોગીમામાની સાથે.
નારેશ્વર જઈ દર્શન કરતાં, ભાવ હૃદયના ખુલ્લા કરતાં.
આંખ તમારી જોવી મારે, રંગાજી પણ વાત સ્વીકારે.
"કાલે સ્ટેશન આવી જાજે, સવારે આંખનાં દર્શન થાશે."
આંખ મળી ને હૈયું ખોયું, પરબ્રહ્મનું રૂપ જ જોયું.
સેવાધર્મ તો પરમ ગહન છે, યોગીજનોને પણ અગમ્ય જે[3]. ...૧૦.

સેવાધર્મ સ્વીકારી લીધો, અવધૂતને પોતાનો કીધો.
હરતાં ફરતાં રંગનું ચિંતન, તન, મન, ધન, સહુ રંગસમર્પણ.
રંગ ખુમારી એવી રાખી, માગણવૃત્તિ કાઢી નાંખી.
રંગ, રંગ-સેવકની સેવા, હોંશે હોંશે કરતા એવા.
લીંચમહીં ગુરુદેવ પધાર્યા, ભક્તોનાં હૈયાં હરખાયાં.
નારેશ્વર સમ ઉત્સવ થાયે, **પ્રેમ, કૃપા, શાંતિ** જ જણાએ.
"લીંચ જાણ મિનિ નારેશ્વર", એવું બોલ્યા રંગ ગુરુવર.
'દેહ ત્યજીશ જો ગુર્જર દેશે, લીંચમહીં' એમ રંગ વદે છે.

---

૧. લઘુતા=નાનુ બચ્ચુ. ૨. પૂ. પ્રેમ અવધૂતજીની માતાજીનું નામ શાંતિ. ૩. સેવાધર્મો પરમ ગહનો યોગીનામપ્યગમ્ય.

રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો.
પાયામાં સેવાને રાખી, પાયખાનાની સેવા આપી.

મોરટક્કાનો પ્રવાસ કીધો, પ્રેમે અવધૂત જીતી લીધો.
ગુરુએ નખ સાચવવા દીધા, અંતર દ્વારો ખુલ્લા કીધા.
ગુરુને સેવ્યા, સેવે ગુરુ પણ, એવા સેવકને હો ધન-ધન.
સેવાવૃત્તિ અજબ ખીલાવી, ગુરુકૃપાની પામ્યા ચાવી.
હરિદ્વાર જાતાં કહી દીધું, ‘લીંચ જરૂર આવીશ’ એમ સીધું.
રંગ શરીર છોડે હરિદ્વારે, દુઃખ થયું સેવકને ભારે.
“આવીશ કહીને કેમ ન આવ્યા?” બચુભાઈ તો હઠે ભરાયા.
દર્શન દઈ અવધૂત કહે છે, ગુરુલીલામૃત વાંચી લેજે.
એકસો બાવીસમો અધ્યાય, એકસો બાવીસ દોહરો ત્યાંય.
દોહરો વાંચતાં શાંતિ થાયે, હૈયું, મન પણ બહુ હરખાયે.

રંગ હૃદય-મનમાં જે આવે, બચુભાઈ એ જાણી જાયે.
યાદ કરે અંતે અવધૂત, ‘એને હું શું આપું મૂર્ત?’
અતિથિ ધર્મ બજાવે ઘર, તેથી રહે પ્રસન્ન ગુરુવર.
**રંગ-કૃપા-શાંતિ**નો દૂત, સંભાળે જેને અવધૂત.
રંગ કરાવે પ્રેમ પ્રવાસ, પરદેશે ફેલાવે સુવાસ.
‘થોડું કરો પણ સાચું કરજો, રંગ ગુરુને હૈયે ધરજો.’
રંગ કૃપાથી દુઃખ હરી લીધું, **હીર-ઋજુલ**ને જીવન દીધું.
નિર્મળ હૈયું, નિર્મળ વાણી, નયને પ્રેમતણી સરવાણી.
વિચાર ઊંચા, જીવન સાદું એવું જીવે સાચો સાધુ.
રંગ-પ્રેમમાં **કુલીન ગણુ** ડૂબી જાતાં પામે ઘણું.

ભાવ ભક્તિ શ્રદ્ધા થકી, રંગ-પ્રેમમાં ન્હાય,
ઘર-જીવન તીરથ બને, આનંદ મંગલ થાય.

યોગીવર રંગ અવધૂતકી જય, વિઠ્ઠલસુત પાંડુરંગ કી જય,
નારેશ્વરવાસી સંતકી જય, બોલો રે ભાઈ સદ્ગુરુ રંગકી જય.

મંગળવાર, તા. ૧૩-૯-૧૯૮૯ — પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# (૧૧)
## રંગના લાડીલા
### (અનુષ્ટુપ)

**પ્રે**મની મૂર્તિ શા કેવા બીજ શા નિષ્કલંક છો,
**મ**ન્ત્ર સેવાતણો સાધ્યો આદર્શ ગુરુભક્ત છો. ...૧.
**અ**વધૂતતણા ચિત્તે ઊઠ્યો સંકલ્પ જ્યાં નથી,
**વ**હેલા જૈ ધરી દેતા જોઈતી વસ્તુ ભાવથી. ...૨.
**ધૂ**ત સૌ બંધનો કીધાં સંયમે ને વિરાગથી,
**ત**થાપિ સદ્ગૃહસ્થાઈ-માધુરી ત્યાગતા નથી; ...૩.
**જી**વો સુખે શરદ સો-સો સાધી રંગ પરંપરા;
**ને**ણ ને વેણ પલટાતાં તપે શી લીંચની ધરા. ...૪.
**વં**દના રંગ લાડીલા સ્વીકારો એ જ ભાવના;
**દ**ત્ત ને રંગનો ડંકો વગાડો એ જ કામના. ...૫.
**ન**વા વર્ષ પ્રવેશે હો અભિનંદન ઉરનાં;
'જય હો પ્રેમનો' ગર્જે સ્વજનો પરિવારનાં. ...૬.

- શ્રી જયંતીલાલ આચાર્ય
નારેશ્વર

# (૧૨)

## વસમી વિદાય

### (પરદેશ ગમન પ્રસંગે)

રંગદૂત સાગર પાર સિધાવે. ... ટેક.

રંગ રાજ્યના રાજદૂત એ પ્રેમ અવધૂત કહાવે. ... રંગદૂત. ૧.
પ્રેમપુષ્પ એ પરદેશે જઈ પરિમલ પ્રસરાવે. ... રંગદૂત. ૨.
સેવામૂર્તિ સેવાકેરો ધર્મ-મર્મ સમજાવે. ... રંગદૂત. ૩.
દેવદૃષ્ટિથી સઘળે જોતા રંગબ્રહ્મના ભાવે. ... રંગદૂત. ૪.
રંગરાજના જીવનકાર્યનો ડંકો જગે બજાવે. ... રંગદૂત. ૫.
વિદાય વસમી દેતાં 'જય' દિલ બહુ ઊભરાયે ભાવે. ... રંગદૂત. ૬.

- શ્રી જયંતીલાલ આચાર્ય
નારેશ્વર

❀

# (૧૩)

## લીંચધામ

સરસ્વતી થકી દૂર નહિ એવા લીંચની સીમની માંહ્ય,
ઉત્તરભાગની ગુર્જર ભૂમિની સીમરેખા સમી ત્યાંય,
નારેશ્વરની આવૃત્તિ નાની, વસી લોક હૈયે મઝાની. ...૧.
એક સમે અવધૂત પધાર્યા ને ફરતા'તા ખેતરમાંહ્ય,
સહજભાવે સૂચક શબ્દો સરી પડ્યા મુખે આંહ્ય,
દિવ્યભૂમિ આ છે પુરાણી, દિવ્યતમ થાશે કહાણી. ...૨.
યમલાર્જુન શા આંબા બે અક્કડ ઊભા'તા આશ્રમમાંહ્ય,
નારેશ્વરમાં મીઠા લીમડા આવે યાદ એવા નમ્યા આંહ્ય,
બનાવી છે બેઠક નાની, એક આંબા નીચે મઝાની. ...૩.
કુટીર ને વળી ગુફા રૂપાળી રચાવી ગુરુજીને કાજ,
રંગ સદનની સુંદર સગવડ સજાવી સાથો સાથ,
આશ્રમકેરી શોભા તો સારી, અલૌકિક દીસે શી ન્યારી! ...૪.
ધન્ય ભૂમિ, ધન્ય ગામ, ધન્ય પુણ્યશાળી શો સઘળો સમાજ,
ભૂચર, ખેચર ભૂતમાત્ર વળી સુધાર્યા સઘળા કાજ,
બની સત્ય 'રંગ'ની વાણી, સ્વાનુભવે સૌએ પ્રમાણી. ...૫.

- શ્રી જયંતીલાલ આચાર્ય

નારેશ્વર

# (૧૪)

# પૂજ્યપાદ શ્રી પ્રેમ અવધૂતજીની પપમી જન્મજયંતી પ્રસંગે ભાવાંજલિ

## (હરિગીત છંદ)

**પૂ**ર્વમાં ઉષા ઊગી રંગો વિવિધ રેલાવતી.
શું થાળ સોનાનો ભરી આ સંતને વધાવતી? ...૧.
**જય**મ જયમ ઊંચે ચઢતી ગઈ ત્યમ ત્યમ કનકરસ ઢોળતી,
આ વિશ્વને નિજ હેમ રંગે રંગતી રંગાવતી. ...૨.
**પા**ષાણ, પાણી, પૃથ્વીને, વનવૃક્ષની વનરાજીને,
નિજ તેજરશ્મિ સ્પર્શથી જડને જીવંત બનાવતી. ...૩.
**દ**ઈને બધું નિજ વિશ્વને 'દ' દાનને સમજાવતી,
સાચી પૂજા શ્રીદત્તની એ આચરી દર્શાવતી. ...૪.
**શ્રી**પ્રેમ અવધૂતજીતણો અહીં જન્મદિન ઊજવાય છે.
મંગલ દિને માંગલ્યતા યોગમ બધે ઊભરાય છે. ...૫.
**પ્રે**રણા પામી અહીં સહુ ભક્ત ભેગા થાય છે,
નિજભાવનો નિજભક્તિનો અહીં અર્ઘ્ય આજ અપાય છે. ...૬.
**મ**નને બનાવી સુ-મન અહીં શ્રદ્ધા સુમન વરસી રહ્યાં,
ને ભાવ ભક્તિની સુગંધે આજ સહુ મહેકી રહ્યાં. ...૭.
**અ**વધૂત સદ્‌ગુરુ રંગના સહુ બાળ અહીં ભેગાં મળ્યાં,
ને રંગની રશ્મિ ઝીલેલા સંતને બિરદી રહ્યાં. ...૮.
**વ**ટવૃક્ષસમ અવધૂતની શીળી-મીઠી છાયા નીચે,
સહુ ભક્તજન ભેળાં મળી, શ્રીદત્તધૂન મુખથી વદે. ...૯.
**ધૂ**નો મચાવે દત્તની, શ્રીરંગને ચરણે નમે,
આશિષ યાચે રંગની જેથી જીવન ઉન્નત બને. ...૧૦.
**ત**ન્મય થજો તન-મન બધું શ્રીરંગનાં ચરણે અહા!
રહેજો ઠરી મુજ વૃત્તિઓ અવધૂતનાં ચરણે સદા. ...૧૧.

જીવન વિતાવું પ્રેમથી શ્રીરંગની રટનામહીં,
શ્રી રંગ-રંગ રટ્યા કરું બીજું ન માગું હું કંઈ. ...૧૨.
સ્વાસ્થ્ય, શક્તિ ને સુદઢતા, વૃત્તિસહ હૃદયે ધરી,
યુગ-યુગ જીવો 'શ્રી પ્રેમ અવધૂત' રંગ! માગું ફરી ફરી. ...૧૩.
જન્મ ને મૃત્યુ જગતમાં સર્વને અનિવાર્ય છે,
જીવ્યું સફલ તેનું જગે, જેનાં પરાર્થે કાર્ય છે. ...૧૪.

તા. ૧૫-૯-૧૯૮૫ - શ્રી ગોવિંદ ઉપાધ્યાય
આજોલ-૩૮૨૮૧૧ પોર
જિ. મહેસાણા

# (૧૫)

# પૂજ્યપાદ શ્રી પ્રેમ અવધૂતજીની ૬૦મી જયંતીએ

## પ્રેમાંજલિ

### (હરિગીત છંદ)

**પૂ**ર્વ પુણ્યો હોય તો સંતોતણું શરણું મળે,
**જ્યમ** જયમ વધે સત્ સંગ ત્યમ ત્યમ આત્મ જ્યોતિ પ્રજવળે. ...૧.
**પા**મે પ્રસાદી સંતની ઐહિક બધા ગર્વો ટળે,
**દ**ર્શન પરાત્પર તત્ત્વનાં પામે બધે એ હરપળે. ...૨.
**શ્રી**રંગ અવધૂત સદ્‌ગુરુ, સમર્થ યોગીરાજ જે,
**પ્રે**રી રહ્યા નિજભક્તને સત્કાર્ય કરવા અંતરે. ...૩.
**મ**મતાતણાં મેલાં બધાં જાળાં ખસેડી તત્ક્ષણે,
**અ**વ્યક્ત ને અદૃષ્ટનાં દર્શન કરાવે ભક્તને. ...૪.
**વ**રસી રહી આશિષની ધારા અહા! એ નયનથી,
**ધૂ**લ જન્મો-જન્મની એ ધોઈ નાખે ભક્તની. ...૫.
**ત**ત્ત્વમસિ તંબૂરથી એ સૂર છેડે અવનવા,
**જી**વન સફળ તેનું અહા! જેણે મધુરા સૂર સૂણ્યા. ...૬.
**ઘ**ન-જ્ઞાનની છાઈ ઘટા, હૃદ્-મોરલા ટહુકી રહ્યા,
અ**ણુ**-અણુમાં રંગની નીરખી રહ્યા જબરી છટા. ...૭.
**જી**વન તમે રંગી દીધું એ **'રંગ'**કેરા રંગથી,
એ**વો** લગાડ્યો રંગ કે નાચી રહ્યા ઉમંગથી. ...૮.
આજે તમારા જન્મની ષષ્ટી તિથિ ઊજવાય છે,
ઘેલા બનેલા ભક્તનો આનંદ અહીં ઊભરાય છે. ...૯.
જીવો તમે યુગો સુધી ઓ પ્રેમ અવધૂત! ભૂ પરે,
રંગો બધાંને **'રંગ'**માં એ પ્રાર્થના **'બાળક'** કરે. ...૧૦.

તા. ૨૧-૮-૧૯૯૦ — - શ્રી ગોવિંદ ઉપાધ્યાય
અંબાજી — પોર

# (૧૬)

## લીંચ હે બનલે નારેશ્વર

ઉત્તર ગુજરાથેંત બનવલે પ્રતિકૃતિ નારેશ્વર
ધન્ય તે પ્રેમ અવધૂત ભવહર ॥ ધ્રુ ॥
બોઢાણાચે ભક્તિ પ્રભાવે કૃષ્ણ પ્રભુ ડાકોરા આલે
બચુભાઈચે ભક્તિ પ્રેમે નારેશ્વરહુન અવધૂત આલે
લીંચ વાડીત મધે રાહતાં ગુરુવર
બનલે પ્રતિકૃતિ નારેશ્વર, ધન્ય તે પ્રેમ અવધૂત બરકર ॥ ૧ ॥
વૃદ્ધબાલ ત્યા ગ્રામીચે યેતી, જાતપાત તે ભેદ વીસરતી
સર્વધર્મ સમભાવ ઠેબિતી, પ્રેમ અવધૂતાચી સમતા દૃષ્ટિ
બનલે પ્રતિકૃતિ નારેશ્વર, ધન્ય તે પ્રેમ અવધૂત દરહર ॥ ૨ ॥
બચુભાઈ ચી સેવાભક્તિ રાહુની નારેશ્વરી ગુરુપદ સેવિતી
સરવમ્બાપદ પ્રેમે સેવિતીં, ત્યા સેવેચીં હી ફલપ્રાપ્તિ
બનલે પ્રતિકૃતિ નારેશ્વર, ધન્ય તે પ્રેમ અવધૂત શુભકર ॥ ૩ ॥
નિંબવૃક્ષ નારેશ્વરી ઝુકલા, લીંચ વાડીતં આમ્રહી ઝુકલા
છત્ર ધરુની વરી સિંહાસન વનલ ગુરુપદ સ્પર્શે ધન્ય જાહલા
બનલે પ્રતિકૃતિ નારેશ્વર, ધન્ય તે પ્રેમ અવધૂત પદધર ॥ ૪ ॥
પરબ્રહ્મ રંગ અવધૂત દિગંબર, સ્વતેજ ઓપિતી પ્રેમ અવધૂતવર
સર્વ સમર્પણ ગુરુચરણાવર દાસ દ્વારકા શિરઠેવિતી સદ્દગુરુચરણાવર
બનલે પ્રતિકૃતિ નારેશ્વર, ધન્ય તે પ્રેમ અવધૂત ગુરુકિંકર ॥ ૫ ॥

ભાદ્રપદ પૌર્ણિમા — શ્રી દ્વારકાનાથ
વડોંદે- તા. ૧-૯-૧૯૯૦

# (૧૭)

## ત્યાગમૂર્તિને વંદન

અમે જોઈ એક ત્યાગમૂર્તિને,
વંદનીય શ્રી પ્રેમ અવધૂતજીને.
(જેણે)
શ્રી રંગ અવધૂત સદ્‌ગુરુ મહારાજની,
સેવામાંહે લીન થઈને,
પોતાનું સર્વસ્વ અર્પીને,
અહં ઓગાળી જાત મિટાવીને,
સદ્‌ગુરુને સંતોષ આપીને,
જીવન ધન્ય બનાવી દીધું
(એવા) પ્રેમ અવધૂતને ધન્યવાદ હો!
અમારા હજાર હજાર વંદન હો!

- શ્રી દામજીભાઈ ગજ્જર (કોન્ટ્રાક્ટર)
વલસાડ

❁

# (૧૮)

## પ્રેમચરણમાં

### (૧)
### (મંદાક્રાંતા)

ઉષા ખીલી નવલ કિરણે પૂર્વમાં રે! સુનેરી,
પ્રેરાઈ શું અવનિ ઉપરે શારદી પ્રેમ ઝોલે;
લીધી ઓષ્ટે સુભગ ગીતથી વાંસળી રે! કલાએ,
ખીલ્યાં પુષ્પો વનવનવિષે અર્ઘ્ય દેવા થકી શું?

### (૨)
### (વસંતતિલકા)

રે! આપની પુનિત ભાવભરી પ્રસાદી
રે! પામવા મુજ ઉરે કરી યાચના શું?
ક્યાં આપની પરમ સાત્ત્વિક ભવ્ય મૂર્તિ,
ને મારી આ મુજ કલાહીન લેખિનિ ક્યાં?

### (૩)
### (લલિત)

**જિગર** શું જપે નામ આપનું?
તમતણું ભલું ભાવથી અહો!

### (૪)
### (અનુષ્ટુપ)

**પ્રેમ** આનંદની વચ્ચે ઊભો હતો હું એકલો,
ધર્યું શું દેહની સાથે? વ્હાલા પ્રેમ પ્રભુ જરા.

## (૫)
### (મંદાક્રાંતા)

આજે ચાલ્યું જીવનપથનું પર્વ મોટું અનેરું,
દીધો એણે જગત સઘળે રંગનો પ્રેમ-રંગ,
ખૂલ્યાં નેત્રો તિમિર પગથી જામતી રે જણાઈ,
ને તેમાંથી ભવરસ વડે સિંચવી જ્યોત આજે

ભાદ્ર શુક્લ ૧, - પ્રેમસુહૃદ
સંવત ૨૦૨૨, ૩૬મી પ્રેમજયંતી

## (૧૯)

## પૂ. શ્રી પ્રેમ અવધૂતજીને સમર્પિત
### (શાર્દૂલવિક્રીડિત)

**રં**ગો છે વિધ વિધ અહીં પમરતા અવધૂતની ભક્તિના ॥
**ગ**મતાં છે પુષ્પો અહો અલખનાં ચરણે ચઢ્યાં રંગના ॥ ૧ ॥
**વિ**સ્મરશે દુઃખો બધા જગતના લહાવો અનેરો લઈ ॥
**શ**રણ છે આ તો અનન્યવિભુનું તૂટે કદી આભના ॥ ૨ ॥
**રા**ખીને ઉરમાં અને 'નજર'માં મળવા રહે ઝંખના ॥
**મ**ળશે એ વિશ્રામ લઈ ને ઉરમાં રમતાં રહે રંગમાં ॥ ૩ ॥

'રંગ-વિશ્રામ' - શ્રી હરેન્દ્ર શુકલ 'નઝર'
તા. ૨૭-૮-૧૯૮૪ અમદાવાદ.

# (૨૦)

## લીંચનો સાદ

સખી! સાદ કરે કો મને લીંચથી રે, (મને લીંચથી રે...)
હું તો દોડી દોડી જાઉં (૨)
મનડું ન રહેતું મારા હાથમાં...
એ... અવધૂત બોલાવે મને લીંચથી રે... (મને લીંચથી રે...)
જ્યાં શ્રીરંગનો વિશ્રામ, જ્યાં શ્રીપ્રેમનો દરબાર,
જાણે કે તેડાં મને એમનાં. ...સખી! સાદ.
એ... ઊભા અગાશીએ વાટ જુએ પ્રેમ,
મનનાં એંધાણ (એવા મારા મનનાં એંધાણ)
દોડી જાઉં રે હું તો લીંચમાં. ...સખી! સાદ.
એ અવધૂત કુટિરે રંગ પ્રેમ બિરાજે
રૂડાં પાદુકાપૂજન, થાય પાદુકાપૂજન
અવધૂત આનંદની લહાણ જ્યાં. ...સખી! સાદ.
એ... પ્રેમ સાગરમાં નાહ્યા કરું ને
તોય ધરપત ના થાય (મને ધરપત ના થાય)
અમૃતવાણી એવી શ્રી પ્રેમની
પાણીમાં પ્યાસી એવી મીન હું. ...સખી! સાદ.
એ... ચારે ધામ તે મારે લીંચમાં રે (મારે લીંચમાં રે)
જ્યાં શ્રી રંગજીનો પ્રેમ, જ્યાં શ્રી રંગજી ને પ્રેમ,
અદ્‌ભુત એ ગુરુ શિષ્ય બેલડી. ...સખી! સાદ.

- પ્રા. શ્રીમતી ઊર્મિલા નાણાવટી
સુરત.

## (૨૧)
# નિર્વ્યાજ પ્રેમ

પ્રેમ બોલો ન બોલો બોલાવ્યા કરું,
આઠ પહોરે અહર્નિશ સંભાર્યા કરું. ...પ્રેમ બોલો.
પ્રેમભક્તિનાં પુષ્પો ચડાવીને હું (૨)
મારા મનના મંદિરને સજાવ્યા કરું. ...પ્રેમ બોલો.
તારું મંગળ સ્વરૂપ મારા મનમાં વસ્યું (૨)
હું તો ઉરમાં ને ઉરમાં ઉભાયા કરું. ...પ્રેમ બોલો.
પ્રેમ એવું તે શું તમને માઠું લાગ્યું (૨)
હું તો મનમાં ને મનમાં મૂંઝાયા કરું. ...પ્રેમ બોલો.
ગુરુ થઈને અવધૂતજી રિસાવો છો શું (૨)
ભલે માનો ન માનો મનાવ્યા કરું. ...પ્રેમ બોલો.
કામકાજ સૂઝે ના મનમાં ગોઠતું (૨)
ગાંડા જેવો થઈ અહીં ને તહીં ગોત્યા કરું. ...પ્રેમ બોલો.
પકડ્યાં ચરણો તારાં હવે ના મૂકું (૨)
પ્રાણ સાથે પ્રીતિ મારી પોષ્યા કરું. ...પ્રેમ બોલો.
પ્રેમ ઝાઝું શું કહેવું તારે પાયે પડું (૨)
તારી જ્યોતિમાં જ્યોતિ મિલાવ્યા કરું. ...પ્રેમ બોલો.

- શ્રી ઠાકોરલાલ આર. ભટ્ટ

# (૨૨)

## વામનમાંથી વિરાટ

પકડી ગુરુસેવાની વાટ, વામન બની જતો વિરાટ.
ગુરુસેવા સમ સાધન નાહીં, સઘળા સુખ ગુરુસેવામાંહી,
રંગ રહે રાજી, રાખી એવો ઉરમાં તલસાટ. ...વામન.
હરતાં ફરતાં ગુરુનું ચિંતન, તન, મન, ધન સહુ રંગ સમર્પણ,
અનન્ય નિષ્ઠા રાખી, જાણે ગુરુના મનની વાત. ...વામન.
કરે સદા જે જેનું ચિંતન, થાયે તદ્રૂપ લાગ્યું જ્યાં મન,
કીટ બને ચિંતનથી ભમરી, શિષ્યતણી શી વાત? ...વામન.
રંગ ગોકુળિયું ગામ લીંચ તો, રંગ ગુરુ જ્યાં પ્રાણ સિંચતો,
પ્રેમ-કૃપા-શાંતિનો નિશદિન વરસે જ્યાં વરસાદ. ...વામન.
**પાપીગણુ**એ જોડ્યો નાતો, રંગ પ્રેમમાં નિશદિન ના'તો,
નારેશ્વરનો નાથ દયાળુ, પ્રેમે ઝાલ્યો હાથ. ...વામન.

૬૦મી પ્રેમ જન્મજયંતી

- પ્રા. કુલીન ઉપાધ્યાય
અમદાવાદ.

❁

# (૨૩)

## અંબાજીના ધામમાં

### (રાહઃ આજ અમે પાણી ગ્યા'તા સહિયર...)

આજ તારે આંગણિયે આવ્યા અંબાજી અમે,
કરવાને યાદ જૂની તાજી[1],
એ માજી! અમે તારામાં ભાળીશું રંગાજી. ...ટેક.
રંગાના બાળતણી જન્મજયંતી અમે,
ઊજવીશું આજ ગાજી ગાજી. ...એ માજી.
એ... રંગ પરિવાર થયો ભેળો,
જામ્યો છે અહીં પરિવાર આનંદ મેળો,
પ્રેમ થકી આનંદે ઘૂમંતા બાળને જોઈ,
થશે રંગ રાજી રાજી. ...એ માજી.
એ... 'મા'નું સુખ બાળ ખોળે,
એ માજી અમે આવ્યા તમારે ખોળે,
દોડીને આવો આજ, ગરબે ઘૂમવાને કાજ,
સહિયરને સંગ લઈ માજી. ...એ માજી.
ભક્તિ, શક્તિને પ્રેમ દેજો,
એ માજી તમે રૂદિયામાં રંગ સાથ રે'જો,
**પાપીગણુ**ને માથે, મૂકોને હાથ માત,
તુજને સોંપી છે જીવન બાજી. ...એ માજી.

---

૧. જૂની યાદ= પૂ.શ્રી રંગાવધૂતજીની ઊજવેલી જન્મજયંતીની યાદ.

# (૨૪)

## ઘેલું લાગ્યું મને પ્રેમ અવધૂતનું

પ્રેમ અવધૂતાય નમઃ

**પ્રે**મ અવધૂતનું મને ઘેલું લાગ્યું છે,
**મ**નમાં એ અવધૂતનું રૂપ વસ્યું છે,
**અ**ન્તરના પ્રેમથી એને પાયે પડું છું,
**વા**રે વારે ઝાંખી થતાં રડી પડું છું,
- એવા અવધૂતનું મને ઘેલું લાગ્યું છે.

**ધૂ**ત-તમસ્ ઉજ્જવલ એનું દર્શન અનેરું
**તા**કી તાકી જોઈ રહું તોયે ન ધરાઉં
**ય**દિ થાએ કૃપા નિઃસ્પૃહી અવધૂતની,
**ન**જરેથી નિજ રૂપને દર્શાવનારી,
[૧]**''મઃ'**રૂપ-શાંતિની તૃષા છિપાવનારી
-એવી નિર્મલ છબીનું મને ઘેલું લાગ્યું છે.

- શ્રી ઠાકોરલાલ આર. ભટ્ટ

---

૧. મઃ = શંકર.

# (૨૫)

## દિલદેવળમાં આવો

તમે એકવાર આવો અવધૂત, આ દિલ દેવળમાં
તારા ભક્તોની રાખવા લાજ, આ દિલ દેવળમાં
તારા જેવો મહેલ નથી ઓ લીંચવાસી
ભાંગી તૂટી કાયાની ઝૂંપડી છે મારી
છે બેસવાને હૈયું વિશાળ
આ દિલ દેવળમાં. ...તમે એકવાર.
શબરીના બોર જેવું કશું નથી આજે,
નથી પેલા સુદામાનાં તાંદુલ પણ આજે,
છે ભાવનાનું ભોજન તૈયાર...
આ દિલ દેવળમાં. ...તમે એકવાર.
શાસ્ત્રો પુરાણકેરી વાતો ન જાણું,
કેવી રીતે પૂજા કરવી એ પણ ન જાણું
મને વહાલું લાગે પ્રેમ તારું નામ...
આ દિલ દેવળમાં. ...તમે એકવાર.
આપનું આગમન સૌને પ્યારું લાગે
કાલકેરો વાયદો અમને ન ભાવે
તમે આવજો આજને આજ...
આ દિલ દેવળમાં. ...તમે એકવાર.

- શ્રી ઠાકોરલાલ આર. ભટ્ટ

## (૨૬)

## પ્રેમામૃતવાણી

પ્રેમ મગનથી ડોલી રહ્યો છું, પ્રેમ અવધૂત સમરી રે,
શું વર્ણવું હું તેમની વાણી? પ્રેમ-ભરેલી ઘણેરી રે.
જે જન જાયે તેને શરણે, સંતોષી મન થાતો રે,
રંગ પ્રેમમાં મગન થતાંમાં મસ્ત બની એ જાતો રે.
અમૃત ઝરતી મીઠી વાણી, નજર અમીનાં ઝરણાં રે
સંતોષ થતાં 'અમૃત' કહે સાચું, જગ તૃષ્ણા તો તરણાં રે.

- શ્રી અમૃતલાલ જાની
કલોલ.

## (૨૭)

## પ્રેમ ગુરુજી હું તારો

તારો, તારો હું તારો, પ્રેમા સાચે હું છું તારો.
પ્રેમ! પાદ ઝાલ્યા છે તારા, મારો કે પછી તારો.
મુજ અંતરના ગગનતણો તું સૂર્ય, ચંદ્ર ને તારો,
અમીદષ્ટિથી નિહાળજે તું, અંતઘડી ઉદ્ધારો.
અજ્ઞાની ભવસાગર ડૂબું પણ તું તારણહારો,
વિચાર વમળે ચઢ્યું નફ્ફટ મન, એને ગુરુજી ઠારો.
અમૃતના અંતરની વાણી, તું અંતર જાણનારો,
સેવક જાણી હાથ પકડજે, પ્રેમ રંગ રંગનારો.

- શ્રી અમૃતલાલ જાની
કલોલ.

# (૨૮)

## રંગ! મારા રુદિયાકેરો હાર

રંગ! મારા રુદિયાકેરો હાર રે પ્રેમાજી
એકવાર રંગ લઈને આવજો રે (૨)
આસોપાલવનાં તોરણિયાં બંધાવશું. ...એકવાર.
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે (૨)
નાવણ આપીશું કુંડીયું રે; ગંગા જમનાના નીર રે
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે. ...રંગ.
વસ્ત્ર આપું તમને રેશમી રે; પિતાંબર પહેરાવું રે,
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે. ...રંગ.
ભોજનિયાં આપું મન ભાવતાં રે; નર્મદાના આચમન કરાવું રે
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે. ...રંગ.
પોઢણ આપીશું ઢોલિયા રે; લીમડાકેરી છાંય રે,
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે. ...રંગ.
પર્ણકુટીને પાવન કરો રે; હૈયામાં કરજો વાસ રે,
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે. ...રંગ.
પગલાં કરીને પાવન કરો રે; 'નૈયા' ઉતારો ભવપાર રે,
પ્રેમાજી એકવાર રંગ લઈને આવજો રે. ...રંગ.

- શ્રીમતી સુલોચનાબહેન
કલોલ.

❀

# (૨૯)

## કવિસંમેલન પ્રસંગે

(ચાણસ્મા મુકામે)

### સેવા-સદ્‌ગુરુની

કીધા વેદ બધા મુખોદ્‌ગત અને સૌ દર્શનો ચિંતવ્યાં,
શ્રી રામાયણ સાથ ભારત મહાકાવ્યો પુરાણો પઢ્યાં.
એ સૌ વાંચન જેમ જેમ વધતું ત્યાં શાંતિ આઘી ટળે,
સેવા સદ્‌ગુરુની કરી નથી કદી તો શાંતિ ક્યાંથી મળે? ...૧.
જાપો ને ઉપવાસ સાથ વ્રત સૌ કીધા ઘણાં હોંશથી,
શ્રદ્ધા-દીપ વળી સધૂપ અરપી દાનો દીધાં ભાવથી,
ઈચ્છી શાંતિ પળે પળે, પણ અહા! લાધે ન એ કો પળે!
સેવા સદ્‌ગુરુની કરી નથી કદી તો શાંતિ ક્યાંથી મળે? ...૨.
લેખો ઉત્તમ ને ચમત્કૃતિ ભર્યા ભાષાતણા વૈભવે
કાવ્યો તો ભરપૂર ત્યાં નવ રહે કે'વાપણું ના હવે,
તાલીઓ પડતી છતાં પ્રવચને ખૂટંત કૈં આકળે,
સેવા સદ્‌ગુરુની કરી નથી કદી તો શાંતિ ક્યાંથી મળે? ...૩.
આજે વૈભવ કાજ એક ગુરુને, દારૈષણાથી બીજો,
ત્રીજો સેવત ઉચ્ચ કો પદ ચહી, કો પુત્ર કાજે દુજો,
ઈચ્છી યોગ જ રિદ્ધિ સિદ્ધિ સઘળી જ્યાં ત્યાં ભમંતો ચળે,
સેવા સદ્‌ગુરુની કરી નથી કદી તો શાંતિ ક્યાંથી મળે? ....૪.
જ્યાં વજ્રાંકુશ પદ્મચક્ર સમ હો દૈવી સુચિહ્નો વસે,
તેવા દિવ્ય સુપાદ પદ્મ ગુરુના સ્પર્શે જ પાપો ખસે,
થૈ પુણ્યોદય વૃત્તિ ઊર્ધ્વ ન બને તો જાણવું તે પળે,
સેવા સદ્‌ગુરુની કરી નથી કદી તો શાંતિ ક્યાંથી મળે? ....૫.

ભાવે શ્રીચરણે સ્મર્યા ગુણ સુણી ગાયા નમી સદ્‌ગુણો,
અર્ચ્યા ઉત્તમ દાસ ભાવ ધરીને સેવ્યા, ત્યજી દુર્ગુણો,
સ્વાત્મા અર્પિત સખ્ય ભાવ નવમો સાત્ત્વિક ભાવો ભળે,
સેવ્યા સદ્‌ગુરુ એમ જો હરિ ગણી તો શાંતિ શું ના મળે? ....૬.

- શ્રી ધીરુભાઈ જોષી
નારેશ્વર

❁

## (૩૦)

# કોઈનું કાંઈ નથી

રામા, રમા કે રાજ્યનું સ્વપ્નું નથી અવધૂતનું,
પ્રવાહ પતિત કર્મો કીધાં બની રમકડું એ ઈશનું! ...૧.
પંચાત નવ કરી પારકી, કલ્યાણ સાધ્યું આત્મનું,
આનંદમાં મસ્ત રહીને સુખ તાક્યું પ્રાણીમાત્રનું! ...૨.
જકડ્યું તન તપે ને મન જપે, ઊઘડ્યું બારણું સિદ્ધિઓનું,
રંગ દ્વાર પર ભક્તવૃન્દ ને વૃન્દ ગૃહે રિદ્ધિઓનું! ...૩.
હડધૂત જેણે કર્યું બધું, જતન કર્યું માનવતાનું,
જાતે અગવડમાં રહી હરિ! મોજું ધર્યું પ્રસન્નતાનું! ...૪.
સ્થિર સદા બ્રહ્મે રહી, કાર્ય કર્યું ગુરુના દૂતનું,
કોઈનું કાંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું! ...૫.

- શ્રી ધીરુભાઈ જોષી
નારેશ્વર

❁

## (૩૧)

# રટો રંગ રંગ

મળ્યું નામ માબાપથી એ નામમાં શું માલ છે?
એ નામે જાણે ભલે જગ બધું તોય બેતાલ છે.
દીક્ષા પછી દંડી થઈ, બન્યા પુરી કે ભારતી,
એ નામમાં પણ **'ન આમ'** શ્રુતિ એ સર્વ પુકારતી!
માતૃપિતૃવંશની તો પછી સંભળાય ક્યાંથી તતુડી?
ગુરુદત્ત મંત્ર રટ લાગે ઉરગ્રંથિ જાયે ઊઘડી.
અંતર ઊઘડે, વંશ ઉજળે, નામ ખ્યાતિના બે મત છે,
રંગ રંગ રટી થયા હરિ! શ્રી પ્રેમ અવધૂત છે.
તો કહું છું સંતો! રટો રંગ રંગ નામ ઉત્તમ છે.
ગુરુના નામથી/મંત્રથી ખ્યાતિ મળે તે ઉત્તમોત્તમ છે!

- શ્રી ધીરુભાઈ જોષી
નારેશ્વર.

# (૩૨)

## ગુરુના નામથી ખ્યાતિ મળે તે ઉત્તમોત્તમ છે
## (રાગઃ નદી કિનારે નારિયેળી રે ભાઈ, નારિયેળી રે)

ગુરુના નામથી ખ્યાતિ મળે રે, ભાઈ, ઉત્તમોત્તમ છે.
હોરે જ્યાં ગુરુના ગુણલા ગવાય રે, ભાઈ ઉત્તમોત્તમ છે.
ગુરુના નામે પાગલ બન્યા, તે તરી જવાના,
હોરે, ગુરુકૃપાનો કેવળ આધાર રે, ભાઈ ઉત્તમોત્તમ છે. ...ગુરુના નામે.
ગુરુ ગોવિંદ જો સાથે મળે, ગુરુ ગુરુ ગણાતા
હોરે બલિહારી ગુરુની ગણાય રે, ભાઈ ઉત્તમોત્તમ છે. ...ગુરુના નામે.
અર્જુન આયુ અલર્ક વિષ્ણુ ને યદુ પામ્યા,
હોરે ક્રમ મુક્તિના ગુરુ દાતા રે, ભાઈ ઉત્તમોત્તમ છે. ...ગુરુના નામે.
ઉત્તમ, મધ્યમ, નિમ્ન ખ્યાતિ ઝાઝી પ્રકારે
હોરે, ગુરુ ગૌરવમાં શિષ્ય સન્માન રે, ભાઈ ઉત્તમોત્તમ છે. ...ગુરુના નામે.
ગુરુ મળે, ગુરુકૃપા મળે, ગુરુ નામે ખ્યાતિ,
હોરે, પછી માની લ્યો પૂર્ણવિરામ રે, ભાઈ ઉત્તમોત્તમ છે. ...ગુરુના નામે.
**'ઘનશ્યામ રંગ'** ગુરુ એવા મળ્યા, ના કંઠી બાંધી,
હોરે, હર હાલતમાં હાજર વરતાય રે, ભાઈ ઉત્તમોત્તમ છે. ...ગુરુના નામે.

- શ્રી ઘનશ્યામપ્રસાદ ખંડુપ્રસાદ જોષી
કપડવણજ.

## (૩૩)

# સેવા સદ્ગુરુની

આંધળી દોટના ઉકળાટમાં-
પાણી શોધતાં રણમાં-
ક્યાંથી મળે એ કોઈને
ઝાંઝવાના ઘાટમાં?
ચકડોળના ચક્રાવામાં,
વંટોળિયાના વંટોળમાં,
ઘૂમંતી ફૂંદરડીને જોતાં
શું આવે તે?
મઝા કે દયા?
સંસારના અફરાટમાં
ઘંટીતણા ઘરઘરાટમાં
પિસાતાં જીવન- ગભરાટમાં
શું માગે તે?
શાંતિ?
પણ શાંતિ ક્યાંથી મળે?
સેવા સદ્ગુરુની નથી કરી કદી
તો શાંતિ ક્યાંથી મળે?

-અવધૂત બાળ
રુકમાવન (દીવાબેટ)

# (૩૪)

## સેવા સદ્ગુરુની
## (શાર્દૂલ-સૉનેટ)

છોડી સંશય સદ્ગુરુ-ચરણમાં શ્રદ્ધાથી માથું મૂકી,
સદ્વિદ્યાની ઉપાસના સતત જો અભ્યાસ નિષ્ઠા બને,
ધ્યાચી શ્રી હરિના અજસ્ર રૂપને એકાગ્ર ચિત્તે મથી,
ચીન્યો આતમ રામ તો જગતની સર્વેચ ભ્રાંતિ ટળે.
શબ્દ બ્રહ્મ વિજાણ વાણી અવળી રંગાવધૂતી સદા,
પીધી રૂપ-અરૂપ વૈભવ ભરી સર્વાર્થ સિદ્ધિ પ્રદા,
ભોગે રોગ ભયે ભમ્યા મનમહીં શ્રીદત્ત કાંતિ ભળે,
આપોઆપ ગળે અહા! અહમ્ ને આત્મિક શાંતિ મળે!
ગોપી ભાવ-વિભાવ નિત્ય નવલા પ્રેમાવધૂતે રસ્યા,
જેના ઉરમહીં અરે, નીરખ રે, શ્રી રંગ આવી વસ્યા!
પામો કૈંક કરી- કૃપા શબદની નિર્ભેળ શ્રદ્ધા તળે,
તાપે તાપ સ્વતેજ દીપક યથા નિર્વાતમાં પ્રજવળે!
કીધું સાધન ના, મના! સ્મરણ ના, વિશ્રાંતિ ક્યાંથી મળે?
સેવા સદ્ગુરુની કરી નથી કદી તો શાંતિ ક્યાંથી મળે?

તા. ૨-૧૦-૧૯૯૦

- ડૉ. શાસ્ત્રી જયેન્દ્ર દવે
વલ્લભવિદ્યાનગર.

# (૩૫)

## કોઈનું કંઈ નથી ભાઈ!

કોઈનું કંઈ નથી ભાઈ, બધું છે અવધૂતનું,
શ્વાસ કે નથી મારો વાસ, બધું છે રુકમા સપૂતનું! ...ટેક.
આનંદ આનંદ સૌ કો' કહે, પણ ક્યાં છે એ બધું?
અવધૂતી આનંદમાં કે લીલામૃતમાં, છે એ ઘણું બધું;
ભવોભવની પ્રીતનું છે, દર્શન રંગ અવધૂતનું. ...કોઈનું કંઈ.
ભલભલાનાં શિશ ઝૂકે જ્યાં ને માનવંતા મૂકે માન,
મૌન જ જેનું આચરણ થાતું, અકળ કળાની શાન,
ગુર્જર ભોમે દત્તનો ડંકો નિશાન છે અવધૂતનું. ...કોઈનું કંઈ.
રંગના સંગમાં જે કોઈ આવ્યા, રંગાયા રંગ રૂપે,
મુખાકૃતિ તો ભાળી જુઓ જ્યાં, છે અવધૂતી મસ્તીમાં સૌ,
**પ્રેમ અવધૂતમાં પ્રેમનું પ્રતીક છે અવધૂતનું.** ...કોઈનું કંઈ.
નારેશ્વરના કણ કણમાં ભાળો, **દત્ત રંગ પ્રેમ** જ્યાં,
પપિહરાના ટહુકારે નિરાજન સાક્ષી પૂરે છે ત્યાં,
પંચતત્ત્વ પ્રત્યેક પળમાં, ધ્યાન કરે અવધૂતનું. ...કોઈનું કંઈ.
કોઽહમ્ સોઽહમ્ ભાળી ક્ષણે, હર હર ૐ ૐ ગજવી,
મારું તારું કોરે મૂકી, અર્પો સર્વસ્વ રંગનું સમજી,
રંગ પરિવારની રગ રગમાં, સ્વરાજ્ય છે અવધૂતનું. ...કોઈનું કંઈ.

- શ્રી જગદીશ સોની (દર્દી)
કપડવણજ.

## (૩૬)

# બધું છે રંગ અવધૂતનું!

આવ્યો છું પામર જીવડા લઈને શું જગ માંહ્ય?
કીર્તિ કામીનિ કંચન મળ્યું જે ગુરુકૃપાથી આંહ્ય
મારું તારું શીદને કરતો મિથ્યા છે સર્વ જગતનું,
કોઈનું કાંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું! ...૧
વાણી વિલાસે વાક્છટાને વૈભવ અપરંપાર,
કુલાપ થઈને મિથ્યા સઘળું અહીંનું અહીં રેનાર,
મોટો ભક્ત કહાવે જગમાં ગુમાન ભર્યું મમતનું
કોઈનું કાંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું! ...૨
બાર ગામની સ્મશાનભૂમિ જે ભૂતાવલ ભેંકાર,
ધોળે દિ' ખાવા ધાયે ભયનો જ્યાં સકળ સંચાર,
ધૂણી ધખાવી બેઠો તપસ્વી ગાજ્યું ધન જય જયકારનું
કોઈનું કાંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું! ...૩
આશ્રમમહીં આજે દિલે જે મંગળમય વિસ્તાર
ભક્તો યાત્રિકો ટોળે મળીને આવે અપરંપાર,
પરિવાર છે ગાડા નીચે ગાડું છે શ્રી અવધૂતનું,
કોઈનું કાંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું! ...૪

- શ્રી નરેન્દ્ર ઝવેરી
ભરૂચ.

# (૩૭)

## પાદપૂર્તિ

ગુરુના નામનો આધાર જીવનમાં મહત્તમ છે
મહિમા એનો ભવતાર ગાયો કવિએ ઉત્તમ છે
ગુરુમંત્રનો જાપ એ શિષ્યનો પુરુષોત્તમ છે
ગુરુના નામથી ખ્યાતિ મળે તે ઉત્તમોત્તમ છે. ...૧
મારું મારું એ રટણ જગતમાં અધમોધમ છે
શાંતિ ને ખ્યાતિ દેનાર ગુરુસ્મરણ ને ગુરુનામ છે
ગુરુની ભક્તિ અને શ્રદ્ધાથી માનવજીવન ધન્ય તપ છે
ગુરુના નામથી ખ્યાતિ મળે તે ઉત્તમોત્તમ છે.

- શ્રી નરેન્દ્ર ઝવેરી
ભરૂચ.

# (૩૮)

## કોઈનું કંઈ નથી

કોઈનું કંઈ નથી ભાઈ બધું છે રંગ અવધૂતનું,
નાહક શું કરો છો મારું મારું તલભાર નથી તમારું,
ભક્તજનો સાંભળો ગુરુદત્ત વગર કોઈ નથી તમારું,
સમય જાતાં પાર કરતાં નિહાળો સ્વરૂપ રંગ અવધૂતનું,
કોઈનું કંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું. ...૧.
આધિ, વ્યાધિ ને ઉપાધિ આવશે કોઈ ના સાંભળે તમારું,
અણમૂલ અને અજોડ રૂપ છે અનેરું ભજી લો ભાઈ છે તમારું,
ગુરુના સાંનિધ્ય અને સ્મરણ સિવાય કંઈ નથી આપનું,
કોઈનું કંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું. ...૨.
સંતો અને મહંતો સૌ સૃષ્ટિના તારણહાર છે,
એમાંનો એક અવધૂત નિરાલો નિરામય પાણીદાર છે,
લાવ્યો નથી કંઈ નથી લઈ જવાનો, સઘળું છે દત્તનું,
કોઈનું કંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું. ...૩.
સમગ્ર ગ્રંથો નેતિ નેતિ પોકારે આચાર અને આચરણ,
શુભ વિચારો રાખી જાઓ ગુરુ અવધૂતનાં ચરણ,
હવે વિલંબ કરો નહીં ઝટ શરણ લો અવધૂતનું,
કોઈનું કંઈ નથી ભાઈ! બધું છે રંગ અવધૂતનું. ...૪.

તા. ૬-૧૦-૧૯૯૦ - શ્રીમતી કંચનબહેન છત્રીવાલા
ભરૂચ.

## (૩૯)

# કોઈનું કાંઈ નથી ભાઈ

અખિલ આ વિશ્વમાં વ્યાપી રહ્યો એ એક અવધૂત છે
જલે અવધૂત, સ્થલે અવધૂત, કણે કણમાંય અવધૂત છે.
જગતના જડ અને ચૈતન્યનો માલિક અવધૂત છે
દીવાકર ને નિશાકરમાં પ્રકાશિત તત્ત્વ અવધૂત છે. ...૧
અમારાં વર્તનોમાં તે અમારાં સ્પંદનોમાં તે
અમારી બુદ્ધિમાં તો તે દયાળુ એ જ અવધૂત છે.
અમારી શક્તિ અવધૂત છે અમારી ભક્તિ અવધૂત છે.
અમારા હાર્દનો ધબકાર કહું તો તેય અવધૂત છે. ...૨
અમારું મન અવધૂતનું, અમારું તન અવધૂતનું,
અમારા ધનતણું તો શું કહું સર્વસ્વ અવધૂતનું.
અમારું જ્ઞાન અવધૂતનું, અમારું ધ્યાન અવધૂતનું,
અમારી કાર્યશક્તિમાં જુઓ ચૈતન્ય અવધૂતનું. ...૩
કહે છે શાસ્ત્ર આપણને બધે સામ્રાજય ઈશ્વરનું,
નજર જો હોય તો ભાઈ નિહાળો તેજ ઈશ્વરનું.
કૃપાળુ રંગ અવધૂત તો નકી છે રૂપ ઈશ્વરનું
હૃદયના પ્રેમથી પામો અલૌકિક રૂપ અવધૂતનું. ...૪
કવિની કાવ્ય શક્તિમાં રસાત્મક તત્ત્વ અવધૂતનું
સમંદરની લહેરોમાં કલાત્મક ગાન અવધૂતનું
'પરિવારે' સદા પ્રગટે પુનિત એ ધ્યાન અવધૂતનું
કોઈનું કાંઈ નથી ભાઈ બધું છે રંગ અવધૂતનું. ...૫

- શ્રી ઉમંગભાઈ પાઠક
તિલકવાડા.

❁

## (૪૦)

# સેવા સદ્‌ગુરુની કરી નથી કદી

જન્મ્યો ત્યારથી આ જીવલડો શાંતિ કાજે ભમ્યા કરે,
ધન વૈભવ સુત દારામાંહી સુખ શાંતિની ખોજ કરે,
શાંતિ શોધતો જાય જ્યમ જ્યમ, તેમ તેમ શાંતિ આઘી ટળે.
સેવા સદ્‌ગુરુની કરી નથી કદી, તો શાંતિ ક્યાંથી મળે. ...ટેક.
અહંગ્રસ્ત આ જીવલડો તો અશાંતિના ચક્કરે ફરે,
સુખ શાંતિનું રૂપ સ્વયં પણ ભ્રમ ભ્રાંતિમાં ફર્યા કરે,
સદ્‌ગુરુ સેવા ખીલડે બેસે પલમાં એને શાંતિ મળે. ...સેવા સદ્‌ગુરુની.
ત્યાગ વિના સાચું સુખ જગમાં મળે નહિ કોઈને ભાઈ!
સેવાનો આદર્શ સ્વીકારો, મનને સાચી શાંતિ મળે. ...સેવા સદ્‌ગુરુની.
વેદ શાસ્ત્ર પુરાણ પઢ્યો ને ભજન કથા પૂજન કીધાં,
રચ્યાં કાવ્ય ને ભાષણકેરી છટા થકી આંજી દીધા,
ના કરવાનું કર્યું બધું ને કરવાનું તું નહિ કરે. ...સેવા સદ્‌ગુરુની.
સેવા ભાવ ધરી લો, હૈયું નિર્મળ નમ્ર બની જાશે,
સેવા ભાવ ધરી લો, મનના રાગ દ્વેષ મટી જાશે,
સેવા ભાવ ધરી લો, જગમાં રંગાજીનો પ્રેમ મળે. ...સેવા સદ્‌ગુરુની.
માતપિતા છે પ્રથમ ગુરુ, તું એની સેવા નિત કરજે,
વિદ્યાદાતા, દીન દર્દીની સેવા કરી આશિષ ભરજે,
બ્રહ્મજ્ઞાન દેનાર ગુરુની સાચા ભાવે સેવા કરે. ...સેવા સદ્‌ગુરુની.
જીવનભર રેતી પિલ્યાથી મળે ન ટીપું તેલતણું
મળે ન માખણ, મંથન કરતાં પાણીકેરું **'પાપીગણુ'**,
પકડ ચરણ તું સદ્‌ગુરુવરનાં, પછી કહે શું નહિ મળે? ...સેવા સદ્‌ગુરુની.

સદ્‌ગુરુની અંતર આશિષથી, તન મનની શાંતિ મળશે,
સદ્‌ગુરુની અંતર આશિષથી, જગમાં સ્વર્ગનું સુખ મળશે,
સદ્‌ગુરુની અંતર આશિષથી, જન્મમરણનો ફેરો ટળે. ...સેવા સદ્‌ગુરુની.

- પ્રા. શ્રી કુલીન ઉપાધ્યાય
અમદાવાદ.


## (૪૧)

## કોઈનું કાંઈ નથી ભાઈ

આ જીવન છે અવધૂતનું ને સ્વીકારતો અવધૂત એ,
છું જીવડો સંસારી હું પણ બધું રુકમા સપૂતનું,
સ્વજીવન, પત્નીજીવન અને માતૃજીવન પણ રંગનું,
રંગે આપ્યું તે આપું રંગને, બધું છે રંગ અવધૂતનું
મારું મારું કરનારા ઓ! મારામાં પણ છે અવધૂત!
મારામાં ને તારામાં અરે! સહુમાં બેઠો એ અવધૂત!
તું જ નથી તારો ત્યાં જગનું તારું કાંઈ નહિ હે સપૂત. ...કોઈનું કાંઈ.
અવધૂતે સેવા સ્વીકારીને આપ્યું સ્થાન અહા! અદ્‌ભુત,
સેવા અર્પીને રંગે પિવાડ્યું પ્રીતે ભજનામૃત,
અમૃત પીનારાને ક્યાંથી હોય તેડું યમદૂતનું? ...કોઈનું કાંઈ.
ગંગાજળથી ગંગાપૂજન, રવિ આરતી દીવે,
તુલસીનું નૈવેદ્ય તુલસીને, ભાવ થકી સહુ જીવે,
**ભજન ભાસ્કર** બને ગોપી તો બને રંગ અચ્યુત. ...કોઈનું કાંઈ.


- શ્રી સુમનલાલ પુરોહિત
(ભજન ભાસ્કર)
રાજપીપળા.


# શ્રી બચુભાઈએ હરિદ્વાર પૂ.બાપજીને લખેલો પત્ર, તા. ૧૯-૧૧-૧૯૬૮


अन्तर्देशीय पत्र
INLAND LETTER
HARIDWAR
Dr. Ratilal N. Pandya
C/o Arya Niwas
Niranjani Akhada Road
NARESHWAR Haridwar (U.P.)
भेजने वाले का नाम और पता — Sender's name and address
Ravel Bachubhai K.
At & Post LINCH
Dist. Mehsana
(North Gujarat)
इस पत्र के अन्दर कुछ न रखिये – NO ENCLOSURES ALLOWED

# ડૉ. રતિભાઈને પૂ.બાપજીએ શ્રી બચુભાઈ માટે હરિદ્વારથી લખાવેલો પત્ર

તા. ૧૫-૧૧-૧૯૬૮





# શ્રી બચુભાઈએ હરિદ્વાર પૂ.બાપજીને લખેલો પત્ર, તા. ૯-૧૧-૧૯૬૮

